જૈન ધર્મ પરિચય

ભાગ બીજો

પ્રેરક :
પૂજ્ય આચાર્યદેવ
શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સા.

લેખક :
ધીરજલાલ ટોકરશી શાહ

જૈન ધર્મ પરિચય

ભાગ બીજો

પ્રેરક :
પૂજ્ય આચાર્યદેવશ્રી
વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.

આમુખ :
ન્યા. વ્યા. કા. તીર્થ.
શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ (કુમારશ્રમણ)

લેખક :
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પ્રકાશક :
વનેચંદભાઈ અવિચલ મહેતા

પહેલી આવૃત્તિ
નકલ : ૧૨૫૦

મૂલ્ય : અમૂલ્ય

સંવત ૨૦૧૮
શ્રાવણ સુદ ૫
શ્રી નેમિનાથ જન્મ
કલ્યાણક દિન

બે બોલ

જૈન ધર્મ પરિચય એ સુભાષિત નામથી જ આ પુસ્તકના વિષયને સમજી શકાશે.

જગતના નવે તત્ત્વોમાં સર્વ સાર રૂપ એક મોક્ષતત્ત્વ છે. તેની પ્રાપ્તિ જૈન ધર્મની આરાધના વિના કદાપિ કાલે થતી નથી. તેથી જૈન ધર્મને જીવનમાં ઉતારવા પહેલાં તેનું જ્ઞાન કરવું, તેને સમજવો તે અત્યાવશ્યક છે.

જૈન ધર્મના જ્ઞાન માટે ગણધર ભગવંતાદિનાં રચેલાં અનેક આગમસૂત્રો છે. અને તેમાંનાં ઘણાં આજે ઉપલબ્ધ પણ છે. પરંતુ આગમો વિગેરે અર્ધમાગધિ આદિ ભાષામાં હોઇ બાલ જીવો તેનું જ્ઞાન કરી શકે નહી. અને તેથી ઇષ્ટસિદ્ધિ સાધી શકે નહીં.

આવા બાલજીવોને જૈન ધર્મનો પરિચય કરાવવા માટે જૈન ધર્મના મૌલિક વિષયોને સમજાવતું એક પુસ્તક ગુજરાતી ભાષામાં હોય તો તે બહુ ઉપયોગી થઇ પડે.

પૂજ્ય આચાર્યદેવશ્રીએ આ માટે સાંગોપાંગ યોજના કરી આ પુસ્તકને મૂર્ત સ્વરૂપ આપવા નિર્ધાર કર્યો. અને તે પુસ્તકની દ્રવ્ય સહાયતા માટે પૂજ્ય શ્રી લબ્ધિવિજયજી મ. ની પ્રેરણાથી "સહાયક નામાવલિ" પણ તૈયાર થઇ ગઇ.

પુસ્તક તૈયાર કરવાનું કાર્ય પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહને સોંપવામાં આવ્યું. સર્વ સામગ્રી તૈયાર થતાં આ પુસ્તકનો પહેલો ભાગ સંવત ૨૦૧૪ માં છપાવવામાં આવ્યો હતો. ત્યાર-પછી બીજા ભાગનુ પણ મેટર તૈયાર થઇ ગયું હતું. પરંતુ પ્રેસા-

દિની અનુકુળતાના અભાવે બીજો ભાગ છપાવવામાં વિલંબ થયો.

પૂજ્ય આચાર્યદેવ વિગેરે સંવત ૨૦૧૭ માં અમદાવાદ ઉજમફઈની ધર્મશાળામાં ચાતુર્માસ હતા. મારે પણ ત્યાં અવાર-નવાર જવાનું બનતું. તે વખતે પૂ. લબ્ધિવિજયજી મ. સાહેબે કહ્યું કે "જૈન ધર્મ પરિચય ભાગ ૨" છપાવવો છે. આ કાર્ય તમને સોંપવામાં આવે છે.

પૂજ્ય આચાર્ય મહારાજ આદિની સંમતિથી તે કાર્ય મેં લીધું. અને આજે આ પુસ્તક આપના હાથમાં આપતાં આનંદ થાય છે.

અમને જણાવતાં ખૂબ હર્ષ થાય છે કે આ બીજા ભાગનું મેટર અક્ષરે અક્ષર પૂજ્યપાદ વિદ્વદ્વર્ય પંન્યાસજીશ્રી ધુરંધરવિજયજી ગણિવરે તપાસી અને સુધારી આપ્યું છે.

આ પુસ્તક પ્રકાશનમાં દ્રવ્યની સહાય આપનાર દાનવીરોનો તથા "શ્રી અમરીષ પ્રિન્ટીંગ પ્રેસ" નો આભાર માનવો તે અસ્થાને નહીં ગણાય.

પ્રેસદોષથી કે પ્રુફરીડીંગમાં દૃષ્ટિદોષથી રહેલ ભૂલોને સુધારી પાઠકો વાંચે એવી આશા સાથે વિરમું છું.

લી.

રસિકલાલ શાન્તિલાલ મહેતા

પ્રાધ્યાપક.

શ્રી સરસ્વતીબેન જૈન પાઠશાળા

અને

શ્રી જૈન પ્રાચ્ય વિદ્યા ભવન

અમદાવાદ.

नमो नमः श्री प्रभुधर्मसूरये

આમુખ

'જૈન ધર્મ પરિચય'નો આ બીજો ભાગ છે. જેમની અસીમ કૃપાથી આ પુસ્તકનું આમુખ લખવા પ્રેરાયો છું. તે પૂજ્યપાદ આચાર્ય દેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીને વન્દન કરી હું આજે લેખન-કાર્યના મંગળ માર્ગે પ્રસ્થાન કરૂં છું.

આજે જેમ ભૌતિકવાદ ચરમસીમાએ પહોંચી રહ્યો છે, તેમ કોલેજમાં ભણતા વિદ્યાર્થીને, ભણી ચુકેલા ઓફીસર પ્રોફેસરને તેમજ શ્રીમંતને પણ જૈન ધર્મનું રહસ્ય જાણવાની ઉત્કંઠા ખૂબ વધી છે. એનું જ આ પરિણામ છે કે જૂદાજૂદા લેખકો દ્વારા સુન્દર અને સરળ ભાષામાં જૈન ધર્મને સમજાવતાં પુસ્તકો પ્રકટ થયા છે. અને થતાં જાય છે, તેમાંનું આ એક સફળ પ્રકાશન છે.

એક બાજુ આ પુસ્તકના લેખક શતાવધાની સિદ્ધ હસ્ત ભાઈ ધીરજલાલ ટોકરશી શાહ છે જેમનું આખુંએ જીવન જ્ઞાનમય અને લેખનમય રહ્યું છે.

ત્યારે બીજી બાજુ આવા પુસ્તકોને પ્રકાશિત કરાવવાની પ્રબલ ભાવના રાખનાર, અને જૈન પંડિતોને સક્રિય પ્રોત્સાહન આપી તેમની કલાને ખીલવનાર છેઃ-

આચાર્ય ભગવંત, સમ, શમ, અને શ્રમ પ્રધાન, દયાળુવર્ય્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ,

જેઓએ બાલ્યવયમાં દીક્ષા લીધી અને ગુરૂ સાન્નિધ્યમાં રહી જ્ઞાન ક્રિયાના સંસ્કારાથી પોતાના ચારિત્ર જીવનને ધન્ય તેમજ સુવાસિત બનાવ્યું. અને જેઓ પાટણના જૈન સંઘ સમસ્તદ્વારા આચાર્યપદ પ્રતિષ્ઠિત થયા.

તે આચાર્યશ્રીના મુંબઇના ચાતુર્માસ દરમ્યાન આવું લોકભોગ્ય સાહિત્ય પ્રકાશિત કરવાની અને કરાવવાની યોજના ઘડાઇ. અને આ પુસ્તક તૈયાર થયું. જૈન ધર્મની વિશિષ્ટ પ્રક્રિયાઓને સમજાવતું આ પુસ્તક આદરણીય અને પુનઃ પુનઃ પઠનીય છે.

પ્રથમ પ્રકરણમાં તર્ક, અનુભવ અને આગમદ્વારા આત્માની સિદ્ધિ ખૂબ સારી રીતે સમજાવવામાં આવી છે આત્માને નહી માનનારા વર્ગ માટે આખું એ પ્રકરણ અત્યંત ઉપકારી નીવડશે.

બીજા પ્રકરણમાં યોગ સાધનાના અંગ ઉપાંગોનું સુન્દર વિવેચન છે. આ પ્રકરણ વાંચ્યા પછી જૈન યોગની નિષ્કલંકતા અને ઉત્કૃષ્ટતા પોતાની મેળે સમજાઇ જશે.

ત્રીજા પ્રકરણમાં અહિંસાદેવીનું વર્ણન છે, જે ખાસ વાંચવા લાયક તેમજ પોતાના આત્માને અહિંસક બનાવી સશકત બનવાની પ્રબલ પ્રેરણા આપશે.

ચોથું પ્રકરણ જેમાં દાનનું વર્ણન છે. શાસ્ત્રીય પદ્ધતિએ એના ભેદો પાડી ખૂબ સરળ ભાષામાં સમજાવી. જીવમાત્રને અભયદાન જ્ઞાનદાન, ઉપષ્ટંભદાન અને અનુકંપાદાનમાં પ્રેરિત કરે છે. લેખક સાથે શાસ્ત્રો પણ સમ્મત થાય છે કે કીર્તિદાન તેમજ અદલાબદલીનું દાન નિરર્થક છે.

પાંચમું પ્રકરણ શીળ, શિયળ, બ્રહ્મચર્ય નામનું છે. જે પ્રકરણ વ્યકિતમાત્રને પોતપોતાની મર્યાદા સમજાવે છે, ઈન્દ્રિયોની ગુલામી

અને મનના પરાધીનતા શિયળ પાલનમાં કેવાં વિઘ્નો ઉભાં કરે છે, તે સહજ સમજી શકાય છે. સાધુસાધ્વીઓની માફક ગૃહસ્થોને પણ આજે નવવાડો પાલવાની અગત્યના પણ આ પ્રકરણ બતાવી આપે છે.

છઠ્ઠું પ્રકરણ 'તપ' છે, જે જૈન શાસનનું ઉત્કૃષ્ટતમ અંગ છે. આત્માને પોતાનું ચરમલક્ષ્ય પ્રાપ્ત કરાવનાર આ તપ છે, જેના સાન્નિધ્યમાં અષ્ટ સિદ્ધિ અને નવ નિધાન પ્રાપ્ત થાય છે, બાહ્ય અને અભ્યંતર ભેદો દ્વારા આ તપ પ્રકરણને લેખકે ખૂબ વિકસાવ્યું છે. અને એના વિકાસ પરથી જ જૈન શાસનમાન્ય અને જૈનેતરશાસન માન્ય તપમાં સ્પષ્ટ તારતમ્યતા દેખાઇ આવે છે

સાતમું પ્રકરણ ભાવ' નામનું છે, મોક્ષરૂપી મહેલમ પ્રવેશ કરવા માટે દાન, શિયળ, તપ અને ભાવ નામે ચાર દરવાજા છે, તેમાં પણ ભાવની મુખ્યતા છે. કારણ કે ભાવ શબ્દ પુલ્લિંગ છે. જ્યારે દાન, શિયળ અને તપ શબ્દો નપુંસકલિંગે છે જે ટોલામાં પુરૂષ (પુલ્લિંગ) નથી તે ટોલું તમને કાશી કેવી રાતે પહોંચાડશે? માટેજ ભાવયુકત થોડું પણ દાન. શિયળ અને તપ ફળદાયી છે.

આઠમું પ્રકરણ 'પંચાચાર' નું છે. ગુજરાતી ભાષામાં જેને અથાણું કહેવાય છે તેને જ રાષ્ટ્રિયભાષામાં 'આચાર' કહે છે, બગડેલી રસોઇ, શાક વિગેરેને જેમ કેરી, લીંબુનો આચાર (અથાણું) સ્વાદિષ્ટ બનાવે છે તેવીજ રીતે અધઃપતનના માર્ગે તેમજ કામ ક્રોધ અને લોભના માર્ગે ગયેલ જીવમાત્રને મોક્ષ માર્ગે લાવવા માટે પંચાચારની ખાસ જરૂર છે.

નવમું પ્રકરણ 'સપ્ત વ્યસન ત્યાગ'નામનું છે. વ્યસનને સંસ્કૃતમાં દુઃખ કહે છે, જેનાથી કુલમર્યાદા અને સંસ્કૃતિ મર્યાદાને કલંક લાગે અને છતી શક્તિએ તેમજ છતે સાધને આત્મા આ ભવ, પર

જીવનમાં અનંત દુઃખોનો ભોક્તા બને, તેવા વ્યસનનો ત્યાગ કરવાની કોશિશ કરવી.

દશમું પ્રકરણ 'જિન ભક્તિ' છે. જે ખાસ વાંચવાલાયક છે. કારણ કે જિન ભક્તિ જ મનુષ્ય જીવનમાં સારભૂત છે.

અગીઆરમું પ્રકરણ 'ષડાવશ્યક' છે, આ પ્રકરણ સંક્ષિપ્તમાં પણ સામાયિક ચતુર્વિંશતિસ્તવ, ગુરુવન્દન, પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગ અને પ્રત્યાખ્યાનના ગૂઢાર્થોને બતાવી સાધકને આત્મકલ્યાણના માર્ગે પ્રેરણા આપે છે.

બારમું પ્રકરણ 'જ્ઞાન' નામનું છે પાંચ જ્ઞાન તેમજ તેમના પેટા વિભાગો જાણવા માટે આ પ્રકરણ અભ્યાસીએ ખાસ વાંચવાનું છે.

તેરમું પ્રકરણ 'શરીર ઇન્દ્રિયો અને મન નામનું છે.' જૈન તત્ત્વજ્ઞાનમાં શરીર ઇન્દ્રિય અને મનની રચનાનું જ્ઞાન વિજ્ઞાન અત્યંત જાણવાલાયક છે

ચૌદમું પ્રકરણ 'શાસ્ત્રો અને સાહિત્યને નામે છે.' જેમાં દ્વાદશાંગી ઉપાંગ છેદ સૂત્રો તથા મૂલ સૂત્રો વિગેરેના નામો તથા સંક્ષિપ્ત પરિચય ઠીક ઠીક જાણવા મળે છે.

એકંદર આ પુસ્તક બાલજીવોને તથા જૈન તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુઓ માટે અત્યંત ઉપયોગી છે

છેવટે આવા સુન્દરતમ સાહિત્યના પ્રબલ પ્રેરક આચાર્યદેવશ્રીને ખૂબ ખૂબ વન્દન કરી વિરમું છું.

ન્યા. વ્યા. કા. તીર્થ મુનિ પૂર્ણાનન્દવિજય
(કુમારશ્રમણ)

જૈન મરચન્ટ સોસાયટી, અમદાવાદ–૭,
૨૦૧૮ અષાડ વદિ ૮ મંગળવાર.

સ્વ. પરમપૂજ્યપાદ વર્ધમાનતપાદિ અનેક સંસ્થાસ્થાપક સત્ક્રિયાભિરૂચી આગમપ્રજ્ઞ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય રત્ન પ. પૂ. પંન્યાસજી મહારાજશ્રી સુબોધવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મહારાજના સદુપદેશથી સહાયકોના

શુભ નામ

શ્રી મહિપતરાય વ્રજલાલ શાહ મુંબઇ		રૂા. ૧૦૦૦
શ્રી ચોપાટી જૈન સંઘ મુંબઈ		રૂા. ૨૦૧
શ્રી સાગર ઉપાશ્રય શ્રી સંઘ પાટણ		રૂા. ૧૦૧
શ્રી વી. એ. મહેતા મુંબઇ		રૂા. ૧૦૧
શ્રી ચમનલાલ વાડીલાલ ઝવેરી મુંબઇ		રૂા. ૫૧
શ્રી વડેચા નથ્થુચંદ મગનચંદ સમી		રૂા. ૫૧
શ્રી વારૈયા મફતલાલ ન્યાલચંદ સમી		રૂા. ૫૧
શ્રી ચુનીલાલ લલ્લુભાઈ	,,	રૂા. ૫૧
શ્રી બાબુલાલ ચતુરદાસ	,,	રૂા. ૫૧
શ્રી રતીલાલ ઓખાચંદ કનીજ તા. સમી		રૂા. ૫૧

પ. પૂ. સ્વ. પંન્યાસજી મહારાજ શ્રી સુમતિવિજયજી ગણિવર્યના શિષ્ય રત્ન તપોમૂર્તિ મુનિરાજ શ્રી સુભદ્રવિજયજી મહારાજના સદુપદેશથી

શ્રી ઉમતા જૈન સંઘ	ઉમતા	રૂા. ૧૨૫
શ્રી શાંતિનગર જૈન સંઘ	અમદાવાદ	રૂા. ૧૦૦
શ્રી કડા જૈન સંઘ	કડા	રૂા. ૫૧
શ્રી જૈન સંઘ	થરા	રૂા. ૩૧
શ્રી જૈન સંઘ	દેણપ	રૂા. ૨૫

卐

સ્વ. આચાર્ય મહારાજશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ

જન્મ : સં. ૧૯૩૦ આસો સુદ ૮-સમી * દીક્ષા: સં. ૧૯૫૭ મહાવદ ૧૦



પન્યાસપદઃ સં. ૧૯૭૫ અષાડ સુદ ૫ * આચાર્યપદઃ ૧૯૯૨ વૈશાખ સુદ ૪ પાલીતાણા

સ્વર્ગગમન સં. ૨૦૧૫ પોષ સુદ ૩ શંખેશ્વર મહાતીર્થ

સમર્પણ

જેમણે રોપેલાં સુચારુ ધર્મબીજના પરિણામરૂપે
આ પુસ્તકની યોજના પાંગરી અને વિકાસ પામી
તે
આયંબીલ વર્ધમાન ખાતાના વિશેષ પ્રચારક
ક્રિયારુચિ–શ્રદ્ધા–અનુષ્ઠાનના પ્રબળ
પ્રેરક જૈનાચાર્ય શ્રીમદ્ ૧૦૦૮
શ્રી વિજયભકિતસૂરીશ્વરજી
મહારાજ (સમીવાળા) ને
આ પુસ્તક સાદર
સોલ્લાસ સમર્પિત
કરી કૃતાર્થ
થઇએ
છીએ.

વિનીત
પ્રકાશક.

વિષયાનુક્રમ

પ્રકરણ	વિષય	પૃષ્ટ સંખ્યા.
પહેલું	આત્માનો વિકાસક્રમ	૧ થી ૨૦
બીજું	યોગ સાધના	૨૧ થી ૪૪
ત્રીજું	અહિંસા	૪૫ થી ૫૯
ચોથું	દાન	૬૦ થી ૭૧
પાંચમું	શીલ	૭૨ થી ૮૨
છઠ્ઠું	તપ	૮૩ થી ૯૬
સાતમું	ભાવ	૯૭ થી ૧૦૩
આઠમું	પંચાચાર	૧૦૪ થી ૧૧૦
નવમું	સપ્ત વ્યસન ત્યાગ	૧૧૧ થી ૧૨૭
દશમું	જિન ભક્તિ	૧૨૮ થી ૧૩૭
અગીઆરમું	ષડાવશ્યક	૧૩૮ થી ૧૫૪
બારમું	જ્ઞાન	૧૫૫ થી ૧૬૨
તેરમું	શરીર, ઇન્દ્રિયો અને મન	૧૬૩ થી ૧૭૫
ચૌદમું	શાસ્ત્રો અને સાહિત્ય	૧૭૬ થી ૧૮૯

॥ ॐ ह्रीं अर्हं नमः ॥

પ્રકરણ પહેલું

આત્માનો વિકાસક્રમ

મૂળ ન હોય તો શાખા ફૂટતી નથી. કૂવો ન હોય તો હવાડામાં પાણી આવતું નથી. તે જ રીતે આત્મા ન હોય તો તેનો વિકાસક્રમ સંભવતો નથી, તેથી આત્મા છે કે નહિ? તેનો વિચાર પ્રથમ કરીએ.

કેટલાક કહે છે કે આ જગતમાં આત્મા જેવી કોઈ વસ્તુ નથી, કારણ કે તે બીજી વસ્તુઓની જેમ નજરે દેખાતો નથી. પણ આ દલીલ જરાય ટકે તેવી નથી. મુંબઈમાં રહેલા મનુષ્યોને અમદાવાદ નજરે દેખાતું નથી, તેમજ અમદાવાદમાં રહેલા મનુષ્યને મુંબઈ નજરે દેખાતું નથી, તેથી શું એમ કહી શકાય કે અમદાવાદ અને મુંબઈ નામનાં શહેરો અસ્તિત્વમાં જ નથી? વળી આપણા વડદાદાના વડદાદાને આપણે નજરે ક્યાં જોયા છે? છતાં ખાતરીથી કહીએ છીએ કે અમારા વડદાદાના વડદાદા જરૂર હતા, અન્યથા અમારું અસ્તિત્વ જ કેવી રીતે હોત? તાત્પર્ય કે જે વસ્તુ કે પદાર્થ નજરે દેખાતા ન હોય, પણ તેમનું કાર્ય દેખાતું હોય તેનું અસ્તિત્વ માનવું જ રહ્યું. એક બે વધુ દાખલાથી આ વસ્તુને વધારે સ્પષ્ટ કરીશું.

વાયુ નજરે દેખાતો નથી, પણ વૃક્ષની ડાળો કે પાંદડાં

હાલવા લાગે, પહેરેલાં વસ્ત્રો ઊંચા નીચા થાય કે શરીરને અમુક પ્રકારનો સ્પર્શ થવા માંડે તો આપણે તરત જ કહીએ છીએ કે વાયુ વાઇ રહ્યો છે. તે જ રીતે વિદ્યુત્ શકિત નજરે દેખાતી નથી, પણ સ્વીચ દાબીએ કે દીવો થાય, પંખો ફરવા લાગે કે ગાડી વગેરે દોડવા લાગે તો આપણે તરત જ કહીએ છીએ કે વિદ્યુત્ શકિતનો પ્રવાહ વહી રહ્યો છે. તે જ રીતે ઇશ્વર નજરે દેખાતો નથી, પણ રેડિયો ચાલુ કરતાં હજારો માઇલ દૂર થઈ રહેલાં ગાનતાન કે વાર્તા વિનોદની સ્વરશ્રેણીઓ તરતજ આપણા કર્ણપટલ પર અથડાય છે, તેથી આપણે નિશ્ચયપૂર્વક કહી શકીએ છીએ કે આકાશમાં ઇશ્વર વ્યાપી રહેલો છે. અને તેના માધ્યમ (Mediam) દ્વારા જ આ સ્વરશ્રેણીઓ આપણા સુધી પહોંચે છે.

આત્માનું પણ તેમજ છે. તે અરૂપી હોવાથી નજરે દેખાતો નથી, પણ તેનામાં રહેલી ચૈતન્ય શકિતનાં સ્ફુરણને લીધે હલન ચલન, લાગણીનું સંવેદન વગેરે જે જે કાર્યો થતાં જોવાય છે, તેથી આપણે નિશ્ચયપૂર્વક કહી શકીએ કે આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે.

અહીં એ વસ્તુની સ્પષ્ટતા કરવી આવશ્યક લેખાશે કે યંત્ર અથવા બળ (Foree) દ્વારા જડ પદાર્થોનું પણ હલન ચલન થાય છે, પરંતુ તે જીવંત પ્રાણીઓની જેમ ઇચ્છાપૂર્વકનું હોતું નથી, મોટરમાં પેટ્રોલ પૂરવાથી અને તે ગરમ થવાથી યત્રો ચાલવા લાગે છે. અને તેથી ગતિ પેદા થાય છે, પણ તે મોટર ઇચ્છાપૂર્વક હાલી ચાલી શકતી નથી. એ તો ચલાવનારો જેમ જેમ ચલાવે છે, તેમજ ચાલે છે. એક યાંત્રિક રમકડાને ચાવી આપી હોય તો તે અમુક ડગલાં ભરે છે કે અમુક રીતે દોડી જાય છે પણ એક બાળક કે કુરકુરિયાની જેમ સ્વૈરવિહાર

કરી શકતું નથી. એક ચાકડા પર માટીનો પીંડો ચડાવ્યો હોય અને તે યંત્ર બળે ચાલતો હોય તો તેમાંથી એક જ પ્રકારનાં વાસણો ઉતરી શકે પણ કુંભારથી ચાલતા ચાકડાની માફક વિવિધ પ્રકારનાં વાસણો ઉતરી શકે નહિ, કારણ કે તેનામાં ઇચ્છાનું તત્ત્વ નથી.

એક ટેબલ કે ભીંતને થપાટ મારવામાં આવે તો લાગણીનું કોઇ સંવેદન જણાતું નથી, પણ એક મનુષ્યને થપાટ મારવામાં આવે તો તરત જ તે ઉશ્કેરાઇ જશે, બડબડવા લાગશે, રોવા માંડશે કે સામનો કરવા તત્પર થશે. તેજ રીતે વાછડા કે વછેરાને પંપાળવામાં આવે તો ખુશ મિજાજમાં જણાશે અને લાકડી વગેરેનો પ્રહાર કરવામાં આવે તો તરત જ બરાડશે કે સામનો કરવા તૈયાર થઇ જશે. તાત્પર્ય કે ઇચ્છા પૂર્વકનાં હલન ચલન તથા લાગણીનાં સંવેદન વગેરે કાર્યોથી આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે, એવો નિશ્ચય આપણે કરી શકીએ છીએ.

કેટલાક કહે છે કે આ જગતમાં જડ અને ચૈતન્ય યુકત એમ બે પ્રકારના પદાર્થો સ્પષ્ટ જોવાય છે, એટલે તેમાં કોઇ વિવાદને સ્થાન નથી, પણ ચૈતન્યવાળા પદાર્થમાં જે ચૈતન્ય દેખાય છે, તે પૃથ્વી—આદિ પંચભૂતના સમુદાયથી ઉત્પન્ન થએલી એક પ્રકારની શકિત છે. અર્થાત્ જીવ કે આત્મા નામની કોઇ સ્વતંત્ર વસ્તુ નથી. જ્યારે પંચભૂતના સમુદાયમાંથી આ ચૈતન્ય શકિત ચાલી જાય છે, ત્યારે આપણે મૃત્યુ થયું કે મરણ નીપજ્યું એવો શબ્દ પ્રયોગ કરીએ છીએ. આ માન્યતાને અંગે તેઓ એવા નિર્ણય પર આવ્યા છે કે—

यावज्जीवं सुखं जीवेदृजं कृत्वा घृतं पिबेत् ।
भस्मीभूतस्य देहस्य, पुनरागमनं कुतः ? ॥

જ્યાં સુધી જીવવું ત્યાં સુધી સુખપૂર્વક જીવવું અર્થાત્ બને તેટલા મોજશોખ અને એશ આરામ કરી લેવા. કદાચ એવા મોજશોખ અને એશ આરામ કરવા જેટલું દ્રવ્ય પાસે ન હોય તો બીજાની પાસેથી ઉછીનું લઈને પણ તે અવશ્ય કરવા, કારણ કે આ દેહ બળીને ખાખ થઈ ગયા પછી, પાછો આવવાનો નથી.

પરંતુ ભારતના કોઈ પણ આસ્તિક દર્શને આ મતને માન્ય રાખ્યો નથી અને જૈન મહર્ષિઓએ તેનું નિરસન કરવાને જ '**अत्थि जिओ**' 'જીવ–આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે.' એવો સિદ્ધાંત સ્થાપિત કર્યો છે.

આજે વૈજ્ઞાનિકો કે ભૌતિકવાદીઓ તરફથી ગુણાત્મક પરિવર્તનનો સિદ્ધાંત આગળ ધરવામાં આવે છે, તે ભારતના ચાર્વાકો કે નાસ્તિકોના મતને જ મળતો છે, એટલે જરા પણ ઉત્તેજનને પાત્ર નથી.

અહીં એ છે કે જેઓ પૃથ્વી આદિ પંચભૂતોના સમુદાયથી ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થવાનું જાહેર કરે છે, તેમાંના કોઈએ પંચભૂતોના સમુદાયથી કે વિશિષ્ટ પ્રકારનાં સંયોજનથી ચૈતન્યની ઉત્પતિ કરી બતાવી નથી. તેમજ જે વૈજ્ઞાનિકો કે ભૌતિકવાદીઓ ગુણાત્મક પરિવર્તનનો સિદ્ધાન્ત આગળ ધરે છે, તેમણે હજી સુધી એની કોઈ ફોર્મ્યુલા એટલે બનાવટની વિધિ પ્રકટ કરી નથી કે તેના આધારે ગાય, ભેંસ, હાથી, ઘોડા, વાનર, મનુષ્ય વગેરે ચૈતન્યયુક્ત પ્રાણીઓની રચના કરી બતાવી નથી. એટલું જ નહિ પણ તેઓ આ જીવંત પ્રાણીનું કોઈ પણ અંગ સજીવ બનાવી શક્યા નથી, એ દર્શાવી આપે છે કે તેમણે કલ્પેલો સિદ્ધાંત ગધેડાના શીંગડા જેવો કલ્પિત છે.

" જો પંચભૂતના સમુદાયથી જ ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થતી

હોય તો મડદામાં એ પાંચે ભૂતો કાયમ છે, છતાં કેમ તે કંઇ પણ જોઇ–જાણી શકતું નથી ?

વળી પંચભૂતના સમુદાયથી જ જો ચૈતન્યશક્તિ પેદા થતા હોગ તો તે કારખાનામાંથી ઉત્પન્ન થતા તેલ, સાબુ, રબ્બર, કચકડા કે પ્લાસ્ટીકની માફક એક જ પ્રકારની હોવી જોઇએ અને તેથી બધા પ્રાણીઓમાં જોવા–જાણવાની શકિત સમાન જ હોવી જોઇએ, પણ તેમનામાં તે શકિત ઓછી વત્તી જણાય છે, તેથી ચૈતન્ય શકિત પંચભૂતના સમુદાયની બનાવટ કરી શકતી નથી

કદાચ એમ કહેવામાં આવે કે પુદ્દગલના પ્રમાણમાં જાણવાની શકિત હોય છે, તો જાડો માણસ ખૂબ જ્ઞાની હોવો જોઇએ અને પાતળો માણસ અલ્પ જ્ઞાની હોવો જોઇએ, પણ આ જગતમાં કેટલાક જાડા માણસો બેવકૂફ જણાય છે અને કેટલાક પાતળા માણસો પોતાના જ્ઞાન માટે ભારે ખ્યાતિ પામેલા અવલોકાય છે, એટલે પુદ્દગલના પ્રમાણમાં જ્ઞાન શકિતનો સિદ્ધાન્ત પણ ટકી શકતો નથી.

આપણે નિદ્રામાં હોઇએ કે કોઇ સ્વપ્નનો અનુભવ કરતા હોઇએ ત્યારે પણ 'હું જાણું છું' એવો અનુભવ થાય છે, એટલે જાણનારો જુદો હોવો જોઈએ એ વાત નિશ્ચિત છે.

વળી આ જગતમાં પ્રાચીન કાળથી આજ સુધી કેટલાક બાળકો એવા જોવામાં આવ્યા છે કે તેઓ પોતાના પૂર્વભવના માતા પિતા, ભાઈ ભગિનીઓ, સગાં વહાલાં કે સંબંધીઓને ઓળખી કાઢે તથા તેમનાં નિવાસસ્થાન વગેરેનો બરાબર પત્તો આપે. ભારતવર્ષમાં હોમ રૂલની ચળવળને વેગ આપનારા તથા થિઓસોફીના સિદ્ધાન્તોને આગળ ધપાવનારા મીસીસ એની બેસન્ટે

આ વિષયમાં Reincarnation એટલે પુનર્જન્મને લગતું એક પુસ્તક લખ્યું છે, તેમાં આવા અનેક દાખલાઓ આપેલા છે અને ભારત વર્ષના અનેક વર્તમાન પત્રોમાં પણ આજ પર્યંત આવા દાખલાઓ પ્રકટ થતા રહ્યા છે. તેથી એમ માનવું જ ઉચિત છે કે તમામ જીવંત વસ્તુઓમાં જીવ કે આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે.

જો આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ હોય તો તે કેવડો છે? તે પણ જાણવું જ જોઇએ. કેટલાક કહે છે કે આત્મા તો અણુ પરિમાણવાળો છે એટલે અણુ જેવો નાનો છે અને હૃદયકમળમાં રહે છે, પણ આપણો રોજનો અનુભવ બતાવી આપે છે કે સુખદુઃખનો અનુભવ માત્ર હૃદયમાં જ થતો નથી, પણ શરીરનાં પ્રત્યેક અંગોપાંગમાં થાય છે. અહીં કોઇ એમ કહે કે વાળ અથવા નખ કાપતાં દુઃખ થતું નથી, તો તેનું કારણ એ છે કે તે શરીરનાં અંગોપાંગમાં ઉગવા છતાં આગળ વધીને ચેતનરહિત થયેલા હોય છે, તેથી તેને કાપતાં દુઃખ થતું નથી. પણ કોઇ વાળ ખેંચે કે જીવતો નખ કપાય તો કેવી વેદના થાય છે!

કેટલાક એમ માને છે કે આત્મા તો મહત્ પરિમાણવાળો છે, એટલે સકલ વિશ્વ કે સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપી રહેલો છે, પણ વસ્તુ સ્થિતિ એવી જ હોય તો બધાને સુખ–દુઃખનો અનુભવ સમાન જ થવો જોઇએ, પણ તેમ થતું નથી, અર્થાત્ દરેક જીવંત પ્રાણી સુખ–દુઃખનો ભિન્ન ભિન્ન અનુભવ કરે છે. તેથી આત્મા મહત્ પરિમાણવાળો પણ ઠરી શકતો નથી. આ સંજોગોમાં એમ માનવું જ ઉચિત છે કે આત્મા દેહ પરિણામી છે, એટલે જે દેહ ધારણ કર્યો હોય તેમાં પૂરેપૂરો વ્યાપીને રહે છે.

કેટલાક કહે છે કે 'यत् सत् तत् क्षणिकम् ।' જે સત

છે તે ક્ષણિક છે અને આત્મા પણ સત્ છે, એટલે તે ક્ષણિક છે. એવી સાબીતિમાં તેઓ જણાવે છે કે આત્મા ક્ષણે ક્ષણે જુદા જ્ઞાન રૂપે જણાય છે. જો તે ક્ષણિક ન હોય તો આવું કેમ બને? આ આ ક્ષણિકવાદીઓનો ભ્રમ ટાળવા માટે જ જૈન મહર્ષિઓએ બીજો સિદ્ધાન્ત એવો સ્થાપિત કર્યો છે કે '**तह निच्चा**' 'તે આત્મા નિત્ય છે.'

અહીં વિચારવાનું એ છે કે જો આત્મા ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતો હોય તો એક ક્ષણે જે આત્માએ સારું કે ખોટું કર્મ કર્યું. તેનું ફળ કોણ ભોગવે? દોષ કરનારો એક આત્મા અને તેનું ફળ ભોગવનારો બીજો આત્મા એમ કેમ બને? વળી વર્તમાનકાળે આત્માને સુખ દુઃખનું જે સંવેદન થાય છે. તે શેના લીધે થાય છે? જો કર્મ કર્યા વગર જ તેને સુખ–દુઃખનું સંવેદન થતું હોય તો કાર્ય કારણનો સિદ્ધાન્ત બાધિત થાય અને તેથી અવ્યવસ્થા દોષ ઉત્પન્ન થાય અને કર્મના લીધે જ તેને સુખદુઃખનું સંવેદન થતું હોય તો કર્મના બંધન કાળે આત્મા મોજૂદ હતો. અને માનવું જ પડે.

આત્માને ક્ષણિક માનતાં ભવની પરંપરા ઘટી શકતી નથી. એટલે પુર્નજન્મના સિદ્ધાન્તનો અપલાપ થાય છે. અને એ તો પ્રમાણુસિદ્ધ વસ્તુ છે.

આત્માને ક્ષણિક માનતાં મોક્ષ પણ સંભવતો નથી. કારણ કે પ્રયત્ન એક આત્મા કરે અને તેનું ફળ બીજા આત્માને મળે તે કેમ બની શકે? અથવા કરેલા પુરુષાર્થનું ફળ પોતાને મળવાનું ન હોય પણ બીજાને મળવાનું હોય તો એ જાતનો પુરુષાર્થ કોણ કરે?

વળી બાળવયમાં થયેલો અનુભવ યુવાવસ્થામાં સ્મૃતિમાં રહેલો

જોવાય છે અને યુવાવસ્થામાં થયેલો અનુભવ વૃદ્ધાવસ્થામાં સ્મૃતિમાં રહેલો જોવાય છે. જો આત્મા નિત્ય ન હોય તો આ બધું કેમ બની શકે? માટે આત્મા નિત્ય છે અને તેથી જ તેને કર્મબંધ તથા કર્મમાંથી મુક્તિ સંભવે છે.

અહી એ નોંધ પણ કરવી જોઈએ કે આત્મા હન્યમાન એવા શરીરમાં રહેવા છતાં કોઈ પણ શસ્ત્રથી છેદાતો–ભેદાતો નથી. અગ્નિથી બળતો નથી, પાણીથી ભીંજાતો નથી કે વાયુથી શોષાતો નથી. તાત્પર્ય કે તે અકસ્માત્ કે આઘાતના ગમે તેવા સંયોગોમાં પણ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી શકે છે,

કેટલાક કહે છે કે આત્મા કર્મનો કર્તા નથી, કારણ કે એમ માનીએ તો કર્મ એ આત્માનો ધર્મ ઠરે છે. વળી આત્મા તો અસંગ છે. અને સત્ત્વ, રજસ્, અને તમસ્ ગુણની પ્રકૃતિઓ જ કર્મનો બંધ કરે છે. તે ઉપરાંત ઈશ્વર જીવને કર્મ કરવાની પ્રેરણા કરે છે. તેથી આત્મા કર્મનો કર્તા ઠરી શકતો નથી. આ કારણે આત્માને કર્મથી છૂટા કરવાનો પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી. આ મતનું નિરસન કરવા માટે જ જૈન મહર્ષિઓએ ત્રીજો સિદ્ધાન્ત એવો સ્થાપિત કર્યો છે કે '**कत्ता पुन्नपावाण**' 'તે આત્મા સારાં ખોટાં કર્મનો કર્તા છે.'

અહીં વિચારવાનું એ છે કે કર્મને ચેતનની પ્રેરણા ન હોય તો કાંઈ જડ કર્મ સ્વતઃ કર્મના કર્તા થઈ શકતાં નથી, કારણ કે પ્રેરણા રૂપ પ્રવૃત્તિ ચેતનમાં જ છે.

વળી આત્મા કર્મ કરવાનું ન ધારે તો થઈ શકતાં નથી, એથી કર્મ એ જીવનો સ્વભાવ નથી પણ કાર્ય છે.

તેમજ આત્મા પોતાના સ્વભાવે અસંગ છે, તો પણ તેને

અનાદિકાળનો કર્મનો સંબંધ હોવાથી સંબંધ રૂપ પરભાવે કેવળ અસંગ નથી; અને જો તે કેવળ અસંગ હોત તો આત્માની પ્રતીતિ પહેલેથી જ હોત પણ તેમ ન હોવાથી તેને અનેક પ્રકારની શંકાઓ થયા કરે છે.

ઉપરાંત ઇશ્વરને કર્મનો કર્તા કહેવો યોગ્ય નથી, કારણ કે ઇશ્વર તેને જ કહેવાય કે જે શુદ્ધ સ્વભાવ વાળો હોય પણ કર્મના કર્તૃત્વથી તે પરભાવવાળો ઠરે છે અને તેમ થતાં તેનું શુદ્ધ સ્વરૂપ ટકી શકતું નથી.

આથી એમ માનવું જ યોગ્ય છે કે આત્મા પોતાના જ્ઞાનાદિ સ્વભાવ રૂપ ભાનમાં હોય છે ત્યારે સ્વભાવનો કર્તા છે અને જ્યારે પોતાના સ્વભાવથી વિમુખ થઇ પરભાવમાં રમે છે, ત્યારે કર્મનો કર્તા છે.

કેટલાક કહે છે કે આત્મા કર્મનો કર્તા ભલે હોય પણ તે કર્મફળનો ભોક્તા હોય તેમ સંભવતું નથી. કારણકે કર્મો જડ છે, એથી તેનાં ફળ આપવાનું તે ક્યાંથી સમજી શકે? આ સિદ્ધાન્તની અયોગ્યતા પ્રકટ કરવા માટે જ જૈન મહર્ષિઓએ ચોથો સિદ્ધાન્ત એવો સ્થાપિત કર્યો છે કે '**भोत्ता य (पुन्नपावाणं)**' 'તે સારાં ખોટાં કર્મફળનો ભોક્તા છે.'

અહીં વિચારવાનું એ છે કે જો પાપ કરનારને તેનું બૂરું ફળ અને પુણ્ય કરનારને તેનું સારું ફળ પ્રાપ્ત થતું ન હોય તો પાપનો પરિહાર અને પુણ્યનું ઉપાર્જન કરે કોણ? વળી વાવે તેવું 'લણે અને કરે તેવું પામે' એવો આપણો રોજનો અનુભવ નથી શું? તેમજ ઝેર કે અમૃત પોતાના સ્વભાવને જાણતા નથી, એટલે શું તે પોતાનું કાર્ય કરતા નથી? તાત્પર્ય કે તેનો ઉપયોગ કરનારને તે તે પ્રકારનું ફળ મળે જ છે.

કેટલાક કહે છે કે આત્મા કર્મનો કર્તા અને કર્મ ફળનો ભોકતા ભલે હોય પણ તેનો મોક્ષ થાય એ સંભવિત નથી, કારણ કે અનાદિકાલ થયાં તેનામાં કર્મો કરવા રૂપી દોષ રહેલો છે અને વર્તમાન કાળે પણ તે વિદ્યમાન છે, એટલે શુભ કર્મ કરવાથી મનુષ્ય તથા દેવની ગતિ મેળવે અને અશુભ કર્મ કરવાથી તિર્યંચ તથા નરકની ગતિ મેળવે પણ તે સર્વથા કર્મ-રહિત થઇ શકે નહિ. એટલે તેનો મોક્ષ સંભવી શકે નહિ. આ માન્યતાનું નિરસન કરવા માટે જ જૈન મહર્ષિઓએ પાંચમો સિદ્ધાન્ત એવો સ્થાપિત કર્યો છે કે '**अत्थि धुवं निव्वाणं**' 'નિર્વાણ એટલે મોક્ષ–મુકિત કે સિદ્ધિ અવશ્ય છે.'

અહીં વિચારવાનું એ છે કે ખાણમાંથી નીકળેલા સોનાને માટી સાથે અનાદિકાલથી સંબંધ હોય છે. એટલે તે માટીથી સર્વથા છૂટું પડી શુદ્ધ સુવર્ણ રૂપે પ્રકાશી શકતું નથી શું?

એજ પ્રમાણે આત્મા અનાદિ કાલથી કર્મસંયુકત હોવા છતાં પુરુષાર્થના યોગે કર્મથી સર્વથા રહિત થઇ શકે છે. અને પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રકાશી શકે છે. વળી શેકેલાં બીજ જેમ ફરીને ઉગી શકતાં નથી. તેમ દગ્ધ થઈ ગયેલાં કર્મો તેના ફળરૂપે ભવસંતતિ ઉત્પન્ન કરી શકતાં નથી. એથી આત્માનું નિર્વાણ–આત્માનો મોક્ષ સંભવે છે.

કેટલાક કહે કે આત્મા છે, તે નિત્ય છે, કર્મનો કર્તા છે. કર્મફળનો ભોક્તા છે અને તેનો મોક્ષ છે એ વાતનો સ્વીકાર કરીએ પણ તેનો કોઇ અસરકારક ઉપાય વિદ્યમાન હોય તેમ જણાતું નથી. જ્યાં કર્મો ઘણાં અને આયુષ્ય થોડું, ત્યાં તેનો સંપૂર્ણ છેદ શી રીતે થઇ શકે? આ ખોટા ખ્યાલનો ઉચ્છેદ કરવા માટે જ જૈન મહ-

ષિ'ઓએ છટ્ટો સિદ્ધાન્ત એવો સ્થાપિત કર્યો છે કે '**तदुवाओ अत्थि**' તે મોક્ષનો ઉપાય છે.×

અહીં વિચારવાનું એ છે કે કર્મો ઘણાં અને આયુષ્ય થોડું તેથી શું થયું? શું નાનકડું શસ્ત્ર મોટી વસ્તુઓનો છેદ કરી શકતું નથી? શું પોચું જણાતું પાણી કઠિનમાં કઠિન ખડકોને તોડી પાડતું નથી? શું નાનશો દીવો મહાન્ અંધકારનો નાશ કરતો નથી? કર્મો કરતાં આત્માની શકિત અનંત ગણી વધારે છે, એટલે તે પોતાની શકિત બરાબર ફેરવે તો એક જ ભવમાં, એક જ વર્ષમાં, અરે! એક માસ, એક જ પક્ષ, એક જ દિવસ કે એક જ અંતર્મુહૂર્તમાં પણ તે પોતાનાં કર્મોનો સંપૂર્ણ છેદ કરી મોક્ષમાં જવાની યોગ્યતા પેદા કરી શકે છે.

જીવનભર ચોરી કે લુંટફાટ કરનારા, નિર્દયપણે પશુ-પંખી અને મનુષ્યની હત્યા કરનારા, તેમજ જુગાર, દારૂ અને વિષય-સેવનમાં જ મસ્ત રહેનારા પણ પોતાના પાપોનો અંતઃકરણથી ઉગ્ર પશ્ચાત્તાપ કરવાને લીધે તેમજ સન્માર્ગે ચાલવાને લીધે તે જ ભવમાં મોક્ષસુખના અધિકારીઓ થયા છે, તો જેઓ ન્યાય-નીતિના પંથે ચાલે છે, તેમજ જ્ઞાનીઓએ બતાવેલા સન્માર્ગનું સમ્યગ્

× છ સિદ્ધાંતો કે છ સ્થાનોની પ્રરૂપણા કરનારી આખી ગાથા નીચે મુજબ છે:—

अत्थि जिओ तह निच्चा, कत्ता भोत्ता य पुन्नपावाणं ।
अत्थि धुवं निव्वाणं, तदुवाओ अत्थि छट्ठाणे ॥

મોક્ષ માર્ગની શ્રદ્ધા ટકાવનારાં છ સ્થાનો છે. તે આ પ્રમાણે: જીવ આત્મા છે, તે નિત્ય છે, પુણ્ય પાપ એટલે સારાં ખોટાં કર્મોનો કર્તા છે, તે સારાં ખોટાં કર્મ ફળનો ભોકતા છે, તેનું નિર્વાણ અવશ્ય છે અને તે નિર્વાણનો ઉપાય પણ છે.

અનુસરણુ કરે છે. તે મોક્ષના અધિકારી કેમ ન થઈ શકે ? તાત્પર્ય મોક્ષ નો ઉપાય વિદ્યમાન છે, એથી દરેક સુજ્ઞ પુરૂષે આત્મ વિકાસ સાધી મોક્ષપ્રાપ્તિ માટે તત્પર રહેવું જોઇએ.

હવે આત્માનો વિકાસ કયા ક્રમે થાય છે. તે પર દૃષ્ટિપાત કરીએ તે માટે જૈન મહર્ષિઓએ ચૌદ ગુણસ્થાનની પ્રરૂપણા કરેલી છે. ગુણ શબ્દથી આત્માની જ્ઞાન દર્શન, ચારિત્ર આદિ શકિત અને સ્થાન શબ્દથી તેના વડે પ્રાપ્ત થતી ભૂમિકા કે અવસ્થા સમજવાની છે. તાત્પર્ય કે આત્મા પોતાની જ્ઞાનાદિ શકિત વડે જે વિકાસ સાધે છે, તેને દર્શાવનારી ભૂમિકા કે અવસ્થાનું નામ ગુણસ્થાન છે. આત્માના વિકાસ અને પતનની અવસ્થાઓ અસંખ્ય સંભવે છે, એટલે ગુણસ્થાનો પણ અસંખ્ય સંભવે, પરંતુ મુમુક્ષુઓને તેનો વિશદ બોધ થવા માટે જૈન મહર્ષિઓએ આ તમામ અવસ્થાઓનું ચૌદ ભાગમાં વર્ગીકરણ કર્યું છે, તેથી જૈન શાસ્ત્રોમાં ચૌદ ગુણસ્થાનોની જ પ્રસિદ્ધિ છે. તેમાં પ્રથમ આત્માની અવિકસિત દશા બતાવવામાં આવી છે પછી વિકાસની ભૂમિકાઓ દર્શાવવામાં આવી છે અને છેવટે વિકાસની ચરમ સીમાને સ્પર્શવામાં આવી છે. એટલે તેને આત્માનો વિકાસક્રમ કહીએ તો જરાય ખોટું નથી.

પ્રથમ ગુણસ્થાનને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન કહેવામાં આવ્યું છે, કારણ કે પ્રારંભમાં દરેક આત્મા ગાઢ રાગ દ્વેષવાળો હોઈ મિથ્યાદૃષ્ટિથી– મિથ્યાત્વથી યુકત હોય છે. અહીં રહેલા આત્માઓ આધ્યાત્મિક ઉન્નતિથી વિમુખ હોઇ તાત્ત્વિક સુખનો અનુભવ કરી શકતા નથી.

જૈન ધર્મ આત્માઓના બે પ્રકાર માને છે; એક ભવ્ય અને બીજા અભવ્ય. તેમાં ભવ્ય આત્માઓ આ ગુણસ્થાનથી આગળ વધી સમ્યકત્વનો સ્પર્શ કરી ક્રમશઃ વિકાસ સાધતાં

એક કાળે મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે અને અભવ્ય આત્માઓ સદાય આ ગુણસ્થાને જ રહે છે, એટલે તેઓ આગળ વધીને સમ્યકત્વને સ્પર્શી શકતા નથી અને તે કારણે કોઈ પણ કાળે મોક્ષમાં જઈ શકતા નથી.

જૈન મહર્ષિઓએ સમ્યકત્વથી રહિત આત્માને સમ્યગ્ જ્ઞાન માન્યું નથી; સમ્યગ્ જ્ઞાનથી રહિત આત્માને સમ્યક્ચારિત્ર માન્યું નથી; અને સમ્યક્ ચારિત્રથી રહિતને મોક્ષ માન્યો નથી. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮મા અધ્યયનમાં કહ્યું છે કે :—

नादंसणिस्स नाणं, नाणेण विणा न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥३०॥

અદર્શનીને એટલે સમ્મકત્વ રહિતને જ્ઞાન-સમ્યગ્જ્ઞાન ન હોય, (સમ્યગ્) જ્ઞાન વિના (સમ્યક્) ચારિત્રના ગુણો ન હોય અને (સમ્યક્) ચારિત્રના ગુણો વિના મોક્ષ ન હોય. જેને મોક્ષ નથી તેનું નિર્વાણ નથી. (આમ તો મોક્ષ અને નિર્વાણ શબ્દ પર્યાયવાચી છે, પણ અહીં મોક્ષ શબ્દ કર્મક્ષયના અર્થમાં અને નિર્વાણ શબ્દ મુકિતની પ્રાપ્તિ એટલે છેવટના છુટકારાના અર્થમાં વપરાયેલો છે.)

જૈન તત્ત્વોના પરમ સંગ્રાહક શ્રી ઉમાસ્વાતિ વાચકે શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રના પ્રારંભમાં જણાવ્યું છે કે **सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः**— સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે, તેમાં પણ આ જ અર્થ રહેલો છે. તાત્પર્ય કે અભવ્ય આત્માઓ સમ્યગ્ દર્શનને સ્પર્શી શકતા નથી એટલે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રથી વંચિત જ રહે છે અને તેથી કોઇ કાળે મોક્ષ પામી શકતા નથી.

બીજા ગુણસ્થાનને સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન કહેવામાં આવે છે. અહીં **स** નો અર્થ સહિત, **आ** નો અર્થ કિંચિત્ અને **स्वादन** નો અર્થ સ્વાદ છે, એટલે જેની સમ્યગ્ દૃષ્ટિ કિંચિત્ સ્વાદ સહિત છે, એવા આત્માની અવસ્થા વિશેષ તે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન એમ સમજવાનું છે. સમ્યક્ત્વને સ્પર્શી ચૂકેલો આત્મા ઊંચા ગુણસ્થાન પરથી પડતો હોય અને ગંતવ્ય ગુણસ્થાન (પ્રથમ ગુણસ્થાન) સુધી પહોંચ્યો ન હોય ત્યાંસુધીની અંતરાલ અવસ્થામાં તે સમ્યક્ત્વના કંઇક સ્વાદવાળો હોય છે. ત્યારે તેને આ અવસ્થા પ્રાપ્ત થાય છે. આ અવસ્થા વૃક્ષ પરથી પડેલા પણ ભૂમિ સુધી નહિ પહોંચેલા ફલ જેવી છે. અહીં એ વસ્તુની સ્પષ્ટતા કરી લઇએ કે એકવાર સમ્યક્ત્વને સ્પર્શી ચૂકેલા આત્માનું સંયોગવશાત્ પતન થાય છે અને આવું એકવાર નહિ, પણ અનેકવાર બને છે, તેથી જ સમ્યક્ત્વનું સંરક્ષણ કરવા માટે જૈન મહર્ષિઓએ વિવિધ પ્રકારે ઉપદેશ આપ્યો છે. ત્રીજા અને ચોથા ગુણસ્થાનનું સ્વરૂપ સમજવાથી આ ગુણસ્થાન બરાબર સમજાશે.

ત્રીજા ગુણસ્થાનને સમ્યગ્-મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન કહેવામાં આવે છે, કારણ કે એ અવસ્થામાં આત્મા કંઇક સમ્યક્ત્વના પરિણામવાળો અને કંઇક મિથ્યાત્વના પરિણામવાળો હોય છે. અથવા નાળીએરીના બેટવાળા મનુષ્યને જેમ અન્ન ઉપર રુચિ પણ હોતી નથી અને અરુચિ પણ હોતી નથી. તેમ આ ગુણ-સ્થાને રહેલા આત્માને સમ્યક્ કે મિથ્યા ઉપર રુચિ કે અરુચિ હોતી નથી. પહેલા ગુણસ્થાનથી ચડતો કે ચોથા ગુણસ્થાનથી પડતો આત્મા આ ગુણસ્થાને આવે છે.

ચોથા ગુણસ્થાન ને અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન કહેવામાં આવે છે, કારણ કે યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિ-

કરણના યોગે તે સમ્યકત્વને સ્પર્શેલો હોય છે પણ વીર્યોલ્લાસની ખામીને લીધે વિરત એટલે સંયમી બનેલો હોતો નથી. અહીં યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણે કરણોનો અર્થ બરાબર સમજવા જેવો છે.

પર્વત પરથી તૂટેલો પાષાણનો એક ટૂકડો જેમ નદીના પ્રવાહમાં ઘસડાતો ઘસડાતો લીસો અને ગોળ બની જાય છે, તેમ અનાદિ કાળથી સંસારના પ્રવાહમાં ઘસડાતો આત્મા અકામ નિર્જરાને લીધે એટલે અનેક પ્રકારનાં શારીરિક અને માનસિક સંવેદનો અજાણપણે સહન કરવાને લીધે કર્મની કંઇક લઘુતાવાળો થાય છે, ત્યારે તેણે યથાપ્રવૃત્તિકરણ કર્યું કહેવાય છે. આ સ્થિતિ પ્રાપ્ત થયે જો તે શુભ ભાવ અને વીર્યનો ઉલ્લાસ અમુક અંશે વધારે તો તે વધેલા ઉલ્લાસના બળે રાગ અને દ્વેષની નિબિડ ગ્રંથીનો છેદ કરે છે, તેને અપૂર્વકરણ કર્યું કહેવાય છે. પછી તે વિકાસગામી આત્મા દર્શનમોહ પર વિજય મેળવ્યા વિના પાછો ફરતો નથી, અર્થાત્ દર્શનમોહ પર વિજય મેળવીને સમ્યગ્દર્શન–સમ્યકત્વની પ્રાપ્તિ કરે છે, ત્યારે અનિવૃત્તિકરણ કર્યું કહેવાય છે. આમ ત્રણ કરણના યોગે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં રહેલો આત્મા ચોથે ગુણસ્થાને આવે છે અને સમ્યગ્દર્શન અર્થાત્ તત્ત્વાર્થ શ્રદ્ધાનના બળે આત્મવિકાસ કે આધ્યાત્મિક પ્રગતિની અભિમુખ થાય છે.

અભવ્ય આત્માઓ ઉપર જણાવેલી રાગદ્વેષની નિબિડગ્રંથીની સમીપે આવે છે, શુભભાવ અને વીર્યનો ઉલ્લાસ નહિ કેળવી શકવાથી તેનો છેદ કરી શકતા નથી તેઓ ત્યાંથી જ પાછા ફરી જાય છે એટલે તેમને સમ્યકત્વની પ્રાપ્તિ થતી નથી.

પાંચમા ગુણસ્થાનને વિરતાવિરત ગુણસ્થાન કહેવામાં આવે છે, કારણ કે સમ્યકત્વને પામેલો આત્મા આ ગુણસ્થાને આવે છે,

ત્યારે અમુક અંશે વિરત હોય છે અને બાકીના અંશોમાં અવિરત હોય છે. આ ગુણસ્થાનને દેશવિરતિ (અમુક અંશે હિંસાદિ પાપોની સ્થૂલથી વિરતિ ધારણ કરનાર), સંયતાસંયત (અમુક અંશે સંયત અને અમુક અંશે અસંયત) કે વ્રતાવ્રતી (અમુક અંશે વ્રતી ને અમુક અંશે અવ્રતી) પણ કહેવામાં આવે છે. વ્રતધારી શ્રાવકો આ ગુણસ્થાને છે.

છઠ્ઠા ગુણસ્થાનને પ્રમત્ત સંયત ગુણસ્થાન કહેવામાં આવે છે, કારણ કે અહીં રહેલો આત્મા વિરતાવિરત ગુણસ્થાનમાંથી આગળ વધીને સર્વવિરતિવાળો એટલે સાધુ બને છે, પણ અમુક અંશે પ્રમાદયુકત હોય છે. અહીં પ્રમાદનો અર્થ વિસ્મરણ–ભ્રાન્તિ વગેરે સમજવાનો છે.

સાતમા ગુણસ્થાનને અપ્રમત્ત–સંયત–ગુણસ્થાન કહેવામાં આવે છે, કારણ કે આ ગુણસ્થાને રહેલો આત્મા સંયત પણ હોય છે અને અપ્રમત્ત પણ હોય છે. અહીં એ સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે આ ગુણસ્થાનમાં રહેલો આત્મા જરા પણ પ્રમાદવાળો થયો કે તે છઠ્ઠા ગુણસ્થાને આવી પહોંચે છે અને પ્રમાદ રહિત થયો કે પાછો સાતમા ગુણસ્થાને આવી જાય છે. આવું પરિવર્તન સામાન્ય રીતે લાંબો કાળ ચાલ્યા કરે છે.

આઠમા ગુણસ્થાનને નિવૃત્તિ બાદર ગુણસ્થાન કહેવામાં આવે છે. અહીં નિવૃત્તિ શબ્દ વ્યાવૃત્તિ એટલે અધ્યવસાયની તરતમતા અને બાદર શબ્દ સ્થૂલ કષાયના અર્થમાં છે, એટલે અપ્રમત્તાવસ્થામાં રહેલો સર્વવિરતિ આત્મા જ્યારે ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોના (મલિન આત્મિક ભાવોના) સ્થૂલ સ્વરૂપનો અમુક અંશે ત્યાગ કરે છે, ત્યારે આ ગુણસ્થાને આવેલો ગણાય છે.

અહિંથી શ્રેણિનો આરંભ થાય છે

નવમા ગુણસ્થાનને અનિવૃત્તિ બાદર ગુણસ્થાન કહેવામાં આવે છે. કારણ કે ત્યાં રહેલો **અપ્રમત્ત સંયતાત્મા** સ્થૂલ કષાયમાંથી ઘણા અંશે નિવૃત્ત થયો હોય છે પણ સર્વથા નિવૃત્ત થયેલો હોતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો આ અવસ્થાને પ્રાપ્ત થનારો વિકાસોન્મુખી આત્મા કષાયને પરાજિત કરવા માટે તીવ્ર યુદ્ધ ખેલી રહ્યો હોય છે. અને તેમાં મહદ્ અંશે સફળતા પ્રાપ્ત કરે છે.

દશમા ગુણસ્થાનને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન કહેવામાં આવે છે. કારણ કે ત્યાં રહેલો આત્મા સ્થૂલ કષાયોથી સર્વથા નિવૃત્તિ પામ્યો હોય છે. પણ સૂક્ષ્મ સંપરાય એટલે સૂક્ષ્મ કષાયથી યુકત હોય છે. અહીં એ સ્પષ્ટતા કરવી ઉચિત ગણાશે કે સૂક્ષ્મ કષાયોમાં પણ ક્રોધ, માન અને માયાનો તો નવમા ગુણસ્થાનના અંત સુધીમાં સર્વથા નાશ થયેલો હોય છે, પણ લોભ અમુક અંશે રહેલો હોય છે.

અગિયારમા ગુણસ્થાનને ઉપશાંત મોહ ગુણસ્થાન કહેવામાં આવે છે, કારણ કે ત્યાં રહેલા આત્માનો મોહ ઉપશાંત થાય છે– ઉપશમ પામે છે. પણ સર્વથા ક્ષીણ થતો નથી– ક્ષય પામતો નથી. ઉપશમ અને ક્ષયનો તફાવત સમજવા માટે પાણીમાં રહેલા કચરાનું દષ્ટાન્ત ઉપયુકત છે. પાણીમાં રહેલો કચરો નીચે બેસી જાય તો તેનો ઉપશમ થયો ગણાય અને જો તે સર્વથા દૂર થાય તો તેનો ક્ષય થયો ગણાય. ઉપશમમાં નિમિત્ત મળતાં ફરી મલિનતા થવાનો ભય રહે છે, જ્યારે ક્ષયમાં તેવો સંભવ હોતો નથી. અહીં મોહ શબ્દથી મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓ સમજવાની છે કે જેની સંખ્યા ૨૮ પ્રકારની છે.×

× તેની ગણના આ પ્રકારે થાય છે. ૧૬ કષાય, ૯ નોકષાય

બારમા ગુણસ્થાનને ક્ષીણમોહ ગુણસ્થાન કહેવામાં આવે છે, કારણ કે ત્યાં આવેલા આત્માનો મોહ એટલે તેનું મોહનીય કર્મ સર્વથા ક્ષય પામેલું હોય છે, તેથીજ ત્યાં આત્મા સર્વાંશે વીતરાગ હોય છે. પરંતુ હજી અહીં જ્ઞાનાવરણ દર્શનાવરણ અને અંતરાય કર્મ, એ ત્રણ ઘાતી કર્મ ઉદયમાં હોવાથી તે આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી અને અનંત વીર્ય સંપન્ન નથી હોતા.

તેરમા ગુણસ્થાનને સયોગી કેવલી ગુણસ્થાન કહેવામાં આવે છે, કારણ કે આ અવસ્થાને પામેલા આત્મા મોહનીય કર્મ વગેરે ચાર ઘાતીકર્મના ક્ષયથી કેવળ જ્ઞાન, કેવળ દર્શન અને વીતરાગતા અને અનંત વીર્યને પામેલા હોય છે, પણ તેમને મનોયોગ, વચનયોગ અને કાયયોગ એટલે મન–વચન–કાયાની પ્રવૃત્તિ ચાલુ હોય છે. અરિહંતો અને કેવળજ્ઞાનીઓ આ ગુણસ્થાને રહેલા મનાય છે.

ચૌદમા ગુણસ્થાનને અયોગી કેવલી ગુણસ્થાન કહેવામાં આવે છે, કારણ કે આ અવસ્થાએ રહેલો કેવળજ્ઞાની આત્મા મન, વચન અને કાયાના યોગનો નિરોધ કરી યોગ રહિત બનેલો હોય છે અને શેષ ચાર કર્મોનો નાશ કરી સર્વથા કર્મરહિત બને છે.

આ ચૌદ ગુણસ્થાનો પૈકી પહેલું, બીજુ અને ત્રીજુ ગુણ-

---

૩ અન્ય, તેમાં ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયના અનંતાનુબંધી, પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની અને સંજવલન એમ ચાર ચાર પ્રકારો તે ૧૬ કષાય, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એ ૯ નોકષાય અને મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય અને સમ્યકત્વમોહનીય ૩ અન્ય આમાંના પ્રથમ પચીશને ચારિત્રમોહનીય અને પાછળના ત્રણને સમ્યક્ત્વ મોહનીયના પ્રકારો ગણવામાં આવે છે.

સ્થાન આત્માની અવિકસિત સ્થિતિ સૂચવે છે અને બાકીના ગુણસ્થાનો વિકસિત સ્થિતિ સૂચવે છે. અગિયારમા ગુણસ્થાન સુધી પતન થવાનો અવકાશ રહે છે. પણ બારમું ગુણસ્થાન પ્રાપ્ત કરનાર તેરમું અને ચૌદમું ગુણસ્થાન અવશ્ય પ્રાપ્ત કરે છે, એટલે બારમા ગુણસ્થાનથી પતનનો સંભવ રહેતો નથી.

આ ગુણસ્થાનોનું કાલમાન નીચે પ્રમાણે મનાય છે.

૧ ગુ. અભવ્ય આત્માઓ માટે અનાદિ–અનંત અને ભવ્ય આત્માઓ માટે અનાદિ સાંત અને સાદિ સાંત.

૨ ગુ. ૬ આવલિકા.*

૩ ગુ. ૧ અંતર્મુહૂર્ત.+

૪ ગુ. ૬૬ સા૧ગરોપમથી કંઇક અધિક

---

* કાલના સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગને સમય કહેવામાં આવે છે, આવા અસંખ્યાત સમયો ભેગા થાય ત્યારે એક આવલિકા બને છે.

+ લોકપ્રકાશમાં કહ્યું છે કે નવ સમયોથી માંડીને અંતર્મુહૂર્તની શરૂઆત થાય છે અને તે મુહૂર્ત એટલે બે ઘડીમાં એક સમય ઓછો હોય ત્યાં સુધીનાં બધાં સમયાંતરોને લાગુ પડે છે.

૧ આ માપ લાખો–ક્રોડોની સંખ્યાથી દર્શાવી શકાય તેવું નથી, એટલે ઉપમાન વડે દર્શાવવામાં આવે છે. એક યોજન લાંબા, એક યોજન પહોળા અને એક યોજન ઊંડા ખાડાને ઝીણામાં ઝીણા વાળના ટૂકડાથી ભરવામાં આવે અને તેના પરથી ચક્રવર્તીની સેના ચાલી જાય તો પણ દબાય નહિ એટલા ઠાંસીને ભરવામાં આવે, પછી તેમાંથી સો સો વર્ષે વાળનો એકેક ટૂકડો કાઢતાં જેટલા વર્ષે તે ખાડો ખાલી થાય તેટલા વર્ષોને પલ્યોપમ કહેવાય.

૫ ગુ. ૧ ક્રોડ પૂર્વમાં કંઇક ન્યૂન

૬ ગુ. ,,

૭ ગુ ૧ અંતર્મુહૂર્ત

૮ ગુ. ,,

૯ ગુ. ,,

૧૦ ગુ. ,,

૧૧ ગુ. ,,

૧૨ ગુ. ,,

૧૩ ગુ. ક્રોડ પૂર્વથી કંઇક ન્યૂન

૧૪ ગુ. **अ, इ, उ, ऋ, लृ** એ પાંચ હ્સ્વ અક્ષર બોલીએ તેટલો કાળ.

આત્મ વિકાસના આ ક્રમને લક્ષમાં રાખી પુરૂષાર્થ કરનાર અવશ્ય સિદ્ધિ પામે છે અને મોક્ષના શાશ્વત સુખનો અનંતકાળ માટે અધિકારી થાય છે.

દશ કોટાકોટિ (૧૦૦૦૦૦૦૦૦×૧૦૦૦૦૦૦૦૦) પલ્યોપમ વર્ષ ભેગા થાય તેને સાગરોપમ કહેવાય.

પ્રકરણ બીજું

યોગ સાધના

આજે ઘણા મનુષ્યોના મનમાં એવો ખ્યાલ છે કે યોગ એ તો વૈદિક ધર્મની વિશેષતા છે, પણ એ ખ્યાલ બરાબર નથી. બૌદ્ધ ધર્મમાં પણ તેનો વિશિષ્ટ પ્રકારે વિકાસ થયેલો છે, અને જૈન ધર્મમાં તો અનાદિ કાળથી યોગને સ્થાન છે જ.

જૈન ધર્મના મૂળ ગ્રંથોમાં (આવશ્યક સૂત્ર પરની નિર્યુક્તિમાં) જણાવ્યું છે કે 'જે નિર્વાણસાધક યોગને સાધે તે જ સાધુ કહેવાય.' વળી તીર્થંકરોને યોગીશ્વર, યોગીન્દ્ર વગેરે વિશેષણો લગાડવામાં આવે છે, કારણ કે તેઓ યોગીઓના સ્વામી હતા અને યોગવિદ્યામાં પરમ નિષ્ણાત હતા.

યોગની વ્યાખ્યાઃ—

વૈદિક ધર્મગ્રંથોમાં યોગની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે જોવામાં આવે છે. 'આત્માનું પરબ્રહ્મ સાથે જે એકપણું તે યોગ' જીવાત્મા અને પરમાત્માનો સંયોગ તે યોગ' 'ચિત્તવૃત્તિનો નિરોધ તે યોગ.' 'કર્મમાં કુશલતા તે યોગ.' 'સમત્વ તે યોગ.'* એટલે 'યોગ'

---

* परेण ब्रह्मणा सार्धमेकत्वं यन्नृपात्मनः ।
योगः स एव विख्यातिः किमन्यद् योगलक्षणम् ॥

—संयोगो योग इत्युक्तो जीवात्मपरमात्मनः ।

—योगश्चित्तवृत्तिनिरोधः ।

શબ્દથી એક જ વસ્તુ અભિપ્રેત નથી, જ્યારે જૈન ધર્મમાં યોગની વ્યાખ્યા સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે કરવામાં આવી છે અને તેમાં કોઇ મતભેદ નથી. શ્રીમાન્ હરિભદ્રસૂરિએ યોગવિંશિકામાં કહ્યું છે કે 'પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલો સર્વ પણ ધર્મ વ્યાપાર મોક્ષમાં જોડનારો હોવાથી યોગ જાણવો. અને વિશેષથી તો સ્થાનાદિગત એવો જે ધર્મવ્યાપાર તેને યોગ જાણવો. સ્થાનાદિગત ધર્મવ્યાપાર પાંચ પ્રકારનો છે, તે નીચે પ્રમાણેઃ—

૧. સ્થાનગત ધર્મવ્યાપાર— અહીં સ્થાન શબ્દથી કાયોત્સર્ગાદિ સમજવાં.

૨. વર્ણગત ધર્મવ્યાપાર— અહીં વર્ણ શબ્દથી વીતરાગ મહાપુરૂષોએ કહેલાં શાસ્ત્રીવચનો સમજવાં.

૩. અર્થગત–ધર્મવ્યાપાર–અહીં અર્થ શબ્દથી વીતરાગ મહાપુરૂષોએ કહેલાં શાસ્ત્રવચનોનો અભિધેય વિષય સમજવો.

૪. આલંબન ગત ધર્મવ્યાપાર— અહીં આલંબન શબ્દથી શ્રુત જ્ઞાનાદિના આલંબનથી ધરાતું ધ્યાન સમજવું.

૫. આલંબન રહિત ધર્મવ્યાપાર— અહીં આલંબન રહિત ધર્મ વ્યાપારથી શ્રુતજ્ઞાનના આલંબન વિના શુકલ ધ્યાનના બીજા પાયાથી શરૂ થતી મન, વચન અને કાયયોગની એકાગ્રતા સમજવી.

તાત્પર્ય કે જૈન શાસ્ત્રો મોક્ષમાં લઇ જનારી સઘળી ક્રિયાઓ, સઘળાં અનુષ્ઠાનો કે સઘળા ધર્મવ્યાપારોને સામાન્ય રીતે યોગ કહે છે પણ તેનો વિશેષ વ્યવહાર તો કાર્યોત્સર્ગાદિ કોઇ પણ

—योगः कर्मसु कौशलम् ।

—समत्वं योगमुच्यते ॥

આસન પર સ્થિર થઇને વીતરાગ મહાપુરૂષોએ કહેલાં વચનોનું અનન્ય શ્રદ્ધાથી ચિંતન-મનન કરવું તથા શ્રુતજ્ઞાનાદિનું આલંબન લઇ ધ્યાનસ્થ થવું, તેમજ આત્મસ્વરૂપમાં તદાકાર થવું એ ક્રિયાઓથી જ કરે છે. એટલે યોગને તે ધ્યાનમાં સ્થિર થવાની કે ધ્યાન સિદ્ધ કરવાની એક પ્રક્રિયા માને છે અને તે દૃષ્ટિએ તેને ખૂબ મહત્ત્વ આપે છે.

ધ્યાન સિદ્ધિ શા માટે ?

અહીં એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે કે 'ધ્યાનને સિધ્ધ કરવાનું પ્રયોજન શું ? એથી મોક્ષ પ્રાપ્તિમાં કંઇ સહાય મળે છે ખરી ?' એનો ઉત્તર એ છે કે 'મોક્ષની પ્રાપ્તિ માટે કર્મરહિત અવસ્થા અપેક્ષિત છે અને તેવી અવસ્થા ધ્યાનસિધ્ધિ વિના પ્રાપ્ત કરી શકાતી નથી. તેથી જ જૈન શાસ્ત્રોએ ધ્યાનસિધ્ધિને આવશ્યક માની છે.'

આ ઉત્તરના અનુસંધાનમાં કોઇને એવો પ્રશ્ન પણ ઉઠે કે 'જૈન ધર્મમાં કર્મરહિત અવસ્થા પ્રાપ્ત કરવા માટે નિર્જરાનું અર્થાત્ તપનું વિધાન છે અને અહીં ધ્યાન સિદ્ધિની વાત કરવામાં આવે છે, તેનું કારણશું ?' તેનું સમાધાન એ છે કે 'જૈન ધર્મે તપનો અર્થ ઘણો વિશાળ કર્યો છે, એટલે ધ્યાનસિદ્ધિ તેના પેટામાં સમાઈ જાય છે. પ્રથમ ભાગના પાંચમા પ્રકરણમાં નવતત્ત્વની વિવેચના કરવામાં આવી છે, તેમાં નિર્જરા તત્ત્વનું વિવેચન કરતાં ધ્યાનને પાંચમું અભ્યંતર તપ જણાવેલું છે. અહીં તે સંબંધી એટલી સ્પષ્ટતા કરી લઇએ કે ૭ પ્રકારના અભ્યંતર તપમાં સ્વાધ્યાય અને ધ્યાનની મુખ્યતા છે અને તેમાં પણ ધ્યાનની શ્રેષ્ઠતા છે, કારણ કે તે પ્રજ્વલિત અગ્નિની જેમ કર્મરૂપી ઇંધનોને શીઘ્ર બાળી નાખે છે અને આત્માના શુદ્ધ સ્વરૂપનો પ્રકાશ કરે છે.'

આ સમાધાનની વિરુદ્ધ એવો પ્રશ્ન પૂછાવાનો સંભવ છે કે 'જો ધ્યાનથી જ મોક્ષની પ્રાપ્તિ થતી હોય તો અણુસણાદિ બીજાં તપો બતાવવાની શી જરૂર હતી ?' એટલે તેનો ખુલાસો કરવામાં આવે છે કે 'અણુસણાદિ બીજાં તપો ધ્યાનસિદ્ધિ માટે ઉપકારક છે, તેથી જ તેની પ્રરૂપણા કરવામાં આવી છે.'

ધ્યાનના ભેદ-પ્રભેદો

અહીં પ્રસંગવશાત્ એ ખુલાસો પણ કરી લઈએ કે જૈન શાસ્ત્રોએ ચિત્તની એકાગ્રતા રૂપ ધ્યાનના બે ભેદો પાડયા છે. એક અશુભ અને બીજું શુભ. તેમાં અશુભ ધ્યાન કર્મબંધનું કારણ હોઈ તેનો ત્યાગ કરવાનો છે અને શુભ ધ્યાન સંવર તથા નિર્જરાનું કારણ હોઇ તેમાં સ્થિર થવાનું છે. એટલે ઉપર જ્યાં જ્યાં ધ્યાનસિદ્ધિની વાત કરવામાં આવી છે, ત્યાં ત્યાં આ શુભ ધ્યાનજ સમજવાનું છે.

વસ્તુ સ્થિતિ આ પ્રકારની હોઈ અશુભ અને શુભ ધ્યાનનો પરિચય મેળવી લેવો આવશ્યક છે.

ધ્યાનની સામાન્ય વ્યાખ્યા એવી છે કે '**ध्यायते चिन्त्यते वस्त्वनेनेति ध्यानम्**– જેનાથી વસ્તુનું ચિંતન થાય તે ધ્યાન.' આ ચિંતન ખોટું અને સારું એમ બંને પ્રકારનું હોઈ શકે, તેથી તેના અશુભ અને શુભ એવા બે પ્રકારો માનવામાં આવ્યા છે.

અશુભ ધ્યાનના બે ભેદો છે. એક આર્તધ્યાન અને બીજું રૌદ્રધ્યાન. તેમાં આર્ત એટલે દુઃખ કે પીડાનું ચિંતન કરવું તે આર્તધ્યાન છે અને હિંસા, વૈર કે ક્રોધનું ચિંતન કરવું તે રૌદ્રધ્યાન છે. આ બંને ધ્યાનોના ચાર ચાર ભેદો છે, તે નીચે મુજબ–

૧. અનિષ્ટ વસ્તુ સંયોગ આર્તધ્યાન– અનિષ્ટ વસ્તુ પ્રાપ્ત થતાં તેના વિયોગને માટે નિરંતર ચિંતન કરવું.

૨. ઇષ્ટ વિયોગ આર્તધ્યાન– કોઇ ઇષ્ટ–મનોનુકૂલ વસ્તુ ચાલી જતાં તેની પુનઃપ્રાપ્તિ માટે સતત ચિંતા કરવી.

૩. પ્રતિકૂલ વેદના આર્તધ્યાન– શારીરિક પીડા, માનસિક પીડા કે રોગ થતાં તેને દૂર કરવાની સતત ચિંતા કરવી,

૪. ભોગલાલસા આર્તધ્યાન– ભોગોની તીવ્ર લાલસાને વશ થઇ અપ્રાપ્ત ભોગોને પ્રાપ્ત કરવાનો દ્રઢ સંકલ્પ કરવો અને મનને તેમાં જ જોડાએલું રાખવું.

૧. હિંસાનુંબંધી રૌદ્રધ્યાન– હિંસા સંબંધી સતત ચિંતન કરવું.

૨. અનૃતાનુબંધી રૌદ્રધ્યાન– અસત્ય બોલવા સંબંધી સતત ચિંતન કરવું.

૩. સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન–ચોરી કરવા અંગે સતત ચિંતન કરવું.

૪. વિષય સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન– વિષયભોગની સામગ્રીનું રક્ષણ કરવા અંગે સતત ચિંતન કરવું.

શુભ ધ્યાનના પણ મુખ્યત્વે બે ભેદો છે. એક ધર્મધ્યાન અને બીજું શુકલધ્યાન. તેમાં ધર્મારાધન કે ધર્મપ્રાપ્તિનું ચિંતન કરવું તે ધર્મધ્યાન છે અને વ્યાક્ષેપ તથા સંમોહાદિથી રહિત ઉજ્જવલ ધ્યાન ધરવું તે શુકલ ધ્યાન છે. આ બંને ધ્યાનોના પણ ચાર ચાર ભેદો છે, તે નીચે મુજબ—

૧. આજ્ઞાવિચય ધર્મધ્યાન— વીતરાગ મહાપુરૂષોની ધર્મ સંબંધી આજ્ઞાઓ કેવી કલ્યાણકારી છે, તેનું સતત ચિંતન કરવું.

૨. અપાયવિચય ધર્મધ્યાન— સાંસારિક સુખો વડે થતાં અપાય અનિષ્ટનું સતત ચિંતન કરવું.

૩. વિપાક વિચય ધર્મધ્યાન— કર્મના શુભાશુભ વિપાકોનું સતત ચિંતન કરવું.

૪. સંસ્થાન વિચય ધર્મધ્યાન— દ્રવ્ય તથા ક્ષેત્ર સંબંધી સતત ચિંતન કરવું. અહીં દ્રવ્ય શબ્દથી ધર્મ, અધર્મ, આકાશ આદિ છ દ્રવ્યો અને ક્ષેત્ર શબ્દથી ચૌદ રાજ પ્રમાણ લોક સમજવો.×

(૧) પૃથકત્વ–વિતર્ક–સવિચાર શુકલ ધ્યાન–અહીં પૃથકત્વ શબ્દથી ભિન્નતા કે વિવિધતા, વિતર્ક શબ્દથી શ્રુતજ્ઞાન અને વિચાર શબ્દથી એક અર્થ પરથી બીજા અર્થ પર, એક શબ્દથી બીજા શબ્દ પર અને શબ્દથી અર્થ પર, અર્થથી શબ્દ પર તથા એક યોગ (મનોયોગ, વચનયોગ, કાયયોગ) થી બીજા યોગ પર ચિંતનાર્થે થતી પ્રવૃત્તિ સમજવાની છે. તાત્પર્ય કે શ્રુતજ્ઞાનના આલંબનપૂર્વક ચેતન અને અચેતન પદાર્થોનાં ઉત્પાદ, વ્યય ધ્રૌવ્ય, રૂપીત્વ, અરૂપીત્વ, સક્રિયત્વ આદિ પર્યાયોનું ભિન્ન ભિન્ન રૂપથી ચિંતન કરવું તે આ ધ્યાનનો મુખ્ય વિષય છે.

(૨) એકત્વ–વિતર્ક–નિર્વિચાર શુકલધ્યાન— અહીં એકત્વનો અર્થ અભિન્નતા છે, વિતર્કનો અર્થ શ્રુતજ્ઞાન છે અને

× લોક તથા દ્રવ્યો સંબંધી પહેલા ભાગના ત્રીજા પ્રકરણમાં વિવેચન કરાયેલું છે, તે પુનઃ જોઈ લેવું.

નિર્વિચારનો અર્થ એક અર્થથી બીજા અર્થ પર, એક શબ્દથી બીજા શબ્દ પર કે અર્થથી શબ્દ પર અને શબ્દથી અર્થ પર તથા એક યોગથી બીજા યોગ પર પ્રવૃત્તિ ન કરવી એ છે. તાત્પર્ય કે શ્રુતજ્ઞાનના આલંબનપૂર્વક મનોયોગાદિ કોઇ પણ એક યોગમાં સ્થિર થઇને દ્રવ્યના એક જ પર્યાયનું અભેદ ચિંતન કરવું તે આ ધ્યાનનો મુખ્ય વિષય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે પ્રથમ ધ્યાનના દૃઢ અભ્યાસમાં આ બીજા ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત થાય છે. જેમ સમસ્ત શરીરમાં વ્યાપેલું ઝેર મંત્રાદિ ઉપાયોથી એક ડંખની જગાએ લાવીને સ્થાપિત કરવામાં આવે છે, તેમ સમસ્ત લોકના ભિન્ન ભિન્ન વિષયોમાં ભટકતા મનને આ ધ્યાન દ્વારા એક જ વિષય પર લાવીને એકાગ્ર કરવામાં આવે છે અને એ રીતે મન એક જ વિષય પર એકાગ્ર થતાં સર્વથા શાંત થઇ જાય છે, એટલે તે પોતાની સર્વ ચંચળતા છોડી નિષ્કંપ બની જાય છે. આનું પરિણામ એ આવે છે કે આત્માના જ્ઞાનાદિ ગુણ પર લાગેલાં સર્વ કર્મ આવરણો* દૂર હઠી જાય છે અને સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે કે જેના લીધે આત્મા સમસ્ત લોકાલોકના સર્વ દ્રવ્યોના ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલીન સર્વ પર્યાયો જાણી-જોઈ શકે છે. તાત્પર્ય કે શુકલ ધ્યાનના આ બીજા પાયે ચડનાર કેવળજ્ઞાન તથા કેવળદર્શનની પ્રાપ્તિ કરી પોતાનું અભીષ્ટ સિદ્ધ કરી શકે

---

* જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો આત્માના મૂળ ગુણોનો ઘાત કરનારા હોવાથી ઘાતી કર્મ કહેવાય છે અને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ બાકીના ચાર કર્મો સાંયોગિક હોવાથી અઘાતી કર્મ કહેવાય છે. તેમાંથી ચારે ઘાતી કર્મોનો નાશ આ પ્રસંગે થાય છે અને ચારે અઘાતી કર્મોનો નાશ દેહત્યાગ વખતે થાય છે.

છે અને તે અવશ્ય મોક્ષમાં જાય છે.

(૩) સૂક્ષ્મક્રિયા–અપ્રતિપાતિ–શુકલધ્યાન જ્યારે કેવળજ્ઞાન અથવા સર્વજ્ઞતાને પામેલો આત્મા યોગનિરોધના ક્રમથી અંતે સૂક્ષ્મ શરીર યોગનો આશ્રય લઇને બાકીના સર્વયોગોને રોકી દે છે ત્યારે આ ધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. તેમાં શ્વાસોશ્વાસ જેવી સૂક્ષ્મ ક્રિયા જ બાકી રહેલી હોય છે અને તેમાંથી પડવાપણું હોતું નથી એટલે તે સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ શુકલ ધ્યાન કહેવાય છે.

(૪) સમુચ્છિન્ન ક્રિયા–અનિવૃત્તિ–શુકલધ્યાન–જ્યારે શરીરની શ્વાસ–પ્રશ્વાસાદિ સૂક્ષ્મ ક્રિયા પણ બંધ થઇ જાય છે અને આત્મ-પ્રદેશ સર્વથા નિષ્કંપ થઈ જાય છે, ત્યારે આ ધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. તેમાં સ્થૂલ સૂક્ષ્મ કોઇપણ પ્રકારની માનસિક, વાચિક કે કાયિક ક્રિયા રહેતી નથી. આ ધ્યાનનો કાળ **अ, इ, उ, ऋ, लृ** એ પાંચ હસ્વ સ્વરો બોલીએ એટલો જ ગણાય છે, આ ધ્યાનના પ્રતાપથી શેષ સર્વ કર્મો ક્ષીણ થઇ જતાં આત્મા પોતાની સ્વાભા-વિક ઊર્ધ્વગતિથી લોકના અગ્રભાગે પહોંચે છે અને ત્યાં આવેલી સિદ્ધશિલામાં સ્થિર થઇને અનંતકાળ સુધી અનિર્વચનીય સુખનો ઉપભોગ કરે છે.

શુક્લ ધ્યાનના છેલ્લા બે પ્રકારોમાં શ્રુતજ્ઞાનનું આલંબન હોતું નથી એટલે તે નિરાલંબન કહેવાય છે.

ધ્યાનના આ પ્રકારો જાણ્યા પછી નિર્વાણસાધક યોગમાં તેનું સ્થાન કેટલું ઉન્નત છે, તે સહેજે સમજી શકાય છે.

અષ્ટાંગ યોગઃ-

વૈદિક મતમાં વિકસેલો યોગવિદ્યા અષ્ટાંગ એટલે આઠ અંગવાળી ગણાય છે. તે અંગે શ્રી યાજ્ઞવલ્કયસંહિતામાં કહ્યું છે કે 'યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આઠ અંગો છે. યોગદર્શનકાર પતંજલિ મુનિએ પણ સાધના પાદના ૨૯મા સૂત્રમાં એજ ક્રમ દર્શાવ્યો છે. **यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गः ॥ नि ॥** તાત્પર્ય કે જેને યોગ સાધના કરવી હોય તેણે પ્રથમ તો યમ નિયમોનું સ્વરૂપ સારી રીતે જાણી લઈ તેનું સેવન કરવું જોઈએ. પછી આસન સિદ્ધિ કરવી જોઈએ અને પ્રાણાયામમાં પ્રવીણતા મેળવવી જોઈએ. બાદ પ્રત્યાહારની સિદ્ધિ કરી ધારણામાં કુશળતા પ્રાપ્ત કરનાર ક્રમશઃ ધ્યાનસિદ્ધિ કરી શકે છે અને તેને જ સમાધિનો લાભ થાય છે.

આ મંતવ્યનો વ્યાપક પ્રમાણમાં પ્રચાર થયેલો છે, એટલે તેને સામે રાખીને જ જૈન ધર્મે સ્વીકારેલા પાંચ અંગો (સ્થાનાદિ ધર્મ વ્યાપાર) નું વિવેચન કરીશું.

યમ-નિયમોની આવશ્યકતા

આ પાંચ અંગોમાં પ્રથમ અંગ સ્થાનાદિ ધર્મ વ્યાપાર એટલે આસનસિદ્ધિનું છે, તેથી કોઈને એવી શંકા થાય કે 'જૈન ધર્મ વૈદિક ધર્મની માફક યોગની પૂર્વ ભૂમિકા તરીકે યમ-નિયમોને આવશ્યક નથી માનતો કે શું ?' પણ આ શંકા સ્થાને નથી. જૈન ધર્મ પણ યોગીની પૂર્વ ભૂમિકા તરીકે યમ-નિયમોને અતિ અગત્યના માને છે અને તેથીજ જણાવે છે કે યોગની

ઉત્કૃષ્ટ સાધના તો ચારિત્રવંતને જ હોય. એનો સ્પષ્ટ અર્થ એ છે કે જેમણે પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત અંગીકાર કરેલું હોય તથા જેઓ ચારિત્ર નિર્માણ માટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરતા હોય, તેમજ ક્ષમા આદિ દશ પ્રકારના શ્રમણધર્મને આરાધતા હોય તેઓ જ આવી યોગ સાધનામાં સફળ થઇ શકે છે.

અહીં પાઠકો પતંજલિ મુનિ આદિએ પ્રરૂપેલા યમ-નિયમો સાથે આ યમ-નિયમોની તુલના કરી શકે છે અને જૈન ધર્મની યમ-નિયમોમાં કેવી અતૂટ શ્રદ્ધા છે તેનો પરિચય મેળવી શકે છે. દાખલા તરીકે-

પતંજલિમુનિએ યોગદર્શનમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની ગણના યમોમાં કરી છે અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્રણિધાનની ગણના નિયમોમાં કરી છે. તો જૈન સાધુઓ પ્રાણાતિપાત વિરમણ વ્રત નામનું પહેલું મહાવ્રત લે છે તે અહિંસા છે, મૃષાવાદ વિરમણ વ્રત નામનું બીજું મહાવ્રત લે છે તે સત્ય છે, અદત્તાદાન વિરમણ વ્રત નામનું ત્રીજું મહાવ્રત લે છે તે અસ્તેય છે, મૈથુન વિરમણ વ્રત નામનું ચોથું મહાવ્રત લે છે તે બ્રહ્મચર્ય છે અને પરિગ્રહ વિરમણ વ્રત નામનું પાંચમું મહાવ્રત લે છે તે અપરિગ્રહ છે.

શૌચનો સામાન્ય અર્થ પવિત્રતા છે. તે બાહ્ય અને અભ્યંતર એમ બંને પ્રકારની હોય છે. તેમાં અભ્યંતર પવિત્રતા વિશેષ ઉપકારક છે. આ પવિત્રતા માટે મન, વચન અને કાયાની શુદ્ધિ જોઈએ, તે માટે જૈન યોગસાધકો ચારિત્ર ગ્રહણ કરતી વખતે જ મન, વચન અને કાયાથી પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા લે છે અને પ્રમાદાદિ દોષોથી એ પ્રતિજ્ઞામાં કોઈ દોષ લાગી જાય તો તેની

નિંદા, ગર્હા અને યોગ્ય પ્રાયશ્ચિત વડે શુદ્ધિ કરે છે. વળી મનો-ગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિનું જે વિધાન કરવામાં આવ્યું છે તેનો અર્થ પણ એ જ છે કે મન–વચન–કાયાને અપ્રશસ્ત પ્રવૃત્તિથી બચાવી લેવાં અને એ રીતે શુદ્ધિ કે અભ્યંતર શૌચ જાળવી રાખવું. વળી દશ પ્રકારના શ્રમણધર્મમાં શૌચનો સ્પષ્ટ ઉલ્લેખ છે, (જૂઓ ભા. ૧લો, પૃ. ૧૦૭–૮) તે પણ એજ દર્શાવે છે કે જૈન પરંપરામાં શૌચનું મહત્ત્વ અન્ય કોઈ સંપ્રદાય કરતાં જરાય ઓછું નથી. અલબત્ત તેની દ્રષ્ટિ બાહ્ય કરતાં અભ્યંતર શૌચ પર વિશેષ છે અને તેથી તેઓ તે માટે જ વિશેષ પ્રયત્નશીલ રહે છે.

સંતોષનો સામાન્ય અર્થ તૃષ્ણાત્યાગ છે. તે માટે જૈન શાસ્ત્રોએ સ્થળે સ્થળે ઉપદેશ આપેલો છે અને દશ પ્રકારના શ્રમણધર્મમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

તપ તો જૈન ધર્મનો પ્રાણ લેખાય છે એટલે પ્રત્યેક ચારિત્રધારી તેનું યથાશક્તિ આરાધન કરતા જ હોય છે. આ તપના બળે તેમને અનેક પ્રકારની લબ્ધિઓ કે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, જો કે તેમનો ઉદ્દેશ તો આ તપ વડે કર્મની નિર્જરા કરવાનોજ હોય છે. દશ પ્રકારના શ્રમણ ધર્મમાં તપનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સ્વાધ્યાય એટલે શાસ્ત્રોનું પઠન–પાઠન કે ઇષ્ટ મંત્રનો જાપ. આ બંને અર્થમાં જૈન ધર્મે તેનો સ્વીકાર કરેલો છે અને તેની ગણના ચોથા અભ્યંતર તપમાં કરેલી છે.× આથી તે જૈન યોગ સાધકોના જીવનમાં ઓતપ્રોત થયેલો જોવાય છે.

× જુઓ ભાગ ૧લો, પૃ. ૧૧૬ અહીં ઇષ્ટ મંત્રના જપનો અર્થ દર્શાવેલો નથી પણ પરંપરાથી સ્વાધ્યાયના સ્થાને ઇષ્ટ મંત્રનો જાપ કરવામાં આવે છે.

ઇશ્વર પ્રણિધાન એટલે પરમાત્મા પ્રત્યે ભકિતનો અતિશય. કોઇ પણ પ્રકારની ફલકામના વિના તેના પ્રત્યેનું સમર્પણ. તેને પણ જૈન ધર્મમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થયેલું છે. પ્રાતઃકાલમાં ઉઠીને પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું, પછી ષડાવશ્યક ક્રિયાના અધિકારે ચોવીશ તીર્થંકરો તથા સિદ્ધ ભગવંતોનું સ્તવન કરવું, દેવ દર્શને જવું અને ત્યાં પણ તીર્થંકર દેવાના અદ્ભૂત ગુણોનું કીર્તન કરવું, તેના પ્રત્યે ભકિતનો અતિશય બતાવવો અને શકય તન–મન–ધનથી પોતાની જાતને સમર્પિત કરવી એ ઇશ્વર પ્રણિધાન જ છે.

આ રીતે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્રણિધાન એ પાંચે નિયમોને પણ જૈન યોગ સાધનામાં યોગ્ય સ્થાન પ્રાપ્ત થયેલું છે.

યોગાભ્યાસ કયાં કરવો ?

વૈદિક મતવાળા યોગવિશારદો એમ માને છે કે યોગાભ્યાસ માટે અમુક પ્રકારના દેશ અને સ્થાન યોગ્ય ગણાય. તે માટે શ્રી કૃષ્ણયજુર્વેદની શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં કહ્યું છે કે 'સર્વ બાજુથી સમાન, પવિત્ર, કાંકરા–અગ્નિ–રેતી–કોલાહલ અને જલાશયથી રહિત, મનને અનુકૂલ, આંખને પીડા ન કરે તેવા અને અત્યંત વાયુથી રહિત ગુહાઆદિ સ્થાનમાં સાધુ પુરૂષ યોગાભ્યાસ કરે.* શ્રી હઠયોગપ્રદીપિકામાં કહ્યું છે કે 'જે દેશનો રાજા સારા આચારવાળો હોય, જે દેશના લોકો ધાર્મિક હોય,' જ્યાં સુકાલ હોય અર્થાત્ વારંવાર દુષ્કાલ ન પડતો હોય, અને ચોર, વ્યાઘ્ર તથા

---

* समे शुचौ शर्करावह्निवालुका–
विवर्जिते शब्दजलाशयादिभीः ।
मनोनुकूले न तु चक्षुपीडने,
गुहानिवाताश्रयेण प्रयोजयेत ॥

સર્પાદિનો જ્યાં ઉપદ્રવ ન હોય તે દેશમાં હઠયોગીએ એકાંત ભાગમાં નાના મઠમાં સ્થિતિ કરવી અને પોતાના આસનથી ચાર હાથ પર્યંત પાષાણ, અગ્નિ અને જલ રાખવાં નહિ, (કારણ કે તેથી વાત, પિત્ત અને કફમાં વિષમતા પેદા થઈ શરીરમાં વિક્રિયા ઉપજે છે). શ્રી નંદિકેશ્વર પુરાણમાં તો વિશિષ્ટ પ્રકારે યોગમંદિરની રચના કરવાનું વિધાન પણ છે. પરંતુ આ બાબતમાં જૈન ધર્મનું મંતવ્ય જુદું છે, તે અહીં દર્શાવીએ છીએ.

જૈન ધર્મ એમ માને છે કે નિર્વાણસાધક યોગીઓએ ચોમાસાના ચાર માસ કે જેમાં જીવોની ઉત્પત્તિ વિશેષ હોય છે અને પાદવિહાર કરવાનું શકય હોતું નથી, ત્યારે એક સ્થળે સ્થિરતા કરવી અને શેષકાળમાં એટલે બાકીના આઠ માસ રાષ્ટ્રભરમાં વિચરતા રહેવું. એટલે તેઓ એક જ પ્રદેશના કોઈ મઠમાં કે ગુફામાં લાંબો સમય વાસ કરતા નથી, પરંતુ જ્યાં પણ વિચરે છે ત્યાં કાયોત્સર્ગાદિ સિદ્ધ કરવા માટે મકાનના એકાંત ભાગનો ધર્મશાળાનો, સ્મશાન ભૂમિનો, વનપ્રદેશનો કે પર્વતની ગુફા વગેરેનો ઉપયોગ કરે છે. વળી જૈન ધર્મ એમ માને છે કે વિવિધ પ્રકારના પરીષહો સહન કર્યા વિના શરીર પરની મોહ–મમતા છૂટતી નથી કે મનમાં રહેલા ભયાદિ દોષો દૂર થતા નથી. એટલે તે દંશમશકાદિ પરીષહો સમભાવે સહન કરી લે છે. તાત્પર્ય કે અમુક સ્થળે દંશમશકાદિનો પરીષહ થશે માટે ત્યાં ન જવું એવો વિચાર કરતા નથી. વળી શારીરિક અને માનસિક તિતિક્ષા કરવા માટે તેઓ અજાણ્યા પ્રદેશમાં પણ વિચરે છે, પછી ત્યાંના લોકો ભલે અધાર્મિક હોય કે ત્યાંનો રાજા નાસ્તિક હોય. શ્રી મહાવીર સ્વામી યોગસાધક–દશામાં રાઢના જંગલી પ્રદેશમાં વિચર્યા હતા કે જયાંના લોકો અત્યન્ત ક્રૂર હતા અને ધર્મની બાબતમાં કશું જ સમજતા ન હતા. વળી બીજા અનેક જૈનાચાર્યો એવા પ્રદેશમાં

વિચર્યા છે કે જ્યાંનો રાજા નાસ્તિક હોય અને સાધુ સંતોને ખૂબ રંજાડતો હોય, પરંતુ આ આચાર્યોએ પોતાની યોગ વિભૂતિથી એવા રાજાઓની સાન ઠેકાણે આણી છે અને તેમને ધર્મપરાયણ બનાવ્યા છે. એટલે અન્ય યોગસાધકોએ યોગાભ્યાસ માટે જે દેશ અને સ્થાનનું કથન કર્યું છે તે સામાન્ય રીતે ઠીક હોવા છતાં જૈન ધર્મમાં ખાસ નિયમરૂપ મનાયું નથી. આમ છતાં આવશ્યક નિર્યુક્તિમાં નિમ્નગાથા પ્રાપ્ત થાય છે, તે આ વિષયમાં સુંદર પ્રકાશ પાડે છે.

संवरिय आसवदारा, अव्वाबाहे अकंटए देसे ।
काउण थिरं ठाणं, ठिओ निसन्नो निवन्नो वा ॥

(મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ (મનોયોગાદિ) અને પ્રમાદ એ પાંચ) આસ્રવદ્વારોનો સંવર કરીને અવ્યાબાધ તથા અકંટક દેશમાં જઇને ઊભેલી, બેઠેલી કે સૂતેલી સ્થિતિમાં આસન સ્થિર કરીને કાયોત્સર્ગ કરવો.

આ કારણે જૈન યોગસાધકો નજીકમાં ગાનતાન ચાલતા હોય કે બહુ કોલાહલ થતો હોય તેવા સ્થાનને પસંદ કરતા નથી કે જ્યાં બાવળ, બોરડી, કેરડા વગેરે કંટકમય વૃક્ષો વિશેષ હોય તેવા અરણ્ય પ્રદેશમાં કાયોત્સર્ગ-નિમિત્તે જતા નથી.

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં જણાવ્યું છે કે

तीर्थं वा स्वस्थताहेतुं यत्तद् वा ध्यानसिध्धये ।
कृतासनजयो योगी विविक्तस्थानमाश्रयेत् ॥

આસનનો જય કરવાવાળા યોગીએ ધ્યાનની સિદ્ધિ માટે તીર્થંકરોના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણસ્થાનમાં જવું, તેના અભાવે સ્વસ્થતાના હેતુભૂત (જ્યાં રહેવાથી આરોગ્ય ન

બગડે) તથા સ્ત્રી, પશુ, પંડકાદિ (નપુંસકાદિ) રહિત કોઈ સારા એકાંત સ્થાનનો આશ્રય કરવો.

આસનસિદ્ધિ

આસનસિદ્ધિ સંબંધમાં વૈદિક મતવાળાઓનો અભિપ્રાય એવો છે કે ઉપદ્રવ વિનાના પવિત્ર અને નિર્જન એવા એકાંત પ્રદેશમાં અતિ ઊંચું નહિ, તેમ અતિ નીચું નહિ, જેમાં નીચે દર્ભ, તે પર મૃગચર્મ અને તે પર વસ્ત્ર પાથરેલ હોય એવા આસન પર સ્થિર થઈને આસનનો અભ્યાસ કરવો.× પરંતુ જૈન ધર્મ એમ માને છે કે કાયોત્સર્ગ ઊભા રહીને કરવો એ વિશેષ લાભદાયક છે. તે માટે આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે–

चउरंगुल मुहपत्ती, उज्जूए डब्बहत्थ रयहरणं ।
वोसट्ठचत्तदेहो, काउस्सग्गं करिज्जाहि ॥ १५४५ ॥

(બંને પગ સીધા ઊભા રાખી આગળના ભાગમાં) ચાર આંગળ જેટલું (અને પાછળના ભાગમાં કંઈક ઓછું) અંતર રાખવું. તે વખતે સીધા લટકતા રાખેલા (જમણા હાથમાં) મુહપત્તી અને ડાબા હાથમાં રજોહરણ÷ ગ્રહણ કરવો પછી દેહ-ભાવનાનો સંપૂર્ણ ત્યાગ કરવાપૂર્વક કાયોત્સર્ગ કરવો.

× **शुचौ देशे प्रतिष्ठाप्य, स्थिरमासनमात्मनः ।**
नात्युच्छ्रितं नातिनीचं, चैलाजिनकुशोत्तरम् ॥

શ્રીમદ્ભગવત ગીતા

एकान्ते विजने देशे, पवित्रे निरुपद्रवे ।
कम्बलाजिनवस्त्राणामुपर्यासमभ्यसेत् ॥

શ્રી ગોરક્ષક શતક.

÷ મુહપત્તી અને રજોહરણ એ જૈન સાધુઓનાં ખાસ ધાર્મિક ઉપકરણો છે. તેમાં મુહપત્તી બોલતી વખતે મુખ આડી રાખવામાં આવે છે અને રજોહરણ જીવજંતુને તથા રજને દૂર કરવા માટે વપરાય છે.

મૂલાચારના ષડાવશ્યાધિકારમાં કહ્યું છે કે—

वोसरिय बाहुजुगलो, चदुरंगुल अंतरेण समपादो ।
सव्वंग चलणरहिओ, काउस्सग्गो विसुद्धो दु ॥ १५१ ॥

જેમાં પુરૂષ બંને હાથ લાંબા કરીને સમપાદ ઊભો રહે છે અને બે પગ વચ્ચે ચાર આંગળનું અંતર રાખે છે. તથા શરીરના કોઈપણ અંગને હલાવતો નથી, તે કાયોત્સર્ગ વિશુદ્ધ છે.

તાત્પર્ય કે કાયોત્સર્ગ કરવા ઇચ્છનારે બંને પગ સીધા રાખીને ઊભા રહેવું જોઇએ. તેમાં આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અને પાછળના ભાગમાં તેથી કંઈક ઓછું અંતર રાખવું જોઈએ. આવી રીતે ઊભા રહેવાથી લાંબા વખત સુધી સારી રીતે ઉભા રહી શકાય છે. પછી બંને હાથો સીધા નીચે લટકતા રાખવા જોઈએ. તે વખતે સંયમના ખાસ ઉપકરણ મુહપત્તી અને રજોહરણ જે સાધુઓએ નિરંતર પોતાની પાસે રાખવા જોઇએ તે અનુક્રમે જમણા અને ડાબા હાથમાં ધારણ કરવા જોઈએ. પછી દેહનું જરા પણ હલનચલન ન થાય તે રીતે સ્થિર ઉભા રહીને કાયાનો ઉત્સર્ગ કરવો જોઇએ અર્થાત્ શરીર પરનું તમામ મમત્વ છોડી દઇને ધર્મધ્યાનમાં મગ્ન થવું જોઇએ. તે માટે જૈન શાસ્ત્રોએ ભાર મૂકીને કહ્યું છે કે—

वासी-चंदण-कप्पो, जो मरणे जीविए य समसण्णो ।
देहे य अपडिबद्धो, काउस्सग्गो हवइ तस्स ॥

શરીરને કોઇ તીક્ષ્ણ ધારવાળા વાંસલાથી છેદી નાખે કે તેના પર અત્યંત શીતલતાદાયક એવો ચંદનનો લેપ કરે, અથવા જીવન ટકે કે તેનો જલ્દી અંત આવે છતાં જે દેહભાવનાથી ખરડાય નહિ અને મનને બરાબર સમભાવમાં રાખે તેને કાયોત્સર્ગ સિદ્ધ થાય છે.

આ રીતે ઉભા રહીને કાયોત્સર્ગ કરતી વખતે નીચેના ૧૯ દોષો પૈકી કોઈ દોષનું સેવન ન થાય તેની ખાસ કાળજી રાખવામાં આવે છે

૧. ઘોટકદોષ– ઘોડાની પેઠે એક પગ ઊંચો રાખવો કે વાંકો રાખવો તે.

૨. લત્તાદોષ– વાયુથી લતા કંપે, તેમ શરીરને કંપાવવું તે.

૩. સ્તંભાદિ દોષ– થાંભલા વગેરેને ઓઠીંગણ દઈને ઉભા રહેવું તે.

૪. માલદોષ– ઉપર મેડી અથવા માલ હોય તેને મસ્તક ટેકવીને ઉભા રહેવું તે.

૫. ઉધ્ધિદોષ– ગાડાના ઊધની પેઠે પગના અંગૂઠા તથા પાની મેળવીને ઉભા રહેવું તે.

૬. નિગડદોષ– નિગડમાં પગ નાખ્યા હોય તેની માફક પગ પહોળા રાખવા તે.

૭. શબરીદોષ– નગ્ન ભીલડીની પેઠે ગુહ્ય સ્થાનકે હાથ જોડી રાખવા તે.

૮. ખલિણદોષ– ઘોડાના ચોકડાની પેઠે રજોહરણ રાખી ઉભા રહેવું તે.

૯. વધૂદોષ– નવપરિણીત વધૂની પેઠે માથુ નીચું રાખવું તે.

૧૦ લમ્બોત્તરદોષ– નાભિની ઉપર અને ઢીંચણથી નીચે જાનુ સુધી લાંબુ વસ્ત્ર રાખવું તે. (જૈન સાધુઓને નાભીથી નીચે અને ઢીંચણથી ચાર આંગળ ઉપર ચોલપટ્ટો પહેરવાનું વિધાન છે. તેને લક્ષ્યમાં રાખીને આ દોષ કહેલો છે.)

૧૧. સ્તનદોષ-- ડાંસ મચ્છરના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાદિત કરી સ્ત્રીની પેઠે ઢાંકી રાખવું તે.

૧૨ સંયતિદોષ– શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બંને સ્કંધ ઢાંકી રાખે એટલે સમગ્ર શરીર આચ્છાદિત કરવું તે.

૧૩. ભ્રૂ-અંગુલિદોષ– સૂત્રોના આલાપક (આલાવા) ગણવાને માટે અથવા સંખ્યા ગણવાને માટે આંગળીનું આલંબન લેવું કે ભાંપણના ચાળા કરવા તે.

૧૪. વાયસદોષ– કાગડાની પેઠે ડોળા ફેરવવા તે.

૧૫. કપિત્થદોષ– પહેરેલું વસ્ત્ર પરસેવાથી મલિન થશે એમ માનીને તેને ગોપવી રાખવું તે.

૧૬. શિરઃકંપદોષ– યક્ષાવિષ્ટની માફક માથું ધૂણાવવું તે.

૧૭. મૂકદોષ– મૂંગાની માફક હું હું કરવું તે.

૧૮. મદિરાદોષ– સૂત્રના આલાપક ગણતી વખતે મદિરા પીધેલાની માફક બડબડાટ કરવો તે.

૧૯. પ્રેક્ષ્યદોષ– વાનરની પેઠે મોં ફેરવી આસપાસ જોયા કરવું અને હોઠ હલાવવો તે.

આ ત્રણ દોષો પૈકી લંબોત્તર, સ્તન અને સંયતિ સાધ્વીને હોય નહિ, કેમકે એમનું શરીર વસ્ત્રાવૃત્ત હોય છે. શ્રાવિકાને માટે આ ત્રણ ઉપરાંત નીચું જોવાની છૂટ હોય છે, એટલે તેને વધૂદોષ લાગતો નથી.

જેઓ ઉભા રહીને કાયોત્સર્ગ કરી શકે તેમ ન હોય તેમને બેસીને કાયોત્સર્ગ કરવાની છૂટ હોય છે અને જેઓ તપસ્યા, વૃદ્ધાવસ્થા કે બિમારીને કારણે લાંબો સમય બેસી શકે તેમ ન હોય તેમને સૂતાં સૂતાં કાયોત્સર્ગ કરવાની છૂટ હોય છે, પણ આ રીતે બેસીને કે સૂઇને કાયોત્સર્ગ કરતી વખતે જૈન સાધકો સૂકા ઘાસનું કે ગરમ કામળનું આસન બિછાવે છે પણ મૃગચર્મ કે વ્યાઘ્રચર્મનો ઉપયોગ કરતા નથી, કારણ કે જીવહિંસાના કારણે તેને ત્યાજ્ય ગણવામાં આવ્યું છે.

એક આસને લાંબા વખત સુધી સ્થિર બેસી શકાય ત્યારે આસન સિદ્ધિ થઈ ગણાય છે.

આસનસિદ્ધિથી થતા લાભો

પતંજલિ મુનિએ યોગદર્શનમાં આસનસિદ્ધિનો લાભ જણાવતાં કહ્યું છે કે **ततो द्वन्द्वानभिघातः।** (સાધનપાદ સૂત્ર ૪૮) તે તે આસનનો જય કરવાથી સાધક યોગી શીતોષ્ણાદિ દ્વંદ્વો વડે અભિભવ પામતો નથી. તાત્પર્ય કે આસનસિદ્ધ યોગીને શીત-ઉષ્ણ તથા ક્ષુધાતૃષાદિ દ્વંદ્વો પીડા પમાડી શકતા નથી.

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે 'કાયોત્સર્ગમાં એકાગ્ર થનારના દેહની જડતા નાશ પામે છે અને મતિની શુદ્ધિ થાય છે. તેનામાં સુખ દુઃખ સહન કરવાની શક્તિ આવે છે, તે સુક્ષ્મચિંતન કરી શકે છે.*

પ્રાણાયામ:-

અહીંથી આગળ વધતાં પાઠકોને એવો પ્રશ્ન થવાનો સંભવ છે કે પતંજલિમુનિ આદિ અન્ય યોગ વિશારદોએ આસન પછી પ્રાણાયામ અને પ્રત્યાહારને મૂકયા છે અને જૈન યોગસાધનામાં **ગણ-સ્થાન** પછી સીધી સૂત્રાર્થચિંતનનો ક્રમ બતાવ્યો છે, તેનું કારણ શું ? તેનો ઉત્તર શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના છઠ્ઠા પ્રકાશમાં આ પ્રમાણે આપ્યો છે:-

तन्नाप्नोति मनः स्वास्थ्यं प्राणायामैः कदर्थितम्।
प्राणस्यायमने पीडा, तस्यां स्याच्चित्तविप्लवः ॥४॥

પ્રાણવાયુના નિગ્રહથી કદર્થના પામેલું મન સ્વસ્થતા પામતું નથી, કેમકે પ્રાણવાયુનો નિગ્રહ કરતાં શરીરને પીડા થાય છે. અને શરીરમાં પીડા થવાથી મનમાં સંક્ષોભ થાય છે. વળી પૂરક, કુંભક અને રેચક કરવામાં પરિશ્રમ પડે છે, તેથી મનમાં સંકલેશ થાય છે

---

* આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૪૬૨,

કે જે સ્થિતિ-મોક્ષ માર્ગમાં વિઘ્નરૂપ છે.

શ્રી શુભચંદ્રગણિએ પણ આ પ્રશ્નનો ઉત્તર જ્ઞાનાર્ણવના ત્રીશમા પ્રકરણમાં આ રીતે આપ્યો છેઃ-

वायोः संचारचातुर्यमणिमाद्यङ्गसाधनम् ।
प्रायः प्रत्यूहबीजं स्यान्मुनेर्मुक्तिमभीप्सितः ॥६॥

પવન સંચારનું ચાતુર્ય શરીરને સુક્ષ્મ-સ્થૂલ (હળવું-ભારે) વગેરે કરવાનું સાધન છે, એથી મુક્તિની વાંછા કરનારા મુનિને તે પ્રાયઃ વિઘ્નનું કારણ થાય છે. અર્થાત્ તે સિદ્ધિના લોભમાં પડી મોક્ષમાર્ગની સાધના ચૂકી જાય એવું પણ બને છે.

संविग्नस्य प्रशान्तस्य वीतरागस्य योगिनः ।
वशीकृताक्षवर्गस्व प्राणायामो न शस्यते ॥८॥

જે મુનિ સંસારના દેહભોગથી વિરક્ત છે, જેના કષાય મંદ છે, જે વીતરાગ અને જિતેન્દ્રિય છે, એવા યોગીને પ્રાણાયામ શોભતો નથી.

આ વિધાનો દ્રવ્ય પ્રાણાયામને લગતાં થયાં, પણ ભાવ પ્રાણાયામનો જૈન શાસ્ત્રોએ સ્વીકાર કર્યો છે. શ્રી હરિભદ્રસૂરિએ યોગદ્રષ્ટિ સમુચ્ચયમાં ચોથી દ્રષ્ટિના વિવેચન પ્રસંગે તેનું વર્ણન કર્યું છે અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ યોગદષ્ટિ સ્વાધ્યાયમાં એ વસ્તુને નિમ્ન શબ્દો વડે મંજૂર રાખી છે:

बाह्यभाव रेचत इहांजि पूरण अंतरभावः
स्थिरता कुंभक गुणे करीजि ।

પ્રત્યાહાર :

જૈન શાસ્ત્રો પ્રત્યાહારને લાભદાયી માને છે, આમ છતાં તેનું પસ્ષ્ટ વિધાન ન કરવાનું કારણ એ છે કે જૈન યોગસાધકો સંસારથી

વિરક્ત હોય છે અને ચારિત્ર નિર્માણ માટે તેઓ વિષય તથા કષાયને જિતવા માટે પ્રારંભથી જ પ્રયત્નશીલ હોય છે, એટલે પ્રાણાયામની પ્રક્રિયા વિના પણ મનને ઇંદ્રિયોના વિષયમાંથી ખેંચી લઇને સીધો પ્રત્યાહાર કરી શકે છે અને એ રીતે પોતાનું મન સૂત્રાર્થના ચિંતનમાં કે ધર્મધ્યાનમાં જોડી શકે છે. તે વિષે શ્રી શુભચંદ્રાચાર્ય જ્ઞાનાર્ણવમાં કહે છે કે —

निःसंगं संवृतस्वान्तः कूर्मवत् संवृतेन्द्रियः।
यमी समत्वमापन्नो ध्यानतन्त्रे स्थिरीभवेत्॥

પ્ર. ૩૦, શ્લો. ૨

જેનું મન નિઃસંગ સંવૃત્ત થયું છે એટલે જેને પુદ્ગલનો કોઈ સંગ ગમતો નથી કે વિષયમાં રાચવાનું પસંદ પડતું નથી તથા જેણે કાચબાની માફક પોતાની ઇંદ્રિયોનો સંકોચ કર્યો છે. એવો મુનિ સમત્વ પ્રાપ્ત કરીને એટણે રાગદ્વેષથી રહિત થઇને ધ્યાન ક્રિયામાં સ્થિર થઈ શકે છે.

ધારણા :

જૈન શાસ્ત્રોએ ધ્યાનસિદ્ધિ માટે ધારણાને ઉપયોગી માની છે. તે માટે આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે —

चेयणमचेयणं वा वत्थुं अवलंबिउं घणं मनसा।
झायइ सुअमत्थं वा दवियं तप्पज्जए वा वि ॥१४६६॥

ચેતન અથવા અચેતન વસ્તુનું મનથી દૃઢ આલંબન લઈને સૂત્ર અને અર્થનું ધ્યાન ધરવું અથવા દ્રવ્ય અને તેના પર્યાયનું ચિંતન કરવું. અહિં ચેતન અથવા અચેતન વસ્તુનું મનથી જે દૃઢ આલંબન લેવાનું કહ્યું છે તે ધારણા જ છે.

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના છઠ્ઠા પ્રકાશમાં કહ્યું છે કે નાભી, હૃદય, નાસિકાનો અગ્રભાગ, કપાલ, આંખનાં ભવાં, તાળવું,

નેત્ર, મુખ, કાન અને મસ્તક એ ધ્યાન કરવાનાં સ્થાનો છે. આ સ્થાનો પૈકી કોઇપણ એક સ્થાને મનને લાંબો વખત સ્થાપન કરવાથી સ્વસંવેદન થાય (પ્રતીતિ થાય) એવા અનેક પ્રત્યયો ઉત્પન્ન થાય છે.

શ્રી મહાવીરપ્રભુએ સાધનાકાલ દરમિયાન એક માટીના ઢેફા પર અનિમેષ દૃષ્ટિ રાખીને આખી રાત્રિ વ્યતિત કરી હતી એ બીના પ્રસિદ્ધ છે.

અધ્યાત્મ અને ભાવના

અહીં એ વાતની સ્પષ્ટતા કરવી જોઇએ કે જૈન શાસ્ત્રો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર અને ધારણાના સ્થાને અધ્યાત્મ અને ભાવના એ બે શબ્દોનોજ વિશેષ પ્રયોગ કરે છે અને તેમાંથી ધ્યાનસિદ્ધિ ખૂબ સરળતાપૂર્વક થાય છે, એમ માને છે. તે માટે યોગબિન્દુમાં કહ્યું છે કે–

अध्यात्मं भावनाऽऽध्यानं समता वृत्तिसंक्षयः।
मोक्षेण योजनाद्योग एष श्रेष्ठो यथोत्तरम् ॥

અધ્યાત્મ, ભાવના, આધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય મોક્ષમાં જોડાનારા હોવાથી યોગ કહેવાય છે. યોગની આ પાંચે ભૂમિકાઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે, અર્થાત્ અધ્યાત્મથી ભાવના પ્રગટે છે, આધ્યાનથી સમતા પ્રકટે છે અને સમતાથી વૃત્તિઓનો સંક્ષય થતાં પરમાત્મ-દશા પ્રાપ્ત થાય છે કે જે દરેક યોગસાધકનું અંતિમ લક્ષ્ય છે.

'અહીં અધ્યાત્મ અને ભાવના શબ્દથી જૈન શાસ્ત્રોને શું અતિપ્રેત છે? એનો ઉત્તર એ છે કે 'અપ્રમત્ત–અપ્રમાદી બનીને સન્માર્ગમાં પ્રવૃત્તિ કરવી તેને જૈન શાસ્ત્રો અધ્યાત્મ કહે છે અને જે ચિંતન મનન વડે ભાવની શુદ્ધિ થાય છે, તેને ભાવના કહે છે. તેના મુખ્યત્વે બાર પ્રકારો માનવામાં આવ્યા છે. આ પુસ્તકના પ્રથમ ભાગમાં નવ તત્ત્વના વિવેચન પ્રસંગે સંવરતત્ત્વના વિવેચનમાં આ

બારે ભાવનાનો હેતુ સમજાવવામાં આવ્યો છે. પરંતુ અહીં એટલું સ્પષ્ટ કરવું આવશ્યક છે કે કાયોત્સર્ગમાં ઊભા રહીને સૂત્ર તથા અર્થનું જે ચિંતન કરવાનું છે કે ધર્મધ્યાનમાં જે સ્થિર થવાનું છે, તેનો સર્વસાર આ બાર ભાવનાઓમાં આવી જાય છે, તેથી કાયોત્સર્ગ કરીને પ્રાયઃ તેનો જ આશ્રય લેવામાં આવે છે. આ ભાવનાઓના બળથી ઘણા યોગસાધકો શુક્લધ્યાન પર આરૂઢ થયા છે અને પોતાના કર્મો ખપાવી સર્વજ્ઞતા તથા મોક્ષના અધિકારી બન્યા છે, એટલે જૈન યોગસાધનામાં તેની ભારે પ્રતિષ્ઠા છે.

અહીં એ નોંધ કરવી પણ ઉચિત ગણાશે કે જૈન શાસ્ત્રોએ આ બાર ભાવનાની જેમ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓનો પણ ભાવશુદ્ધિ નિમિત્તે સ્વીકાર કરેલો છે અને તેનું સમ્યક્ પ્રકારે સેવન કરવાનો આદેશ આપેલો છે. શ્રી હેમચંદ્રાચાર્યે તો સમભાવનું સંધાન કરવા માટે આ ચારે ભાવનાઓને રસાયણ તુલ્ય કહેલી છે.

તાત્પર્ય કે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર અને ધારણાથી જેમ ધ્યાન સિદ્ધિ સુધી પહોંચી શકાય છે, તેમ ઉચ્ચ પ્રકારના ચારિત્રરૂપ અધ્યાત્મથી અને ઉત્તમ વિચારોરૂપ ભાવનાથી પણ ધ્યાનસિદ્ધિ સુધી પહોંચી શકાય છે, એટલે કોઈએ અમુક સાધનથી જ સિદ્ધિ થાય એવો આગ્રહ કરવા જેવું નથી.

ધ્યાન :

ધ્યાનસિદ્ધિ અંગે વિવેચન કરતાં જૈન મહર્ષિઓ જણાવે છે કે મનની ત્રણ અવસ્થાઓ છે. કાંતો તે જુદા જુદા વિષયોમાં ભટકતું હોય છે, કાંતો તે એક વિષયનો ધારાબદ્ધ વિચાર કરતું હોય છે, કાંતો તે એક વિષય પર એકાગ્ર થયેલું હોય છે. આમાંથી પ્રથમ અવસ્થાને ચિંતા કહે છે, બીજી અવસ્થાને ભાવના કે અનુપ્રેક્ષા કહે છે અને ત્રીજી અવસ્થાને ધ્યાન કહે છે. એમાં વિશેષ સમજવાનું એટલું છે કે જ્યારે આવી રીતે કોઈપણ એક વિષય પર મનની એકાગ્રતા એક અંતર્મુહૂર્ત એટલે બે ઘડી કે અડતાલીસ મીનીટ

સુધી થાય ત્યારે ધ્યાનસિદ્ધિ થઇ ગણાય છે. પરંતુ આ વાત છદ્મસ્થો એટલે જેઓ જ્ઞાનાવરણીયાદિ કર્મના આવરણ નીચે હોવાથી હજી સુધી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકયા નથી, તેમને અનુલક્ષીને સમજવાની છે, બાકી કેવળજ્ઞાનીને તો વૃત્તિ વિકલ્પરહિત અનાસંગ દશા અને સર્વપ્રત્યક્ષ યોગનિરોધ એજ ધ્યાન હોય છે કે જેનું વર્ણન શુકલધ્યાનના ભેદો વર્ણવતાં કહી ગયા છીએ.

અહીં પ્રાસંગિક જૈનમહર્ષિઓના એ મતની પણ નોંધ કરી લઇએ કે જેઓના શરીરનો બાંધો અતિ ઉત્તમ કોટિનો હોય તેઓ જ આ પ્રકારની ધ્યાનસિદ્ધિ કરી શકે છે.

સમાધિ:–

ધ્યાનનું ફળ સમતા છે અને તેથી વૃત્તિનો સંક્ષય થાય છે, એટલે તેનાથી સમાધિનો લાભ થવા બાબતમાં કંઇ સંદેહ નથી.

યોગના પ્રકારો:

વૈદિક મતવાળાઓએ યોગના મંત્રયોગ, હઠયોગ, લયયોગ અને રાજયોગ એ ચાર પ્રકારો માન્યા છે. તેમાં જૈનોની યોગસાધના સાથે રાજયોગ સામ્ય ધરાવે છે, વળી વૈદિક મતવાળાઓએ પ્રકારાંતરે યોગના ભકિતયોગ, જ્ઞાનયોગ તથા કર્મયોગ એવા ત્રણ પ્રકારો પણ માન્યા છે, કારણ કે તેમાં ભકિત કે શ્રદ્ધાની પ્રધાનતા છે; સમ્યગ્ જ્ઞાન એ જ્ઞાનયોગ છે, કારણ કે તેમાં જ્ઞાનની પ્રધાનતા છે અને સમ્યક્ચારિત્ર એ કર્મયોગ છે, કારણ કે તેમાં ચારિત્ર કે કર્મ (ક્રિયા)ની પ્રધાનતા છે.

આ પ્રકરણ પૂરૂં કરતાં પહેલાં એ સ્પષ્ટતા કરવી યોગ્ય લેખાશે કે ગૃહસ્થો આ યોગની સાધના અમુક પ્રમાણમાં કરી શકે છે, પણ તે માટે સમ્યકત્વપૂર્વક શ્રાવકનાં બાર વ્રત ધારણ કરવાં આવશ્યક છે કે જેનો ઉલ્લેખ પ્રથમ ભાગના આઠમા પ્રકરણમાં કરવામાં આવ્યો છે. આ વ્રતોમાં એવી સામગ્રી રહેલી છે કે તે વ્રતધારીને ઉપર્યુક્ત યોગસાધનાની અભિમુખ કરે છે અને તેની અમુક અંશે તાલીમ આપે છે.

પ્રકરણ ત્રીજું
અહિંસા

જગતમાં પાપનો જે પ્રવાહ વહી રહ્યો છે, તેમાં હિંસા મુખ્ય છે. જૈન શાસ્ત્રોમાં તેને માટે પ્રાણાતિપાત શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, કારણ કે તેમાં કોઈને કોઈ પ્રાણનો અતિપાત એટલે નાશ જરૂર હોય છે. અહીં એ જાણવું જરૂરનું છે કે સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રવણેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયો. મનોબળ, વચનબળ અને કાયબળ એ ત્રણ બળો, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશને પ્રાણ કહેવામાં આવે છે, એટલે કોઈ પ્રાણીનાં અંગોપાંગ છેદવા કે તેમાં પીડા ઉપજાવવી, તેનું મનોબળ, વચનબળ કે કાયબળ હણાય તેવા કોઇ પણ પ્રયોગો કરવા, તેનો શ્વાસોચ્છ્વાસ રૂંધવો કે તેના આયુષ્યનો અંત લાવવો એ પ્રાણાતિપાત છે, હિંસા છે.

જૈન શાસ્ત્રકારોએ હિંસાને માટે પ્રાણીવધ, ઘાતના, પારણા વિરાધના, પરિતાપ આદિ શબ્દોનો પ્રયોગ પણ કરેલો છે, કારણ કે તેમાં વધ, ઘાત, મારવાની ક્રિયા, વિરાધવાની ક્રિયા કે દુઃખ ઉપજાવવાની ક્રિયા મુખ્ય હોય છે. વળી આ ક્રિયા મુખ્યત્વે અસંયમથી જ બને છે, એટલે તેને અસંયમ પણ કહ્યો છે. શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં તેનાં ૩૦ નામો આપેલાં છે.

જૈન મહર્ષિઓ કહે છે કે 'પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને બીજ સહિત તૃણ વૃક્ષ આદિ વનસ્પતિકાય, એ સર્વ જીવો અતિ

સૂક્ષ્મ છે. (ઉપરથી એક આકારવાળા દેખાવા છતાં સર્વનું પૃથક્ પૃથક્ અસ્તિત્વ છે ઉક્ત પાંચ સ્થાવરકાય ઉપરાંત અંડજ, જરાયુજ સ્વેદજ અને રસજ એવા પ્રાણીઓ પણ છે. એ છ ષડ્જીવનિકાય કહેવાય છે. સંસારમાં જેટલા પણ જીવો છે, તે સર્વનો સમાવેશ આ ષડ્નિકાયમાં થઇ જાય છે.

બુદ્ધિમાન પુરુષ ઉક્ત ષડ્નિકાયનું સર્વ પ્રકારે સમ્યક્ 'જ્ઞાન પ્રાપ્ત કરે અને સર્વ જીવો દુઃખથી ગભરાય છે, એમ જાણીને તેને દુઃખ દે નહિ,'

'જે મનુષ્ય પ્રાણીઓની સ્વયંહિંસા કરે છે, બીજાના પાસે હિંસા કરાવે છે અને હિંસા કરનારને ઉત્તેજન આપે છે, તે સંસારમાં પોતાને માટે વૈરની વૃદ્ધિ કરે છે.'

'કોઇ પણ પ્રાણીની હિંસા કરવી એ પોતાના આત્માની જ હિંસા છે અને કોઈ પણ પ્રાણી પર દયા કરવી એ પોતાના આત્માની જ દયા છે. તેથી આત્માર્થી પુરૂષોએ સર્વ પ્રકારની હિંસાનો ત્યાગ કરવો.'

'માત્ર જટાવધારવાથી, ભસ્મ ચોળવાથી કે અમુક જાતનાં વસ્ત્રો ધારણ કરવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, પરંતુ જેનું ચિત્ત સર્વ પ્રાણીઓ પ્રત્યે કરુણાથી આર્દ્ર થયેલું હોય છે, તેને જ આત્મજ્ઞાન થાય છે અને તેનોજ મોક્ષ થાય છે.'

કેટલાક મનુષ્યો એમ માને છે કે યજ્ઞ નિમિત્તો હિંસા કરવાથી સ્વર્ગે જવાય છે. તેમને એમ પૂછી શકાય કે જો યજ્ઞ સ્તંભ છેદીને, પશુઓને હણીને તથા લોહીનો કાદવ કરીને સ્વર્ગે જવાતું હોય તો નરકમાં કોણ જશે ?

અથવા એમં કહેવાતું હોય કે યજ્ઞમાં હણેલાં પ્રાણીઓ સ્વર્ગે જાય છે. તો યજ્ઞ કરનારાઓ પોતાના માતા, પિતા, પત્ની

પુત્રો અદિને યજ્ઞમાં કેમ હોમતા નથી કે તે નિશ્ચયથી સ્વર્ગમાં જાય?

તાત્પર્ય કે યજ્ઞ નિમિત્તે હિંસા કરવી એ અજ્ઞાનમૂલક છે અને તે પણ બીજી હિંસા જેટલી જ ભયંકર અને કડવાં ફળ આપનારી છે. આજ કારણે ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ હિંસક યજ્ઞોની નિષ્ફળતા પોકારી હતી અને ભાવ યજ્ઞ વડે આત્માને શુદ્ધ કરવાની હાકલ કરી હતી.

કેટલાક મનુષ્યો કાળી–મહાકાળી આદિ દેવીઓને પ્રસન્ન કરવા માટે કૂકડા, બકરા કે પાડાનું બલિદાન આપે છે, પણ તેઓ એ વસ્તુનો વિચાર કરતા નથી કે જે જગદંબા છે–જગતની માતા છે, તે પોતાના જ પ્યારા બાળકોના બલિદાનથી કેમ પ્રસન્ન થાય? અને જો તે એવી રીતેજ પ્રસન્ન થતી હોય તો તે જગદંબા કે જગતની માતા શાની? એટલે માતાને પ્રસન્ન કરવા માટે મૂંગા નિર્દોષ પ્રાણીઓનું બલિદાન આપવું, એ પણ અજ્ઞાન ચેષ્ટા જ છે અને તેનું ફળ દુર્ગતિ છે.

કેટલાક મનુષ્યો શિકારના શોખથી પ્રાણીઓની હિંસા કરે છે, તે પણ એટલુંજ અનુચિત છે. આપણા શોખની ખાતર એક નિર્દોષ પ્રાણીનો સંહાર કરવાનો આપણને શું અધિકાર છે? આપણને જીવવું ગમે છે અને તેમને જીવવું ગમતું નથી? તો પછી હળાહળ અન્યાયને આચરવાનો અર્થ શું? એક કવિએ ઠીકજ કહ્યું છે કે–

वसन्त्यरण्येषु चरन्ति दुर्वा, पिबन्ति तोयान्यपरिग्रहाणि।
तथापि वध्या हरिणा नराणां, को लोकमाराधयितुं समर्थः?॥

જેઓ અરણ્યમાં રહે છે, ઘાસ (પત્ર, ફળ, ફૂલ વગેરે વનસ્પતિ) ખાય છે અને બીજાએ નહિ ગ્રહણ કરેલું પાણી પીએ છે, તે હરણોનો (અને તેના જેવાજ બીજા નિર્દોષ પ્રાણીઓનો) મનુષ્ય શિકાર કરે છે. અહો! આવા અન્યાયી લોકોને કોણ સમજાવી શકે.

જૈન મહર્ષિઓ કહે છે કે જેવો આપણો જીવ તેવો બીજાનો જીવ. જેમ આપણને પ્રાણ વહાલા છે, જેમ આપણને સુખ ગમે છે અને દુઃખ ગમતું નથી, તેમ અન્ય જીવોને પણ સુખ ગમે છે અને દુઃખ ગમતું નથી.

આપણા પગમાં એક નાનો સરખો કાંકરો ખૂંચે કે બાવળ બોરડીનો કાંટો વાગે તો પણ કેટલું દુઃખ થાય છે? તો જેનાં અંગો તીક્ષ્ણ બાણોથી ભેદાતાં હશે કે ધારવાળા શસ્ત્રોથી છેદાતાં હશે, તેને કેટલું દુઃખ થતું હશે? આ જગતમાં સર્વ પ્રાણીઓને લાંબા જીવનની કામના હોય છે, પછી તે સ્વર્ગનો ઇંદ્ર હોય, છ ખંડનો સ્વામી હોય કે વિષ્ટામાં રહેલો કીડો હોય તેથી કોઇપણ પ્રાણીની હિંસા કરવી એ અધર્મ છે. અન્યાય છે.

અહીં એ સમજવું જરૂરનું છે કે હિંસા જેમ કાયાથી થાય છે, તેમ વાણી અને મનથી પણ થાય છે. કોઇને ખરાબ શબ્દો કહેવા અને તેના દિલને દુઃખ ઉત્પન્ન કરવું એ વાણીની હિંસા છે અને કોઇનું બૂરું કે અનિષ્ટ ચિંતવવું એ મનની હિંસા છે.

આ રીતે હિંસાનું સ્વરૂપ સમજી તેનો ત્યાગ કરવો, તેનાથી વિરામ પામવું, કે તેનાથી દૂર રહેવું એ અહિંસા છે. પ્રાણી માત્ર તરફ સમભાવ રાખવાથી જ તેનું પાલન શકય બને છે, દયા, કરુણા, ક્ષમા, શાંતિ, સહનશીલતા, ઉદારતા, સંયમ, સદ્‌ભાવના, મૈત્રી વગેરે એના પર્યાય શબ્દો છે.

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં કહ્યું છે કે –

एवं खु नाणिणो सारं, जं न हिंसइ किंचण।
अहिंसा समयं चेव, एयावन्तं वियाणिया॥

જ્ઞાનીઓના જ્ઞાનનો સાર એજ છે કે કોઇપણ પ્રાણીની હિંસા કરવી નહિ. અહિંસા એ જ સાચું વિજ્ઞાન છે. તેથી ચઢિયાતું બીજું કોઇ વિજ્ઞાન નથી.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે આજે જડવાદ કે ભૌતિકવાદને પણ વિજ્ઞાનનું ઉપનામ આપવામાં આવે છે, પણ તે તે સાચા અર્થમાં વિજ્ઞાન નથી. સાચું વિજ્ઞાન તો તેને જ કહેવાય કે જેમાં ફલ સ્વરૂપે સર્વત્ર શાંતિનો પ્રચાર થાય અને સહુ કોઇ સ્વતંત્રતાથી પોતાનું અભીષ્ટ સાધી શકે. પણ આ વિજ્ઞાનનાં પરિણામો તેથી ઉલ્ટાં જ આવ્યાં છે. તેના ફલ સ્વરૂપે સ્વાર્થ, પ્રપંચ અને નિર્દયતાનું પ્રમાણ અનેકગણું વધી ગયું છે અને તેથી સર્વસંહારક યુદ્ધની ભેરીઓ ગડગડતી જ રહી છે. આગળના જમાનામાં સરખે સરખા યુદ્ધ કરી લેતા અને ભારત જેવા નીતિ-પ્રધાન કે ધર્મ પરાયણ દેશમાં તો કોઇ સૂતો હોય, ગાફેલ હોય કે શસ્ત્ર રહિત હોય તો તેના પર ઘા કરવામાં હિણપત માનવામાં આવતી. પણ આધુનિક વિજ્ઞાનના પુરસ્કર્તાઓ તો અણુબોમ્બ કે હાઇડ્રોજન બોમ્બ ફેંકીને સૂતેલાઓને, ગાફેલને, શસ્ત્ર રહિતને, તેમજ બાળકોને, બુઢ્ઢાઓને, સ્ત્રીઓને, બિમારોને, અશકતોને, અરે! અરે! નિર્દોષ એવા પશુ પંખીઓને પણ એક સામટા રેંસી નાખતાં જરાયે નાનમ અનુભવતા નથી. આ સામે જગતના એક સહૃદય બુદ્ધિશાળી વર્ગે ભયંકર પોકાર પાડયો છે. અને યુદ્ધ સામગ્રીના વધારાથી કદાપિ પણ જગત્માં શાંતિ સ્થાપવાની નથી એવી જાહેરાત કરી છે, પણ હિંસક શસ્ત્રોનાં બળ પર મુસ્તાક બનેલી જડવાદીઓની જમાત એને જરાયે મચક આપતી નથી. પરિણામે આજે સારાયે વિશ્વમાં મૃત્યુનો ભય વ્યાપક બન્યો છે અને તેનાથી સહુના જીવનમાં એક પ્રકારની અસ્થિરતા આવી ગઈ છે. આવું અત્યંત અનિષ્ટ પરિણામ લાવનારને વિજ્ઞાન કેમ કહી શકાય?

બીજી બાજુ અહિંસાનું પાલન કરવાથી ગામ ગામ વચ્ચેના પ્રાંત પ્રાંત વચ્ચેના, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના કજિયા ટળે છે, પરસ્પરને સમજવાની સદ્ભાવના પેદા થાય છે અને કોઇનું કોઇ પ્રકારે અનિષ્ટ ન થાય તેની તકેદારી આવે છે. તેથી સર્વત્ર શાંતિનો

પ્રચાર થાય છે અને સહુ કોઈ સ્વતંત્રતાથી પોતાનું અભીષ્ટ સાધી શકે છે. આજ કારણે જૈન મહર્ષિઓએ અહિંસાને સાચું અને શ્રેષ્ઠ વિજ્ઞાન કહ્યું છે.

અહિંસાનો ઉપદેશ સામાન્ય રીતે સર્વ ધર્મોમાં અપાયો છે, પણ તે જૈન ધર્મના ઉપદેશ જેટલો વ્યાપક નથી, વિશદ પણ નથી અને સૂક્ષ્મ પણ નથી. તે માટે અહીં રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના નિમ્ન શબ્દોની નોંધ લેવી ઉચિત ગણાશે: '**जैन धर्मने संसार को अहिंसाकी शिक्षा दी है। किसी दुसरे धर्मने अहिंसा की मर्यादा वहां तक नहीं पहुंचाइ। जैन धर्म अपने अहिंसा सिद्धान्त के कारण विश्व धर्म होनेको पुर्णतया उपयुक्त है!**'

કેટલાક એમ માને છે કે જૈન ધર્મે અહિંસાનો વ્યાપક વિશદ–સૂક્ષ્મ ઉપદેશ આપ્યો છે, પણ તે જીવનમાં ઉતારી શકાય એવો નથી. તાત્પર્ય કે તે અવ્યવહારુ છે. અને આપણે એક જાતનો ભ્રમ જ કહી શકીએ. જે વસ્તુ આચરણમાં ઉતરી શકે તેવી ન હોય તેનો ઉપદેશ આપવાનો અર્થ શો ? અને સમર્થ જ્ઞાનીઓ તો એવી ભૂલ ન જ કરે. એટલે જૈન ધર્મે અહિંસાનો જે ઉપદેશ આપ્યો છે, તે જીવનમાં બરાબર ઉતારી શકાય તેવો છે. અને જૈન ધર્મના વ્રત–નિયમો તેની સાક્ષી પૂરે છે.

સાધુઓ સંયમની સાધનાર્થે પાંચ મહાવ્રતો ધારણ કરે છે. તેમાં પહેલું મહાવ્રત પ્રાણાતિપાત વિરમણ નામનું છે. એનો અર્થ એ છે કે સર્વ પ્રકારની જીવ હિંસામાંથી વિરમવું–અટકી જવું. આ મહાવ્રતનું પાલન કરવા માટે તેઓ સ્થૂળ કે સૂક્ષ્મ કોઇ પણ પ્રાણીની મન, વચન, કાયાથી હિંસા કરતા નથી, બીજાની પાસેથી કરાવતા નથી અને કોઇ તેવી હિંસા કરતું હોય તેને સારી માનતા પણ નથી. પૃથ્વીકાયમાં જીવ છે, એટલે તેને કોશ, કોદાળી કે પાવડાથી ખોદતા નથી. અપકાયમાં જીવ છે, એટલે

વાવ, કૂવા, તળાવ કે સરોવરમાં ઉતરતા નથી, તેમાં રહેલાં પાણીને ડહોળતા નથી કે તેનો સ્પર્શ સુદ્ધાં કરતા નથી. વળી ઘડા, મટકાં કે ગોળા વગેરેમાં રહેલા કાચા પાણીને પણ અડતા નથી કે તેનો ઉપયોગ કરતા નથી. અહીં એ સમજવું જરૂરનું છે કે જે પાણી અગ્નિ વગેરે શસ્ત્ર પ્રયોગોથી અચિત એટલે ચૈતન્ય રહિત ન થયું હોય તેને કાચું પાણી કહેવામાં આવે છે. અને જે પાણી ચૈતન્ય રહિત થયું હોય તેને પાકું પાણી કહેવામાં આવે છે. સાધુઓ પોતાનો જીવન નિર્વાહ કરવા માટે આવું પાકું પાણી ગૃહસ્થોના ઘરમાંથી વહોરી લાવે છે અને તેનો ઉપયોગ કરે છે. વિહારમાં આવા પાણીનો એકાદ ઘડો પોતાની પાસે રાખે છે, પણ એ પાણી ખૂટી જાય તો કાચા પાણીનો ઉપયોગ ન કરતાં તૃષાપરિષહને સમભાવે વેઠી લે છે અને એમ કરતાં કદાચ પ્રાણની આહૂતિ આપવી પડે તો જરાયે વિષાદ વિના આપી દે છે. આધુનિક જમાનામાં પણ આવા બનાવો બનેલા છે. અગ્નિકાયમાં જીવ હોવાથી ચૂલો સળગાવતા નથી. ચકમક વાપરતા નથી કે દીવાસળી વગેરેનો ઉપયોગ કરતા નથી. વાયુકાયમાં જીવ હોવાથી વીંઝણા કે પંખા વડે પવન ખાતા નથી. વનસ્પતિમાં જીવ હોવાથી કોઇપણ જાતની લીલોતરીને અડતા નથી કે તેનો ઉપયોગ કરતા નથી. અહીં લીલોતરી શબ્દથી વૃક્ષ, લત્તા, કલ્પ, કે વિપટના મૂળ, છાલ, શાખા. પત્ર, પુષ્પ, ફૂલ, બીજ, વગેરે ભાગો સમજવાના છે. વળી રાત્રિભોજન કરતા નથી. પશુઓને દુઃખ થાય તે માટે હાથી ઘોડા વગેરે પર સવારી કરતા નથી. તેમજ બળદ વગેરે પશુઓ કે મનુષ્યો દ્વારા ખેંચાતા વાહનોનો ઉપયોગ કરતા નથી. પણ જ્યાં જવું હોય ત્યાં ચાલીને જ જાય છે. વળી પક્ષીઓને પાંજરામાં પૂરતાં તેમની સ્વતંત્રતાનો લોપ થાય છે, અને તેમને દુઃખ ઉપજે છે, એટલે પક્ષીઓને પાળતા નથી.

આ ઉપરાંત અહિંસા ધર્મનું પાલન કરવા માટે તેઓ નીચું

જોઇને અવર જવરવાળા માર્ગમાં દિવસે જ ચાલે છે; પ્રિય, પથ્ય, અને તથ્ય બોલે છે, તથા બોલતી વખતે સૂક્ષ્મ ત્રસ જીવોની વિરાધના થાય નહિ, તેથી મુખ આડુ વસ્ત્ર રાખે છે; વસ્ત્ર, પાત્ર તથા ઉપધિની પ્રતિદિન બે વાર પ્રતિલેખના (સૂક્ષ્મ રીતે જોવાની ક્રિયા) કરે છે, અને જે વસ્તુ પરઠવવા જેવી હોય તે નિરવદ્ય એટલે જીવોની ઉત્પત્તિ ન હોય ન થાય તેવા સ્થળે પરઠવે છે. એકવાર એક માસના ઉપવાસી એવા ધર્મરુચી નામના એક અણગાર (સાધુ)ને ભિક્ષામાં કડવી તુંબડીનું શાક મળ્યું, તે કોઇ રીતે ખાઇ શકાય તેવું ન હતું, તેથી ગુરુએ તેને પરઠવી દેવાની આજ્ઞા કરી એટલે ધર્મરુચિ અણગાર તેને પરઠવવા માટે નગર બહાર ગયા. ત્યાં ઝોળીમાંથી પાત્ર બહાર કાઢતાં એ શાકનું એક ટીપું નીચું પડયું. તેની ગંધથી આકર્ષાઇ અનેક કીડીઓ ત્યાં એકઠી થઇ, પણ એ વિષમય હોવાથી બધાના પ્રાણ ચાલ્યા ગયા, આ જોઇ અહિંસા મૂર્તિ અણગારે વિચાર કર્યો કે જો આ શાકના એકજ બિંદુથી આટલા જીવોની હિંસા થઇ તો બધું પરઠવી દેતાં કેટલા જીવોની હિંસા થશે ? ગુરુ મહારાજની આજ્ઞા છે કે તેને નિરવદ્ય સ્થાને પરઠવી દેવું, તો એ શાક હું પોતેજ વાપરી લઉં, કારણ કે મારું ઉદર નિરવદ્ય છે. અને એ અણગાર બધું શાક આરોગી ગયા. એ શાક આરોગી જતાંજ પોતાના પ્રાણ નીકળી જશે એ તેઓ જાણતા હતા, એટલે તરત જ અરિહંત, સિદ્ધ સાધુ અને કેવલી ભગવંતોએ કહેલા ધર્મનું શરણ અંગીકાર કરી સમભાવમાં ઝીલવા લાગ્યા. આ રીતે તેઓ સમભાવ પૂર્વક કાળધર્મ પામ્યા એટલે સર્વાર્થસિદ્ધ નામના અતિ ઉત્તમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. કહેવાનું તાત્પર્ય એ છે કે જૈન સાધુઓ આ સિદ્ધાંતના પાલન માટે ગમે તેવડો મોટો ભોગ આપવાને તત્પર રહે છે. આધુનિક યુગમાં પણ આવાં દૃષ્ટાન્તો મળી આવે છે. મીઠું અધીક આવી જતાં સ્વાદ કે શરીરની પરવા કર્યા સિવાય પરઠવવામાં વધારે

દોષ સમજી એક આચાર્યશ્રીએ એ મીઠું વાપરી લીધું હતું અને તેથી સંગ્રહણીના ભોગ બનવું પડ્યું, તેની પરવા કરી ન હતી.

વિશેષમાં આ સાધુઓ પોતાની પાસે ઊનની મુલાયમ દશીઓથી બનેલું રજોહરણ નામનું એક ધાર્મિક ઉપકરણ નિરંતર પોતાની પાસે રાખે છે, અને તેનાથી જગાને પૂંજી–પ્રમાર્જીને પછીજ તેનો ઉપયોગ કરે છે, અંગપર કોઇ જીવજંતુ ચડી ગયું હોય તો તેને એ રજોહરણથી દૂર કરે છે અને ખાસ પ્રયોજન વિના કાયાનું હલન ચલન પણ કરતા નથી. એટલું જ નહિ પણ તેમને કોઇ ગાળ દે, લાકડી કે હથીયારથી મારે યા બીજી રીતે તેમના અંગોપાંગમાં પીડા ઉપજાવે તો પણ તેનો પ્રતિકાર કરવા ઇચ્છતા નથી, કારણ કે પ્રતિકાર કરવા જતાં સમતાનો ભંગ થાય છે. અને સમતાનો ભંગ થાય તો અહિંસા ટકતી નથી. શ્રી મહાવીર સ્વામીને સાધના કાલમાં દેવ, મનુષ્ય અને તિર્યંચ કૃત અનેક જાતના ઉપસર્ગો થયા, તે બધા તેમણે સમભાવે સહન કરી લીધા. પણ તેમાંના કોઇનો પ્રતિકાર કર્યો નહિ. એટલું જ નહિ પણ સંગમદેવ છ મહિના સુધી અનેકવિધ ઉપસર્ગો કર્યા પછી પોતાના સ્થાને પાછો ફરતો હતો ત્યારે "આ જીવનું શું થશે" એવી કરૂણતાથી તેમની આંખમાં અશ્રુ આવ્યાં હતાં. શંકાશીલ રાજવીએ ખંધક નામના એક મુનિની જીવતાં ચામડી ઉતારવાનો હુકમ કર્યો, અને રાજસેવકો તેનો અમલ કરવાને ઉપસ્થિત થયા પણ એ મહામુનિ જરાયે ક્ષોભ પામ્યા નહિ. રાજસેવકો તેમની ચામડી ઉતારે છે. છતાં તેઓ એક પણ કડવો શબ્દ બોલતા નથી કે મનમાં તેમનું બૂરૂં ઇચ્છતા નથી. મરણાંત ઉપસર્ગને તેઓ સમભાવે વેઠી લે છે અને પોતાના કર્મો ખપાવે છે. અહિંસા પાલનમાં આવાં ઉત્કૃષ્ટ દૃષ્ટાંતો અન્યત્ર જોવા મળે છે ખરાં?

અહિંસાને વરેલા આ સાધુઓ પોતાનો જીવન નિર્વાહ શી રીતે કરતા હશે? 'એનો ઉત્તર એ છે કે' જીવન નિર્વાહ માટે સ્થાન

વસ્ત્ર અને આહાર પાણીની જરૂર પડે તે બીજી કોઇ રીતે નહિ પણ નિર્દોષ ભિક્ષાથી જ મેળવી લે છે, એટલે તેમનો અહિંસાધર્મ બરાબર સચવાઇ રહે છે. ,

અહીં કોઇને પ્રશ્ન થાય કે 'આ રીતે સાધુઓ પોતાને જોઇતી બધી વસ્તુઓ ગૃહસ્થોના ઘરમાંથી ભિક્ષા દ્વારા મેળવે તો તેમને તંગી પડે નહિ ? તકલીફ થાય કે નહિ ? અને તંગી પડે કે તકલીફ થાય તો અહિંસાનો સિદ્ધાંત ટકે ખરો ? એનો ઉત્તર એ છે કે 'આ સાધુઓ કોઇના પર બળજબરી કરતા નથી કે તેમની વસ્તુઓ ઝુંટવીને લેતા નથી, પણ તેઓ સદ્‌ભાવ પૂર્વક જે કંઈ વહોરાવે તે જ ગ્રહણ કરે છે, અને તેમાં પણ તેને તંગી ન પડે તકલીફ ન થાય તેની ખાસ સાવધાની રાખે છે. દાખલા તરીકે પાંચ માણસનું કુટુંબ હોય અને તેઓએ પોતાને માટે ૩૫–૪૦ રોટલી કરી હોય તો તેમાંથી માત્ર ૧ કે ૨ જ ગ્રહણ કરે છે. પણ તેથી વિશેષ ગ્રહણ કરતા નથી. સાધુઓની ભિક્ષા કરવાની રીતિને માધુકરી કે ગોચરી કહેવામાં આવે છે, તેનું કારણ પણ સમજવા જેવું છે. મધુકર જેમ જુદાં જુદાં પુષ્પમાંથી રસ ચૂસે છે પણ પુષ્પને કંઇ કીલામણા એટલે પીડા કરતો નથી. તેમ સાધુપુરૂષો જુદાં જુદાં ગૃહોમાંથી ભિક્ષા મેળવે છે, પણ તેમને કંઇ ત્રાસ આપતા નથી. વળી ગાય જેમ થોડું ઘાસ અહીંથી ચરે છે, થોડું ઘાસ ત્યાંથી ચરે છે અને પોતાનો નિર્વાહ કરે છે. પણ એક જ સ્થળેથી બધું ખાઈ જતી નથી, સાધુઓ થોડું આ ઘરમાંથી મેળવે છે. થોડું બીજા ઘરમાંથી મેળવે છે અને એ રીતે પોતાનો નિર્વાહ કરે છે, પણ એક જ ઘરમાંથી જોઇતું બધું મેળવતા નથી.'

અહીં એક વિશેષ પ્રશ્ન થવાનો સંભવ છે કે ગૃહસ્થો જે વસ્તુ કે આહાર પાણી તૈયાર કરે છે, તેમાં અમુક હિંસા તો થાય જ છે, એટલે જે સાધુઓ ગૃહસ્થોને ત્યાંથી ભિક્ષા દ્વારા બધી વસ્તુઓ મેળવે છે, તેમને એ હિંસાનો ભાગ આવે કે નહિ ? એનો

ઉત્તર એ છે કે 'ગૃહસ્થો જે કંઈ વસ્તુ કે આહાર પાણી તૈયાર કરે છે, તે પોતાને નિમિત્તેજ કરે છે, એટલે તેમાં થતી હિંસાનો દોષ તેમને જ લાગે છે, પણ તેમાંથી અતિથિરૂપે થોડું ગ્રહણ કરનાર સાધુઓને લાગતો નથી. એ સ્થળે જો ગૃહસ્થે સાધુઓને ઉદ્દેશીને જ અમુક વસ્તુ કે આહાર પાણી તૈયાર કર્યાં હોય અને સાધુઓ તે જાણવા છતાં તેને ગ્રહણ કરે તો એ હિંસાના જરૂર ભાગીદાર થાય, પણ તેમને ઔદ્દેશિક ભિક્ષા ગ્રહણ કરવાની સ્પષ્ટ મનાઈ છે. એટલે તેઓ એવી ઔદ્દેશિક ભિક્ષા ગ્રહણ કરતા નથી.

ગૃહસ્થો શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કરે છે. તેમાં પણ પહેલું વ્રત સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ નામનું હોય છે. એટલે ગૃહસ્થોએ પણ ધર્માચરણ નિમિત્તે અહિંસાના સિદ્ધાંતને જીવનમાં બને તેટલો ઉતારવાનો છે.

આ વ્રતનું પાલન કરવા માટે તેઓ કોઈપણ નિરપરાધી ત્રસ જીવની સંકલ્પ પૂર્વક નિરપેક્ષ હિંસા કરતા નથી અને બાકીના જીવોની જયણા કરે છે, આ વાકયને યથાર્થ સમજવા માટે થોડું વિવેચન જરૂરી છે.

આ જગતમાં બે પ્રકારના જીવો છે, એક ત્રસ અને બીજા સ્થાવર. તેમાં વ્રતધારી ગૃહસ્થોને ત્રસ જીવોની હિંસાનો ત્યાગ હોય છે. અને સ્થાવર જીવોની જયણા હોય છે. જયણા એટલે જીવહિંસામાંથી બચવાનો શક્ય પ્રયત્ન,

ત્રસ જીવોની હિંસા બે પ્રકારે થાય છેઃ એક સંકલ્પથી એટલે હિંસા કરવાની બુદ્ધિથી થાય તે અને બીજી આરંભથી, એટલે જીવન નિર્વાહ માટે ન છૂટકે કરવી પડે તે. ખેતી, રસોઈ વગેરેમાં આ પ્રકારની હિંસા હોય છે. તેમાંથી વ્રતધારીઓને સંકલ્પ પૂર્વક હિંસા કરવાનો ત્યાગ હોય છે. અને આરંભની જયણા હોય છે.

સંકલ્પ હિંસા પણ બે પ્રકારની હોય છે: એક નિરપરાધીની અને બીજી સાપરાધીની. તેમાં વ્રતધારીઓને નિરપરાધીની હિંસાનો ત્યાગ હોય છે. અને સાપરાધીની જયણા હોય છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે કોઇ મનુષ્ય પોતાના પર હુમલો કરતો હોય કે પોતાના માતા, પિતા, પત્ની કે પુત્ર પરિવારને રંજાડતો હોય કે પોતાના દેવ ગુરૂનું ભયંકર અપમાન કરતો હોય કે પોતાના ગામ કે દેશનો નાશ કરવા તત્પર થયો હોય તો શકય પ્રયત્નથી તેનું નિવારણ કરે અને તેમાં સફળતા ન મળે તો તેનો હિંસક પ્રતિકાર પણ કરે. વ્રતધારી જૈન રાજાઓએ પણ યુદ્ધ કર્યાં છે, તે આ દ્રષ્ટિએ.

નિરપરાધીની હિંસા પણ બે પ્રકારે થાય છે: એક નિરપેક્ષ અને બીજી સાપેક્ષ. તેમાં વ્રતધારીઓને નિરપેક્ષ હિંસાનો ત્યાગ હોય છે. અને નિરપરાધી પ્રાણીને નિર્દય માર મારવો કે બીજી રીતે પીડા કરવી તે નિરપેક્ષ હિંસા છે, અને સાપેક્ષ હિંસાની જયણા હોય છે. ગાય, ભેંસ બકરાં ઘેટાં, બળદ, ઊંટ, ઘોડા, હાથી વગેરે જાનવરો નિરપરાધી હોવા છતાં આજીવિકા ખાતર તેમને પાળવા પડે છે. અને પ્રસંગે તેમને બાંધવા કે મારવા પણ પડે છે. વળી પુત્ર–પુત્રી વગેરે પરિવારને સુશિક્ષા માટે તાડન–તર્જન કરવું તેમાં નિરપરાધીની સાપેક્ષ હિંસા છે. તેથી વ્રતધારીઓને તેની જયણા હોય છે.

આ રીતે વ્રતધારી ગૃહસ્થો કોઇપણ નિરપરાધી ત્રસ જીવની સંકલ્પ પૂર્વક નિરપેક્ષ હિંસા કરતા નથી. અને બાકીના જીવોની જયણા કરે છે.

આ વ્રતને શુદ્ધ રાખવા માટે તેઓ નીચેના પાંચ નિયમોનું પાલન કરે છે.

(૧) કોઇપણ પ્રાણીને નિર્દય માર મારવો નહિ, કે લાકડી

પરોણામાં બાર બેસીને તેનો ઉપયોગ કરવો નહિ.

(૨) કોઇપણ પ્રાણીને ગાઢ બંધનથી બાંધવું નહિ.

(૩) કોઇપણ પ્રાણીના અંગોપાંગ છેદવા નહિ, એટલે કે તેમના કાન વગેરે કાપવા નહિ, તેમની ખસી કરવી નહિ, કે તેમને ડામ વગેરે દેવા નહિ.

(૪) કોઇપણ પ્રાણી પર ગજા ઉપરાંત બોજો લાદવો નહિ કે તેમની પાસેથી જે વાહન ખેંચાવવામાં આવતું હોય તેમાં વધારે પડતો ભાર ભરવો નહિ.

(૫) પ્રાણીઓને ભૂખ્યાં તરસ્યાં રાખવાં નહિ, એટલે તેમને ખવડાવવાનો કે પાણી પીવડાવવાનો સમય થયો હોય તો તેમાં કાર્યવસાત્ અંતરાય નાખવો નહિ.

જેમણે શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કર્યાં નથી, પણ જેઓ જૈન ધર્મમાં શ્રદ્ધાન્વિત છે અને તેના સંસ્કારોમાં ઉછર્યા છે, તેઓ અહિંસા ધર્મને આચારમાં મૂકવા માટે ઉપરના પાંચ નિયમો ઉપરાંત નીચેના નિયમોનું પણ પાલન કરે છે.

(૧) કોઇપણ પ્રકારનો માંસાહાર કરવો નહિ, કારણ કે નિર્દોષ પશુ–પ્રાણીઓની કતલ કર્યા વિના માંસની ઉત્પત્તિ થતી નથી. તેમજ પ્રાણીના મરણ પછી તરત જ માંસમાં સમ્મૂર્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે. અહીં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે માછલી તથા ઇંડાનો ઉપયોગ કરવો એ પણ એક પ્રકારનો માંસાહાર જ છે.

(૨) જે વનસ્પતિ અનંતકાય છે એટલે કે જેમાં એક શરીરમાં અનંત જીવો છે, તેનો ઉપયોગ કરવો નહિ. જૈન શાસ્ત્રોમાં ૩૨ અનંતકાય પ્રસિદ્ધ છે, તે નીચે મુજબ: (૧) સર્વ પ્રકારનાં કંદો, સૂરણ વગેરે, (૨) વજ્ર કંદ, (૩) લીલી હળદળ, (૪) લીલું આદું,

(૫) લીલો કચુરો, (૬) શતાવરી, (૭) બિરલિકા, (ભોં કહોળું), (૮) કુંવાર, (૯) થોર, (૧૦) ગળો, (૧૧) લસણ, (૧૨) વાંસ-કારેલા, (૧૩) ગાજર, (૧૪) લૂણી, (૧૫) પદ્મિની કંદ, (૧૬) ગરમર, (૧૮) કુંપલો, (સર્વ વનસ્પતિનાં ઉગતાં પાંદડાં) (૧૮) ખીરસૂરાકંદ, (૧૯) થેગ, (૨૦) લીલી મોથ, (૨૧) ભમરછાલ, (૨૨) બિલ્લુડો (કંદની એક જાત), (૨૩) અમૃત વેલ, (૨૪) મૂળો, (૨૫) બિલાડીના ટોપ (૨૬) અંકુરા, (૨૭) વથુલાની ભાજી, (વત્થુલા પ્રથમ વારનો અનંતકાય છે, પણ વાઢયા પછી ફરી ઉગેલ ન હોય તો નહીં) (૨૮) પલ્લંક શાક, (૨૯) શુકરવાળ (જંગલી વેલો.) (૩૦) કુણી આમલી, (કચૂકો ન બંધાયો હોય ત્યાં સુધી.) (૩૧) આલુ, (સતાલુ, પીંડાલુ વગેરે) (૩૨) કૂણાં ફળ.

(૩) બને તો દશ પર્વી, નહિ તો પાંચ પર્વી લીલોતરીનો ત્યાગ કરવો. અહીં દશપર્વીથી ૨ બીજ, ૨ પાંચમ, ૨ આઠમ, ૨ એકાદશી તથા ૨ ચતુર્દશી અને પાંચ પર્વીથી સુદિ પાંચમ, ૨ આઠમ અને ૨ ચતુર્દશી સમજવાની છે.

(૪) રાત્રિ ભોજન કરવું નહિ.

(૫) ચૂલો જોઇ–પૂંજીને પછી જ સળગાવવો.

(૬) જગા પૂજણીથી સાફ કરીને પછી જ ઉપયોગમાં લેવી.

(૭) છાણાં–અડાયાં કે લાકડાં વગેરે જોઇને જ વાપરવાં.

(૮) પાણી ગાળીને જ વાપરવું.

(૯) અનાજ બરાબર સાફ કરીને પછી જ ઉપયોગમાં લેવું.

(૧૦) ઘી, તેલ, તેમજ દૂધ, દહીં, વગેરેનાં વાસણો ઉઘાડાં રાખવા નહિ.

(૧૧) વાસી અન્ન વાપરવું નહિ, કારણ કે તેમાં લાળિયા નામના બેઇંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે.

(૧૨) એઠું મુંકવું નહિ. બને ત્યાં સુધી થાળીમાં જ જમવું

અને તે ધોઇને પી જવી. એંઠવાડમાં અન્ન જવાથી ખૂબ ગંદવાડ થાય છે. અને તેમાં જીવોની ઉત્પત્તિ થાય છે.

(૧૩) જેમાં ઘણી હિંસા થતી હોય તેવા ધંધા કરવા નહિ.

(૧૪) મનુષ્યો પ્રત્યે રહેમ નજર રાખવી અને તેમને ખોટી રીતે સતાવવા નહિ.

(૧૫) ભૂખ્યાને અન્ન દેવું, તરસ્યાને પાણી પાવું, આશ્રય-રહિતને આશ્રય આપવો, ઔષધાદિકની જરૂરવાળાને ઔષધાદિ આપવા.

(૧૬) આફતમાં આવી પડેલાને શક્ય મદદ કરવી.

(૧૭) અશક્ત તેમજ નિરાધાર પશુ–પક્ષીઓની રક્ષા કરવી. તે માટે પાંજરાપોળો બાંધવી તથા પરબડીઓ ઉભી કરવી.

(૧૮) ભૂખ્યાં તરસ્યાં પશુને અન્ન પાણી દેવાં.

(૧૯) રસ્તામાં કીડી મંકોડા ઉભરાતા હોય તો તેમને પૂંજ-ણીથી ડબ્બા વગેરેમાં લઇ લેવા અને એકાંતમાં મૂકી આવવા.

(૨૦) જૂ–લીખ મારવી નહિ.

(૨૧) ચાંચડ, મચ્છર, વાંદા, તીડ, અને ઊંદર મારવા નહિ.

(૨૨) સાપ–વીંછીને પણ મારવા નહિં.

(૨૩) પશુઓનો શિકાર કરવો નહિ કે જાળ નાખીને માછલાં પકડવાં નહિ.

(૨૪) જે જે કામમાં નિર્દયતા દેખાતી હોય તેનાથી સદંતર દૂર રહેવું.

પ્રકરણ ચોથું

—: દાન :—

જગદ્દબાંધવ જિનેશ્વર દેવો ભવ્ય જીવોને સંસાર સાગરમાંથી તારવાને માટે ધર્મની અપૂર્વ દેશના દે છે. તેમાં ધર્મના ચાર પ્રકારો વર્ણવે છે, ૧. દાન, ૨. શીલ, ૩. તપ અને ૪. ભાવ, તે પરથી દાનનું મહત્વ કેટલું હશે ? તે સમજી શકાય છે. વળી તેનું વર્ણન પહેલું કરવામાં આવે છે, તે પણ એટલું જ સૂચક છે. જો ધર્મના ચારે પ્રકારોમાં તેની મુખ્યતા ન હોય તો તેનું વર્ણન પહેલું શા માટે કરવામાં આવે ?

કેટલાક મનુષ્યો એમ માને છે કે અમે અનેક પ્રકારનાં સાહસો ખેડીને, અનેક પ્રકારનાં કષ્ટો વેઠીને તેમજ અનેક પ્રકારની મુશીબતોનો સામનો કરીને ધન–વૈભવ પેદા કરીએ છીએ, તો તેનો ઉપભોગ જાતે જ કેમ ન કરીએ ? તાત્પર્ય કે તેનું બીજાને દાન કરવું એ અમને વ્યાજબી લાગતું નથી. પણ તેમણે સમજવું જોઇએ કે દીધેલા અને ભોગવેલા વચ્ચે બહુ અંતર છે. જે વસ્તુ દેવામાં આવે છે તેનાથી શ્રેયઃની ઉત્પત્તિ થાય છે. અને જે વસ્તુ ભોગવવામાં આવે છે, તેનાથી કર્મબંધનની પ્રાપ્તિ થાય છે.

નયસાર ગામડાનો મુખી હતો અને જંગલમાં લાકડાં કપાય તેના પર દેખરેખ રાખતો હતો. પણ તેણે પોતાની પાસેના આહાર પાણીનું અપૂર્વ ઉલ્લાસથી મુનિઓને દાન દીધું તો સમ્યકત્વની સ્પર્શના થઇ અને ભવિષ્યમાં શ્રી મહાવીર નામના ચોવીશમા

તીર્થંકર થઇ મોક્ષ પામ્યા. જ્યારે મમ્મણ નામના શેઠ પાસે નિરંતર વ્યવસાયના ફળરૂપે ક્રોડોની મિલકત હતી. પણ તેણે કોઇને ઉલ્લાસથી દાન દીધું નહિ. ચમડી તૂટે પણ દમડી ન તૂટે એ એની નીતિ હતી. શાસ્ત્રકારોના શબ્દોમાં કહીએ તો તેને પોતાની મિલ્કત પર અત્યંત મૂર્છા હતી. પરિણામે મૃત્યુ બાદ ઘોર નરકમાં ઉત્પન્ન થયો અને કલ્પનાતીત દુઃખો ભોગવવા લાગ્યો.

આવાં દૃષ્ટાંતો પાંચ–પચ્ચીસ નહિ, સો–બસો નહિ, પણ હજારો અને લાખોની સંખ્યામાં પ્રાપ્ત થાય છે. તેથી જ જૈન મહર્ષિઓએ કહ્યું છે કે 'વ્યવસાયનું ફળ વૈભવ છે, વૈભવનું ફળ દાન છે, અને દાનનું ફળ મોક્ષ તથા સ્વર્ગની પ્રાપ્તિ છે, દાનના અભાવે વ્યવસાય અને વૈભવ દુર્ગતિનાં કારણ બને છે.

'દાન કોને કહેવાય ?' તે પણ બરાબર સમજી લેવું જોઇએ. માત્ર દેવું તે દાન નથી. એ રીતે તો માછીમારને અપાયેલી જાળ કસાઇને અપાયેલો છરો અને ગુંડાને અપાયેલી રીવોલ્વર પણ દાનમાં જ લેખાય. અથવા પારકાની વસ્તુ પડાવી લઇને બીજાને આપી દેવી એ પણ દાન નથી. એ રીતે તો ચોરી કરીને મેળવેલો કે લૂંટફાટથી તફડાવેલો માલ બીજાને વહેંચી દેવો તે પણ દાન કહેવાય. તે જ રીતે જે વસ્તુ પોતાની હોય પણ અનુગ્રહ બુદ્ધિ વિના બીજાને આપવામાં આવે તેને પણ દાન કહી શકાય નહિ. એ રીતે તો પોતાના ઘરનો કચરો–પૂંજો કે એઠવાડ બીજાને આપી દેવો તે પણ દાન કહેવાય, અને પોતાના ઘરમાં સાપ નીકળ્યો હોય તે બીજાના હાથમાં પકડાવી દેવો તેને પણ દાનજ કહેવું પડે, તાત્પર્ય કે વિવેકવાળી અનુગ્રહ બુદ્ધિથી પોતાની વસ્તુ બીજાને અર્પણ કરવી તેને જ સાચું દાન કહેવાય અને તેની જ અહીં પ્રશંસા છે.

જૈન મહર્ષિઓએ દાનના ચાર પ્રકારો માન્યા છે.

(૧) અભયદાન. (૨) જ્ઞાનદાન, (૩) ઉપષ્ટંભદાન, અને (૪) અનુકંપાદાન, તે ચારે દાનોનો અહીં ક્રમશઃ પરિચય કરાવીશું.

(૧) અભયદાન

આપણા તરફથી પ્રાણીને મરણનો ભય ન ઉપજાવવો, તેને અભયદાન કહેવાય. આજ વસ્તુને અન્યત્ર અહિંસા કે જીવદયા કહેવામાં આવી છે. તેની પ્રશંસા કરતાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે–

'આ જગતમાં મેરૂ પર્વત કરતાં મોટું શું છે? સાગર કરતાં ગંભીર શું છે? આકાશ કરતાં વિશાળ શું છે? અને અહિંસા કે અભયદાન સમાન ધર્મ કયો છે? અર્થાત્ બીજો કોઇ નથી.

'ક્રોડો કલ્યાણને જન્મ આપનાર, વિવિધ પ્રકારના દારુણ દુઃખોનો નાશ કરનાર અને સંસાર સમુદ્રને તારનાર એક જીવદયા એટલે અભયદાન જ છે.'

'વિપુલ રાજ્ય, રોગથી રહિતપણું, સુંદર રૂપ, દીર્ઘ આયુષ્ય, અને બીજું પણ કોઈ સુખ એવું નથી કે જે આ જીવદયા કે અભયદાનના પ્રતાપે પામી ન શકાય.'

'જીવોને અભયદાન દેવાથી અનંત પ્રાણીઓ દેવેન્દ્ર અને ચક્રવર્તીપણું ભોગવી શિવસુખ પામ્યા.

જૈન મહર્ષિઓના આ વિચારોનો પડઘો અન્યત્ર પણ ખૂબ જોરથી પડયો છે. તેમાં કહ્યું છે કે–

'મરણના ભયથી ત્રસ્ત થયેલા પ્રાણીઓને અભય આપવું તેનાથી વધારે શ્રેષ્ઠ ધર્મ આ જગતમાં બીજો કોઇ નથી.'

'બ્રાહ્મણને શણગારેલી હજાર ગાય દાનમાં દેવી તેના કરતાં એક પ્રાણીને અભયદક્ષિણા દેવી તે ઉત્તમ છે.'

'આ જગતમાં સુવર્ણ, ગાય અને જમીનનું દાન કરનારા

દાતાઓ ઘણા છે, પણ પ્રાણીઓને અભયદાન કરનારા દાતાર તો કોઈક જ છે.'

'મોટાં મોટાં દાનોનું ફળ કાલે કરીને ક્ષય પામે છે, પણ ભયભીત પ્રાણીઓને આપેલા અભયનું ફળ ક્ષય પામતું નથી.'

'સર્વ વેદોનું અધ્યયન કરો, સર્વ યજ્ઞોનું અનુષ્ઠાન કરો કે સર્વ તીર્થોનો અભિષેક કરો પણ તે કોઈનું ફળ પ્રાણીદયા એટલે અભયદાન જેટલું નથી.

અભયદાન અને અહિંસા એકજ છે, એ વાતનો ઉલ્લેખ ઉપર થઈ ગયો છે. અને ગત પ્રકરણમાં અહિંસાનો વિચાર વિસ્તારથી કરવામાં આવ્યો છે. એટલે અહીં તેનું વિશેષ વિવેચન આવશ્યક નથી.

(૨) જ્ઞાનદાન

જ્ઞાન શબ્દનો સામાન્ય અર્થ જાણવું થાય છે, પણ શાસ્ત્રકારો તેનો વિશેષ પ્રયોગ આત્માને જાણવાના અર્થમાં તત્ત્વને જાણવાના અર્થમાં કે મોક્ષમાર્ગને જાણવાના અર્થમાં કરે છે. જ્યાં જ્ઞાનને પાપ કાર્યોમાંથી નિવૃત્તિ કુશળ પક્ષમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રાપ્તિ કરાવનાર માન્યું છે. ત્યાં તેનો આજ અર્થમાં પ્રયોગ થયેલો છે. જો જ્ઞાનના વ્યવહારિક અને પારમાર્થિક એવા બે ભેદો કરીએ તો આ જ્ઞાનનો સમાવેશ પારમાર્થિકમાં થાય. પારમાર્થિક જ્ઞાન અન્યને આપવું તે જ્ઞાનદાન કહેવાય છે.

પારમાર્થિક જ્ઞાન કોણ આપી શકે ? એ પ્રશ્નનો ઉત્તર જૈન મહર્ષિઓએ નીચે પ્રમાણે આપ્યો છે.

संविग्गो गीयत्थो, मज्झत्थो देसकालभावण्णू ।
नाणस्स होइ दाया, जो सुद्धपरुवओ साहू ॥

જે સાધુ પુરુષ સંવિગ્ન એટલે સંસારના સ્વરૂપથી વૈરાગ્ય

પામેલો હોય, ગીતાર્થ એટલે સૂત્ર અને અર્થને બરાબર જાણનારો હોય, મધ્યસ્થ એટલે રાગ અને દ્વેષની મંદ પરિણતિવાળો હોય, અર્થાત્ કદાગ્રહી ન હોય, દેશકાલજ્ઞ એટલે જુદા જુદા દેશોના રીત રિવાજ અને જુદા જુદા સમયે કેમ વર્તવું તેનો જાણકાર હોય, શુદ્ધ પ્રરુપક એટલે શાસ્ત્રોમાં જણાવ્યા મુજબની શુદ્ધ ધર્મ-દેશના દેતા હોય તે જ્ઞાનનો–પારમાર્થિક જ્ઞાનનો દાતા થઈ શકે છે.

પારમાર્થિક જ્ઞાનની પ્રાપ્તિ તેને જ થાય છે કે જે સદ્‌ગુરૂ સમીપે જઈ તેમને ભકિતભાવથી વંદન કરે છે. અને વિનય તથા બહુમાન પૂર્વક તેમનો ઉપદેશ સાંભળે છે. તેમજ વિવિધ પ્રકારે સેવા કરીને તેમની પ્રસન્નતા મેળવે છે.

પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જૈન મહર્ષિઓએ પાંચ પગથિયાં બતાવ્યાં છે. તે આ પ્રમાણે: (૧) વાચના એટલે શાસ્ત્રી પાઠ અને તેના અર્થો ગ્રહણ કરવા. (૨) પૃચ્છના એટલે શાસ્ત્રી પાઠ અને તેના અર્થો પરથી ઉપસ્થિત થતા પ્રશ્નો કરી યોગ્ય સમાધાન મેળવવું. (૩) પરાવર્તના એટલે વાચના અને પૃચ્છના દ્વારા મેળવેલા જ્ઞાનની આવૃત્તિ કરવી. (૪) અનુપ્રેક્ષા એટલે તે સંબંધી ઊંડું ચિંતન કરવું (૫) ધર્મકથા એટલે યોગ્ય અધિકારી ઓને તેનો વિનિમય કરવો. જ્ઞાન દેતાં જ્ઞાન વધે છે. એ ન્યાયે ધર્મકથાને પણ જ્ઞાન પ્રાપ્તિનું પગથિયું માનવામાં આવ્યું છે.

જે જ્ઞાનથી હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, સંગ્રહવૃત્તિ, વગેરેને ઉત્તેજન મળે તેમ હોય તેનુ દાન કરવું ઇષ્ટ નથી. કારણ કે એવું દાન દેનાર અને લેનાર બંને પાપના ભાગી થાય છે. આ વિષયમાં શાસ્ત્રકારોએ મત્સ્યોત્પત્તિ પ્રબંધ કહ્યો છે, તેનું અહીં અવતરણ આપવું યોગ્ય લેખાશે.

રુદ્રદેવ નામના આચાર્ય શ્રુતના પારગામી હતા અને તેથી યોનિપ્રાભૃત નામનો ગ્રંથ સારી રીતે જાણતા હતા કે જેમાં ઔષધિ

પ્રયોગોથી અનેક પ્રાણીઓને બનાવવાનો વિધિ આપેલો હતો. એક વખત તેઓ એકાંતમાં પોતાના શિષ્યોને આ ગ્રંથમાથી મત્સ્યોત્પત્તિનો પ્રયોગ સમજાવતા હતા. તે એક માછીમારે ભીંતના આંતરે રહીને સાંભળી લીધો. પછી દુકાળ પડતાં સર્વ જળાશયો સૂકાઈ ગયાં, અને માછલાં પકડવાનું મુશ્કેલ બન્યું, ત્યારે તેને પેલો પ્રયોગ યાદ આવ્યો. તેના આધારે તેણે રોજ માછલાં બનાવવા માંડયાં, અને તેના વડે પોતાનો તથા કુટુંબીજનોનો નિર્વાહ કરવા માંડયો. એમ કરતાં તે આખો દુકાળ પાર કરી ગયો, એટલે એક વખત આચાર્ય પાસે આવીને ખૂબ નમ્રતાથી કહેવા લાગ્યો કે 'હે બાપજી! તમારો પાડ જેટલો માનું તેટલો ઓછો છે. જો આપે શિષ્યોને કહેલો મત્સ્ય પ્રયોગ મેં સાંભળ્યો ન હોત તો આ ભયંકર દુકાળમાં મારૂં શું થાત?'

આચાર્ય તો આ વચનો સાંભળી આભાજ બની ગયા અને એ વાતનો પશ્ચાતાપ કરવા લાગ્યા કે મેં આ શું કર્યું? આ માછીમાર હવે જીંદગીભર માછલાં બનાવ્યા કરશે અને તેના પાપનો હું ભાગી થઈશ. માટે એવો કોઈ ઉપાય કરૂં, કે જેથી એ માછલાં બનાવતો અટકી જાય. પછી તેમણે માછીમારને કહ્યું કે 'હે ભદ્ર! તેં જે પ્રયોગ જાણ્યો છે તે મામુલી છે. તેનાથી બહુ બહુ તો તારી આજીવિકા ચાલે પણ જન્મનું દળદર ફીટે નહિ. માટે એક બીજો પ્રયોગ કહું તે સાંભળ. તેનાથી તું મૂલ્યવાન રત્નો બનાવી શકીશ, અને તેને વેચવાથી મોટો શ્રીમંત બની જઈશ. પરંતુ આ પ્રયોગ ત્યારે જ સિદ્ધ થાય છે કે જ્યારે જીવન પર્યંત જીવવધ અને માંસ ભક્ષણનો ત્યાગ કરવામાં આવે.

માછીમારે તે વાત તરત જ કબુલ કરી, એટલે આચાર્યે તેને રત્નોત્પત્તિનો પ્રયોગ બતાવ્યો. તેનાથી પેલો માછીમાર માલેતુજાર બન્યો અને સુખી થયો. તાત્પર્ય કે હિંસાદિને ઉત્તેજન મળે તેવા જ્ઞાનનું દાન ઇષ્ટ નથી.

અહીં એ સ્પષ્ટતા કરવી ઉચિત ગણાશે કે જ્ઞાનનો સદુપયોગ થવો કે દુરુપયોગ થવો તે વ્યકિત પર આધાર રાખે છે, માટે જ્ઞાનનું દાન કરતાં પહેલાં વ્યકિતની પૂરેપૂરી તપાસ કરવી જોઇએ, અને તે આપેલા જ્ઞાનનો દુરુપયોગ નહિ કરે તેની ખાતરી કરી લેવી જોઇએ.

(૩) ઉપષ્ટંભદાન :

જે વસ્તુઓ જીવનને ટેકો આપે તેવી હોય તેને ઉપષ્ટંભ કહેવામાં આવે છે. આહાર, પાણી, વસ્ત્ર, ઔષધ, પીઠ, ફલક, વસતિ વગેરે તે પ્રકારની વસ્તુઓ છે. તેનું સુપાત્રને દાન કરવું તે ઉપષ્ટંભદાન કહેવાય છે. તે માટે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે.

आहारवसहि वत्थाइएहिं नाणीणुवग्गहं कुज्जा ।
जं भवगयाण नाणं, देहेण विणा न संभवइ ॥

સુજ્ઞ પુરૂષોએ આહાર, વસતિ, અને વસ્ત્રો વગેરે વડે જ્ઞાની પુરૂષોનો ઉપગ્રહ કરવો, કારણ કે સંસારમાં રહેલાં પ્રાણીઓનું જ્ઞાન દેહ વિના સંભવતું નથી.

देहो य पोग्गलमओ, आहाराईहिं विरहिओ न भवे।
तदभावे य न नाणं, नाणेण विणा कओ तित्थं ?॥

દેહ પુદ્‌ગલમય છે, તે આહારાદિ વિના ટકી શકતો નથી, અને તેના અભાવે જ્ઞાન પણ સંભવતું નથી. વળી જ્યાં જ્ઞાન ન હોય ત્યાં તીર્થ કેવું ? તાત્પર્ય કે ધર્મરૂપી તીર્થનો આધાર જ્ઞાની મુનિઓ છે, અને તેમને ટકવાનો આધાર આહારાદિ ઉપષ્ટંભનું દાન છે. તેથી તેઓ સુપાત્રને ઉપષ્ટંભદાન કહે છે. તેઓ ધર્મતીર્થને ટકાવવાનું મહાપુણ્ય ઉપાર્જન કરે છે.

"સુપાત્ર કોને કહેવાય ?" તેનો ઉત્તર આપતાં જૈન શાસ્ત્રોએ જણાવ્યું છે કે—

ज्ञानं क्रिया च द्वयमस्ति यत्र,
तत् कीर्तितं केवलिभिः सुपात्रम्।
श्रद्धा प्रकर्ष प्रसरेण दानं, ॥
तस्मै प्रदत्तं मोक्षदायि॥

જેમાં (જીવાજીવાદિ ત-ત્વોનું) જ્ઞાન પણ છે, અને (સંયમ તથા તપરૂપ) ક્રિયા પણ છે. તેને કેવલી ભગવંતોએ સુપાત્ર કહેલા છે. તેમને અત્યંત શ્રદ્ધાપૂર્વક દીધેલું દાન મોક્ષને આપનારું થાય છે.

પરંતુ આ જગતમાં સુપાત્રનો યોગ સહજ નથી. કારણ કે કોઇમાં ક્રિયા હોય છે પણ તત્ત્વદર્શીપણું એટલે જ્ઞાન હોતું નથી. અને કોઇમાં જ્ઞાન એટલે તત્ત્વદર્શીપણું હોય છે તો ક્રિયા હોતી નથી. એ ઉભયથી યુકત મુનિઓ તો બહુ જ થોડા હોય છે.

'સુપાત્રને દાન કેવી રીતે આપવું!' તેના ઉત્તરમાં જૈન મહર્ષિઓએ કહ્યું છે કે 'અનુકંપા કરવા યોગ્ય હોય તેમના પર અનુકંપા કરવી પણ સુપાત્રને વિષે તો ભકિત કરવી જ યોગ્ય છે. તેથી અન્ય બુદ્ધિ ધારણ કરતાં એટલે તેમને બીચારા-બાપડા માનીને દાન દેતાં તેમની આશાતના થાય છે, અને અતિચારનો પ્રસંગ આવી પડે છે.'

(૪) અનુકંપાદાન

જે દાનદયા, કરુણા કે અનુકંપા બુદ્ધિથી દેવાય તે અનુકંપાદાન કહેવાય. તેમાં પાત્રાપાત્રની વિચારણા કરવી આવશ્યક નથી.

ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, અભ્યાગતને ભિક્ષા, બિમારને ઔષધ, અશિક્ષિતને વિદ્યા, સ્થાન રહિતને આશ્રય અને અપંગ અશકત-નિરાધારને દરેક પ્રકારની સહાય કરવી એ અનુકંપાદાનના પ્રકારો છે.

એક પ્રાણીને દુઃખમાં રખડતું જોઇ આપણા હૃદયમાં અરેરાટી થવી જોઇએ અને તેને કોઇપણ રીતે સહાય કરવાની ભાવના પ્રગટવી જોઇએ, એ અનુકંપાદાનનું રહસ્ય છે.

કોઈપણ પ્રાણીને દુઃખી જોઈ એમ કહેવું કે એનાં કર્યાં એ ભોગવશે, એમાં આપણે શું ? ' એ તો એક પ્રકારની નિષ્ઠુરતા થઇ અને એવી નિષ્ઠુરતાને જૈન ધર્મમાં મુદ્દલ સ્થાન નથી. આપણા પર દુઃખ આવી પડે તો કર્મનો કાયદો વિચારી સમભાવમાં રહેવાનુ છે. પણ અન્ય પ્રાણીઓને દુઃખી જોઇ દયાવાન થવાનું છે. અને તેમને જેટલી સહાય થઇ શકતી હોય તે કરીને જ સંતોષ માનવાનો છે. અહીં ખાસ વિચારવાનું એ છે કે આપણે કોઈ મોટી મુશીબતમાં ફસાઇ ગયા હોઇએ કે ભારે દુઃખમાં આવી પડય હોઇએ અને બધા સગા સંબંધીઓ, મિત્રો, દોસ્તદારો તથા આવનારા જનારા સહુ એમ જ કહે કે એના કર્યાં એ ભોગવશે' અને કંઇ પણ સહાય કર્યા વિના કે આશ્વાસનનો એક શબ્દ બોલ્યા વિના ચાલ્યા જાય તો આપણને કેવું લાગે છે ? એજ સ્થિતિ બીજાની સમજવી.

શ્રીમાન્ હરિભદ્રસૂરિએ ધર્મબિંદુમાં ગૃહસ્થ ધર્મનું નિરૂપણ કરતાં જણાવ્યું છે કે **देवातिथिदीन प्रतिपत्तिरिति** । (१. ३९) ગૃહસ્થે દેવ, અતિથિ (સાધુ) અને દીનજનોની સેવા કરવી.

અન્નસત્રો સસ્તી ભોજનશાળાઓ, પાણીની પરબો, સદાવ્રતો મફત કે સસ્તાં દવાખાનાં, ગરીબોને રાહત આપનારી ઇસ્પિતાલો શાળાઓ, વિદ્યાદાન આપતી સંસ્થાઓ, છાત્રવૃત્તિઓ, ધર્મશાળાઓ અશક્તાશ્રયો, અકસ્માત્ કે આફતમાં સપડાઇ ગયેલાઓને તરત મદદ પહોંચાડનારા સેવાશ્રમો વગેરે આ અનુકંપાદાનનાં જ સુફળો છે. અને તેમાં જૈન સમાજ હમેશાં અગ્રણી રહ્યો છે.

વસ્તુપાળ–તેજપાળે ધર્મ કે જ્ઞાતિના ભેદ વિના સહુ કોઇને

મદદ કરી હતી. તથા વાવ, કૂવા અને તળાવો પણ બેસુમાર બંધાવ્યાં હતાં. સંવત તેરસો પંદર, સોળ અને સત્તરની સાલમાં ભારત વર્ષના અનેક ભાગમાં ભયંકર દુકાળ પડયો, અને માણસો ટપોટપ મરવા લાગ્યા, ત્યારે જૈન શ્રીમન્ત જગડુશાહે પોતાના ધાન્ય ભંડારો સર્વ લોકોને માટે ખુલ્લા મુકી દીધા હતા. તેજ રીતે મહમ્મદ બેગડાના સમયે ગુજરાતમાં ભારે દુકાળ પડયો ત્યારે હડાલા ગામના ખેમા શેઠ બાર માસ ચાલે તેટલું અનાજ ખરીદવાને એક કલમે પૈસા લાવ્યા હતા. અને શાહ નામ સાર્થક કર્યું હતું. આવા આવા તો અનેક દષ્ટાંતો ઇતિહાસના પાને નોંધાયેલા છે.

દાન કેવી રીતે દેવું ? તે પણ જાણવાની જરૂર છે. તે અંગે શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

अनादरो विलम्बश्च वैमुख्यं विप्रियं वचः ।
पश्चात्तापश्च पश्चामी, सद्दानं दूषयन्त्यलम् ॥

અનાદર, વિલમ્બ, વૈમુખ્ય, કડવા વચન અને પશ્ચાત્તાપ ગમે તેવા સારા દાનને પણ અત્યંત દૂષિત કરે છે.

આ શબ્દોનું તાત્પર્ય એ છે કે કોઈ સંયોગવશાત્ઃ આપણી પાસે કંઈ પણ સહાય લેવા આવ્યો તો પ્રથમ 'આવો' 'પધારો' 'બેસો' એવા શબ્દો બોલીને તેનો આદર કરવો પણ 'કયાંથી આવ્યા ?' 'અત્યારે કેમ આવ્યા ?' 'અમે શું બધો વખત નવરાજ બેઠા છીએ આમ એકાએક ટપકી પડો છો ?' વગેરે વચનો બોલીને તેનો અનાદર કરવો નહિ. વળી જે સહાય કરવી હોય તે તરત જ કરવી. પણ 'બે દિવસ પછી મળજો' અઠવાડીયે આવજો,' 'આજ તો મને સમય નથી તો ફરી આવજો' એમ કહીને તેને ધક્કા ખવડાવવા નહિ. જો સંયોગવશાત્ તેને વાયદો આપવો જ પડે તેમ હોય તો સાચો વાયદો આપવો. અથવા તેને ઓછામાં ઓછા ધક્કા

પડે તેની તકેદારી રાખવી. વળી સહાય કરતી વખતે તેના તરફ વિમુખતા એટલે બેદરકારી કે તિરસ્કાર દર્શાવવો નહિ. જેમ કે 'તમે તો ભારે લપી છો.' 'તમારૂ ખીંજણુ સાંભળ્યું, હવે વધારે માથાકુટ કરશો નહિ 'વગેરે. સહાય લેવા આવનારને કડવાં વચનો સંભળાવવાં નહિ. તેમજ દાન દીધા પછી 'મેં આ દાન શા માટે દીધું ?' હું ખોટી શરમમાં તણાઇ ગયો ! 'આ દાન ન દીધું હોત તો સારૂં ' એમ બોલીને પશ્ચાતાપ કરવો નહિ. આ પાંચે બાબતોથી દાનની મજા મારી જાય છે. અથવા તો દીધું તે ન દીધા જેવું જ થાય છે.

અહીં બીજી પણ ત્રણ વસ્તુઓ ધ્યાનમાં રાખવા જેવી છે. તેમાંથી પ્રથમ વસ્તુ એ કે દાન બને તેટલું ગુપ્ત રીતે આપવું. અનુભવીઓ તો ત્યાં સુધી કહે છે કે જમણા હાથે આપેલાની ડાબા હાથને ખબર પડવી ન જોઇએ. અને તેથી જ એવા દાખલાઓ જોવા મળે છે કે જેમાં લાડુની અંદર સોના મહોરો ઘાલીને વહેંચવામાં આવી હોય કે કોઇના ઘરમાં રાતોરાત વંડીએથી અનાજની ગુણીઓ કે કપડાના તાકા ફેંકવામાં આવ્યા હોય. કીર્તિદાન એટલે જાહેરાત કરીને દાન દેવાની રિતીને શાસ્ત્રકારોએ સહુથી કનિષ્ટ માની છે. કારણ કે તેથી કીર્તિની કામના પોષાય છે, મૂળ ઉદ્દેશ ગૌણ બની જાય છે અને એવું દાન સ્વીકારનારની પણ કંઇ લઘુતા થાય છે.

બીજી વસ્તુ એ કે દાન આપીને સાટું કરવું નહિ, જેમ કે અમે તમને અમુક રકમનું દાન આપીએ તેના બદલામાં અમારૂં નામ રાખવું પડશે, અમારા માણસોને પહેલી પસંદગી આપવી પડશે, વગેરે વગેરે. આ રીતે સાટું કરવાથી દાન એક વ્યાપારી સોદો બની જાય છે. અને તેથી બધી શોભા ચાલી જાય છે.

ત્રીજી વસ્તુ એ કે ન્યાયોપાર્જિત શુદ્ધ દ્રવ્ય વડે દાન આપ-

વાની ભાવના રાખવી. જો દ્રવ્ય અનીતિથી કમાયેલું હશે તો લેનારની બુદ્ધિ બગડશે અને તેથી સાચો અનુગ્રહ થશે નહિ. એરણની ચોરી કરવી અને સોયનું દાન દેવું એ વાસ્તવિક રીતે દાન નથી. ન્યાયથી ચાલવું, ન્યાયથી દ્રવ્ય મેળવવું, અને તેનો અનુગ્રહ બુદ્ધિથી અન્યને વિનીયોગ કરવો તે જ સાચું દાન છે.

દાનનાં પાંચ ભૂષણો નીચે મુજબ મનાયેલાં છેઃ—

आनन्दाश्रूणि रोमाञ्चो बहुमानं प्रियं वचः ।
किञ्चानुमोदना पात्रदानभूषणपञ्चकम् ॥

આનંદનાં આંસુ આવવા, રોમાંચ થવો, બહુમાન, પ્રિયવચન અને અનુમોદના એ સુપાત્રદાનનાં પાંચ ભૂષણો છે.

પ્રકરણ પાંચમું

શીલ

જૈન મહર્ષિઓએ દયા–દાનને જેટલું મહત્વ આપ્યું છે, તેટલું જ મહત્વ શીલને પણ આપ્યું છે. તેઓ કહે છે કે–

जे केइ कम्ममुक्का सिध्धा सिज्झिहिन्ति तहा।
सव्वेसिं तेसिं बलं विसालसिलस्स दुल्ललिअं ॥

જે કોઇ કર્મથી મુકત થઇને સિદ્ધ થયા, સિદ્ધ થાય છે, અને સિદ્ધ થશે તે સર્વનું બળ વિશાળ શીલનો વિલાસ જાણવો. તાત્પર્ય કે શીલનું સંપૂર્ણ સેવન કર્યા સિવાય કોઇને મુકિત મળી નથી, મળતી નથી અને મળવાની પણ નથી.

વિશેષમાં તેઓ જણાવે છે કે નિધાનને ખોદતાં ધનની પ્રાપ્તિ થાય છે, તેમ શીલને સેવતાં ધર્મની પ્રાપ્તિ થાય છે. જેમ મુશલાદિ શસ્ત્રો વડે ધાન્યનું ખંડન થાય છે તેમ શીલના સેવન વડે સર્વ પ્રકારના પાપો કે દુરાચારોનું ખંડન થાય છે. વળી સુવર્ણ અને રત્નજડિત અલંકારો વડે દેહની શોભા વધે છે, તેમ શીલના સેવન વડે ચારિત્રની શોભા વધે છે.'

'શીલવંત સહુને પ્રિય થાય છે. જ્યારે શીલ રહિત પોતાનો મિત્ર હોય, પિતા હોય, પિતામહ હોય અથવા પુત્ર હોય તો પણ પ્રિય થતો નથી. એટલે આ જગતમાં શીલ એજ મોટું વશીકરણ છે.'

શીલ શબ્દ જુદા જુદા અનેક અર્થોમાં વપરાય છે, પણ

અહીં તેને વ્રત નિયમોના અર્થમાં સમજવાનો છે. વધારે સ્પષ્ટ કહીએ તો જે વ્રતનિયમોથી પોતાનું વર્તન સુધરે, સદાચારની વૃદ્ધિ થાય કે સંયમમાં સ્થિર થવાની તાકાત આવે તેને શીલ સમજવું.

કેટલાક મનુષ્યો એમ માને છે કે 'આપણી જાતને વ્રત નિયમોના કડક બંધનથી બાંધવી નહિ. એ તો ચાલે તેમ ચાલવા દેવું. અન્યથા જીવન રસહીન થઈ જાય અને તે જીવવા જેવું રહે નહિ. પણ આ માન્યતા સરાસર ભ્રમપૂર્ણ છે. વ્રત–નિયમોનું બંધન એ વાસ્તવિક બંધન નથી. પણ બંધનમાંથી મુક્ત થવાનો અદ્‌ભૂત ઉપાય છે. એટલે તેનો સ્વીકાર સહર્ષ કરવો જોઇએ. એ કહેવાતું બંધન કડક હોય છે, તે વાત સાચી પણ ઉપાય જેટલો કડક હોય તેટલો વધારે લાભદાયી થાય છે. કડવું ઔષધ જ્વરનો તરત નાશ કરે છે, એ કોણે અનુભવ્યું નથી? એટલે સુજ્ઞ પુરૂષે પોતાની જાતને વ્રતનિયમોના બંધનથી બાંધતાં જરાયે અચકાવાની જરૂર નથી.

'ચાલે તેમ ચાલવા દેવું'' એ ડહાપણ ભરેલો વ્યવહાર નથી. એ તો એક પ્રકારના આંધળુકિયા છે. અને તેનું પરિણામ પતનમાં જ આવે છે. પુત્રને ગણિત ગમતું ન હોય, ઇતિહાસ આવડતો ન હોય, અને વ્યાકરણ વ્યાધિકરણ જેવું લાગતું હોય તો આપણે એમ કહીએ છીએ ખરા કે ચાલતું હોય તેમ ચાલવા દો? અને એમ કહીને ચાલવા દઇએ તો એ પુત્ર કોઇપણ પરીક્ષામાં ઉત્તીર્ણ થાય ખરો? અથવા મોટી આશાથી વ્યાપારની પેઢી ખોલી હોય અને ઉધાર પાસુ નમવા લાગે કે એક પછી એક મોટી રકમો ઘલાતી જાય ત્યાં આપણે એમ કહીએ છીએ ખરા કે ચાલતું હોય તેમ ચાલવા દો? અને ચાલવા દઇએ તો એ પેઢીનું પાટીયું કેટલાક દિવસ ટકે? અથવા જીર્ણજ્વર લાગુ પડયો હોય અને ખાંસીની પણ શરૂઆત થઇ ગઈ હોય તો આપણે એમ કહીએ

છીએ ખરા કે ચાલતું હોય તેમ ચાલવા દો? અને જો થોડા દિવસ વધારે એમ ચાલવા દઈએ તો શું પરિણામ આવે છે? તાત્પર્ય કે ચાલે તેમ ચાલવા દેવાની નીતિ કોઈપણ રીતે ડહાપણ ભરેલી નથી. તો પછી જે જીવન મહામોઘું ગણાય છે, અને જે ફરીને પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે, તેની બાબતમાં એ રીતે કેમ વર્તી શકાય? એ રીતે તો સરવાળે શૂન્ય સિવાય બીજું કંઈ દેખાવાનો સંભવ નથી, એટલે તેમાં વ્યવસ્થા જોઈએ, નિયમ જોઈએ ધ્યેય-લક્ષ્યની પ્રવૃત્તિ જોઈએ અને જે કંઈ વિઘ્નો કે અંતરાયો આવે તેને ઓળંગી જવાની હિંમત પણ જોઈએ. એ રીતે વર્તનારા જ પોતાના જીવનને સિદ્ધિ કે સફળતાથી સુવાસિત બનાવી શકે છે. અને ઊંચામાં ઊંચો આનંદ માણવાને ભાગ્યશાળી થાય છે.

હવે બે શબ્દો રસ માટે કહીશું. અહીં રસ શબ્દનો પ્રયોગ આનંદ માટે કરવામાં આવ્યો છે. પણ આનંદ બે પ્રકારના હોય છે. એક ક્ષણિક અને બીજો દીર્ઘકાલીન. તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રૂપ અને શબ્દના સેવન દ્વારા પ્રાપ્ત થતો આનંદ ક્ષણિક છે. અને સદ્‌વર્તન સદાચાર સંયમ કે શીલ દ્વારા પ્રાપ્ત થતો આનંદ દીર્ઘકાલીન છે, એટલે વ્રત નિયમો કે જેનું ફળ સંયમનું પોષણ છે. તેનાથી જીવન રસહીન થઈ જવાની ભીતી રાખવી એ ઉલટી ગંગા વહેવડાવવા જેવું છે; જૈન મહર્ષિઓ કહે છે કે જેમણે એક એક વિષયના સેવનની લાલસા રાખી તેના ભૂંડા હાલ થયા તો જેઓ પાંચે વિષયના સેવનની લાલસા રાખે છે, તેના કેવા હાલ થશે? અહીં. તેઓ હાથી, મત્સ્ય, ભ્રમર, પતંગ અને સર્પના ઉદાહરણો આપે છે. તે સમજવા યોગ્ય છે.

હાથી સ્પર્શસુખનો લાલચુ છે, એટલે થોડે દૂર હાથણીને ઊભેલી જોતાં જ તેની સામે દોડે છે. પણ માર્ગમાં શું વિઘ્ન છે? તેનો વિચાર કરતો નથી. પરિણામે હાથી પકડનારાઓએ રસ્તામાં ખાડો ખોદેલો હોય છે, અને તેના પર ઘાસ-પત્તાં બિછાવી

દીધેલાં હોય છે, તેમાં તે જઈ પડે છે. પછી તેને ભૂખનું દુઃખ સહેવું પડે છે. વાંસ વગેરેના ઘોદા ખાવા પડે છે, લોખંડની મજબુત સાંકળોથી બંધાવું પડે છે. અને બાકીનું તમામ જીવન ગુલામીમાં વ્યતીત કરવું પડે છે.

મત્સ્ય રસ સુખનો લાલચુ છે, એટલે આટાની ગોળી કે માંસનો ટૂકડો જોતાં જ તેને ઝડપી લેવાને આગળ વધે છે, પણ તેની પાછળ શું છે? તેનો વિચાર કરતો નથી. પરિણામે તેના ગળામાં ગલનો કાંટો ભોંકાય છે. અને તે પોતાના પ્રાણ ગુમાવે છે.

ભ્રમર ગંધનો લાલચુ છે, એટલે સુગંધી કમળમાં પડયો રહે છે, પણ સમય થતાં સંયોગનો કંઇ વિચાર કરતો નથી. સાયંકાળ થતાં કમળ બીડાઈ જાય છે. અને પોતે અંદર પૂરાઈ જાય છે. ત્યારે હમણાં બહાર નીકળું છું, હમણાં બહાર નીકળું છું. એવા વિચારો કરે છે, પણ તેનો અમલ કરી શકતો નથી. એવામાં સવાર પડે છે, અને પાણી પીવા આવેલા હાથીઓ કમળને ઉંચકીને મુખમાં મુકી દે છે. એટલે તેના રામ રમી જાય છે.

પતંગ રૂપનો લાલચુ હોય છે, એટલે દીવાનું રૂપ જોતાં જ ઘેલો બને છે, અને આગળ પાછળનો કંઇપણ વિચાર કર્યા વિના સીધો તેમાં ઝંપલાવે છે. પરિણામે તે ક્ષણમાત્રમાં બળીને ખાખ થઇ જાય છે,

સર્પ શબ્દનો લાલચુ હોય છે. એટલે મોરલીનો નાદ સાંભળે ત્યાં ડોલવા માંડે છે. અને બીજું બધું ભૂલી જાય છે. પરિણામે તેને મદારીના કરંડિયામાં પૂરાવું પડે છે. અને વિવિધ પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે.

આપણા રોજના અનુભવમાં પણ શું જોઇએ છીએ? કામીઓના હાલ કરૂણ થાય છે. ભોગીઓ અનેક રોગના ભોગ થઈ પડે છે, અને છેલબટાઉની માફક જીવન ગુજારનારાઓને આખરે

મુફલિસ થઇ મૃત્યુનો ભેટો કરવો પડે છે. બીજી બાજુ જે લોકો સંયમથી રહે છે, સદાચાર પાળે છે, અને સદ્વર્તનનો આગ્રહ રાખે છે, તેમનું જીવન આરોગ્ય, શ્રી, ધૃતિ અને મતિથી યુક્ત હોય છે, એટલે તેઓ આનંદનો દીર્ઘકાલ સુધી ઉપભોગ કરી શકે છે, અને એ રીતે જીવનનો રસ માણી શકે છે. જેઓ સંપૂર્ણ સંયમી છે, તેઓ આ જગતમાં વધારેમાં વધારે સુખી છે. અને તે સુખની અન્ય કોઈ સુખ સાથે સરખામણી થઇ શકતી નથી.

જેમ ટીપે ટીપે સરોવર ભરાય છે, અને કાંકરે કાંકરે પાળ બંધાય છે, તેમ નાના નાના વ્રત નિયમોથી શીલનો સંગ્રહ થાય છે, અને તેના વડે ચારિત્ર દીપી નીકળે છે. આ વિષયમાં વંકચૂલનો વ્યતિકર વિશેષ પ્રતીતિ ઉપજાવે તેવો છે, તે આ પ્રમાણેઃ—

મૂળ તો પુષ્પચુલ નામનો રાજકુમાર પણ નાની ઉંમરથી જુગારના છંદે ચડયો, અને વાંકી ચાલે ચાલીને લોકોને છેતરવા લાગ્યો, એટલે તેનું નામ વંકચૂલ પડયું. તેના વર્તનથી કંટાળેલા પિતાએ જાકારો દીધો, એટલે તે પોતાની સ્ત્રી તથા બહેનને સાથે લઇને ચાલી નીકળ્યો, પણ કોઇએ આશ્રય આપ્યો નહિ, આખરે તે એક ચોર પલ્લીમાં ગયો, અને સાહસ, વફાદારી, વગેરે ગુણોથી આગળ વધતાં કાળક્રમે પલ્લીપતિ થયો.

એકવાર જ્ઞાનતુંગ નામના આચાર્ય ફરતા ફરતા તેની પલ્લીમાં આવી પહોંચ્યા, અને વર્ષાઋતુ હોવાથી આશ્રય માગ્યો, ત્યારે વંકચુલે કહ્યું કે તમારે અહીં ચાતુર્માસ ગાળવું હોય તો સુખેથી ગાળો, પણ તમારે મારી હદમાં રહીને કોઇને ઉપદેશ આપવો નહિ, સર્વ સંયોગોનો વિચાર કરી આચાર્યે તે શરત કબૂલ કરી.

પછી ચાતુર્માસ પૂરું થતાં આચાર્યે વિહાર કર્યો, ત્યારે વંકચુલ તેમને વળાવવા ગયો, અને પોતાની હદ વટાવી. તે વખતે

આચાર્યે તેને કહ્યું કે હે મહાનુભાવ! તારી શરતને આધીન રહીને અમે હજી સુધી ઉપદેશ આપ્યો નથી. પણ હવે એ શરત પૂરી થાય છે. એટલે તને જણાવીએ છીએ કે તું કંઇપણ નિયમ લે.

વંકચુલે તેનો સ્વીકાર કરતાં આચાર્યે તેને ચાર નિયમો આપ્યાઃ (૧) અજાણ્યું ફળ ખાવું નહિ. (૨) શસ્ત્રનો પ્રહાર કરતાં પહેલાં સાત ડગલાં પાછળ હટવું. (૩) રાજરાણીનો સંગ કરવો નહિ, અને (૪) કાગડાનું માંસ વાપરવું નહિ.

આ નિયમો દેખીતા સહેલા હતા, છતાં તેના પાલનમાં વંકચુલની બરાબર કસોટી થઇ. એકવાર ચોરી કરીને પોતાના સાથીઓ સાથે પાછો ફરતો હતો, ત્યારે જંગલમાં ભૂલો પડયો, અને ત્રણ દિવસના કડાકા થયા. ચોથા દિવસે તેના સાથીઓ કેટલાંક સુંદર ફળો લઈ આવ્યા. પણ તે અજાણ્યા હોવાથી વંકચુલે તેનું ભક્ષણ કર્યું નહિ. એ ફળો સાથીઓએ ખાધાં એટણે થોડી જ વારમાં તેમનું મરણ નીપજ્યું, કારણ કે તે કિંપાક વૃક્ષનાં ફળો હતાં. આ પ્રસંગે વંકચુલે વિચાર કર્યો કે જો મારે અજાણ્યાં ફળોને ખાવાનો નિયમ ન હોત તો હું પણ મૃત્યુ પામત. માટે નિયમ લીધો તે સારૂં કર્યું.

એકવાર તે બહાર ગામ ગયો હતો. ત્યારે તેના વૈરી રાજાના ગામમાંથી કેટલાક નાટકિયા તેના ગામમાં આવ્યા, અને નાટક કરવા લાગ્યા. તે વખતે તેની ગેરહાજરી ન જણાય તે માટે તેની બહેને તેનો પોષાક પહેર્યો, અને નાટક જોતાં મોડીરાત થઇ એટલે તે એમને એમ પોતાની ભાભી સાથે સૂઈ રહી. હવે તે જ દિવસે વંકચુલ બહારગામથી આવ્યો, અને પોતાના વાસભુવનમાં દાખલ થયો. ત્યારે પોતાની પત્નીને એક પુરૂષ સાથે સૂતેલી જોઇને ક્રોધથી ધમધમી ઉઠયો અને તેને મારવા માટે મ્યાનમાંથી તલવાર ખેંચી. પણ તે જ વખતે તેને નિયમ યાદ આવ્યો, એટલે તે સાત ડગલાં

પાછો હટયો, અને તેમ કરતાં તેની તલવાર ભીંત સાથે અફળાઈને નીચે પડી. એ અવાજથી બહેન જાગી ઉઠી. અને 'ખમ્મા મારા વીરને' એમ બોલીને ઉભી રહી. પછી તેણે બધી વાત કરતાં સાચી હકીકત સમજવામાં આવી, ત્યારે વંકચૂલને લાગ્યું કે આ વખતે પણ નિયમે મને બચાવી લીધો. નહિ તો મારા હાથે સગી બહેનનું ખૂન થાત. અને મારા પશ્ચાત્તાપનો પાર રહેત નહિ.

એક વાર વંકચૂલ ચોરી કરવા નિમિત્તે રાજાના મહેલમાં દાખલ થયો, ત્યાં તેનો હાથ રાણીના શરીરને અડી ગયો, એટલે તે જાગી ઉઠી એકાંત જોઈને ભોગની પ્રાર્થના કરવા લાગી, પણ વંકચૂલ પોતાના નિયમમાં મકકમ હતો, એટલે તેણે કહ્યું કે 'તું તો મારી માતા સમાન છે.' રાણીને આ જવાબ ગમ્યો નહિ, એટલે તેણે પોકાર કર્યો, કે પકડો ! પકડો ! આ ચોરને, તેણે મારી છેડતી કરી છે.' અને રાજસેવકોએ આવીને તેને પકડી લીધો. બીજા દિવસે તેને રાજા સમક્ષ રજૂ કરવામાં આવ્યો, ત્યારે વંકચૂલને લાગ્યું આજે તો મને શૂળીની શિક્ષા જરૂર થશે, કારણ કે ચોરી નિમિતે રાજમહેલમાં દાખલ થવું એ ભયંકર ગુનો છે, અને તેમાં પણ રાજરાણીની છેડતીનો આરોપ છે, એટલે બચવાનો કોઈ રસ્તો નથી.' પણ વંકચૂલે જ્યારે રાજમહેલની ભીંત ફાડીને તેમાં પ્રવેશ કર્યો હતો, ત્યારે તેના ખખડાટથી રાજા જાગી ઉઠયો હતો, અને તેણે ભીંતના આંતરે રહીને સર્વ દૃશ્ય નજરે જોયું હતું. એટલે તેને નિર્દોષ ઠરાવીને છોડી મૂકયો, એટલું જ નહિ પણ રાત્રિનો સમય, પૂરી એકાંત અને સામે રૂપ લાવણ્યથી ભરપૂર રાજરાણી છતાં તેણે મન ચલાવ્યું નહિ, એટલે તેની કદર કરી તેને પોતાનો એક સામંત બનાવ્યો.

તે દિવસથી વંકચૂલે ચોરીનો ધંધો છોડી દીધો. અને નગરમાં વસવાનું શરૂ કર્યું. ત્યાં એકવાર તેને પેટપીડા ઉપડી

અને બીજા રોગો પણ લાગુ પડયા. તે કોઇ વૈદ હકીમ મટાડી શકયા નહિ, આખરે રાજાએ ઢંઢેરો પીટાવ્યો. કે જે કોઇ વંકચૂલને સારો કરશે તેને મોં માગ્યું ઇનામ આપીશ.' ત્યારે એક વૈદ્યે રોગની પૂરી પરીક્ષા કરીને જણાવ્યું કે જો તેને કાગડાનું માંસ ખવડાવવામાં આવે તો જ સારો થઇ શકશે. પરંતુ વંકચૂલે જણાવ્યું કે– મારો નિયમ તોડીને હું કાગડાના માંસનું ભક્ષણ કરવા ઇચ્છતો નથી, એના કરતાં મૃત્યુને વધારે પસંદ કરૂં છું.'

રાજાએ આ દઢતાની ખૂબ પ્રશંસા કરીને જિનદાસ નામના એક શ્રાવકને તેની સારવારમાં રોકયો. તેના સહવાસથી વંકચૂલે ધર્મનું શરણ સ્વીકાર્યું. તેથી તે મૃત્યુ બાદ બારમા દેવલોકે ઉત્પન્ન થયો. તાત્પર્ય કે નાના વ્રત નિયમો ધારણ કરવાથી શીલનો સંગ્રહ થાય છે, અને તેનાથી ચારિત્ર દીપી ઉઠે છે.

સાધુઓને **अट्ठारस–सहस्स–सीलंग धारा** કહેવામાં આવે છે. કારણ કે તેઓ શીલનાં ૧૮૦૦૦ અંગોનું પાલન કરે છે. તે આ પ્રમાણે :–

સાધુએ ક્ષમા, મૃદુતા, ૠજુતા, મુકિત, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનત્વ, અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો શ્રમણધર્મ કે યતિધર્મ પાળવાનો છે. તે શીલનાં ૧૦ અંગ થયાં.

આ દશ પ્રકારના શીલથી યુકત થયેલા સાધુએ પૃથ્વીકાય સમારંભ, અપકાય સમારંભ, તેજસ્કાય સમારંભ, વાયુકાય સમારંભ, વનસ્પતિકાય સમારંભ, દ્વીન્દ્રિય સમારંભ, ત્રીન્દ્રિય સમારંભ, ચતુરિન્દ્રિય સમારંભ, અને પંચેન્દ્રિય સમારંભએ દશ સમારંભોનો ત્યાગ કરવાનો છે, તેથી દરેક ગુણ દશ દશ પ્રકારનો થતાં શીલનાં ૧૦૦ અંગો થયાં.

આ યતિધર્મ યુકત સમારંભ ત્યાગ પાંચ ઇન્દ્રિયોના જયપૂર્વક કરવાનો છે. તેથી શીલનાં ૧૦૦×૫=૫૦૦ અંગો થયાં.

તે યતિધર્મ યુક્ત સમારંભ ત્યાગ વડે કરવામાં આવતો ઇન્દ્રિયજય આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, અને પરિગ્રહસંજ્ઞા એ ચાર સંજ્ઞાથી × રહિત હોવો જોઇએ, તથા તે મન વચન અને કાયા એ ત્રણ કરણથી અને ન કરવારૂપ, ન કરાવવા રૂપ તથા ન અનુમોદવા રૂપ ત્રણ યોગથી હોવો જોઇએ એટલે શીલના ૫૦૦ × ૪ સંજ્ઞા × ૩ કરણ × ૩ યોગ=૧૮૦૦૦ અંગો થયાં.

શીલમાં બ્રહ્મચર્યનો મહિમા અધિક છે. તે માટે જૈનાગમોમાં કહ્યું છે કે:-

"બ્રહ્મચર્ય એ ધર્મરૂપી પદ્મસરોવરની પાળ છે. ગુણરૂપી મહારથની ધોસરી છે, વ્રત નિયમોરૂપી વૃક્ષનું થડ છે, અને શીલરૂપી મહાનગરના દરવાજાની ભાગોળ છે.

"જેણે બ્રહ્મચર્યની આરાધના કરી તેણે સર્વ વ્રતો, શીલ, તપ, વિનય, સંયમ, સમિતિ, ગુપ્તિ, અરે! મુક્તિની પણ આરાધના કરી સમજવી.

"બ્રહ્મચર્ય ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે. અને જિનોપદિષ્ટ છે. એના પાલનથી પૂર્વકાલમાં અનંત જીવો સિદ્ધ થઇ ગયા, વર્તમાનમાં થાય છે. અને ભવિષ્યમાં થશે.

× અશાતા વેદનીય અને મોહનીય કર્મના ઉદયથી થતી વિશિષ્ટ ચેતનાઓને સંજ્ઞા કહેવામાં આવે છે. શ્રી સમવાયાંગસૂત્રમાં તેના ચાર પ્રકારો જણાવ્યા છેઃ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ અન્યત્ર તેના દશ, પંદર અને સોળ વિભાગો પણ જણાવેલા છે. તે આ પ્રમાણે:.

દશ સંજ્ઞાઓ–આહાર. ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક, અને ઓઘ.

પંદર સંજ્ઞાઓ–આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ, સુખ, દુઃખ, મોહ, વિચિકિત્સા, શોક અને ધર્મ.

સોળ સંજ્ઞાઓ–ઉપરની પંદર સંજ્ઞા તથા લોક સંજ્ઞા

"જે મનુષ્ય દુષ્કર બ્રહ્મચર્ય ધર્મનું પાલન કરે છે, તેને દેવ, દાનવ, ગાન્ધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર વગેરે નમસ્કાર કરે છે.

બ્રહ્મચર્યની રક્ષા માટે જૈન મહર્ષિઓએ નવ પ્રકારના નિયમો દર્શાવેલ છે, જેને બ્રહ્મચર્યગુપ્તિ કે બ્રહ્મચર્યની નવ વાડો કહેવામાં આવે છે. તેનું પણ અહીં કિંચિત્ દિગ્દર્શન કરાવીશું.

(૧) **विविक्त वसति सेवा**–સ્ત્રી, પશુ અને નપુંસકના વાસથી રહિત એવા એકાંત વિશુદ્ધ સ્થાનમાં વાસ કરવો. સ્ત્રીઓ વગેરે બ્રહ્મચારીને ભયનું કારણ છે.

(૨) **स्त्री कथा परिहार**–સ્ત્રીઓ સંબંધી વાતો કરવી નહિ, કારણ કે તેવી વાતો કરવાથી શાંત થયેલી કામવાસના સળવળી ઉઠે છે.

(૩) **निषद्याऽनुपवेशनम्**–સ્ત્રીઓને બેસવાની વસ્તુ પર બેસવું નહિ. જે પાટ, પાટલા, શયન, આસન, વગેરે પર સ્ત્રી બેઠી હોય તે બે ઘડી સુધી વાપરવા નહિ.

(૪) **इन्द्रियाप्रयोगः** રાગને વશ થઇ સ્ત્રીઓનાં અંગોપાંગ જોવાં નહિ.

૫ **कुडयान्तर–दामपत्य–वर्जनम्**–ભીંતના આંતરે સ્ત્રી પુરુષનું યુગલ રહેતું હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો.

૬ **पूर्वक्रिडितास्मृतिः**–સ્ત્રી સાથે પૂર્વે કરેલું ક્રીડાનું સ્મરણ કરવું નહિ.

૭ **प्रणीताभोजनम्**–માદક આહારનો ત્યાગ કરવો.

૮ **अतिमात्राऽभोगः**–લૂખો સૂકો આહાર પણ પ્રમાણથી અધિક વાપરવો નહિ.

૯ **विभूषापरिवर्जनम्**–શૃંગાર લક્ષણવાળી શરીરની શોભાનો ત્યાગ કરવો. અર્થાત્ સ્નાન, વિલેપન. વાસના (શરીરને સુંગધિત બનાવવું તે) ઉત્તમ વસ્ત્રો, તેલ, તંબોલ આદિનો ઉપયોગ કરવો નહિ.

સમ્યકત્વ પૂર્વક બાર વ્રતોનું પાલન એ ગૃહસ્થોનું શીલ છે. તે ઉપરાંત પણ તેણે કેટલાક નિયમો પાળવાના છે. જેમ કે—

[૧] **आयतन निषेवणम्**—જ્યાં શીલ અને ધર્મનું રક્ષણ-પોષણ થાય, ધર્મ ક્રિયાઓ અને ધર્મ ગોષ્ટી મળે તેને આયતન કહેવાય છે. તેનુ સેવન કરવું. ×

(૨) **परगृह-प्रवेशवर्जनम्**—અનિવાર્ય કામ સિવાય બીજાના ઘરમાં પગ મૂકવો નહિ.

(૩) **अनुद्भटवेषः** પહેરવેશ સાદો અને સુઘડ રાખવો.

[૪] **सविकारवचनवर्जनम्**—વિકાર ઉત્પન્ન થાય તેવાં વચનો બોલવાં નહિ.

(૫) **बालक्रिडा परिवर्जनम्**—બાલચેષ્ટાઓનો ત્યાગ કરવો.

(૬) **मधुरनीत्या कार्यसाधनम्**—મીઠી વાણીથી કાર્ય સાધવું અર્થાત્ કઠોર વચનનો પ્રયોગ કરવો નહિ,

ગૃહસ્થો માટે પણ બ્રહ્મચર્ય એ સૌથી મોટું શીલ છે. તે અંગે જૈન મહર્ષિઓએ કહ્યું છે કેઃ—

यस्तु स्वदारसंतोषी विषयेषु विरागवान्।
गृहस्थोऽपि स्वशीलेन, यतिकल्पः स कल्प्यते ॥

જે પોતાની સ્ત્રીથી જ સંતુષ્ટ છે, અને વિષયોમાં વિરકત છે, તે ગૃહસ્થ હોવા છતાં પોતાના શીલથી સાધુના સરખો ગણાય છે.

શીલવ્રત અંગે જૈન સાહિત્યમાં સેંકડો કથાઓ લખાયેલી છે, જે તેનો શીલ પ્રત્યેનો અત્યંત આદર સૂચવે છે. આજે પણ જૈન સ્ત્રી પુરૂષો પ્રાતઃ કાલમાં સોળ સતીઓનું સ્મરણ કરે છે. કારણ કે તે શીલવ્રતથી શોભતી હતી, અને ગમે તેવી કપરી કસોટીમાં પણ અડગ રહી હતી.

× આ ૭ પ્રકારો શ્રી ધર્મરત્ન પ્રકરણમાં બતાવેલા છે.

પ્રકરણ છઠ્ઠું

—: તપ :—

મોક્ષની પ્રાપ્તિ કર્મક્ષય વડે થાય છે, અને કર્મનો ક્ષય તપ વડે થાય છે. તેથી પ્રત્યેક મુમુક્ષુને માટે તપનું આરાધન આવશ્યક મનાયું છે.

આજ સુધીમાં જે જિનો—અર્હન્તો તીર્થંકરો થયા તેમણે તપ આચર્યું છે. તપનો ઉપદેશ આપ્યો છે, અને તપને ભાવમંગળની ઉપમા આપી તેનું બહુમાન પણ કરેલું છે.

ચરમ તીર્થંકર શ્રી. મહાવીર સ્વામીએ સાધના કાલમાં તપને આગળ પડતું સ્થાન આપ્યું હતું અને તેની સહાયથી જ માત્ર સાડા બાર વર્ષ જેટલા ટૂંકા સમયમાં અતિ ભારે કર્મોનો નાશ કર્યો હતો, એ હકીકત કોઈના પણ મનમાં તપની શક્તિ માટે અત્યંત માન પેદા કરે તેવી છે.

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે 'જેમ કોઈ મોટા તળાવમાં પાણીને આવવાનો માર્ગ રૂંધવામાં આવે અને પછી તેને ઉલેચવામાં કે તપાવવામાં આવે તો તે તળાવનું પાણી ક્રમે ક્રમે શોષાઇ જાય છે, તેમ સંયમી પુરૂષ નવાં પાપકર્મો કરતો અટકે અને તપનો આશ્રય લે તો એ તપ વડે તેનાં ક્રોડો ભવનાં સંચિત થયેલાં કર્મો ખરી પડે છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે 'તપ જો આટલું મહત્વનું છે તો તેનો નિર્દેશ અહિંસા અને સંયમ પછી શા માટે કરવામાં આવે

છે ? શ્રી. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે **धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो**–ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે, અને તે અહિંસા, સંયમ અને તપ રૂપ છે.' આ પ્રશ્નનું સમાધાન એ છે કે 'જૈન ધર્મમાં તપના મહત્વ માટે બે મત છે જ નહિ, પણ તપ અહિંસા અને સંયમ પૂર્વક જ આચરી શકાય છે. તેથી તેનો નિર્દેશ અહિંસા અને સંયમ પછી કરવામાં આવ્યો છે. કેટલાક તપ નિમિતે પૃથ્વીમાં ખાડો ખોદીને તેમાં ગળા સુધી દટાય છે. પણ તેમ કરતાં પૃથ્વીકાયના જીવોની હિંસા થાય છે. કેટલાક તપ નિમિતે કોઇ તળાવ કે સરોવરમાં જઇને ગળાબૂડ પાણીમાં ઊભા રહે છે, પણ તેમ કરતાં અપકાયના જીવોની હિંસા થાય છે, કેટલાક તપ નિમિતે પંચાગ્નિની આતાપના લે છે, પણ તેમ કરતાં તેજસ્કાયના જીવોની હિંસા થાય છે. કેટલાક તપ નિમિતે ફળ ફૂલ કે કંદમૂળનું ભક્ષણ કરે છે. પણ તેમ કરતાં વનસ્પતિકાયના જીવોની હિંસા થાય છે. આવી હિંસાવાળી ક્રિયાઓને જૈન મહર્ષિઓ તપ માનતા નથી. તેજ રીતે જ્યાં ઇંદ્રિઓનો જય નથી એટલે સુંવાળાં શયન આસનનો ઉપયોગ કરવામાં આવે છે, તેલ, સેન્ટ અને પાવડરની સુગંધ માલવામાં આવે છે. મનોહર રૂપનો ઉપભોગ કરવામાં આવે છે. અને સુંદર શબ્દ પ્રયોગો કે મનોહર સ્વર લહરિઓ પ્રત્યે આકર્ષણ દર્શાવવામાં આવે છે, ત્યાં પણ જૈન મહર્ષિઓ તપ માનતા નથી.

અહીં એમ કહેવામાં આવે છે કે 'અહિંસા સંયમ સાથેનો તપનો સંબંધ સમજી શકાય છે પણ તેને દાન અને શીલ પછી મૂકવાનું કારણ શું ? 'તો એનો ઉત્તર એ છે કે 'દાન અને શીલ એ તપની પૂર્વ ભૂમિકાઓ છે, જેમ ખેતરને ખેડયા પછી તેમાં બીજ નાખ્યું હોય તો સારી રીતે ઉગે છે, તેમ દાન ધર્મ અને શીલ ધર્મને અનુસર્યા પછી તપોધર્મને અનુસરવામાં આવે તો તે વિશેષ ફળદાયી થાય છે. દરેક તીર્થંકર મહાભિનિષ્ક્રમણનો સમય

થતાં એક વર્ષ સુધી દાન દે છે. પછી પંચ મહાવ્રત રૂપ ઉત્તમ શીલને ધારણ કરે છે. અને ત્યારપછી જ તપ, તપસ્, તપશ્ચર્યા કે તપશ્ચરણનો આશ્રય લે છે. એનું જે ફળ આવે છે, તે સર્વવિદિત છે.'

'તપ કોને કહેવાય? 'એ પ્રશ્ન પણ ઉત્તર માગે છે. કેટલાક અરણ્યના એકાંત વાસને તપ સમજે છે, પણ રોઝ વગેરે અરણ્યના એકાંત ભાગમાં કયાં વસતા નથી? કેટલાક ફળ ફૂલનાં ભક્ષણથી ગુજારો કરવો તેને તપ સમજે છે, પણ વાનર વગેરે ફળ ફૂલનાં ભક્ષણ પર કયાં ગુજારો કરતા નથી? કેટલાક આતાપનાને જ તપ સમજે છે. પણ વૃક્ષો વગેરે તાપ સહેવામાં શું બાકી રાખે છે? કેટલાક વૃક્ષની ડાળે ઊંધા માથે લટકવું તેને તપ સમજે છે. પણ ચામાચિડિયા તથા વાગોળ એ રીતે વૃક્ષની ડાળે ઊંધા માથે કયાં લટકતા નથી? તાત્પર્ય કે માત્ર શારિરીક તિતિક્ષા એ અજ્ઞાન દૃષ્ટિ છે, અને તપની સંજ્ઞા પામતી નથી. તેમાં સમજણ તથા માનસિક તિતિક્ષાનું તત્વ ભળે તો જ તે તપનું નામ ધારણ કરે છે. કે જેની અહીં આટલી પ્રશંસા થયેલી છે. આનો સ્પષ્ટાર્થ એ છે કે 'સમજણ પૂર્વક શારિરીક અને માનસિક તિતિક્ષા કરવી તેને તપ કહેવાય છે.'

"મનુષ્યે શારિરીક તિતિક્ષા શા માટે કરવી?—

એનો ઉત્તર એ છે કે 'શારિરીક તિતિક્ષા કર્યા વિના તોફાની ઘોડા જેવી ઇન્દ્રિઓ શાંત થતી નથી કે શરીરનો મદ ગળતો નથી નથી. અગ્નિ જેમ લાકડાં નાખવાથી તે વિશેષ પ્રજ્વલિત બને છે, તેમ શરીરનું વિવિધ રસો વડે વારંવાર પોષણ કરવાથી તે વિશેષ ઉન્મત બને છે. અને શીલ કે સંયમની આરાધના કરવાને યોગ્ય રહેતું નથી. નિત્ય માલ મલીદા વાપરનારા કે દૂધ ઘીનું સારી રીતે સેવન કરનારા બ્રહ્મચર્ય પાળી શકતા નથી એ આપણો રોજીંદો અનુભવ છે.

અહીં કોઇ મહાત્મા સ્થૂલિભદ્રનુ. દષ્ટાંત આગળ કરીને એમ કહે કે "તેઓ પૂર્વપરિચિત વેશ્યાને ત્યાં ચાતુર્માસ રહ્યા હતા. શૃંગારિક ચિત્રોથી ભરપૂર એવી ચિત્રામણ શાળામાં ઉતર્યા. હતા, અને નિત્ય નવલાં ભોજન જમતા હતા, છતાં બ્રહ્મચર્ય કેમ પાળી શકયા ? એનો ઉત્તર એ છે કે 'આવાં દષ્ટાંતો જગતમાં અતિ વિરલ છે. એટલે તેને રાજમાર્ગ નહિ પણ અપવાદ રૂપ જ લેખી શકાય. તેનું અનુકરણ કરવા જનાર અન્ય તપસ્વી મુનિ થોડા જ વખતમાં ફસાઇ પડયા હતા, એ યાદ રાખવું ઘટે.'

અહીં કોઇ એમ પણ કહે છે કે 'કામનો મુખ્ય સંબંધ મન સાથે હોય છે. એટલે તે મનસિજ કહેવાય છે, તેથી તેની તિતિક્ષા કરવી યોગ્ય છે, પણ શરીર કે જે ધર્મનું મુખ્ય સાધન છે. તેની તિતિક્ષા કરવી યોગ્ય કેમ ગણાય ? એનું સમાધાન એ છે કે 'અહીં તિતિક્ષાના શારિરીક અને માનસિક એવા બે વિભાગો પાડયા છે, તે ઔપચારિક છે. વાસ્તવમાં શરીર અને મન એ બે તદ્દન ભિન્ન વસ્તુઓ નથી. પણ અરસ પરસ સંકળાયેલી વસ્તુઓ છે. એટલે શારિરીક ક્રિયાની અસર મન પર થાય છે. અને માનસિક ક્રિયાની અસર શરીર પર થાય છે. તેથી જેનું શરીર હ્રષ્ટપુષ્ટ કે માતેલું હોય તેને કામવાસના જલ્દી પ્રકટે છે, અને જેની *રસાદિ સાતે ધાતુઓ શોષણ પામી હોય તેને કામવાસના પ્રગટતી નથી. આ કારણે શીલ અને સંયમની રક્ષા કરવા ઇચ્છનારે શારિરીક તિતિક્ષા અવશ્ય કરવી જોઇએ. ગૌતમ બુદ્ધે શારિરીક તિતિક્ષાને ગૌણ ગણી અને માનસિક તિતિક્ષાને જ મહત્ત્વ આપ્યું. તેનું પરિણામ એ આવ્યું કે બૌધ શ્રમણોમાં ભારે શિથિલાચાર પેઠો અને આ દેશ-માંથી તેમની હસ્તી ભૂંસાઇ ગઇ. તે વિષે કોઇ કવિએ કટાક્ષમાં કહ્યું છે કેઃ—

* રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર (વીર્ય) એ સાત ધાતુઓ.

मृद्वी शय्या प्रातरुत्थाय पेया,
मध्ये भक्तं पानकं चापराह्णे ।
द्राक्षाखण्डं शर्करा चार्धरात्रे,
मुक्तिश्चान्ते शाक्यपुत्रेण दृष्टा ॥

કોમળ શય્યામાં સૂઈ રહેવું, સવારે ઉઠીને દુગ્ધપાન કરવું, મધ્યાહ્નકાળે ભોજન કરવું. પાછલા પહોરે (મદિરાનું) પાન કરવું, અને અર્ધરાત્રિએ દ્રાક્ષાખંડ તથા સાકરનો ઉપયોગ કરવો. આવા પ્રકારના ધર્મથી શાકયપુત્ર એટલે ગૌતમ બુધ્ધે મુકિત જોઇ હતી.

તાત્પર્ય કે માનસિક તિતિક્ષા શારીરિક તિતિક્ષાથી યુકત હોવી જોઇએ, અને તો જ તેનું ધાર્યું પરિણામ આવી શકે છે.

'મનુષ્યે માનસિક તિતિક્ષા શા માટે કરવી જોઇએ ? તેનો ઉત્તર એ છે કે "માનસિક તિતિક્ષા વિના અંતરનો મેલ ધોવાતો નથી. અને અંતરનો મેલ ધોવાય નહિ તો શાન્તિ કે સમતાની પ્રાપ્તિ થતી નથી. તે જ રીતે સમતાના અભાવે વીતરાગતાનાં દર્શન દુર્લભ. બને છે, અને વીતરાગતાનાં દર્શન દુર્લભ બને ત્યાં કોઇ કર્મક્ષયની અવસ્થા સંભવતી નથી.

આ વિવેચન પરથી સ્પષ્ટ સમજાય છે કે જે મનુષ્યને ઉત્કૃષ્ટ આત્મવિકાસ સાધવો છે. તેણે શારીરિક અને માનસિક તિતિક્ષા રૂપ તપનો આશ્રય અવશ્ય લેવો જોઇએ.

' તપ કેટલી હદે કરવું ? 'એના ઉત્તરમાં જૈન મહર્ષિઓએ જણાવ્યું છે કે :—

सो अ तवो कायव्वो, जेण मणोऽमंगुलं न चिंतेइ ।
जेण न इंदियहाणी जेण जोगा न हायंति ॥

મુમુક્ષ આત્માએ તેવું જ તપ કરવું કે જેનાથી મન અમંગલનું ચિંતન કરે નહિ, અર્થાત્ આર્તધ્યાન કે રૌદ્ર ધ્યાનમાં ચડી

જાય નહિ. જેનાથી ઇંદ્રિઓને હાનિ પહોંચે નહિ, અને જેનાથી મન. વચન તથા કાયાની પ્રવૃત્તિ કરવાની શકિત હણાય નહિ. તે સાથે તેમણે એ પણ જણાવ્યું છે કે—

कायो न केवलमयं परितापनीयो,
मिष्टैरसैर्बहुविधैर्न च लालनीयः।
चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेन,
वश्यानि येन च तदाचरितं जिनानाम्॥

આ શરીરને કેવળ પરિતાપ ઉપજાવવો નહિ કે તેનું વિવિધ પ્રકારના મધુર રસો વડે પાલન પણ કરવું નહિ. જિનેશ્વર ભગવંતોએ એવું તપ આદરેલુ. છે. કે જેનાથી ચિત્ત અને ઇન્દ્રિઓ ઉન્માર્ગે ન જતાં વશ રહે.

આને આપણે અસંયમ તથા ઉગ્ર તપ વચ્ચેનો મધ્યમ માર્ગ કહી શકીએ, અને માનવ સમૂહના મોટા ભાગને તે જ અનુકુળ પડે છે.

આજે થોડું, કાલે તેથી વધારે, પછી તેથી પણ વધારે, એમ જેઓ ચડતા ક્રમે આગળ વધે છે, તેમના મનની પ્રસન્નતા જળવાઇ રહે છે. અને તેમને આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન કરવાનો વખત આવતો નથી. જ્યારે ઉત્સાહના આવેશમાં આવી જઇને એકદમ મોટું પગલું ભરનારને પસ્તાવાનો વખત આવે છે' અને તે સમયે આર્ત્ત ધ્યાન કે રૌદ્રધ્યાન અવશ્ય થાય છે, તેથી કોઇપણ તપ પોતાની શકિતનો વિચાર કર્યા વિના કરવાનું નથી.

હાથ લાંબા સમય સુધી ઉંચા રાખવામાં આવે તો ખોટા પડી જાય છે, પગ લાંબા સમય સુધી ઉંચા રાખવામાં આવે તો તેની પણ એજ હાલત થાય છે. ગળાબૂડ પાણીમાં ઉભા રહેતાં શરદી થાય છે, અને શરીર કુગાઇ જાય છે, સૂર્ય સામે લાંબો વખત જોઇ રહેવાથી ચક્ષુનું તેજ ચાલ્યું જાય છે, આ રીતે જે તપોથી શરીરમાં કોઈપણ પ્રકારની ખોડખાંપણ આવતી હોય તે કરવા યોગ્ય નથી.

અહીં કોઇને પ્રશ્ન થાય કે 'શરીર તો નાશવંત છે, તેથી તેનો કોઇ ભાગ ખોટો પડી જાય, કે તેમાં ખોડખાંપણ આવે તો શું વાંધો ? એનો ઉત્તર એ છે કે શરીર નાશવંત છે. તેથી તેના પર મોહ મમતા રાખવાની નથી. પરંતુ તે ધર્મનું સાધન પણ છે. તેથી તેનો ઉપયોગ એવી રીતે ન કરવો જોઇએ કે તેથી ધર્મસાધનમાં અંતરાય ઉભો થાય. હાથ પગ, આંખ કાન વગેરે ઉપયોગી અવયવોમાં ખોડ આવતાં ધર્મ સાધનમાં–ધાર્મિક ક્રિયાઓમાં અંતરાય ઉભો થાય છે, અને અહિં સંયમનું પાલન, પણ સુલભ રહેતું નથી. આ કારણે શરીરમાં ખોડ–ખાંપણ ન આવે તેવું તપ યોગ્ય છે.

માનસિક. વાચિક, તથા કાયિક પ્રવૃત્તિ કરવાની શકિત જાળવી રાખવાનો ઉદ્દેશ પણ આવો જ છે઼ જો માનસિક પ્રવૃત્તિ કરવાની શકિત હણાય તો મનુષ્ય મૂઢ જેવો બની જાય, અને સત્યાસત્ય, હિતાહિત કે પ્રશસ્તાપ્રશસ્તનો વિચાર કરી શકે નહિ. વળી તેને કોઇ વસ્તુ બરાબર યાદ રહે નહિ, તેથી સ્વાધ્યાય પણ અશકત બની જાય. વાચિક પ્રવૃત્તિ કરવાની શકિત હણાય તો ધર્મદેશના દઇ શકે નહિ, તેમજ કાયિક પ્રવૃત્તિ કરવાની શકિત હણાય તો સૂવું બેસવું, ઉઠવું, ઉભા થવું, વગેરે તમામ ક્રિયાઓ અટકી પડે. તેથી દેવવંદન, ગુરૂવંદન, પ્રતિક્રમણ પ્રતિલેખના વગેરે કોઈ ક્રિયા થઇ શકે નહિ. તાત્પર્ય કે તપ કરનારે આટલી હદે જવાની કોઇ આવશ્યકતા નથી.

"શારિરીક તિતિક્ષા કઇ રીતે કરવી ?" એના ઉત્તરમાં જૈન મહર્ષિઓએ છ વસ્તુઓ રજૂ કરી છે; (૧) અનશન, (૨) ઉનોદરિકા. (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાય ક્લેશ, અને (૬) સંલીનતા, તેમાં અનશનને પહેલું મૂકવાનું કારણ એ છે કે તે સહુથી મોટી શારીરિક તિતિક્ષા છે. આત્માને અનાદિકાલના અભ્યાસથી આહાર સંજ્ઞા રહ્યા કરે છે. અને અશાતાવેદનીય તથા મોહનીય

કર્મનો ઉદય પ્રબળ હોય તો તેમાં વૃદ્ધિ પણ થાય છે આ આહાર સંજ્ઞાને સંતોષવા માટે મનુષ્યો નિત્ય નવી નવી વસ્તુઓ પર નજર દોડાવે છે, અને તેમાં તે પ્રાપ્ત થાય ત્યારે જ સંતોષ પામે છે. તેથી આહારનો ત્યાગ કરવો, એ બહુ મોટી શારિરીક તિતિક્ષા છે.

ઘણા માણસો આહારનો ત્યાગ કરી શકે છે. પણ ભાણે બેઠા પછી તેના પર સંયમ રાખી શકતા નથી, તાત્પર્ય કે તેઓ પેટ તણાય ત્યાં સુધી ખાય છે, અને ત્યારે જ તૃપ્તિ અનુભવે છે. તેથી બીજી તિતિક્ષા તરીકે ઉનોદરિકાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

કેટલાક જમતી વખતે પેટને થોડું ઉણું રાખી શકે છે, પણ થોડી વસ્તુઓથી સંતોષ પામતા નથી. તેઓ થોડી થોડી પણ અનેક જાતની વસ્તુઓ વાપરે છે, ત્યારે જ તૃપ્તિ અનુભવે છે. તેથી ત્રીજી તિતિક્ષા તરીકે વૃત્તિસંક્ષપને સ્થાન આપવામાં આવ્યું છે.

કેટલાક જમવા બેઠા પછી થોડી વસ્તુઓથી ચલાવી લે છે. પણ જે વસ્તુઓ વાપરે તે રસવાળી હોવાનો આગ્રહ રાખે છે. તેથી રસત્યાગને ચોથી તિતિક્ષા ગણવામાં આવી છે.

કેટલાક મનુષ્યો આહારની બાબતમાં ઘણા સંયમી રહી શકે છે, પણ બીજું કષ્ટ સહન કરી શકતા નથી. જેમકે ટાઢ સહન કરવી, તાપ સહન કરવો, ડાંસ મચ્છરનો ઉપદ્રવ સહન કરવો, ઉઘાડા પગે ચાલવું, માથું ઉઘાડું રાખવું, કેશનો લોચ કરવો વગેરે. તેથી કાયકલેશને પાંચમી તિતિક્ષા માની છે.

કેટલાક મનુષ્યો આ બધુ કરી શકે છે પણ નવરા બેસી શકતા નથી, તેઓ અહીં તહીં ફર્યા કરે છે. કે કોઇને કોઇ રીતે હાથ પગ હલાવતા જ રહે છે. તેથી સંલીનતા (આંગોપાંગને સંકોચીને રહેવું કે એક આસન જમાવવું)ને છઠ્ઠી તિતિક્ષા માની છે.

માનસિક તિતિક્ષા કઇ રીતે કરવી? 'તેના ઉત્તરમાં પણ જૈન મહર્ષિઓએ છ વસ્તુઓ આગળ ધરી છે, ૧, પ્રાયશ્ચિત, ૨. વિનય, ૩, વૈયાવૃત્ય, ૪. સ્વાધ્યાય, ૫. ધ્યાન અને ૬. ઉત્સર્ગ.

આત્મનિરીક્ષણ કરી ભૂલો શોધવી તેને આલોચના કહેવાય છે. તે ભૂલો માટે દિલગીર થવું તેને નિંદા કહે છે. તે ભૂલોનું ગુરૂ આગળ પ્રકાશન કરવું તે ગર્હા કહેવાય છે. અને ગુરૂ તે માટે દંડ આપે તેનો સદ્ભાવથી સ્વીકાર કરીને ચારિત્રને પુનઃ નિર્મળ કરવું તે પ્રાયશ્ચિત કહેવાય છે. આ બધી ક્રિયાઓ વાસ્તવિક રીતે પ્રાયશ્ચિતનો જ એક-ભાગ છે. અને તે મનને માર્યા વિના સિદ્ધ થતો નથી, તેથી પ્રાયશ્ચિતને માનસિક તિતિક્ષા માનવામાં આવી છે

જે ભુલ, સ્ખલના, દોષ કે પાપની આલોચના, નિંદા, ગર્હા અને પ્રાયશ્ચિત વડે કરવામાં આવી નથી. તેને જૈન મહર્ષિઓ શલ્ય કહે છે. અને એવા શલ્યસહિત આત્મા લાખો વર્ષો સુધી ઉગ્ર અને ઘોર તપ કરે તો પણ તે નિષ્ફળ જાય છે, એમ જણાવે છે. આ પરથી પ્રાયશ્ચિતની મહત્તાનો ખ્યાલ આવી શકશે.

અહીં વિનય શબ્દથી ગુરુ શુશ્રૂષા અને મોક્ષનાં સાધનો પ્રત્યે નો આંતરિક પ્રેમ અભિપ્રેત છે. ગુરુ ગમે તેવાં કડવાં વચનો કહે છતાં તેમના પ્રત્યે શ્રદ્ધાન્વિત રહેવું અને વિવિધ ઉપચારોથી તેમની સેવા કર્યા કરવી, તથા મોક્ષની સાધનામાં ગમે તેવા અંતરાયો આવે તો પણ તેના વિષેનો સદ્ભાવ છોડવો નહિ, કે તેના માટેના પુરુષાર્થમાં ઓટ આવવા દેવી નહિ. તે એક પ્રકારની માનસિક તિતિક્ષા વિના કેમ સંભવી શકે ? એટલે વિનયની ગણના માનસિક તિતિક્ષામાં કરેલી છે.

આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન એટલે માંદા કે અશકત, શૈક્ષ એટલે નવદીક્ષિત હોઇ શિક્ષા પામી રહેલા, કુલ એટલે એક આચાર્યનો શિષ્ય સમુદાય, ગણ એટલે જુદા જુદા આચાર્યોના સમાન વાચનાવાળા સહાધ્યાયીઓ, સંઘ એટલે શ્રમણ સંઘ અને સાધર્મિક એટલે સમાન ધર્મ પાળનારા સાધુઓ આ

દશને નિરાશંસ ભાવે એટલે માત્ર કર્મ નિર્જરાના હેતુથી ધર્મ સાધન નિમિત્તે આહાર, પાણી, વસ્ત્ર, ઔષધ, ઉપકરણ આદિ મેળવી આપવાને વિવિધ પ્રકારે સેવા શુશ્રૂષા કરવી તેને વૈયાવૃત્ય કહેવાય છે. અહીં કોઈને એવો પ્રશ્ન થાય કે આ બધી ક્રિયાઓ શરીર વડે થાય છે, એટલે તેનો સમાવેશ શારિરીક તિતિક્ષામાં થઈ શકે, પણ માનસિક તિતિક્ષામાં કેવી રીતે થાય ? તેનો ઉત્તર એ છે કે આ બધી ક્રિયાઓ શરીર વડે થાય છે. એ વાત સાચી; પણ તે મનમાં ઈચ્છા ઉદ્દભવ્યા વિના થતી નથી, અને સામાન્ય રીતે ઇચ્છા ત્યારે જ ઉભદ્દવે છે કે જ્યારે તેની પાછળ કોઈપણ આશંકા કે કામના હોય છે. આવી આશંકા કે કામનાને દબાવી દઇ માત્ર કર્મનિર્જરાના હેતુંથી શારીરિક પ્રવૃત્તિ કરવી એ સહેલું નથી. તેમાં ભારે માનસિક તિતિક્ષાની જરૂર પડે છે.

વળી સેવા શુશ્રૂષા કરતી વખતે કોઈ કડવાં વચનો કહે, કોઈ ઉટાંગ–પટાંગ બોલે, કોઇ આક્રોશ કરે કે ઉતારી પાડે તે બધું સમભાવે સહી લેવાની શકિત હોય તો જ વૈયાવૃત્ય થઇ શકે છે. તેથી વૈયાવૃત્યનો સમાવેશ માનસિક તિતિક્ષામાં કર્યો છે.

ગૃહસ્થોને માટે દીન અતિથિ અને ગુરૂજનોની સેવા તથા સંઘ અને સાધર્મિકની ભકિત એ વૈયાવૃત્ય છે.

નિરંકુશ રાક્ષસની પેઠે જ્યાં ત્યાં ભટકી રહેલ મનને અન્ય સર્વ વિષયોમાંથી વારીને જ્ઞાનાર્જનમાં જોડવું, અને પર્યાપ્ત સમય સુધી વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા તથા ધર્મકથા રૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાયનો આશ્રય લેવો તે માનસિક તિતિક્ષા વિના સંભવી શકતું નથી, તેથી સ્વાધ્યાયનો સમાવેશ પણ માન-સિક તિતિક્ષામાં જ કર્યો છે.

ધ્યાન તો સ્પષ્ટ રીતે મનનું દમન કરવાની જ ક્રિયા છે અને વ્યુત્સર્ગ પણ વિવિધ પ્રકારની ઇચ્છાઓને માર્યા વિના સિદ્ધ થઈ

શકતો નથી. તેથી તે ઉભયનો સમાવેશ પણ માનસિક તિતિક્ષામાં જ કર્યો છે.

અહીં એ જણાવવું ઉચિત લેખાશે કે જૈન મહર્ષિઓએ શારીરિક તિતિક્ષાના પ્રાધાન્યવાળા તપનો બાહ્ય તપ તરીકે અને માનસિક તિતિક્ષાના પ્રાધાન્યવાળા તપનો અભ્યંતર તપ તરીકે વ્યવહાર કર્યો છે. એટલે ઉપર્યુક્ત પ્રકારો બાહ્ય અને અભ્યંતર તપના જ સમજવાના છે.

તપથી સિદ્ધિ પણ મળે છે, ઋદ્ધિ પણ મળે છે, પૂજા અને પ્રસિદ્ધિ પણ મળે છે, પરંતુ તે નિમિતે તપ કરવું ઉચિત નથી. એવા તપને જૈન મહર્ષિઓએ માત્ર શરીરનો શોષ માન્યો છે. અને તેનું ફળ અતિ અલ્પ થઇ જાય છે, તેમ જણાવ્યું છે તેઓ કહે છે કે 'તપ આ લોકના સુખની ઇચ્છાથી નહિ, પરલોકના સુખની ઇચ્છાથી નહિ. કીર્તિ, વર્ણ (રૂપ). શબ્દ કે લોકૈષણાની ઇચ્છાથી નહિ, પણ માત્ર કર્મની નિર્જરાના હેતુથી જ કરવું જોઇએ.

ઉપવાસ, આયંબિલ, એકાશન વગેરેના સંયોજનમાંથી જ વિકાસ પામેલાં અનેકવિધ તપ જિનશાસનમાં પ્રચલિત છે.

૧ અક્ષયનિધિ તપ
૨ અખંડ દશમી તપ
૩ અગિયાર અંગોનું તપ
૪ અંગશુદ્ધિ તપ
૫ અઠ્ઠાવીશ લબ્ધિનો તપ
૬ અવિધવા દશમી તપ
૭ અદુ:ખદર્શી તપ
૮ અમૃતાષ્ટમી તપ
૯ અંબિકા તપ
૧૦ અશોક વૃક્ષ તપ
૧૧ અશુભ નિવારણ તપ
૧૨ અષ્ટ અષ્ટમિકા તપ
૧૩ અષ્ટકર્મસૂદન તપ
૧૪ અષ્ટ કર્મોત્તર પ્રકૃતિ તપ
૧૫ અષ્ટ પ્રવચન માતૃતપ
૧૬ અષ્ટમાસી તપ
૧૭ અષ્ટાહ્નિક તપ
૧૮ અષ્ટાપદ તપ
૧૯ સ્વર્ગ સ્વસ્તિક તપ
૨૦ આયંબિલ વર્ધમાન તપ

૨૧ આગમોક્ત કેવલી તપ
૨૨ ઇંદ્રિય પરાજય તપ
૨૩ ઋષભ કાંતુલા (હાર) તપ
૨૪ ઋષભદેવ સંવત્સર તપ
૨૫ એકાદશી (મૌન) તપ
૨૬ એકાવલી તપ
૨૭ એકસોવીશકલ્યાણકનોતપ
૨૮ એકસો સિત્તેર જિનનો તપ
૨૯ કંઠાભરણુ તપ
૩૦ કમળની ઓળી
૩૧ કર્મચક્ર વાલ તપ
૩૨ કલંકનિવારણુ તપ
૩૩ કષાયજય તપ
૩૪ કોટિશીલા તપ
૩૫ ક્ષીરસમુદ્ર તપ
૩૬ ગણુધર (શ્રીવીરના)તપ
૩૭ ગુણુરત્ન સંવત્સર તપ
૩૮ ગૌતમ પડઘો
૩૯ ગૌતમ કમળ તપ
૪૦ ધડિયા બેધડિયાનો તપ
૪૧ ઘન તપ
૪૨ ચતુર્ગતિ નિવારણુ તપ
૪૩ ચઉસઠ્ઠી તપ
૪૪ ચંદનબાળા તપ
૪૫ ચાંદ્રાયણુ તપ
૪૬ ચિન્તામણી તપ
૪૭ ચૌદ પૂર્વનો તપ
૪૮ છ માસી તપ
૪૯ છન્નુંજિન ઓળીનો તપ
૫૦ નિજગુણુ સંપત્તિ તપ
૫૧ જિન જનક તપ
૫૨ જિન દીક્ષા તપ
૫૩ જ્ઞાન પંચમી તપ
૫૪ તીર્થ તપ
૫૫ તીર્થંકરનિર્વાણુ તપ
૫૬ તીર્થંકર વર્ધમાન તપ
૫૭ તીર્થંકર જ્ઞાન તપ
૫૮ તીર્થંકર માતૃ તપ
૫૯ તેર કાઠિયાનો તપ
૬૦ દશ પચ્ચક્ખાણુનો તપ
૬૧ દશ દશમિકા તપ
૬૨ દશવિધ યતિ ધર્મ તપ
૬૩ દારિદ્રય હરણુ તપ
૬૪ દીવાળી નિર્વાણુદીપક તપ
૬૫ દ્વાદશાંગી તપ
૬૬ ધર્મચક્ર તપ
૬૭ નવકાર પદાક્ષરમાન તપ
૬૮ નવકાર તપ
૬૯ નવનિધાન તપ
૭૦ નવપદજીની ઓળી
૭૧ નવનવમિકા તપ
૭૨ નવ બ્રહ્મચર્ય ગુપ્તિ
૭૩ નિગોદ આયુઃક્ષય તપ
૭૪ નિજગીષ્ટ તપ

૭૫ નંદીશ્વર તપ
૭૬ નંદ્યાવર્ત તપ
૭૭ પખવાસો
૭૮ પદકડી તપ
૭૯ પરમ ભૂષણ તપ
૮૦ પરદેશી રાજાના છટ્ઠ
૮૧ પંચપરમેષ્ઠી તપ
૮૨ પંચમેરુ તપ
૮૩ પંચ રંગી તપ
૮૪ પંચામૃત તપ
૮૫ પીસ્તાલીસઆગમનોતપ
૮૬ પુંડરીક તપ
૮૭ પોષ દશમી તપ
૮૮ પ્રાતિહાર્ય તપ
૮૯ બત્રીશકલ્યાણક તપ
૯૦ બીજનો તપ
૯૧ બૃહત્સિંહ નિક્રીડિત તપ
૯૨ બૃહદ્સંસારતારણ તપ
૯૩ ભદ્રોત્તર તપ
૯૪ ભદ્ર તપ
૯૫ મહાધનાદિ તપ
૯૬ મહાભદ્ર તપ
૯૭ શ્રી. મહાવીર સર્વ
સંખ્યા તપ
૯૮ માઘમાલા તપ
૯૯ માણિક્યમાવડી તપ
૧૦૦ મુકુટ સપ્તમી તપ
૧૦૧ મુક્તાવલી તપ
૧૦૨ મોક્ષત્રયોદશી તપ
૧૦૩ મેરુ કલ્યાણક તપ
૧ ૪ મોક્ષ કરંડક તપ
૧૦૫ મોટોરત્નોત્તર તપ
૧૦૬ યોગશુદ્ધિ તપ
૧૦૭ રત્નાવલી તપ
૧૦૮ રત્નમાલા તપ
૧૦૯ રત્ન રોહણ તપ
૧૧૦ રત્ન પાવડી તપ
૧૧૧ રોહિણી તપ
૧૧૨ લઘુસંસાર તારણ તપ
૧૧૩ લોકતાલી તપ
૧૧૪ વર્ગ તપ
૧૧૫ વીશ સ્થાનક તપ
૧૧૬ શિવકુમારનાં બેલાં
૧૧૭ શ્રુતદેવતા તપ
૧૮ શ્રેણી તપ
૧૧૯ ષટ્ કાયાલોચન તપ
૧૨૦ સપ્ત સપ્તમિકા તપ
૧૨૧ સમવસરણ તપ
૧૨૨ સર્વતો ભદ્ર તપ
૧૨૩ સર્વાંગ સુંદર તપ
૧૨૪ સંવત્સર તપ
૧૨૫ સૌભાગ્ય સુંદર તપ
૧૨૬ સિદ્ધિ તપ
૧૨૭ સુખ દુ:ખ મહિમાનોતપ
૧૨૮ સુંદરી તપ
૧૨૯ સિંહાસન તપ
૧૩૦ સૌભાગ્ય કલ્પ વૃક્ષ તપ

આ તપો કરવાની સામાન્ય રીતિ એવી છે કે તપના દિવસે:-

(૧) બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૨) વાણી પર સંયમ રાખવો.

(૩) અમુક વખત સુધી મૌન રાખવું.

(૪) અમુક સમય ધ્યાનમાં (કાયોત્સર્ગમાં) ગાળવો અથવા અમુક નવકારવાળીઓ ફેરવવી.-ગણવી:

(૫) અમુક સમય સ્વાધ્યાયમાં એટલે ધાર્મિક પુસ્તકોના વાંચનમાં ગાળવો.

(૬) ક્રોધ, માન, માયા અને લોભનો બને તેટલો ત્યાગ કરવો.

(૭) સવાર–સાંજ આવશ્યક ક્રિયા (પ્રતિક્રમણ) કરવી.

(૮) દેવ--ગુરુની ભકિત કરવી. વગેરે.

કોઇપણ તપ પ્રત્યાખ્યાન, કે નિયમ પૂર્વક થાય છે, અને તેનો સમય પૂર્ણ થાય એટલે પારવામાં આવે છે. કોઇપણ તપમાં સૂર્યાસ્ત થયા પછી અને બીજા દિવસનો સૂર્યોદય થતાં સુધી કોઈ પણ પ્રકારના આહાર–પાણી ગ્રહણ કરવામાં આવતાં નથી પારણું કરતાં પહેલાં અતિથિ સંવિભાગની ભાવના રખાય છે. એટલે કોઈ સુપાત્રને દાન આપ્યા પછી જ વાપરવા યોગ્ય વસ્તુ વપરાય છે.

તપસ્વીઓની સેવા કરવી એ જીવનનું સૌભાગ્ય લેખાય છે, અને તેમનો હરેક પ્રકારે સત્કાર કરવો, એ ગૃહસ્થનું કર્તવ્ય મનાય છે,

જૈન પર્વો લોકોત્તર છે, એટલે તેમાં તપશ્ચર્યા મુખ્ય હોય છે. અને તે ખૂબ ભાવના પૂર્વક કરવામાં આવે છે.

પ્રકરણ સાતમું

ભાવ

ભાવની ભવ્યતા પ્રકટ કરવા માટે જૈન મહર્ષિઓએ એક સુંદર ગાથા કહી છે:

तक्कविहूणो विज्जो, लक्खणहीणो अ पंडिओ लोए।
भावविहूणो धम्मो, तिन्नि वि नूणं हसिज्जंति ॥

તર્ક વિહીન વૈદ્ય, લક્ષણ વિહીન પંડિત- અને ભાવ વિહીન ધર્મ એ ત્રણે આ જગતમાં ખરેખર હાંસીને પાત્ર થાય છે.

આ વસ્તુ થોડા વિવેચનથી સ્પષ્ટ કરીએ. વૈદ્યનો વ્યવસાય જ એવો છે કે તેમાં તર્કની વિશેષ જરૂર પડે. પ્રથમ રોગ પારખતી વખતે તર્ક કરવો પડે છે, પછી ઔષધ આપતી વખતે તર્ક કરવો પડે છે, અને છેવટે દર્દીની હાલત જાણવા માટે પણ તર્ક કરવો પડે છે. તેથી જે મનુષ્યમાં તર્કની શક્તિ નથી, ઊંડો વિચાર કરવાની આવડત નથી, તેના હાથે ગંભીર ભૂલો થવાની કે છબરડા વળવાની સંભાવના છે, અને તેમ થતાં દુનિયા તેને જરૂર હસે છે.

પંડિતનું કાર્ય જ એવું છે કે તેમાં સારા લક્ષણોની અર્થાત્ ચારિત્રની વિશેષ જરૂર પડે છે. તે લોકોને સારા થવાનો ઉપદેશ આપતો હોય, અને તે માટે અનેક વિધ યુક્તિઓ (દલીલો) આગળ ધરતો હોય પણ તેના પોતાના ચારિત્રમાં ઠેકાણું ન હોય તો લોકો તેની જરૂર હાંસી કરે.

એકવાર એક પંડિતે અહિંસા પર એટલું જોરદાર વ્યાખ્યાન આપ્યું, કે તે સાંભળીને સર્વ શ્રોતાઓનાં દીલ પીગળી ગયાં, અને તેમણે હવે પછી માંસ, મચ્છી તથા ઇંડા નહિ વાપરવાનો નિર્ણય કર્યો. એવામાં પંડિતજીને પરસેવો લૂછવા માટે રૂમાલની જરૂર પડી, અને તે ખીસામાથી ખેંચવા જતાં એક ઇંડું બહાર નીકળી પડયું. એટલે તરત ત્યાં હસાહસ થઇ પડી, અને "આ તો ચાવવાના પણ જુદા છે, અને બતાવવાના પણ જુદા છે." એમ બોલીને સર્વ શ્રોતાઓ ચાલતા થયા.

ધર્મનો ઉદ્દેશ મનુષ્યને ઉચ્ચ વિચાર અને ઉચ્ચ આચાર દ્વારા મોક્ષ તરફ દોરી જવાનો છે. એટલે તેમાં ભાવની વિશેષ જરૂર પડે છે. જો ભાવ ન હોય તો ઉચ્ચ વિચારો આવે કયાંથી ? અને ઉચ્ચ વિચારો આવે નહિ તો ઉચ્ચ આચાર ઘડાય કયાંથી ? વળી આચાર વિના કોઇ મોક્ષ મેળવી શકતું નથી. એ વસ્તુ સુસ્પષ્ટ છે. તેથી જે ધર્મ મોક્ષનો ઉપદેશ આપે છે, પણ ભાવ પર ભાર મૂકતો નથી. તેને વિદ્વાનો હસે છે, અને 'અહીં તો જબ્બર પોલ છે.' એમ કહીને તેની ઠેકડી ઉડાવે છે.

આ રીતે તર્ક વિહીન વૈદ્ય, લક્ષણ વિહીન પંડિત અને ભાવ વિહીન ધર્મ એ ત્રણે આ જગતમાં ખરેખર ! લોકોની હાંસીને પાત્ર થાય છે.

આપણા મનમાં જે વિચાર આવે છે, જે લાગણીઓ ઉદ્ભવે છે, અને જે ઇચ્છાઓ કે અભિલાષાઓ જન્મે છે, તે સર્વને વ્યકત કરવાનું સાધન ભાવ છે, એટલે તે અશુભ અને શુભ એમ બંને પ્રકારનો હોઈ શકે છે. તેમાં અશુભ ભાવ કર્મબંધનનું કારણ છે, એટલે હેય છે–છોડવા યોગ્ય છે, અને શુભ ભાવ કર્મક્ષયનું નિમિત્ત છે, એટલે ઉપાદેય છે, આરાધવા યોગ્ય છે. શાસ્ત્રકારોએ આ શુભ ભાવને, શુભ ભાવની વૃત્તિને, શુભ ભાવના ઉલ્લાસને જ 'ભાવ ધર્મ' કહ્યો છે, અને તેની જ શત મુખે પ્રશંસા કરી છે. તેઓ કહે છે કે :

भावुच्चिअ परमत्थो, भावो धम्मस्स साहओ भणिओ।
सम्मत्तस्स वि बीअं, भावुच्चिअ बिंति जगगुरुणो॥

ભાવ એજ પરમાર્થ છે. ભાવને જ ધર્મનો સાધક કહેલો છે, અને ભાવ એજ સમ્યકત્વનું બીજ છે. એમ જગદ્‌ગુરુ જિનેશ્વર ભગવંતો કહે છે.

ભાવને પરમાર્થ કહેવાનું કારણ એ છે કે તે સર્વ વિચારણાનો સાર છે. ભાવને ધર્મ સાધક કહેવાનું કારણ એ છે કે દાન, શીલ અને તપની સંપત્તિ તેના વડે જ ફલને ધારણ કરે છે. ભાવને સમ્યકત્વનું બીજ કહેવાનું કારણ એ છે કે તેનો ઉલ્લાસ થયા પછી જ આત્મા સમ્યકત્વને સ્પર્શે છે.

ભાવનું મહત્વ સમજાવવા માટે જૈન શાસ્ત્રકારો રસોઈ અને મીઠાનું (લવણનું) ઉદાહરણ આપે છે, જેમકે કોઇ રસોઇમાં બધા મસાલા માપસર પડયા હોય પણ લવણની ખામી રહી હોય તો એ સ્વાદિષ્ટ લાગતી નથી, તેમ જે ધર્મમાં દાન, દયા, શીલ, સંયમ, તપ, તિતિક્ષા વગેરેનું વિધાન બરાબર હોય પણ ભાવ પર ભાર મૂકાયો ન હોય તો એ સુંદર લાગતો નથી.

ઘણા મનુષ્યો કાયાની પ્રવૃત્તિને–કાયવ્યાપારને મહત્ત્વ આપે છે. તેમને ઉદ્દેશીને જૈન મહર્ષિઓએ કહ્યું છે કે :–

जं न हु बंधो भणिओ, जीवस्स वहे वि समिइगुत्तीणं।
भावो तत्थ पमाणं, न पमाणं कायवावारो॥

જ્યારે સમિતિ અને ગુપ્તિ પૂર્વક વર્તતા સાધુઓને જીવનો વધ થવા છતાં કર્મનો બંધ કહેલો નથી, ત્યારે ભાવ એજ પ્રમાણ સમજવાનો છે, નહિ કે કાયાની પ્રવૃત્તિ–કાયાનો વ્યાપાર

આ કથનનું તાત્પર્ય એ છે કે ધર્મારાધનમાં માત્ર કાયાનો વ્યાપાર જ લક્ષમાં લેવાનો હોય તો જે સાધુઓ સમિતિ અને ગુપ્તિથી યુકત છે, એટલે કે અપ્રમત્ત ભાવે વિચરે છે, તેમને પણ

કર્મબંધનનો પ્રસંગ આવે, કેમકે તેમની ગમનાગમનાદિ પ્રવૃત્તિથી કેટલાક જીવોનો વધ જરૂર થાય છે. પણ તેમને કર્મબંધન માન્યું નથી. કારણ કે ત્યાં અપ્રમત્ત ભાવ છે. અને જ્યાં અપ્રમત્ત ભાવ છે, ત્યાં હિંસા સંભવતી નથી. શ્રી. તત્ત્વાર્થ સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે:- **प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा**–પ્રમત્ત યોગથી પ્રાણનું જે વ્યપરોપણ થાય તે હિંસા. આ વસ્તુ સિદ્ધ કરે છે કે કર્મબંધન અને કર્મક્ષયના વિષયમાં મુખ્યતા ભાવની છે, નહિ કે કાયવ્યાપારની. અનુભવી પુરુષોએ '**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः**' એ સૂત્ર દ્વારા સ્પષ્ટ કહ્યું છે કે 'મન મલિન થઈને અશુભ ભાવોનું સેવન કરે તો કર્મબંધનનું કારણ બને છે, અને પવિત્ર થઈને શુભ ભાવોનું સેવન કરે તો મોક્ષનું કારણ બને છે. એટલે બંધ મોક્ષનો બધો ખેલ મન કે ભાવ પર જ રચાયેલો છે.

અહીં જૈન મહર્ષિઓના એ શબ્દો પણ યાદ કરવા જેવા છે કે :—

किं बहु भणिएणं, तत्तं सुणेह भो महासत्ता ।
मुक्खसुहबीअभूओ, जीवाण सुहावहो भावो ॥

'હે મહાનુભાવો ! વધારે વર્ણન કરવાથી શું ? તમે તત્ત્વરૂપ એક વાત સાંભળી લો, કે મોક્ષ સુખના બીજ જેવો ભાવ જીવોને સાચું સુખ આપનારો છે.'

ભાવમાં એક વિશેષતા એ છે કે તે થોડા જ સમયમાં તેલના બિંદુની જેમ ઘણો વિસ્તાર પામે છે, અને તેથી જે કર્મો લાખો વર્ષમાં પણ ન ખપે તેવા હોય તે ક્ષણ માત્રમાં ખપાવી દે છે, ચક્રવર્તી ભરત તથા શ્રેષ્ઠિપુત્ર ઈલાચીકુમારના વ્યતિકરો આ વિષયમાં પ્રમાણ ભૂત છે.

ભરતરાય છ ખંડ જીતીને ચક્રવર્તી થયા પછી એકવાર આરીસા ભુવનમાં ઉભા હતા, તે વખતે તેમના મસ્તક પર મણિ-

મય મુગટ શોભી રહ્યો હતો. કાનમાં કલામય રત્ન કુંડલો હતા, ગળામાં મહામૂલ્યવાન હીરાઓનો હાર હતો, બાહુમાં બેનમુન બાજુબંધો હતા. કાંડા પર રત્નજડીત કંકણો હતા. અને આંગળીઓ મનોહર મુદ્રાઓથી અંકિત હતી, તેઓ ઊભા ઊભા પોતાના દેહનું સૌંદર્ય જોઈ રહ્યા હતા, અને મનમાં મલકાતા હતા, કે આવું સૌંદર્ય-આવું રૂપ અન્ય કોઈને હશે ખરૂ? 'એવામાં એક આંગળી પરથી મુદ્રિકા સરી પડી, અને તે આંગળી વરવી લાગવા માંડી. આથી ભરતરાય ચોંકયા. 'હવે આ આંગળી સુંદર કેમ નથી લાગતી? શું એને બધી સુંદરતા આભૂષણે જ આપી હતી? જો એમ હોય તો હું ઠગાયો. હું તો એમ માનતો હતો કે આ સૌંદર્ય મારુ છે, આ રૂપનો સ્વામી હું છું.' અને તેમણે વધારે ખાતરી કરવા એક પછી એક બધી મુદ્રિકાઓ ઉતારી નાખી, કડાં પણ કાઢી નાખ્યાં, બાજુબંધો પણ બાજુએ મૂકી દીધા, અને હાર, કુંડળ તથા મુકુટને સ્વસ્થાનેથી ભ્રષ્ટ કર્યા. એ વખતે શરીર સાવ સૌંદર્યહીન લાગ્યું, અને રૂપનો અંબાર ઓસરી ગયેલો જણાયો. આ પરિસ્થિતિએ તેમને ગંભીર વિચારમાં મૂકી દીધા. પરિણામે શરીર અનિત્ય જણાયું, સૌંદર્ય અનિત્ય જણાયું અને રાજપાટ તથા સંસાર વ્યવહાર પણ અનિત્ય જણાયો. એ અનિત્ય ભાવની ભરતી એટલા જોરથી આવી કે અંતરમાં રહેલા ક્રોધ, માન, માયા, અને લોભને દૂર ઘસડી ગઈ, અને કર્મ સમૂહનો પણ સદંતર નાશ કર્યો તાત્પર્ય તેમને ત્યાં ઉભા જ કેવળજ્ઞાન થયું, અને ભાવનો મહિમા જગતભરમાં પ્રસરી વળ્યો.

શ્રેષ્ઠિપુત્ર ઈલાચીકુમાર એકવાર નવયૌવના નટપુત્રીને નાચતી જોઈ કામબાણથી વીંધાયો, અને તેની સાથે લગ્ન કરવાના મનોરથવાળો થયો. મિત્રોએ અને કુટુંબીજનોએ ખૂબ સમજાવ્યો છતાં તે ન માન્યો. છેવટે તેના પિતાએ નટને બોલાવી તેની પુત્રીની માગણી કરી તો તેણે જણાવ્યું કે શેઠજી! આ પુત્રી વડે તો હું

જગતમાં પૂજાઉં છું, અને ઇચ્છિત ધનમાલ મેળવું છું. તેથી તમારો પુત્ર જો અમારી સાથે રહે, અમારી વિદ્યા શીખે અને કોઈ રાજાને રીઝવી મોટું દાન મેળવે તો તેને મારી પુત્રી પરણાવું.' શરતો ઘણી અપમાનજનક હતી પણ કામીને માન શું અને અપમાન શું. ઈલાચીકુમારે એ શરત કબૂલ કરી અને તેની સાથે રહેવા માંડયું. તે થોડા વખતમાં એની બધી કળા શીખી ગયો, અને રાજાને રીઝવવા માટે બેનાતટ નગરે ગયો, અને ત્યાં તેણે અદ્દભૂત કહી શકાય એવા ખેલો કર્યા, પણ રાજા રીઝયો નહિ, રાજાએ પેલી નટડીને જોઈ હતી, એટલે તેનું મન એમાં પરોવાયું હતું. જો આ નટ ખેલ કરતાં ખલાસ થાય તો નટડી જરૂર મને મળે, એવા ખ્યાલથી તે કંઈપણ બોલતો ન હતો. ઇલાચીને પાકો વહેમ પડયો કે દાળમાં કંઇક કાળું છે. પણ નટડીના આગ્રહથી તે ફરી વાંસ પર ચડયો, અને પોતાની અદ્દભૂત કરામત બતાવવા લાગ્યો. એવામાં એક ઘટના બની ગઇ. તેની નજર બાજુના મકાનમાં પડી. ત્યાં વસ્ત્રાલંકારથી સુસજ્જ થયેલી એક નવયૌવના હાથમાં મોદકનો થાળ લઇને ઉભી હતી, અને ભિક્ષાર્થે પધારેલા મુનિરાજને તે વહોરવા માટે આગ્રહ કરી રહી હતી. પણ મુનિએ તેની સામે ઊંચી આંખે જોયું પણ નહિ. સર્વ સંયોગોનો વિચાર કરી તેઓ ત્યાંથી ચાલતા થયા. આ જોઇ ઇલાચીકુમારને વિચાર આવ્યો કે એક નવયૌવનાનું એકાંતમાં મિલન થાય છે, છતાં આ મહાપુરૂષનું રૂંવાડુંએ ચાલતું નથી, અને હું તો લાજ આબરૂ છોડીને એક નટડીની પાછળ ભમી રહ્યો છું, અને તે મને કયારે પ્રાપ્ત થાય? આવી આશામાં આં જીવ સટોસટના ખેલ કરી રહ્યો છું. ખરેખર! મને ધિક્કાર છે! મારા જેવો મહામૂર્ખ આ જગતમાં બીજો કોણ હશે? અ શુભ ભાવ હતો અને તે ઉલ્લાસ પામવા લાગ્યો, એટલે તેના અંતરમાં વીંટળાયેલા મોહ અને અજ્ઞાનના પડદા તૂટવા લાગ્યા, અને તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ક્ષણ

પહેલાંનો એક કામાંધ નટ ક્ષણ પછી કેવળજ્ઞાની બને, અને સહુની વંદનાનો પાત્ર થાય એ શું ઓછો ચમત્કાર છે?

રાજા પ્રસન્નચંદ્રે દુર્ભાવના યોગે સાતમી નરકને યોગ્ય કર્મોનું ઉપાર્જન કર્યું હતું, પણ ફરી સદ્ભાવના જાગૃત થતાં અને તે ઉત્તરોત્તર ઉલ્લાસ પામતાં એ સર્વ કર્મો ખપી ગયાં અને તેઓ કેવળજ્ઞાનના સ્વામી બન્યા, એ હકીકત પણ ભાવમાં રહેલી અગાધ–અચિંત્ય શકિતનો પરિચય આપે છે.

દીપક નાનો હોવા છતાં ગૃહમાં રહેલા અંધકારનો નાશ કરે છે, તેમ ભાવવાળું અનુષ્ઠાન નાનું હોય છતાં કર્મનો નાશ કરે છે, અને મુકિતનું શાશ્વત સુખ મેળવી આપવામાં સમર્થ થાય છે, તેથી સર્વ મુમુક્ષુઓએ ભાવ ધર્મનું યથાવિધિ સેવન કરવું.

પ્રકરણ આઠમું
પંચાચાર

આ જગતમાં અનેક જાતના આચારો પ્રવર્તે છે. તેમાં જ્ઞાતિ, સમાજ કે દેશના બંધારણ અંગે પ્રવર્તેલા આચારો લૌકિક કે દ્રવ્યાચાર છે અને આત્મવિકાશ, પરમપદ કે શ્રેયસૂની સાધના અંગે પ્રવર્તેલા આચારો લોકોત્તર કે ભાવાચાર છે. આ બે પ્રકારના આચારોમાંથી ભાવાચાર ઉપાદેય થાય છે, કારણ કે દરેક મુમુક્ષુનું લક્ષ્ય આત્મવિકાસ, પરમપદ કે શ્રેયસૂની સાધના જ હોય છે.

શ્રેયસૂની સાધના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના વડે જ થાય છે, તથા તેમાં વીર્યનો પરમ ઉલ્લાસ આવશ્યક હોય છે, એટલે ભાવાચારના પાંચ પ્રકારો પાડવામાં આવ્યા છે: ૧, જ્ઞાનાચાર, ૨, દર્શનાચાર, ૩, ચારિત્રાચાર, ૪, તપાચાર અને ૫, વીર્યાચાર આ પાંચ આચારોને પંચાચાર કહેવામાં આવે છે, અને તેનો જ પરિચય અહીં પ્રસ્તુત છે.

જ્ઞાનાચાર

જ્ઞાન શબ્દથી અહીં પંચવિધ જ્ઞાન નહિ પણ શ્રુતજ્ઞાન કે શાસ્ત્રજ્ઞાન સમજવાનું છે. તેનું મહત્ત્વ પ્રકાશતાં જૈન મહર્ષિઓએ જણાવ્યું છે કે 'જેમ દોરડાની રાશ કુમાર્ગે ચાલતા બળદને સન્માર્ગે લઈ જાય છે, અને ચોકડું કે ચાબુક કુમાર્ગે ચાલતા ઘોડાને

સુમાર્ગે લઈ જાય છે, તેમ આ શ્રુતજ્ઞાન જીવોને સન્માર્ગે લઈ જાય છે.' આજથી લગભગ પચીસો વર્ષ પૂર્વે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના શ્રમણ કેશિકુમાર અને શ્રી મહાવીર સ્વામીની પરંપરાના ગણધર શ્રી ગૌતમ સ્વામીનું ઐતિહાસિક મિલન થયું ત્યારે શ્રમણ કેશિકુમારે કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. તેમાં એક પ્રશ્ન એવો હતો કે "હે ગૌતમ ! આ મહાસાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો ખૂબ દોડી રહ્યો છે. તેના પર બેઠેલા તમે ઉન્માર્ગે કેમ જતા નથી ?' તેના ઉત્તરમાં શ્રી ગૌતમ સ્વામીએ કહ્યું હતું કે 'હે મહામુનિ ! તે વેગભર દોડતા ઘોડાને અર્થાત્ મનને શ્રુત (શાસ્ત્ર) રૂપી લગામથી હું બરાબર કાબુમાં રાખું છું. તેથી તે ઉન્માર્ગે જતો નથી.'

આ ઉત્તર પરથી શ્રુતજ્ઞાનનું કેટલું મહત્ત્વ છે, તે સ્પષ્ટ થાય છે. તેના અધ્યયન અંગે જૈન મહર્ષિઓએ જણાવ્યું છે કે 'આખા દિવસમાં એક જ પદ ભણી શકાય અથવા પંદર દિવસમાં અર્ધો શ્લોક જ ભણી શકાય, તો પણ જો જ્ઞાન શીખવાની ઇચ્છા હોય તો એ ઉદ્યમ છોડવો નહિ.'

શ્રુતજ્ઞાનનું અધ્યયન કરવા માટે જે આઠ નિયમો પ્રતિષ્ઠિત થયેલા છે. તેને જ અહીં જ્ઞાનાચાર સમજવાનો છે. તે આઠ નિયમોનાં નામો નીચે મુજબ છે: (૧) કાલ, (૨) વિનય, (૩) બહુમાન, (૪) ઉપધાન, (૫) અનિહ્નવતા, (૬) વ્યંજન શુદ્ધિ, (૭) અર્થશુદ્ધિ, અને (૮) તદુભય શુદ્ધિ.

૧ કાલ : શાસ્ત્રોના સ્વાધ્યાય માટે જે કાલ નક્કી થયો હોય તે કાલે જ તેનું અધ્યયન કરવું, પણ તે સિવાયના કાલે તેનું અધ્યયન કરવું નહિ,

૨ વિનય : જ્ઞાન આપનાર ગુરૂનો વિનય કરવો. અર્થાત્ ગુરૂ આવે ત્યારે ઉભા થવું, ગુરૂની સામે હાથ જોડીને ઉભા રહેવું,

ગુરૂને બેસવા માટે આશન આપવું, ગુરૂને આશન આપ્યા પછી જ પોતે આશન સ્વીકારવું, ગુરૂને વંદન કરવું, ગુરૂનો સત્કાર કરવો અને ગુરૂનું પૂરેપૂરું માન જળવાય તે રીતે વર્તવું.

૩ બહુમાન: ગુરૂ પ્રત્યે અત્યંત આદરભાવ રાખવો. વિનયમાં બાહ્યોચ્ચાર મુખ્ય છે, અને બહુમાનમાં આંતરિક સદ્‌ભાવ મુખ્ય છે.

૪ ઉપધાન : જ્ઞાન પ્રાપ્તિ માટે તપોમય વિશિષ્ટ અનુષ્ઠાન કરવું. જ્ઞાનપ્રાપ્તિમાં મુખ્ય અંતરાય પ્રમાદ અને જાડયતા છે, તે બન્ને દોષો આ તપ વડે દૂર થાય છે.

૫ અનિહ્નવતા : જ્ઞાનદાતા ગુરૂનો કે સર્વજ્ઞભાષિત સિદ્ધાન્તોનો અપલાપ કરવો નહિ. જે ગુરૂએ જ્ઞાન આપ્યું હોય તે બહુ પ્રસિદ્ધ ન હોય કે જાતિ અથવા કુલથી ઉચ્ચ ન હોય તેટલા માટે તેમનું નામ છૂપાવીને કોઇ પ્રસિદ્ધ કે જાતિ અથવા કુલથી ઉચ્ચ એવા ગુરૂનું નામ બતાવવું તે નિહ્નવતા છે. તેમજ સર્વજ્ઞોએ જે સિદ્ધાંતોની પ્રરૂપણા કરી છે તેનો લોપ કરીને ભળતા જે સિદ્ધાંન્તોની પ્રરૂપણા કરવી તે પણ નિહનવતા છે. આ બંન્ને દોષોનું સેવન કરનારને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. એટલું જ નહિ પણ જે જ્ઞાન મેળવ્યું હોય છે, તે પણ નિષ્ફળ થાય છે.

૬ વ્યંજન : શાસ્ત્રોની રચના વ્યંજનો કે અક્ષરો વડે થાય છે, એટલે તેની શુદ્ધિ જાળવવી, અર્થાત્ તેમાં કંઇ પરિવર્તન ન થઈ જાય તેની ખાસ કાળજી રાખવી. એકાદ અક્ષર ફરી જવાથી કે કાનો, માત્રા મીંડીમાં વધારો-ઘટાડો થવાથી અનર્થ થાય છે, અને તેથી મહાદોષના ભાગી બનાય છે.

૭ અર્થ : શાસ્ત્રોના અર્થને બરાબર જાળવી રાખવો અર્થ ફરે તો અનર્થ થાય એ દેખીતું છે.

૮ તદુભય : સૂત્ર અને અર્થ બરાબર હોય પણ તેનો અર્થ

કરતી વખતે પદવ્યત્યાસ ન થવા દેવો એ તદુભય છે. તેની શુદ્ધિ ન જળવાય તો પણ અનર્થ થવા સંભવ છે.

દર્શનાચાર.

અહીં દર્શન શબ્દથી સમ્યક્ત્વ અભિપ્રેત છે. તેની શુદ્ધિ માટે જે આઠ નિયમો પ્રતિષ્ઠિત થયેલા છે, તેને અહીં દર્શનાચાર સમજવાના છે. તે આઠ નિયમોનાં નામો નીચે મુજબ છેઃ (૧) નિઃશંકિતા, (૨) નિષ્કાંક્ષિતા, (૩) નિર્વિચિકિત્સા, (૪) અમૂઢદૃષ્ટિ, (૫) ઉપબૃહણા, (૬) સ્થિરીકરણ, (૭) વાત્સલ્ય, અને (૮) પ્રભાવના

૧, નિઃશંકિતા : જિનવચનમાં શંકા કરવી નહિ. અહીં મુમુક્ષુ એવો વિચાર કરે કે–

वीतरागा हि सर्वज्ञाः मिथ्या न ब्रुवते क्वचिद्
यस्मात् तस्मात् वचस्तेषां तथ्यं भूतार्थ दर्शनम्

વીતરાગો ખરેખર સર્વજ્ઞ છે. તેઓ કદી પણ મિથ્યા બોલતા નથી; તેથી તેમનું વચન તથ્ય છે, અને જગતના સ્વરૂપનું સત્ય દર્શન કરાવનારું છે.'

૨ નિષ્કાંક્ષિતા : અન્ય મતની ઇચ્છા કે અભિલાષા કરવી નહિ.' અહીં મુમુક્ષુ એવો વિચાર કરે, કે જે જિનેશ્વર દેવોએ કહ્યું છે તે જ સત્ય છે, તેજ આચરવા યોગ્ય છે, અને તે જ મુક્તિ મંદિરે પહોંચાડનાર છે. તેથી મારે બીજા મતથી સર્યું. ઘેબરનું ભોજન મૂકીને કાંગ કુસકાનું ભોજન કોણ કરે ?

૩, નિર્વિચિકિત્સા : સાધુ સાધ્વીનાં વસ્ત્રો કે ગાત્રો મલિન જોઇને તેની જુગુપ્સા પણ કરવી નહિ. તેમજ મતિનો વિભ્રમ થવા દેવો નહિ, શ્રી જિનેશ્વર દેવે આત્મ વિકાસ માટે જે જે સાધના બતાવી છે તેનું ફળ મળશે કે નહિ.' એવો સંદેહ ઉત્પન્ન થવો તેને અહીં મતિ વિભ્રમ સમજવાનો છે.

૪, અમૂઢદૃષ્ટિ : મૂઢ દૃષ્ટિવાળા થવું નહિ. મૂઢ દષ્ટિવાળા મનુષ્યો હાથમાં આવેલા ચિંતામણિ રત્નને કાચનો ટુકડો સમજી ફેંકી દે છે કે સાચા બકરાને કૂતરો માની તેનો ત્યાગ કરે છે. તે માટે બ્રાહ્મણ અને ત્રણ કૂતરાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. અહીં એ વાત પણ સ્પષ્ટ સમજી લેવી જોઇએ કે સરલતા અને મૂઢતા એક નથી. સરલતામાં માયા કપટનો ત્યાગ હોય છે, પણ બુદ્ધિની ભારે કોઇ ખામી હોતી નથી, જ્યારે મૂઢતામાં ભારે ખામી (ગેરહાજરી) હોય છે, અને તેથી સત્યાસત્ય, હિતાહિત કે કર્તવ્યાકર્તવ્ય સમજી શકાતું નથી.

૫, ઉપબૃંહણા : સમાનધર્મીના ગુણની પ્રશંસા કરવી.

૬, સ્થિરીકરણ : કોઇ સમાન ધર્મી ધર્મમાર્ગથી વિચલિત થતો હોય તો તેને યોગ્ય ઉપાયે ધર્મમાર્ગમાં સ્થિર કરવો.

૭, વાત્સલ્ય : સમાન ધર્મી પ્રત્યે પોતાના કુટુંબીજનોની જેમ વાત્સલ્ય રાખવું.

૮, પ્રભાવના : સત્યમાર્ગની પ્રભાવના થાય તેવા પ્રયાસો કરવા. જૈન મહર્ષિઓએ આઠ પ્રકારના પુરૂષોને શાસન પ્રભાવક માન્યા છે તે આ રીતે :

पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य।
विज्जा-सिध्धो अ कवी, अट्ठेव पभावगा भणिआ ॥

(૧) પ્રાવચનિક એટલે સુંદર પ્રવચનો કરનાર, (૨) ધર્મકથી એટલે હૃદયના ગૂઢ સંશયોને પણ છેદી શકે એવી રીતે ધર્મ સમજાવનાર, (૩) વાદી એટલે પ્રમાણ, યુક્તિ અને સિદ્ધાન્તના બલથી સ્વમતનું સ્થાપન કરનાર અને પરમતનો ઉચ્છેદ કરનાર (૪) નૈમિત્તિક એટલે નિષ્ણાત વિદ્યામાં નિષ્ણાત, (૫) તપસ્વી એટલે વિવિધ પ્રકારની ઉગ્ર તપશ્ચર્યા કરનાર, (૬) વિદ્યાવાન્ એટલે યથા-

સમયે મંત્ર-તંત્રનો ઉપયોગ કરી શકનાર, (૭) સિદ્ધ એટલેઅંજન, ચૂર્ણ, લેપ વગેરે સિદ્ધ કરેલા યોગોનું રહસ્ય જાણનાર, અને (૮) કવિ એટલે સુંદર કાવ્યરચના કરી શકનાર, એ આઠ પ્રભાવકો કહેલા છે. શ્રાવકને માટે ×સાત ક્ષેત્રમાં ધન વાપરવું તથા અનુકંપા દાન દેવું એ શાસન પ્રભાવનાનો માર્ગ છે.

ચારિત્રાચાર

ચારિત્રના રક્ષણ અને પાલન માટે જે આચારનું પાલન કરવું તે ચારિત્રાચાર કહેવાય છે. પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિના ભેદથી તે આઠ પ્રકારનો છે.

પ્રથમ ભાગમાં નવતત્ત્વના વિવેચન પ્રસંગે સંવરતત્ત્વના વર્ણનમાં પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિનો પરિચય આપેલો છે, એટલે અહીં તેની પુનરુક્તિ કરતા નથી. પણ તે સંબંધી એટલું સ્પષ્ટીકરણ કરવા ઇચ્છીએ છીએ કે ચારિત્રાચારનું આ સ્વરૂપ શ્રમણ ધર્મને અનુલક્ષીને વર્ણવામાં આવ્યું છે, એટલે શ્રાવકોએ સામાયિક-પોષહ આદિ ક્રિયાઓ કરતાં તેનું પાલન અવશ્ય કરવાનું છે. અને બાકીના સમયમાં પણ તેનો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખીને વર્તવાનું છે.

પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન પ્રણિધાન પૂર્વક એટલે ચિત્તની સમાધિપૂર્વક થાય ત્યારે ચારિત્રાચારનું પાલન થયું ગણાય છે.

તપાચાર

તપનું વિવેચન છઠ્ઠા પ્રકરણમાં વિસ્તારથી કર્યું છે. આ તપ જ્યારે ગ્લાનિ, ખેદ કે કંટાળા વિના કરવામાં આવે, તેમજ તેની

× જિનચૈત્ય, જિનબિંબ, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સાત ક્ષેત્રો કહેવાય છે.

પાછળ પોતાની આજીવિકાદિ ચલાવવાનો હેતુ ન હોય તો એ તપાચાર કહેવાય છે. તપના છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારો છે, તેને જ તપાચારના બાર ભેદો સમજવા. આ આચારનું પાલન કરવા માટે જૈન સંઘમાં નાની મોટી અનેક તપસ્યાઓ નિરંતર થતી જ હોય છે.

વીર્યાચાર

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના કહેલા છત્રીસ આચારોમાં પોતાનું–આત્માનું બળ કે સામર્થ્ય વાપરવું તે વીર્યાચાર છે,

કેટલાક એમ માને છે કે નિયતિના પ્રભાવે જે શુભ કે અશુભ અર્થ મનુષ્યોને મળવાનો હોય છે. તે અવશ્ય મળે છે; અને જીવો ગમે તેવો મોટો પ્રયાસ કે પ્રયત્ન કરે તો પણ ન થવાનું તે થતું નથી, અને થવાનું છે તે મિથ્યા થતું નથી. પણ તેમની આ માન્યતા પ્રત્યક્ષ સિદ્ધ પુરુષાર્થનો અપલાપ કરનારી હોઇ માનવા યોગ્ય નથી. જ્યારે ઉત્થાન (ઉભું થવું), કર્મ (ઊંચું નીચું કરવું વગેરે), બલ (શારીરિક બળ), વીર્ય (અભ્યંતર શક્તિ–જીવનનો ઉલ્લાસ), અને પરાક્રમ (ઇષ્ટ સિદ્ધિમાટેનો પ્રયાસ) રૂપ પુરુષાર્થનું પરિણામ પ્રત્યક્ષ સિદ્ધ છે, એટલે તે માનવા યોગ્ય છે.

પુરુષાર્થની આ પાંચે ભૂમિકાઓ પર પરમ ઉલ્લાસથી પદાર્પણ કરવું એ વીર્યાચરનો મર્મ છે.

જે સાધક પંચાચારમાં પ્રવીણ નથી, તેને માટે મોક્ષ, મુક્તિ, સિદ્ધિ શ્રેયસ્ અતિદૂર છે, એટલે તેણે પંચાચારમાં પ્રવીણ થવું જોઇએ.

પ્રકરણ નવમું

સપ્ત વ્યસન ત્યાગ

વ્યસનથી મનુષ્ય પરાધીન બને છે, અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે અને ધર્મારાધન કે આત્મવિકાસને યોગ્ય રહેતો નથી. એટલે જૈન મહર્ષિઓએ વ્યસનત્યાગનો ખાસ ઉપદેશ આપેલો છે. તેમાં સાત વ્યસનો બહુ મોટાં છે અને તે મનુષ્યને અવશ્ય દુર્ગતિમાં લઈ જાય છે, એટલે તેનો ભારપૂર્વક નિષેધ ફરમાવ્યો છે. આ સાત વ્યસનોનાં નામ નીચે મુજબ સમજવાં: (૧) જુગાર, (૨) ચોરી, (૩) માંસભક્ષણ, (૪) મદિરાપાન, (૫) પરસ્ત્રીસેવન, (૬) વેશ્યાગમન અને (૭) શિકાર.

૧ જુગાર

એક વાર જુગાર ખેલ્યો કે બીજી વાર જુગાર ખેલવાનું મન થાય છે અને બીજી વાર જુગાર ખેલ્યો કે ત્રીજી વાર જુગાર ખેલવાનું મન થાય છે. આમ તેની પરંપરા લંબાતી જ જાય છે, એટલે એક વાર મનુષ્ય તેના પંજામાં ફસાયો કે તેમાંથી નીકળવું મુશ્કેલ થઈ પડે છે. તેમાં એ જુગાર ખેલતાં હારી જવાનો પ્રસંગ આવે, ત્યારે તે બમણા જોરથી ખેલવાનો જુસ્સો પ્રકટી આવે છે ને એ રીતે સર્વનાશ થાય ત્યાં સુધી મનને જંપ વળતો નથી. 'હાર્યો જુગારી બમણું રમે' એ ઉક્તિ સર્વત્ર પ્રસિદ્ધ છે.

'પૈસામાં શું?' 'આનો કંઈ વિસાતમાં છે?' 'રૂપિયા—બે રૂપિયાની હારજીત કંઈ મોટી ન કહેવાય,' એમ માનીને તેનું

સેવન કરનારા હજારો રૂપિયા હારી જાય છે અને છેવટે રસ્તાના રખડતા ભિખારી બની પોતાનું આયુષ્ય પૂરું કરે છે. અહીં કોઇએ એમ સમજવાનું નથી કે આવી હાલત તો સામાન્ય મનુષ્યની જ થાય. વાસ્તવમાં ધનપતિ કે પૃથ્વીપતિ જે કોઇ તેના છંદે ચડયા છે, તે સર્વના હાલ આવા જ બૂરા થયા છે. નળ જેવો પુણ્યશાલી રાજવી કે જેનું નામ લેવામાં પણ લોકો ગૌરવ અનુભવતા હતા, તે જુગારના છંદે ચડયો એટલે રાજપાટ હારી ગયો અને ભૂંડા હાલે ભમવા લાગ્યો. પરાક્રમ માટે પ્રસિદ્ધ થયેલા પાંચ પાંડવોનું શું બન્યું ? તેઓ જુગારના પ્રતાપે જ પોતાનું રાજ્ય હારી ગયા અને દ્રૌપદી જેવી સતી સ્ત્રીને પણ હારી બેઠા. આ અવસ્થામાં તેમને બાર વર્ષ વનવાસ ભોગવવો પડયો અને તેરમે વર્ષે પણ છૂપા રહેવું પડયું. આવા તો બીજા અનેક દૃષ્ટાંતો રજુ થઇ શકે તેમ છે, પણ ગ્રંથવિસ્તારના ભયથી તેનો અહીં ઉલ્લેખ કરતા નથી.

જુગારમાં સહુથી મોટી એબ એ છે કે તે મનુષ્યને અનેક દુર્ગુણોવાળો બનાવે છે અને તેના લીધે તે જીવનમાં કદી ઉંચો આવી શકતો નથી. જુગાર રમતાં જિત થાય અને ખૂબ પૈસા આવી પડે તો તેને ઉડાવવાનું મન થાય છે અને તેમાં મોટા ભાગે માંસભક્ષણ, મદિરાપાન, પરસ્ત્રીસેવન અને વેશ્યાગમનનો જ આશ્રય લેવાય છે. તેજ રીતે જુગાર રમતાં હાર થાય તો ચોરી કરીને, વિશ્વાસઘાત કરીને કે કોઇનો રીતસરનો હકક દબાવીને પણ પૈસા લઈ આવવાનું મન થાય છે,

જુગારીના ચિત્તને જરાએ સ્વસ્થતા હોતી નથી. તે જાત જાતના ઘાટ ઘડયા જ કરે છે અને તેની પૂર્તિ કરવા માટે પ્રયત્નશીલ રહે છે. આ અવસ્થામાં તેને શીલ સંયમ, સદાચાર કે ધર્મના વિચારો આવે કયાંથી ? ઘણીવાર જુગારીઓ અંદરોઅંદર લડી પડે છે અને એક બીજાની છાતીમાં છરીઓ હુલાવી દે છે,

એટલે તેનું અકાળે મોત નિપજવાનો પ્રસંગ આવે છે! ત્યાં શુભ લેશ્યા કે સદ્દગતિનું નિમિત મળે કયાંથી?

આજે જગતમાં જુગારનાં અનેક સ્વરૂપો પ્રવર્તે છે. કેટલાક પત્તાંની જુદી જુદી જાતની રમતો રમીને જુગાર ખેલે છે તો કેટલાક પાસા ફેંકીને જુગાર ખેલે છે. કેટલાક દોડાદોડમાં અમુક પ્રકારની શરત લગાવીને જુગાર ખેલે છે તો કેટલાક તેજી મંદી કે આંકફરક લગાવીને જુગાર ખેલે છે. સટ્ટો પણ એક જાતનો જુગાર જ છે, પણ તે સરકાર માન્ય હોવાથી જુગારમાં લેખાતો નથી.

આ બધા જુગારો જીવનની બરબાદી કરનારા છે અને ધર્મારાધનમાં મોટો અંતરાય ઊભો કરનારા છે, એટલે સુજ્ઞજનોએ તેને છોડી દેવા જ જોઈએ અને પ્રમાણિક પુરુષાર્થથી જે કંઇ પ્રાપ્તિ થાય તેનાથી સંતોષ પામી પોતાનું જીવન સદાચારના માર્ગે વ્યતીત કરવું જોઇએ.

૨. ચોરી

અગ્નિનો તણખો નાનો હોય પણ અવકાશ મળે તો જોત જોતામાં મોટો બની જાય છે અને અનેક વસ્તુઓને બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ ચોરી કરવાની ટેવ કે આદત પ્રારંભમાં નાની હોય છે, પણ તેને અવકાશ મળે તો અત્યંત મોટી બની જાય છે અને અનેક સદ્દગુણોનો ત્વરિત નાશ કરી નાખે છે, તેથી તેની ગણના મહાવ્યસનમાં કરી છે.

ધાન્ય, વસ્ત્ર, આભૂષણ, સોનું, ચાંદી, રોકડનાણું, પાળેલાં પશુઓ વગેરેથી લોકોનો જીવનવ્યવહાર ચાલે છે, એટલે તેમાંથી કોઇ પણ વસ્તુ ચોરી લેવામાં આવે કે તેનું હરણકરવામાં આવે તો તેમને અત્યંત દુઃખ થાય છે. એટલું જ નહિ પણ તેમની પાસે અમુક જ દ્રવ્ય હોય અને તે બધું ચોરાઈ જાય તો તેમને જબ્બર આઘાત પણ લાગે છે અને વખતે મૃત્યુ પણ થાય છે! એટલે ચોરીમાં

ભારોભાર હિંસા ભરેલી છે. બીજી રીતે વિચાર કરીએ તો ચોરી કરનાર દિનપ્રતિદિન નિર્દય થતો જાય છે અને કોઈ તેનો સામનો કરે તો તેના પર જીવલેણ ઘા કરવાનું ચૂકતો નથી. તાત્પર્ય કે ચોરીના ધંધામાં અનેક નિર્દોષોનાં ખૂન કરવાનો પ્રસંગ પણ આવી પડે છે. આથી વધારે નિંદ્ય બીજું શું હોઈ શકે?

જેને ચોરી કરવાની ટેવ પડી છે તે પોતાની ચોરી છૂપાવવા માટે જૂઠું બોલે છે, અનેક જાતની બનાવટો કરે છે અને બીજાને માથે પોતાનો દોષનો ટોપલો ઓઢાડી દેવામાં પણ પાછી પાની કરતો નથી. વળી તેને જુગાર ખેલવાનું દિલ થાય છે, માંસભક્ષણ અને મદિરાપાનમાં મોજ આવે છે. કોઇ સ્ત્રીની લાજ લૂંટતાં જરાએ ખચકાર થતો નથી અને વારંવાર વેશ્યાગમન કરે તો જ તૃપ્તિ થાય છે. આને આપણે અધમતાની અવધિ સિવાય બીજું શું કહી શકીએ?

ચોરી કરવાની આદત એટલી બૂરી છે કે તે શિખામણથી છૂટતી નથી, માર ખાવાથી મટતી નથી કે અનેક પ્રકારનાં અપમાનો સહન કરવા છતાં દૂર થતી નથી એટલું જ નહિ પણ જેલની ભયંકર યાતનાઓ પણ તેને અલગ કરી શકતી નથી. એવા દાખલાઓ જોવામાં આવ્યા છે કે ચોરી માટે સાત વર્ષની સખ્ત મજૂરી સાથેની જેલ ભોગવનારે બીજા જ દિવસે ચોરી કરી હોય અને પાછી જેલયાત્રા વહોરી લીધી હોય. થોડા વખત પહેલાં એક ચોરને તેત્રીશમી વાર ચોરી કરવા માટે પંદર વર્ષની સખ્ત મજૂરી સાથેની જેલ થઇ હતી તે શું સુચવે છે?

ચોરીને શાસ્ત્રીય પરિભાષામાં અદત્તાદાન કહેવામાં આવે છે, કારણ કે તેમાં માલીકે પોતાની રાજીખુશીથી ન આપી હોય તેવી વ તુ લઇ લેવાની ક્રિયા મૂખ્ય હોય છે. તે અનેક રીતે અનેક સ્વરૂપે દેખાવ દે છે. કોઇ ખીસું કાતરીને વસુ કે વસ્તુ તફડાવે

છે, કોઇ તાળું ખોલીને ધનમાલ કાઢી લે છે, તો કોઇ ખાતર પાડીને, વાટ આંતરીને કે ધાડ પાડીને હરિપ્રિયાનું (લક્ષ્મીનું) હરણ કરે છે. વળી કોઇ એકને બદલે બીજો જ માલ પધરાવી દઇ પૈસા પડાવી લે છે, કે માલમાં સેળભેળ કરીને ભળતો જ માલ માગી લે છે, કે ખોટાં તોલમાપનો ઉપયોગ કરી લેવાની વસ્તુ વધારે લઈ લે છે, અને આપવાની વસ્તુ બહુ ઓછી આપે છે. એ ઉપરાંત બીજી પણ અનેક પ્રકારે ચોરીઓ થાય છે.

જૈન મહર્ષિઓ કહે છે કે જે ચોરી કરે છે, ને ચોરી કરાવે છે, એટલે કે ચોરીના કામમાં ઉત્તેજન આપે છે, જે ચોરને સલાહ આપે છે, જે ચોરનો ભેદ જાળવી રાખે છે, ચોરનો માલ વેચી આપે છે, જે ચોરને ખાનપાન આપીને પોષે છે, અને જે ચોરને સંતાઇ રહેવાનું સ્થાન આપે છે, તે બધા ચોર જ છે. કારણ કે તેનાથી ચોરીનો ધંધો ફાલે-ફૂલે છે.

ચોરીનું ધન કાચા પારા જેવું ગણાય છે. એટલે કે તે કોઇને પચતું નથી. તે આવ્યા પછી અનેક જાતના ઉપદ્રવો થાય છે, બુદ્ધિ બગડે છે, અને છેવટે ખાનાખરાબી કરીને ચાલ્યું જાય છે.

આ બધાં કારણોનો વિચાર કરીને સુજ્ઞ પુરૂષે ચોરીથી સદંતર દૂર રહેવું જોઇએ, અને ભૂલેચૂકે કોઇને ઉત્તેજન ન અપાઇ જાય તેની પૂરેપૂરી તકેદારી રાખવી જોઈએ.

૩, માંસભક્ષણ

માંસની ઉત્પત્તિ ઘોર હિંસા વિના થતી નથી. વળી માંસનો સ્વાદ જીભે લાગ્યો કે છૂટવો મુશ્કેલ થઈ પડે છે, અને તેમાં બીજા પણ અનેક દોષો રહેલા છે, તેથી માંસભક્ષણ કે માંસાહારને મહા વ્યસન માનવામાં આવ્યું છે.

કેટલાક કહે છે કે અમે માંસભક્ષણ કે માંસાહાર નિમિત્તે સ્વયં પ્રાણીની હિંસા કરતા નથી, પણ બીજા કરે છે, તેનો દોષ

અમને શા રીતે લાગે? એનો ઉત્તર એ છે કે 'સ્વયં હિંસા કરવી, બીજા પાસે હિંસા કરાવવી અને હિંસકને ઉત્તેજન આપવું, એમાં તાત્ત્વિક રીતે કોઇ તફાવત નથી. તમે સ્વયં હિંસા ન કરો પણ તમારા નોકર, ચાકર કે આશ્રિતને એવી આજ્ઞા કરો કે 'તું મારા માટે અમુક પ્રાણીને મારી લાવ' તો એમાં ફેર શું પડયો? એ હિંસા તમારા નિમિત્તે જ થઇ. જો તમે એવી આજ્ઞા ન કરી હોત તો એ નોકર, એ ચાકર કે એ આશ્રિત પ્રાણીને ન મારત, એ નિશ્ચિત છે. અથવા તમે કસાઇને ત્યાંથી માંસ ખરીદી લાવો તો એણે જે હિંસા કરી તે કોના નિમિત્તે કરી? જો તમે એને ત્યાંથી માંસ ખરીદતા ન હો તો એ પ્રાણીને મારે શા માટે?

અહીં એમ કહેવામાં આવે છે કે એ તો બધાને માટે હિંસા કરે છે, તો તમે પણ તેમાંના એક ભાગીદાર છો, એ કેમ ભૂલી જાઓ છો? તાત્પર્ય કે માંસભક્ષણ કરનારા એક યા બીજા પ્રકારે નિર્દોષ પ્રાણીની ઘોર હિંસા માટે જવાબદાર છે, અને તેઓ એનાં કટુ ફળોમાંથી મુક્ત થઇ શકતા નથી.'

કેટલાક કહે છે કે "માંસાભક્ષણમાં હિંસા રહેલી છે, તો વનસ્પતિ કે શાકભાજીનો આહાર કરવામાં હિંસા કયાં રહેલી નથી? વાસ્તવમાં કોઇ પણ પ્રકારની હિંસા વિના ઉદરપૂર્તિ થવી અશકય છે, તેથી માંસભક્ષણનો નિષેધ અમારા ગળે ઉતરતો નથી.' આ મહાનુભાવોએ જાણવું જોઇએ કે 'બધી હિંસા સરખી હોતી નથી. તેમાં તરતમ ભાવે ઘણો ભેદ હોય છે, વનસ્પતિ કે શાકભાજીનું ભક્ષણ કરતાં કેટલીક હિંસા અવશ્ય થાય છે, પણ તે સામાન્ય પ્રકારની હોય છે. જ્યારે માંસભક્ષણ કરતાં પંચેન્દ્રિય પ્રાણીનો વધ થવાનો પ્રસંગ આવે છે, અને તે હિંસા ઘોર છે, એટલે તેનો ત્યાગ કરવો ઉચિત છે. વળી કોઇ પણ પ્રકારની હિંસા વિના ઉદરપૂર્તિ થવી અશકય છે. એ વાત સાચી; પણ તે હિંસા

ઓછામાં ઓછી કેમ થાય ? તેની કાળજી રાખીએ તો જ અહિંસાને આચારમાં મૂકી ગણાય. આ દૃષ્ટિએ માંસભક્ષણ કે માંસાહાર વર્જ્ય છે, અને વનસ્પતિ કે શાકાહાર ઇષ્ટ છે.'

કેટલાક કહે છે કે 'બધા માણસો વનસ્પત્યાહારી કે શાકાહારી થાય તો એને પહોંચે એટલું અનાજ કે શાકભાજી આ જગત્‌માં પેદા થતી નથી, માટે માંસભક્ષણનો નિષેધ કરવો ઉચિત નથી.' તેમને અમારો ઉત્તર એ છે કે 'ઉત્પાદનના જે આંકડાઓ રજૂ થાય છે તે ભરોસાપાત્ર હોતા નથી. એટલું જ નહિ પણ કેટલીક વાર ઇંદ્રજાળ જેવા પણ હોય છે, એકવાર ઇંગ્લાંડના એક પ્રધાનને પાર્લામેન્ટમાં ભારત વિષે કંઈક બોલવું હતું, એટલે તેણે ઇન્ડીયા ઓફીસ આગળ અર્થોત્પાદનના આંકડા માગ્યા. તે વખતે તેમને સામેથી પૂછવામાં આવ્યું કે 'આપને કઇ જાતના આંકડાઓ જોઇએ છે? જો ભારત ગરીબ છે, એમ બતાવવું હોય તો અમુક પ્રકારની ફાઇલો આપીએ.' આ પરથી આંકડાઓને કેટલું વજન આપવું તે કોઇપણ સુજ્ઞ પાઠક સમજી શકશે. આ સ્થિતિમાં તેના આધારે કોઇપણ સિદ્ધાન્ત કેમ બાંધી શકાય? બીજુ આપણો રોજિંદો અનુભવ એમ કહે છે કે મનુષ્યને જેટલું જોઇએ તેટલું અનાજ, ફળફૂલ, શાકભાજી વગેરે ધરતીમાંથી મળી રહે છે, એટલે તેની તંગીનો હાઉ બતાવવો એ કોઈપણ રીતે વ્યાજબી નથી. અને માની લ્યો કે અનાજ તથા શાકભાજી વગેરેનું ઉત્પાદન ઓછું છે, તો એને વધારવા જેટલી બુદ્ધિ મનુષ્ય પાસે કયાં નથી ? સાચી વાત એ છે કે માંસાહારમાં મુગ્ધ બનેલા મનુષ્યો પોતાની આદતને પોષવા આવા આવા તુક્કાઓ જોડી કાઢે છે અને તેનો પ્રચાર કરે છે, એટલે તેમાં કંઈ તથ્ય નથી.

કેટલાક કહે છે કે "માંસભક્ષણથી શરીર બળવાન બને છે, અને વનસ્પત્યાહાર કે શાકાહારથી માયકાંગલું રહે છે, માટે અમે

તો માંસભક્ષણને જ પસંદ કરીએ છીએ. તેમને એટલું જ કહેવાનું કે 'આ તો એક જાતનો ભ્રમ માત્ર છે. તેની પાછળ પુરાવાનું કોઈ બળ નથી. વનસ્પત્યાહારી કે શાકાહારીને ઘી, દૂધ, તથા અન્ય સાત્વિક ખોરાકમાંથી જે બળ મળે છે, તે અસાધારણ હોય છે, અને તેના લીધે તેઓ ધાર્યાં કામ પાર પાડી શકે છે, મંત્રી વિમળશાહ, મંત્રી વસ્તુમાલ, મંત્રી તેજપાળ, વીર ભામાશાહ, વગેરે શુદ્ધ વનસ્પત્યાહારી હતા. તેમ છતાં તેમનામાં અસાધારણ બળ હતું અને તેના લીધે તેઓ અનેક લડાઇઓમાં વિજય મેળવીને પરાક્રમી તરીકે પંકાયા હતા. પશુઓ તરફ નજર કરો તો ત્યાં પણ આવી જ સ્થિતિ નજરે પડશે. હાથી, ઘોડો. સાંઢ વગેરે માત્ર વનસ્પતિનું ભક્ષણ કરવા છતાં કેટલા બધા બળવાન છે? અહીં કોઇ એમ કહે કે 'એ બધા બળવાન છે ખરા, પણ સિંહ વાઘ તેમને મહાત કરી દે છે, કારણ કે તેઓ એનાથી વધારે બળવાન છે. અને તે બળ એમને માંસાહારમાંથી પ્રાપ્ત થાય છે. તો એ સર્વથા સાચું નથી, હાથીઓએ સિંહ અને વાઘને પગ તળે ચગદીને સૂંઢ વડે ચીરી નાખ્યાના દાખલાઓ પણ અનેક જોવામાં આવે છે. એટલું જ નહિ પણ સૌરાષ્ટ્રના ગીર જંગલો કે જ્યાં સિંહની વસ્તી સારા પ્રમાણમાં જણાય છે. ત્યાં ભેંસો એટલી મજબુત હોય છે, કે તે સિંહનો સામનો સારી રીતે કરી શકે છે, અને તેથી સિંહ એનાથી બીએ છે. એટલે માંસભક્ષણથી બળવાન બનાય છે, એ ભ્રમ મનમાંથી કાઢી નાખવો જોઇએ.

માંસભક્ષણથી જડતા વધે છે, તમોગુણમાં વધારો થાય છે, અને મનનાં પરિણામો જલદી હિંસક બને છે, એ કોનાથી અજાણ્યું છે?

જૈન મહર્ષિઓ કહે છે કે પ્રાણીના મરણ પછી તરત જ માંસમાં સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે, એટલે તે દૂષિત બને છે, તેથી નરકના ભાતા જેવા માંસનું ભક્ષણ કોણ કરે? અર્થાત્ કોઇ સુજ્ઞ પુરુષ તો ન જ કરે.

એક વખત એક રસોઈયાએ કોઈ રાજકુમારને તરતના મરી ગયેલા બાળકનું માંસ રાંધીને આપ્યું, તે રાજકુમારની દાઢે લાગ્યું, એટલે રોજ એવા માંસની માગણી કરવા લાગ્યો. પણ રોજ મરેલાં બાળકો મળે કયાંથી ? એટલે તે ચોરી છુપીથી લોકોનાં બાળક ઉપાડવા લાગ્યો, અને તેનું મરણ નીપજાવીને તેના માંસથી રાજકુમારની રસલાલસા પોષવા લાગ્યો. આ વાત રાજકુમારના જાણવામાં આવી પણ તેણે એ રસોઈયાને વાર્યો નહિ. એટલું જ નહિ પણ "હાલ રસોઈ સરસ બને છે" એમ કહીને તેને ઈનામ આપ્યું, એટલે એ મહાનિંદ્ય કાર્ય ચાલુ રહ્યું. આ પ્રમાણે રોજ લોકોનાં બાળકો ગુમ થવા લાગ્યાં, એટલે તેમણે તકેદારી રાખી અને રસોઈયાને પકડી પાડયો. મારની બીકે તે રસોઈયાએ જેવી હતી તેવી હકીકત કહી સંભળાવી એટલે લોકોની ઉશ્કેરણીનો પાર રહ્યો નહિ. તે બધા ટોળે મળીને રાજા આગળ ગયા અને ફરિયાદ કરી. તેથી રાજા રોષે ભરાયો ને કુમારને જાકારો દઈ પોતાની હદ બહાર કાઢયો. એ કુમાર "બાળકખાઉ" તરીકે જાહેર થયેલો હોવાથી કોઈએ તેને આશ્રય આપ્યો નહી, એટલે રખડી રખડીને ભૂંડા હાલે મરણ પામ્યો, અને નરકમાં ઉત્પન્ન થયો.

માંસભક્ષણની આદત મનુષ્યને કેટલો અધમ બનાવે છે, તેનું આ ઉદાહરણ માત્ર છે. તેના પરથી બોધ લઈને મનુષ્યોએ માંસ ભક્ષણનો તરત જ ત્યાગ કરવો ઘટે છે.

૪. મદિરાપાન

માદક પીણામાં મુખ્યતા મદિરાની છે, કે જેને કાદંબરી, વારુણી, સુરા, મદ્ય કે દારૂ કહેવામાં આવે છે. તેનું પાન કરવાથી એક પ્રકારનો કેફ ચડે છે નશો આવે છે, એટલે તે રોજ રોજ પીવાનુ મન થાય છે અને એમ કરતાં એક જાલીમ વ્યસન વળગી પડે છે. પછી તે નાગચૂડની જેમ છૂટવું ઘણું મુશ્કેલ થઈ પડે છે.

દારૂડિયાના હાલ જુઓ. તેમના પગ લથડિયાં ખાતા હોય છે, શબ્દો તોતડાતા હોય છે અને અસંબદ્ધ–પ્રલાપો ચાલુ હોય છે. તેમના મુખમાંથી એક પ્રકારની બદબો આવે છે. અને આંખો લાલઘૂમ બની જાય છે. નથી હોતું તેમના શરીરનું ઠેકાણું કે નથી હોતું તેમનાં વસ્ત્રોનું ઠેકાણું, તે ગમે ત્યાં ને ગમે તેવી હાલતમાં ગબડી પડે છે અને લાંબો સમય મૂર્ચ્છિતની જેમ પડયા રહે છે. એ વખતે તેમના મુખની આસપાસ માખો બણબણતી હોય છે અને હોઠના બંને સંપુટો ખુલ્લા રહી જાય છે. આથી કૂતરાઓ તેમાં પેશાબ કરે છે અને રસ્તે જતા આવતા તમામ મનુષ્યો તેમને તિરસ્કાર ભરી દૃષ્ટિએ જુએ છે.

દારૂડિયાની પાસે પૈસાની વધારે છૂટ હોય તો તે વધારે દારૂ પીએ છે અને વધારે ખરાબી નોતરી લે છે અને પૈસાની તંગી હોય તો માથે દેવું કરીને પણ તે પોતાની તલપ પૂરી કરે છે. પણ વાત એટલેથી પતતી નથી. તે ઘર ખર્ચ માટે રાખેલા પૈસા પણ ઉઠાવી જાય છે અને સ્ત્રીના દાગીના ઉતારી, તેના વેચાણમાંથી આવેલા પૈસા વડે મદિરાપાનની મોજ માણે છે! રાત્રે સમયસર ઘરે આવવાનું તેમને માટે શકય હોતું નથી, એટલે પત્ની રાહ જોતી બેસી રહે છે અને પતિની આ હાલત પર નિસાસાના બે અશ્રુ બિન્દુ સારતી હોય છે. ટૂંકમાં દારૂડિયાનો ઘર સંસાર થોડા જ વખતમાં સળગી જાય છે અને સર્વ સંબંધો સૂતરના કાચા તાંતણાની જેમ ટપોટપ તૂટી જાય છે. પરિણામે તેની સામાજિક પ્રતિષ્ઠાનો નાશ થાય છે અને નહિ ધારેલી ખાનાખરાબી જોવાનો પ્રસંગ આવે છે.

આ સ્થિતિમાં તેઓ દાન, શીલ, તપ કે ભાવનો આશ્રય શી રીતે લઇ શકે? અથવા પંચાચારનું પાલન શી રીતે કરી શકે? વધારે ખેદની વાત એ છે કે તેના આ વખતના સાથીઓનો મોટો

ભાગ જુગારી, ચોર અને રંડીબાજોનો બનેલો હોય છે, એટલે તેઓ સાથે મળીને ધર્મની નિંદા કરે છે. તેના અત્યુત્તમ અનુ-ષ્ઠાનોનો ઉપહાસ કરે છે અને આ જગતમાં મદિરાપાન જેવી બીજી કોઇ મોજ નથી એમ જાહેર કરવામાં અતિશય આનંદ પામે છે!

આથી વધારે અધઃપતન બીજું કયું હોઈ શકે? તાત્પર્ય કે સુજ્ઞજનોએ આ વ્યસનથી સદંતર દૂર રહેવામાં જ શ્રેય છે.

૫. પરસ્ત્રી સેવન

જે દારા કે સ્ત્રી વિવાહ સંબંધથી પરને સમર્પિત થયેલી છે, તેના પ્રેમમાં પડવું કે તેનો સંગ કરવો તે પરદારા ગમન કે પરસ્ત્રી સેવન કહેવાય છે, તેનો નાદ એકવાર લાગ્યો કે છૂટવો મુશ્કેલ થઇ પડે છે, તેની ગણના મહાવ્યસનમાં થયેલી છે.

સરખા કુળ અને આચારવાળી પણ અન્ય ગોત્રથી ઉત્પન્ન થએલી કન્યા સાથે વિવાહિત થવું, તેનાથી સંતુષ્ટ રહેવું અને બાકીની બધી સ્ત્રીઓને માતા ભગિની કે પુત્રીઓ સમ લેખવી એ ગૃહસ્થનું કર્તવ્ય મનાય છે.

અહીં કોઇ એમ કહે કે અમારે વિવાહ કે લગ્ન સંબંધથી ન જોડાવું હોય તો? લગ્ન એક જાતનું બંધન છે અને તે અમને પસંદ નથી.' તેનો ઉત્તર એ છે કે 'જે પુરૂષ સંસાર સુખને અસાર સમજ્યો હોય, અને તેથી બ્રહ્મચર્યની ભાવનાવાળો થયો હોય તે વિવાહ કે લગ્ન બંધનથી ન બંધાય એ ઇચ્છવા યોગ્ય છે, પણ જેનું મન સંસાર સુખમાં લીન છે અને તેથી જે બ્રહ્મચર્ય પાળવા અ-સમર્થ છે, તેણે તો ઉપર જણાવ્યું તેમ સરખા કુળ અને આચાર-વાળી પણ અન્ય ગોત્રથી ઉત્પન્ન થયેલી કન્યા સાથે વિવાહ કે લગ્ન સંબંધથી અવશ્ય જોડાવું જોઇએ લગ્ન એક બંધન છે, પણ તે પવિત્ર બંધન છે અને મનુષ્યની ભ્રમર ભોગી વૃત્તિને કાબૂમાં રાખ-

નારૂં હોઈ સ્વેચ્છાએ સ્વીકારવા જેવું છે, અન્યથા સ્થિતિ હરાયા ઢોર જેવી થવાનો સંભવ છે કે જે અનેક સ્થળે જવા છતાં કંઈ તૃપ્તિ પામતું નથી.

અહીં કોઈ એમ પણ કહે કે 'મનુષ્યની ભ્રમર ભોગી વૃત્તિને કાબૂમાં રાખવાનું પ્રયોજન શું? આથી એક પ્રકારનો અસંતોષ ઉભો નહિ થાય? તેનો ઉત્તર એ છે કે ભ્રમર ભોગી વૃત્તિથી ધર્મનો ધ્વંસ થાય છે, દુરાચાર પેદા થાય છે અને ગૃહસ્થ જીવનની જડ ઉખડી જાય છે, એટલે તેને કાબુમાં રાખવી જ જોઈએ, જયાં સમજપૂર્વક કાબૂ છે ત્યાં અસંતોષનું કંઈ કારણ નથી, બાકી ભ્રમર ભોગી વૃત્તિથી પણ સંતોષ ક્યાં પેદા થાય છે? આ એક સ્ત્રીના પ્રેમમાં તો કાલે બીજી સ્ત્રીના પ્રેમમાં, એમ અનેક સ્ત્રીઓના પ્રેમમાં પડનારને અથવા નિત્ય નવાં પાત્રો શોધનારને સંતોષનો સ્પર્શ થાય જ ક્યાંથી? જેમ અગ્નિમાં ઘી હોમવાથી તે શાંત થતો નથી પણ વિશેષ પ્રદીપ્ત થાય છે, તેમ વિષયવાસનાઓને તૃપ્ત કરવાથી તે શાંત થતી નથી પણ વિશેષ પ્રદીપ્ત થાય છે, તેથી તેના પર કાબૂ મેળવવો એ જ ઇષ્ટ છે. અને તે કાબૂ મેળવવામાં વિવાહિત જીવન અગત્યનો ભાગ ભજવે છે, એટલે જ તેની હિમાયત છે'

'વિવાહિતા સિવાયની અન્ય સ્ત્રીઓમાંથી માતાઓ કોને ગણવી? અને ભગિનીઓ કોને ગણવી? અને પુત્રીઓ કોને ગણવી? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે જે સ્ત્રીઓ પોતાની ઉમરથી મોટી હોય તેમને માતાઓ ગણવી. જે સ્ત્રીઓ લગભગ સમાન વયવાળી હોય તેમને ભગિનીઓ ગણવી અને જે સ્ત્રીઓ પોતાની ઉંમરથી લઘુ વયની હોય તેમને પુત્રીઓ ગણવી,'

જેઓ ગૃહસ્થાશ્રમના આ પવિત્ર કર્તવ્યનો લોપ કરીને માતા સમાન, ભગિની સમાન કે પુત્રી સમાન પરદારાઓના પ્રેમમાં આસક્ત બને છે, તેમને શું કહેવું? કોઇકે ઠીકજ કહ્યું છે કે ક્રોધી,

લોભી, કૃપણ, માની, મદાંધ. ચોર, જુગારી અને ચુગલ એટલે વ્યભિચારી કે પરસ્ત્રીનું સેવન કરનાર, એ આઠે જણ આંખે દેખવા છતાં આંધળા છે.

જે મનુષ્યો પોતાની સ્ત્રી પર કોઇ કુદૃષ્ટિ ન કરે તે માટે ભારે તકેદારી રાખે છે અને તે દુરાચારિણી થાય તો અત્યંત દુઃખનો અનુભવ કરે છે, તે પરસ્ત્રીનું સેવન શી રીતે કરી શકે? તાત્પર્ય કે જેવું દુઃખ પોતાને થાય છે તેવુંજ દુઃખ બીજાને પણ થતું હશે, એમ માનીને તે પરસ્ત્રી સેવનથી અળગા જ રહે.

વળી જે મનુષ્યો નિરંતર સુખની કામનાવાળા છે અને દુઃખથી દૂર ભાગનારા છે, તેને પરસ્ત્રીનું સેવન કેમ પરવડે? એમાં સુખ ક્ષણિક છે અને દુ.ખ પારાવાર છે. જો દુરાચાર કરતાં પકડાયા–અવશ્ય પકડાવું જ પડે છે—તો હાડકાં પાંસળાં ખોખરાં થયાં જ સમજો, અથવા છાતી, પેટ કે ગરદનમાં તીક્ષ્ણ ખંજર ભોંકાયું જ સમજો. આવો દુરાચાર કરનાર મૃત્યુ બાદ ઘોર નરકમાં ઉત્પન્ન થાય છે અને ઘણા લાંબા સમય સુધી અસહ્ય યાતનાઓ ભોગવ્યા કરે છે, તેથી પણ તેની ખતરનાકતાનો ખરો ખ્યાલ આવી શકે છે.

રાવણ એક બળવાન રાજા હતો. વિવિધ વિદ્યામાં વિશારદ હતો અને પરાક્રમી તરીકે પ્રસિદ્ધિ પામ્યો હતો, પરંતુ પરસ્ત્રી સેવનના છંદે ચડયો, એટલે બરાબર પટકાયો અને કાયમને માટે કૃષ્ણ–મુખવાળો થયો. ગુજરાતના રાજા કરણઘેલાનું શું બન્યું? તે રૂપમાં મોહાંધ બની પ્રધાનપત્નીના પ્રેમમાં પડયો એટલે બધું રાજપાટ હારી ગયો અને ગુજરાતને ગળે પરતંત્રતાની બેડી ઘાલતો ગયો કે જે આજ સુધી નીકળી શકી નથી. જે શ્રીમંતો, લક્ષ્મી પુત્રો કે રાજ્યકર્મચારીઓ આ રસ્તે ચડયા, તેમની પૂરી પાયમલી થઇ છે અને તેમના કુટુંબીજનો રખડી પડયા છે. આ વ્યસનની દુષ્ટતાનો આથી વધારે પુરાવો બીજો શો જોઇએ.

જૈન મહર્ષિઓ કહે છે કે 'તમે સાચા માનવ હો તો પર સ્ત્રીનું લાવણ્ય જોઇને લલચાશો નહિ. સૌંદર્ય જોઇને સળવશો નહિ. કલાકુશલતા જોઇને કામાંધ બનશો નહિ. એને કુદરતનો ખેલ માની તમારી મર્યાદામાં રહેજો અને સ્વદારામાં છુપાયેલા અનેકવિધ ગુણોનો આદર કરી તેનાથી જ સંતોષ માનજો.

જે પુરૂષો પરસ્ત્રીનું રૂપ, લાવણ્ય કે સૌંદર્ય જોઇને વરસાદની જલધારાથી હણાયેલા બળદોની જેમ પૃથ્વી ભણી નીચું જુએ છે, તે ખરેખર! વંદનીય છે, આથી વધારે બીજું શું કહીએ?

૬. વેશ્યાગમન

દેહ વિક્રય કરનારી સ્ત્રીઓને વારાંગના, ગણિકા કે વેશ્યા કહેવામાં આવે છે. તેના છંદે ચડવું, તેની પ્રીતિ કરવી, તેનો સહવાસ કરવો તે વેશ્યાગમન નામનો દુરાચાર છે. આ દુરાચારમાં ફસાયા પછી મનુષ્ય સહેલાઇથી સન્માર્ગે આવી શકતો નથી, તેથી તેના પર મહાવ્યસનની મહોરછાપ પડી છે.

વેશ્યાગમન શરૂ થયું કે લક્ષ્મી લીલા સંકેલવા મંડે છે, ચેપી રોગો ચંચળતા ધારણ કરે છે, ગૃહજીવનમાં વડવાનલની આગ ઉઠે છે અને કીર્તિનો કલાપ સાવ કરમાઇ જાય છે. આ સ્થિતિમાં પરલોકનું પાથેય તો બંધાય જ કયાંથી?

વેશ્યાગમનથી સુખની ઇચ્છા રાખવી, એ વિષભક્ષણ કરીને દીર્ઘાયુ પાળવાના પ્રયોગ જેવી નિરર્થક ચેષ્ટા છે. જ્યાં પ્રેમનાં પાત્રો ઘડી ઘડી બદલાતાં હોય જ્યાં સ્નેહનો સ્વાંગ ક્ષણે ક્ષણે નવું રૂપ ધારણ કરતો હોય અને જ્યાં સર્વ જીવન વ્યવહાર ધન પ્રાપ્તિ માટે જ ચાલતો હોય ત્યાં સુખની છાયા કેવી! વળી એ પણ વિચારવા જેવું છે કે જે મુખ માંસ ભક્ષણ અને મદિરા પાનથી દુર્ગંધિત બનેલું છે અને વિવિધ પ્રકારના ચર પુરુષો વડે વારંવાર ચુમ્બિત થયેલું છે, તેનુ ચુંબન કરવામાં શો સ્વાદ હોય?

જેમ શેરડીનો સાંઠો ચીચુડામાં આવીને ચોળાઇ જાય છે અને કસ વિનાનો થતાં દુર ફેંકાઇ જાય છે, તેમ વેશ્યાગમન કરનારો પુરૂષ પ્રેમ પ્રલોભનમાં આવીને ફસાઇ જાય છે અને સર્વ દ્રવ્ય ગુમાવી કસ વિનાનો થતાં દુર ફેંકાઇ જાય છે. જ્યાં સ્વાર્થ, શઠતા, ને શેતાનીયતનું સામ્રાજ્ય જામ્યું હોય ત્યાં નિઃસ્વાર્થ પ્રેમ, સરલતા અને સહૃદયતાનાં દર્શન થાય કયાંથી?

જેમ વરસાદનું ઝાપટું પડતાં અસંખ્ય બિલાડીના ટોપ ઉગી નીકળે છે, તેમ વેશ્યાગમન શરૂ થતાં અસંખ્ય દુર્ગુણો ફુટી નીકળે છે અને તે મનુષ્યનું પૂરેપૂરૂં પતન કરે છે. કોઇ પૂછે કે ભાઇ કયાં ગયા હતા? તો વેશ્યાગમન કરનારો પુરૂષ ભળતો જ જવાબ આપશે અને પોતાની સાચી સ્થિતિ છૂપાવવાનો પ્રયત્ન કરશે. તેને ધનની જરૂર વારંવાર પડવાની, એટલે ઘરમાંથી ચોરી કરશે, દુકાનમાંથી માલ તફડાવશે, કોઇ સ્નેહી સંબંધીનું ખીસું તપાસશે અને તેમ કરતાં ધન નહિ મળે તો ચોરોની ટોળીમાં સામેલ થઇને કોઇનું ઘર ફાડશે કે હાટ તોડશે. વળી વેશ્યાને પ્રસન્ન રાખવા તેની સાથે મદિરા પીશે, માંસ ખાશે, અનેક અભક્ષ્ય વસ્તુઓનો ઉપયોગ કરશે અને માની લીધેલા પ્રતિપક્ષીઓને પાયમાલ કરવા વિવિધ પ્રકારના કાવાદાવા પણ કરશે. તાત્પર્ય કે તેમાં વંચના પણ હશે, પ્રતારણા પણ હશે, અને સામાનો જાન લેવા સુધીની સર્વ યુકિત પ્રયુકિતઓ સામેલ હશે.

આ રીતે વેશ્યાગમનમાં પાપ અને પતનની પરિસીમા હોવાથી સુજ્ઞ પુરૂષોએ તેનો સર્વથા ત્યાગ કરવો ઘટે છે.

૭ શિકાર

શિકારનો છંદ એકવાર લાગુ પડયો કે મનુષ્યના મનનો કબજો લઇ લે છે અને તે કેમે કરી છોડતો નથી. એટલે તેની ખતવણી મહાવ્યસનમાં કરાયેલી છે.

જેણે કોઈ અપરાધ કર્યો નથી તેના પ્રાણ લેવા એ ન્યાય ભરેલો વ્યવહાર નથી. વળી જેઓ શસ્ત્રોથી રહિત છે, તેના પર શસ્ત્ર ઉગામવા એ શૂરવીરતાને કલંક લગાડવા જેવું છે. શત્રુ મુખમાં તરણું લે તો તેને છોડી દેવામાં આવે છે, તો જેના મુખમાં સદા તરણું છે તે વન્ય પશુઓ શી રીતે વધ્ય ગણાય?

કેટલાક શોખની ખાતર નહિ પણ ધંધાની ખાતર શિકાર કરે છે અને તેમાં જે પશુ પક્ષીઓ માર્યા જાય, તેમના શરીરમાં મસાલા ભરીને વેચે છે. એ રીતે તેમનો જીવન વ્યવહાર ચાલે છે. પરંતુ એ બધુ સ્વાર્થની ખાતર થાય છે, તેથી એનો બચાવ થઇ શકે નહિ. આ જગતમાં તેનાથી ઓછી હિંસાવાળા બીજા ધંધા કયાં ઓછા છે, કે તેનો આશ્રય લેવો પડે? બીજી રીતે પણ આ ધંધો કરવા જેવો નથી, કારણ કે તેમાં સાહસ કરવું પડે છે, અને તે ઘણીવાર આંધળું હોય છે, પરિણામે બીજાનો જાન લેવા જતાં પોતાનો જ જાન જાય છે, અને ત્યારે હાયવોય કે હતાશાનો પાર રહેતો નથી. અનેક શિકારીઓને સિંહે ફાડી ખાધા છે, વાઘે ચીરી નાખ્યા છે, હાથીએ દાબી દીધા છે, અને અજગરે ભરડો લઇને ભીંસી નાખ્યા છે! એમ છતાં મનુષ્ય એનો પીછો છોડતો નથી. એ કેટલું આશ્ચર્યજનક છે?

દાંતને બદલે દાંત આંખને બદલે આંખ અને નાકને બદલે નાકનો બદલો લેવાય છે, તો જેના શરીરમાં ભાલા ભોંકીયે છીએ, બાણો મારીએ છીએ, કે ગોલીબાર કરી આરપાર વીંધી નાખીએ છીએ, તેનો બદલો શો ચૂકવવો પડશે? તેનો વિચાર શિકારના છંદવાળાઓએ અવશ્ય કરવો ઘટે છે.

જેમ લીંબડો વાવીને કેરીની આશા કે આકડો વાવીને ગુલાબની ઇચ્છા રખાતી નથી, તેમ હિંસા વાવીને શાંતિની આશા રખાતી નથી. તાત્પર્ય કે તેના ફળ રૂપે ઉગ્ર અશાંતિ ભોગવવાનો

વખત આવે છે અને ભવિષ્યમાં નરકની ઘોર યાતનાઓ ભોગવેજ છૂટકો થાય છે.

આ બધાં કારણોનો વિચાર કરીને સમજુ માણસોએ શિકારના છંદથી અલિપ્ત રહેવું જોઇએ અને દયા ધર્મ એજ ઉત્તમ ધર્મ માનીને તેનું શરણ અંગીકાર કરવું જોઇએ.

આ રીતે સપ્ત મહાવ્યસનને દુર્ગતિનું પરમ કારણ જાણી તેનાથી દૂર રહેનાર શીલ અને સંયમથી સુશોભિત બની શકે છે અને કુશળ ધર્મની આરાધનાપૂર્વક પોતાનું મૃત્યુ સુધારી સ્વર્ગ તથા મોક્ષનો અધિકારી બની શકે છે.

પ્રકરણ દશમું

જિનભક્તિ

જીવનમાં પ્રગતિ કરવી હોય, વિકાસ સાધવો હોય કે અભ્યુદયની પ્રાપ્તિ કરવી હોય તો જેમણે પોતાના જીવનમાં અદ્‌ભૂત પ્રગતિ કરી છે, અપૂર્વ વિકાસ સાધ્યો છે, કે અનુપમ અભ્યુદયની પ્રાપ્તિ કરી છે, એવા ઉત્તમ મહાપુરૂષોનો આદર્શ નજર સમક્ષ રાખવો જોઇએ, અને તેનું સતત સ્મરણ રહ્યા કરે તે માટે તેમની અત્યંત બહુમાન પૂર્વક બને તેટલી આરાધના, ઉપાસના, સેવા કે ભક્તિ કરવી જોઇએ.

"મહાપુરૂષો કોને કહેવા?" તેનો ઉત્તર જુદા જુદા પુરૂષો જુદીજુદી રીતે આપશે. કોઇ રણક્ષેત્રમાં અપૂર્વ વીરતા બતાવનારને મહાપુરૂષ કહેશે, તો કોઇ અનેક શાસ્ત્રોને સારી રીતે જાણનારા વિદ્વાનને મહાપુરૂષ કહેશે અને કોઇ સમાજની સુંદર સેવા કરનારને મહાપુરૂષ કહેશે. પરંતુ જૈન મહર્ષિઓનો મત એવો છે કે રણમાં દશ લાખ યોદ્ધાઓ સાથે યુદ્ધ કરીને જય મેળવવો સહેલો છે, પણ પોતાના આત્માને જિતવો અઘરો છે. સેંકડો સહસ્રો ગ્રંથોનું અધ્યયન કરીને તેનો સાર મગજમાં ભરવો સહેલો છે, પણ ભણેલાને જીવનમાં ઉતારવું અઘરૂં છે. તેમજ સમાજની વિવિધ પ્રકારે સેવા કરવી સહેલી છે, પણ પોતાના સર્વ દોષો જિતીને પવિત્ર જીવન ગાળવું ઘણું અઘરૂં છે. તેથી જે પુરુષ આત્માનો જય કરે છે એટલે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ જનિત સુખમાં જરાયે લલચાતો નથી; જે પુરૂષ જાણેલું જીવનમાં ઉતારે

છે, એટલે વિરતિ માર્ગે ચાલીને અપ્રમત્ત દશામાં રહે છે; અને સર્વદોષો જીતિને પવિત્ર જીવન ગાળે છે. એટલે ક્રોધ, માન, માયા, અને લોભથી સર્વથા મુક્ત થઇ વીતરાગ બને છે, તે જ અને કેવળ જ્ઞાન વડે સર્વ પદાર્થોના સર્વ ભાવ જાણે છે, તે જ સાચો મહાન્ પુરૂષ છે."

ઉપર "ઉત્તમ મહાપુરૂષો" એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે, એટલે તેનો પણ ખુલાસો કરીએ. વીતરાગ કેવળ જ્ઞાની મહાપુરૂષોમાં પણ કર્તવ્યની અપેક્ષાએ બે ભાગ પડે છે: એક સામાન્ય કેવલી અને બીજા તીર્થંકર. તેમાં તીર્થંકર ઉત્તમ ગણાય છે. કારણ કે તેઓ અપૂર્વ ધર્મદેશના વડે લોકોને સન્માર્ગે વાળે છે, તેમનો એક ધર્મસંઘ રચે છે, અને તે વ્યવસ્થિત ચાલે એવી યોજના પણ કરે છે.

તાત્પર્ય કે અહીં ઉત્તમ મહાપુરુષોથી તીર્થંકર, અર્હત્ કે જિન સમજવાના છે, અને આધ્યાત્મિક પ્રગતિ, વિકાસ કે અભ્યુદય નિમિત્તો તેમનું જીવન નજર સમક્ષ રાખી તેમની બહુમાનપૂર્વક બને તેટલી આરાધના, ઉપાસના, સેવા કે ભકિત કરવાની છે.

અહીં કોઇ એવો પ્રશ્ન કરે કે "આધ્યાત્મિક પ્રગતિ, વિકાસ કે અભ્યુદય તો સ્વબળથી જ સાધી શકાય છે, તેમાં જિનભકિત કરવાની જરૂર શું? 'એનો ઉત્તર એ છે કે કોઇપણ કાર્યની ઉત્પત્તિમાં ઉપાદાન અને નિમિત્ત એ બંને કારણોની વિદ્યમાનતા હોય છે. જેમકે ઘડાની ઉત્પત્તિમાં માટી એ ઉપાદાન કારણ છે. અને ચાકડો, દંડ તથા કુંભાર એ નિમિત કારણ છે. કુંડલની નિષ્પતિમાં સુવર્ણ એ ઉપાદાન કારણ છે, અને સગડી, એરણ, હથોડો તથા સુવર્ણકાર એ નિમિત કારણ છે. તેજ રીતે આધ્યાત્મિક પ્રગતિ, વિકાસ કે અભ્યુદય રૂપ કાર્યની નિષ્પત્તિમાં સ્વબળ કે આત્મા એ ઉપાદાન કારણ છે. અને જિન ભકિત એ નિમિત્ત

કારણ છે. તેથી મુમુક્ષુએ તેનો આશ્રય અવશ્ય લેવો જોઇએ, મકાનના બીજા ત્રીજા કે ચોથા મજલે પહોંચવું હોય તો સ્વબળે પહોંચી શકાય છે. પણ ત્યાં નીસરણી કે લીફ્ટરૂપી નિમિત્તનો આશ્રય લીધા વિના ચાલતું નથી. તેજ સ્થિતિ અહીં સમજવાની છે.

અહીં એક પ્રશ્ન એવો પણ પૂછાવવાનો સંભવ છે કે 'વીતરાગ જિનપ્રભુ રાગ અને દ્વેષથી પર હોવાના કારણે કોઇ પર પ્રસન્ન પણ થતા નથી, અને કોઇ પર રોષ પણ બતાવતા નથી. તો તેમની ભક્તિ કરવાનું પ્રયોજન શું ? એનો ઉત્તર એ છે કે 'વીતરાગ જિનપ્રભુ કોઇ પર પ્રસન્ન પણ થતા નથી, અને કોઇ પર રોષ પણ બતાવતા નથી, એ સાચું છે. પણ તેમનું જીવન નજર સમક્ષ રાખવાથી તથા તેમની અનન્ય મનથી ભકિત કરવાથી આધ્યાત્મિક પ્રગતિ, વિકાસ કે અભ્યુદય માટેનો આપણો ઉત્સાહ અત્યંત ઉલ્લસિત થાય છે. અને એક સમય એવો આવે છે કે જ્યારે આપણે તેની ચરમ સીમાએ પહોંચી જઇએ છીએ. આજ એમની ભકિત કરવાનું પ્રયોજન છે. ચિંતામણિ રત્ન અચેતન હોવા છતાં તેને સેવનારનું કલ્યાણ નથી કરતું શું ?

અહીં પ્રસંગવશાત્ એ ખુલાસો પણ કરી લઇએ કે જે ભકિતના ફળ રૂપે માની લીધેલા વૈરી, શત્રુ કે દુશ્મનનું દમન કરવાની ઇચ્છા રાખવામાં આવે છે, તે ભકિત તામસી કહેવાય છે; જે ભક્તિના ફળ રૂપે સંપત્તિ, સુંદરી તથા સત્તા વગેરેની કામના રાખવામાં આવે છે તે ભકિત રાજસી કહેવાય છે; અને જે ભકિતના ફળરૂપે આધ્યાત્મિક વિકાસ, સમતા કે મોક્ષની અભિલાષા રાખવામાં આવે છે તે સાત્વિકી કહેવાય છે. આ ત્રણ પ્રકારની ભકિતઓમાં તામસી કનિષ્ઠ છે. રાજસી મધ્યમ છે. અને સાન્ત્વિકી ઉત્તમ છે. અહીં કહેવાની ભાગ્યે જ જરૂર છે કે ઉપર કહી તેવી જિનભકિત નિતાન્ત સાન્ત્વિકી છે. અને તેથી જ જૈન મહર્ષિઓ દ્વારા તે અત્યંત વખણાયેલી છે.

આથી સાત્ત્વિકી પૂજાના ફળ અંગે તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે:—

भत्तिए जिणवराणं, परमाए खीण-पिज्ज-दोषाणं।
आरोग्ग-बोहिलाभं, समाहिमरणं पावेन्ति॥

"જેમના રાગ અને દ્વેષ ક્ષીણ થયા છે, એવા વીતરાગ જિનવરોની પરમ ભક્તિ કરવાથી આરોગ્ય, બોધિલાભ અને સમાધિયુક્ત મરણ પામી શકાય છે.'

જિનભક્તિથી આરોગ્ય શી રીતે મળે? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે આ સંસારમાં કર્મ એજ સહુથી મોટો રોગ છે જેને પરિણામે પ્રાણીઓને જન્મ અને મરણની પુષ્ટ પરંપરામાંથી પસાર થવું પડે છે, અને અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિનો અનુભવ કરવો પડે છે. આ રોગનો અભાવ થવો તેને કર્મક્ષય કહેવામાં આવે છે. અને તે જિન ભક્તિથી અવશ્ય પ્રાપ્ત થાય છે. અન્યત્ર જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

'भत्तीइ जिणवराणं, खिज्जंती पुव्वसंचिआ कम्मा।

શ્રી. જિનેશ્વરોની ભક્તિથી પૂર્વના અનેક ભવોમાં સંચિત થયેલાં કર્મો ક્ષય પામે છે.'

'અહીં બોધિલાભથી શું સમજવું? તેનો ખુલાસો પણ થવો ઘટે છે, કારણ કે બોધિ શબ્દ કેટલાક સ્થળે માત્ર સમ્યક્‌ત્વનો અર્થ બતાવવા વપરાય છે. કેટલાક સ્થળે દર્શન બોધિ, જ્ઞાન બોધિ અને ચારિત્ર બોધિ એટલે સમ્યગ્ દર્શન સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર એ રત્નત્રયીનો અર્થ બતાવવા વપરાય છે. આ સંબંધી અમારું વક્તવ્ય એટલું જ છે કે અહીં બોધિ શબ્દથી જિનધર્મની પ્રાપ્તિનો અર્થ પર્યાપ્ત છે, કારણ કે તેમાં સમ્યક્ત્વ તથા રત્નત્રયીની મુખ્યતા છે.

જિન ભક્તિથી મનુષ્યનું મૃત્યુ સુધરે છે, અને એ લાભ પણ જેવો તેવો નથી. જે મનુષ્યો મિથ્યાત્વમાં રાચે છે, તથા

અનેક વિધ પાપકર્મો કરીને દુન્યવી સંપત્તિ કે સત્તા પ્રાપ્ત કરે છે, તે મૃત્યુનો સમય નજીક આવતાં ખૂબ ગભરાય છે. તેમાંથી બચવા માટે જાત જાતનાં ફાંફાં મારે છે. અને હવે મારું શું થશે! મારા કુટુંબીઓનું શું થશે! મેં ઘણી મહેનતે મેળવેલી માલમિલ્કત છોડીને ચાલ્યા જવું પડશે! વગેરે વિચારોથી હાયવોય કે કલ્પાંત કરે છે. અને એ સ્થિતિમાં દેહ છોડે છે. આવા મરણને જૈન મહર્ષિઓએ બાલમરણ કહ્યું છે. કારણ કે આ બધી ચેષ્ટાઓ બાલોચિત છે, અજ્ઞાનજનિત છે. બીજી બાજુ જે મનુષ્યો જિન ભક્તિના પ્રભાવે સમ્યક્ત્વ સંપન્ન છે, અને સદાચારી જીવન જીવી જે કંઇ પ્રાપ્ત થયું તેનાથી સંતોષ માને છે, તેને મૃત્યુ જરાયે ગભરાવી શકતું નથી. તેઓ બરાબર જાણતા હોય છે કે **जातस्य हि ध्रुवो मृत्युः**-જે જન્મેલા છે તેને એક દિવસ જરૂર મરવાનું છે. એ વખતે ધનમાલ તથા કુટુંબીજનો કોઇ સાથે આવતું નથી, પણ પરલોકના ભાતા તરીકે જે પુણ્ય ઉપાર્જન કર્યું હોય છે તે જ માત્ર સાથે આવે છે. અને એવું પુણ્ય તો તેમણે સારી રીતે પ્રાપ્ત કર્યું હોય છે, એટલે મનમાં કોઈ જાતનો ઉદ્વેગ, ભય કે ખેદ હોતો નથી. વળી તેઓ અંત સમય નજીક આવેલો જાણી ભૂલે ચૂકે થઇ ગયેલા પાંપની નિંદા-ગર્હા કરે છે, સુકૃતની અનુમોદના કરે છે, અને અરિહંત, સિદ્ધ, સાધુ તથા સર્વજ્ઞ પ્રણિત ધર્મનું શરણ સ્વીકારી ખૂબ શાંતિ સમાધિ અનુભવે છે. આવા મરણને જૈન મહર્ષિઓએ પંડિત મરણ કે સમાધિમરણ કહ્યું છે. કારણ કે તેમાં જ્ઞાનમૂલક ચેષ્ટાઓ છે, અથવા સમાધિની મુખ્યતા છે. મૃત્યુ સમયે મનુષ્યની જેવી મતિ હોય તેવી ગતિ થાય છે. એટલે સમાધિમરણવાળાને દેવ કે મનુષ્ય ગતિની પ્રાપ્તિ થાય છે અને સમાધિભાવ અત્યંત ઉત્કૃષ્ટ હોય તો કર્મક્ષયના પ્રતાપે પંચમ ગતિ એટલે મોક્ષ પણ મળે છે.

" જિન ભગવંતો વિદ્યમાન હોય તો તેમની ભકિત વિવિધ પ્રકારે થઇ શકે, પણ તેમના વિરહમાં શું બની શકે? એ પ્રશ્નનું સમાધાન એ છે કે 'જેમ કોઈ પ્રેયસી પ્રિયતમના વિરહ સમયે તેનું સતત સ્મરણ કરે છે, અને તેની કોઈ છબી કે પ્રતિમા હોય તો સાક્ષાત્ પ્રિયતમ મળ્યા એમ માનીને તેની આગળ સર્વ પ્રેમ ચેષ્ટાઓ કરે છે. તેમ જિન ભગવંતના વિરહ સમયે તેમનું સતત સ્મરણ કરવાથી તેમજ તેમની પ્રતિમા કે મૂર્તિને સાક્ષાત્ જિન ભગવંત માનીને તેની આગળ ભકિતના સર્વ ઉપચારો કરવાથી પણ જિન ભકિત થઇ શકે છે."

જિનપ્રતિમા કે જિન મૂર્તિ રત્ન, સ્ફટિક, સુવર્ણ, સપ્ત ધાતુ તથા પાષાણ વગેરેની બનાવવામાં આવે છે, અને મંદિરમાં તેની વિધિપૂર્વક પ્રતિષ્ઠા થયા પછી પૂજનને યોગ્ય ગણાય છે. આ પ્રતિમાઓ કે મૂર્તિઓ ત્રણ પ્રકારની હોય છે, વકતા, ક્ષેમા, અને મહાખ્યા, તેમાં એક જ તીર્થંકરની મૂર્તિને વકતા કહેવાય છે. એક પાષણ કે ધાતુમય પટ્ટક ઉપર ચોવીશ તીર્થંકરોની મૂર્તિ હોય તેને ક્ષેમા કહે છે. અને એક પાષણ કે ધાતુમય પટ્ટક ઉપર ઉત્કૃષ્ટા એકસો સીત્તેર જિન મૂર્તિ હોય તેને મહાખ્યા કહે છે. જૈન ભૂગોળ પ્રમાણે જંબૂદ્રીપ, ધાતકીખંડ અને અર્ધ પુષ્કરાવર્ત ખંડ એ અઢી દ્રીપમાં મનુષ્યની વસ્તી છે. તેમાં કર્મભૂમિમાં પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયો, પાંચ ભરત અને પાંચ ઐરાવત એ ૧૭૦ સ્થળે એક સમયે એકએક તીર્થંકર હોઇ શકે છે, એટલે એક સમયે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શ્રી અજિતનાથ સ્વામીના વખતમાં ૧૭૦ જિનો વિદ્યમાન હતા.

ભકિતના ઉપચારો અનેક પ્રકારના હોઈ શકે છે, પણ જૈન મહર્ષિઓએ તેનો સમાવેશ ૧, વંદન, ૨, પૂજન, ૩, સત્કાર, અને ૪, સન્માન. એ પ્રકારોમાં કર્યો છે. તેમાં વંદન ત્રણ પ્રકારનું

માન્યું છેઃ કાયિક, વાચિક અને માનસિક. હાથ જોડવા, મસ્તક નમાવવું, પંચાંગ પ્રણિપાત કરવો એ કાયિક વંદન છે; સ્તુતિ કરવી, ગુણ ગાવા, પ્રાર્થના કરવી, એ વાચિક વંદન છે; અને તેમના પ્રત્યે બહુમાન દર્શાવવું કે અંતરંગ પ્રીતિ પ્રગટ કરવી એ માનસિક વંદન છે.

પૂજન એટલે પૂજા, તે પણ ત્રણ પ્રકારની માની છે: અંગ પૂજા, અગ્ર પૂજા, અને ભાવ પૂજા. તેમાં નિર્માલ્ય દૂર કરવાં, પ્રમાર્જના કરવી, જિન પ્રભુના મસ્તકે તથા સર્વ અંગે ક્ષીર–જળ વગેરેનો અભિષેક કરવો, પક્ષાલ કરવો, વાળા કુંચી કરવી, શુદ્ધ વસ્ત્રો વડે અંગ લૂછવા, ચંદનાદિ સુગંધી પદાર્થોનું વિલેપન કરવું, વાસક્ષેપ ચડાવવો તેમજ ચંદન, કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી પ્રભુના નવ અંગે તિલક કરવાં તે અંગપૂજા છે. જિન પ્રભુ આગળ દીપક કરવો, ધૂપ ધરવો, અક્ષતનો સ્વસ્તિક રચવો, પુષ્પ-ફળ-નૈવેદ્ય મૂકવાં, ચામર વીંઝવા, ગાયન ગાવું, નૃત્ય કરવું, આરતી ઉતારવી. મંગળ દીપક કરવો વગેરે અગ્ર પૂજા છે. અને ઉતમ સ્તુતિ સ્તોત્ર કાયોત્સર્ગપૂર્વક ચૈત્યવંદના કરવી એ ભાવપૂજા છે.

સામગ્રીના ભેદથી પૂજા ત્રણ પ્રકારની મનાય છેઃ પંચોપચારિકી, અષ્ટોપચારિકી અને સર્વોપચારિકી. તેમાં ગંધ પૂજા, પુષ્પ પૂજા, દીપ પૂજા, ધૂપ પૂજા, અને અક્ષત પૂજા. એ પંચોપચારિકી કહેવાય છે. જળ પૂજા, ચંદન પૂજા પુષ્પ પૂજા, દીપ પૂજા, ધૂપ પૂજા, ફળ પૂજા, નૈવેદ્ય પૂજા અને અક્ષત પૂજા. અષ્ટોપચારિકી કહેવાય છે અને તેમાં વસ્ત્ર પૂજા, આભૂષણ પૂજા, નાટક પૂજા, ગીત પૂજા, આરતી, મંગલ દીપ વગેરે ઉમેરાય તો સર્વોપચારિકી કહેવાય છે.

તે સિવાય સત્તર ભેદી, એકવીશ પ્રકારી, ચોસઠ પ્રકારી, નવાણું પ્રકારી, એમ વિવિધ પ્રકારની પૂજાઓ પ્રસિદ્ધ છે.

અહીં એ સ્પષ્ટતા કરવી ઉચિત લેખાશે કે માત્ર અંગ પૂજનને જ પૂજા કહીએ તો અગ્ર પૂજા એ સત્કાર છે, અને ભાવ પૂજા એ સન્માન છે.

ભક્તિના આ ઉપચારોનો સમાવેશ દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારોમાં પણ થઇ શકે છે. તેમાં ચૈત્યનિર્માણ (મૂર્તિને તૈયાર કરી પૂજનને યોગ્ય બનાવવી.) જળ પૂજા, પંચોપચારિકી પૂજા, અષ્ટોપચારિકી પૂજા, સર્વોપચારિકી પૂજા, તથા સત્તરભેદી વગેરે દ્રવ્ય પૂજા છે. અને ગુણોનું સ્મરણ, ગુણોનું કીર્તન, બહુમાન, અંતરંગ પ્રીતિ, ધ્યાન, સમ્યક્ત્વ તથા આજ્ઞાપાલન એ ભાવ પૂજા છે. તેમાં ગૃહસ્થોને દ્રવ્ય અને ભાવ એ બંન્ને પૂજાનો અધિકાર છે. અને સાધુઓને તેમના ચારિત્રને અનુરૂપ માત્ર ભાવપૂજાનો જ અધિકાર છે.

પ્રથમ જિન પ્રભુ છદ્માવસ્થામાં હતા. પછી કેવળજ્ઞાન પામ્યા, અને છેવટે સિદ્ધ થયા, એટલે પૂજા કરતી વખતે તેમની છદ્મસ્થ કેવલી અને સિદ્ધ એ ત્રણ અવસ્થાનું ચિંતન કરવામાં આવે છે. તેમાં છદ્મસ્થાવસ્થાનું ચિંતન ત્રણ પ્રકારે થાય છે; જન્મની અવસ્થા, રાજ્યની અવસ્થા અને સાધુની અવસ્થા. ક્ષીર જળાદિનો અભિષેક કરતાં તેમની જન્માવસ્થાનું ચિંતન થાય છે. કે આ રીતે દેવોએ તેમના જન્મ સમયે ક્ષીર સમુદ્રાદિના જળનો અભિષેક કર્યો હતો. અર્થાત્ સ્નાન ક્રિયા કરી હતી આટલાં માન સન્માન છતાં પ્રભુએ અભિમાન ધારણ ન કર્યું. પછી તેમની વિવિધ પ્રકારે પૂજા કરતાં તેમની રાજ્યાવસ્થાનું ચિંતન થાય છે. કે આ આટલો બધો પુણ્યોદય છતાં પ્રભુ એમાં લેપાયા નહિ. લુબ્ધ બન્યા નહિ.

ત્યારબાદ તેમનું કેશ રહિત મસ્તક તથા મુખ જોઇને સાધુ અવસ્થાનું ચિંતન થાય છે. કે તેમણે સર્વ રાજ્યરિદ્ધિ તથા કુટુંબીઓને છોડીને સાધુ અવસ્થાનો સ્વીકાર કર્યો. અને આત્મ

સાધનામાં અગ્રેસર થયા. તદ્‌ભવે મોક્ષ જાણવા છતાં તપથી કાયા કર્સા, ઘોર પરીષહ ઉપસર્ગ સમભાવે વેઠી લીધા. અપાર સહન શીલતા દાખવી.પછી પરિકરમાં રહેવા અષ્ટ મહાપ્રાતિહાર્ય (ભાગ ૧, લો. પૃ. ૧૫૦) જોઇને તેમની કેવળી અવસ્થાનું ચિંતન કરવામાં આવે છે. કે તેમણે ઉગ્ર સાધના વડે અર્હત્ પદ પ્રાપ્ત કર્યું અને અષ્ટ પ્રાતિહાર્ય યુકત થયા. છેવટે તેમની પ્રશમ રસ નિમગ્ન પર્યંકાસન સ્થિત કે પદ્માસન સ્થિત અવસ્થા જોઇને સિદ્ધઅવસ્થાનું ચિંતન કરવામાં આવે છે. કે છેવટે પ્રભુ આ અવસ્થાએ મુકિતમાં સીધાવ્યા, અને સિદ્ધ શિલાના અગ્રભાગે સિદ્ધ તરીકે બિરાજ્યા. ત્યાં તેઓ અનંતકાળ સુધી આ અવસ્થાએ જ રહેશે, તેમણે જગત પર કેવો અસાધારણ અનંત ઉપકાર કર્યો! આપણે તેમના કેટલા બધા આભારી! તેમનું આ જીવન આપણા માટે સંપૂર્ણ માર્ગ દર્શક બને છે.

જૈન સંઘે આ દેશમાં હજારો મંદિરો બાંધ્યાં છે. અને તેમાંનાં કેટલાંકને કલા સૌંદર્ય તથા ભવ્યતાને એવો ઓપ આપ્યો છે, કે તે આજે સમસ્ત માનવ જાતિ માટે દર્શનીય વસ્તુ થઇ પડી છે.

આજનાં પ્રસિદ્ધ જૈન તીર્થો નીચે મુજબ છે :

સૌરાષ્ટ્રમાં–શત્રુંજય, ગિરનાર, તલાજા (તાલધ્વજ,) કદંબગિરિ, અજારા પાર્શ્વનાથ, (ઊના દેલવાડા) વગેરે.

કચ્છમાં:–ભદ્રેશ્વર વગેરે.

ગુજરાતમાં:–શંખેશ્વર, શેરીસા, પાનસર, ભોયણી, તારંગા, ઇડર, કાવી, ગાંધાર, સ્થંભન પાર્શ્વનાથ (ખંભાત,) ઝઘડીયાજી (નર્મદા તટ) વગેરે.

બૃહદ્ રાજસ્થાન–આબૂ, કુંભારિયા, બામણવાડા, રાણકપુર, ફલોધિ, કેશરિયાજી, સાચોર વગેરે.

મધ્ય ભારતમાં–માંડવગઢ, અંતરિક્ષજી, મક્ષીજી, ઉજ્જૈન, ભોપાવર, ભાંડકજી (ભદ્રાવતી પાર્શ્વનાથ) વગેરે.

સંયુક્ત પ્રાંતમાં- હસ્તિનાપુર, મથુરા, પ્રયાગ (અલ્હાબાદ) વારાણસી (કાશી) અયોધ્યા, સેરમેટકા કિલ્લા (શ્રાવસ્તિ) વગેરે.

બિહાર પ્રાંતમાં–રાજગૃહ, પાવાપુરી, ક્ષત્રિયકુંડ, કાકંદી, સમેતશિખર વગેરે.

આંધ્રમાં–કુલ્પાકજી (માણિક્યપ્રભુ) વગેરે.

આ તીર્થોનો વિશેષ પરિચય પ્રાચીન તીર્થમાળા, જૈન તીર્થોનો ઇતિહાસ, ભારત જૈન તીર્થ દર્શન વગેરે પુસ્તકોમાંથી મળી શકે છે.

પ્રકરણ અગિયારમું

ષડાવશ્યક

"રોગીને અમુક પ્રકારનો રોગ થયો છે, અને તે અમુક પ્રકારના ઔષધથી મટી શકે તેવો છે, એવું જ્ઞાન થયા પછી કોઈપણ ઉપાયે તે ઔષધ મેળવવું પડે છે, અને તેનો વિધિ પૂર્વક ઉપયોગ કરવો પડે છે, તો જ તે રોગ મટે છે; એટલે પરિણામની દૃષ્ટિએ ક્રિયાનું મહત્વ અધિક છે.

શાસ્ત્રશ્રવણ કે શાસ્ત્રાધ્યયનનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય અને તેમાં પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતો સારી રીતે જાણી લીધા હોય, પણ તેને જીવનમાં ઉતારવાનો કોઈ પ્રયાસ થાય નહિ તો ભવરોગ ટળે શી રીને? તેથી જ અનુભવીઓને આખરી એલાન એવું કરવું પડ્યું છે કે **यस्तु क्रियावान् पुरुषः स विद्वान्**—જે પુરૂષ ક્રિયાવાન છે, એટલે જાણેલું અમલમાં મૂકે છે, તે જ સાચો વિદ્વાન છે.

જૈન મહર્ષિઓએ નવતત્ત્વના સાર રૂપે સંયમ અને તપની ક્રિયાઓ આગળ કરી છે, અને તેની શુદ્ધિ–પુષ્ટિ માટે ષડાવશ્યકનું વિધાન કરેલું છે, એટલે પ્રત્યેક પાઠકે તેનાથી પૂર્ણ પરિચિત થવું જોઈએ.

પ્રથમ ષડાવશ્યકનો અર્થ વિચારીએ. તેમાં 'ષટ્' અને 'આવશ્યક' એવા બે પદો (શબ્દો) આવેલા છે, એટલે ષટ્ આવશ્યકોનો સમૂહ તે ષડાવશ્યક એમ સમજવાનું છે. હવે 'ષટ્' શબ્દ છની સંખ્યાનો સૂચક છે. અને 'આવશ્યક' શબ્દ પ્રતિદિન અવશ્ય કરવા યોગ્ય

ક્રિયાનો ભાવ દર્શાવે છે, એટલે 'પ્રતિદિન અવશ્ય કરવા યોગ્ય ૭ પ્રકારની ક્રિયાઓ' એ એનો સમુચિત અર્થ છે.

આ ૭ ક્રિયાઓને માટે જૈન સૂત્રોમાં ધ્રુવ, નિગ્રહ, વિશોધિ, ન્યાય, આરાધના, માર્ગ વગેરે શબ્દો વપરાયેલા છે, તેનો અર્થ પણ સમજવા જેવો છે. તેનું ફળ કદિ મિથ્યા થતું નથી, માટે તે ધ્રુવ, તેમાથી મન વચન અને કાયાની અપ્રશસ્ત પ્રવૃત્તિ પર કાબૂ આવે છે, માટે તે નિગ્રહ, તેનાથી ચારિત્રનું વિશોધન થાય છે, માટે તે વિશોધિ. તેમાં આત્મશુદ્ધિનો અપૂર્વ ઉપાય છે. માટે તે ન્યાય. તેનાથી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધનામાં સારી એવી સહાય મળે છે. માટે તે આરાધના. અને તેનાથી ધ્યેય સુધી પહોંચી શકાય છે. માટે તે માર્ગ.

આ ૭ ક્રિયાઓનાં નામ નીચે મુજબ છેઃ

૧, સામાયિક (**सामाइय**)
૨, ચતુર્વિંશતિસ્તવ, ચઉવીસત્થો (**चउवीसत्थओ**)
૩, વંદન, ગુરુવંદન, દ્વાદશાવર્ત વંદન (**वंदणय**)
૪, પ્રતિક્રમણ, પડિક્કમણું (**पडिक्कमण**)
૫, કાયોત્સર્ગ, કાઉસ્સગ્ગ (**काउस्सग्गो**)
૬, પ્રત્યાખ્યાન, પચ્ચક્ખાણ (**पच्चकरवाण**)

૧ સામાયિક

જેનાથી 'સમાય'ની ક્રિયા થાય તે સામાયિક કહેવાય. 'સમાય' એટલે સમનો આય. અહીં 'સમ' શબ્દથી સમતા, સમત્વ, સમભાવ કે મધ્યસ્થતા સમજવાની છે. અને આય શબ્દથી લાભ કે પ્રાપ્તિનો અર્થ ગ્રહણ કરવાનો છે. એટલે જે ક્રિયાથી આત્માને સમતા, સમત્વ, સમભાવ કે મધ્યસ્થતાની પ્રાપ્તિ થાય તે સામાયિક સમજવાનું છે.

સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ હોય તે સમતા. સમત્વ કે સમભાવ છે, અથવા રાગ અને દ્વેષથી ઉત્પન્ન થતો વિષમ ભાવ ટાળવો તે સમતા, સમત્વ કે સમભાવ છે.

રાગ અને દ્વેષનાં પ્રબળ નિમિત્તો મળવા છતાં કોઈ તરફ ન ઘસડાઈ જવું અને તે બંનેની મધ્યમાં જ રહેવું તે મધ્યસ્થતા છે. તેનું મહત્વ પ્રકાશનાં જૈન મહર્ષિઓએ જણાવ્યું છે કે:—

रत्तो वुट्ठो मूढो, पुव्वदुग्गाहिओ अ चत्तारि।
एए धम्माणरिहा, अरिहो पुण होइ मज्झत्थो॥

રક્ત એટલે દૃષ્ટિરાગી, દુષ્ટ એટલે અત્યંત દ્વેષી, મૂઢ એટલે હિતાહિતને નહિ સમજનાર, અને પૂર્વવ્યુદ્ગ્રહિત એટલે સાચા ખોટાની પરીક્ષા કર્યા વિના પહેલેથી જ એક પ્રકારનો નિર્ણય બાંધી લેનાર, એ ચાર પુરૂષો ધર્મને માટે અયોગ્ય છે, જ્યારે મધ્યસ્થતાવાળો પુરૂષ ધર્મને યોગ્ય છે. તાત્પર્ય કે મધ્યસ્થતા વિના સત્યની પ્રાપ્તિ કે સત્યનું દર્શન થતું નથી.

સામાયિક વડે સાવદ્ય યોગની વિરતિ કરાય છે. સાવદ્ય એટલે પાપમય, યોગ એટલે વ્યાપાર કે પ્રવૃત્તિ અને વિરતિ એટલે વિરમણ કે વિરમવાની ક્રિયા. તાત્પર્ય કે સર્વ પાપમય વ્યાપારનો ત્યાગ કરવો એ સામાયિકની ક્રિયા છે. નવતત્વની પરિભાષામાં કહીએ તો એ એક પ્રકારનો સંવર છે, કે તેનાથી સર્વ પ્રકારનો પાપમય વ્યાપાર અટકી જાય છે.

જૈન મહર્ષિઓએ સામાયિકનું ફળ દર્શાવતાં કહ્યું છે કે—

જે કોઇ મોક્ષે ગયા, જે કોઇ મોક્ષે જાય છે, અને જે કોઈ મોક્ષે જવાના છે, તેમાં સામાયિકનો પ્રભાવ જ મુખ્ય જાણવો.

'સામયિકથી વિશુદ્ધ થયેલો આત્મા ઘાતી કર્મનો સર્વથા નાશ કરીને લોક અને અલોકનું પ્રકાશક એવું કેવળજ્ઞાન શીઘ્ર પામે છે.'

'ક્રોડો વર્ષ સુધી તીવ્ર તપ કરતાં પણ જે કર્મો ખપતાં નથી, તે કર્મને સમભાવથી ભાવિત થએલો આત્મા અર્ધી ક્ષણમાં ખપાવે છે.'

'જેમ સર્વ પદાર્થોનો આધાર આકાશ ઉપર છે. તેમ સર્વ ગુણોનો આધાર સામાયિક છે. જેમને સામાયિક નથી તે ચરણ-ગુણોથી યુકત બની શકતા નથી. અર્થાત્ તેમને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી.

'એક મનુષ્ય પ્રતિદિન લાખ ખાંડી સોનાનું દાન દે અને બીજો મનુષ્ય પ્રતિદિન સામાયિક કરે તો દાન દેનારો તેની બરોબરી કરી શકે નહિ'

અહીં એ જાણવું જરૂરી છે કે સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ માટે સામાયિક અનિવાર્ય હોવાથી ચારિત્ર ગ્રહણના પ્રસંગે સાધુઓ તેને યાવજ્જીવ ગ્રહણ કરે છે. અને સમતાના પાલન માટે નિરંતર પ્રયત્ન શીલ રહે છે. તેમને આવશ્યક કરવાનું પ્રયોજન એ છે કે પ્રતિજ્ઞાનું પુનઃ સ્મરણ થાય અને સમભાવ સારા પ્રમાણમાં વૃદ્ધિ પામતો રહે.

ગૃહસ્થો આ ક્રિયાનું યથાશકિત આરાધન કરી શકે તે માટે નવમા વ્રતની યોજના થયેલી છે, કે જેમાં બે ઘડી સુધી સર્વ સાવદ્ય યોગનો ત્યાગ કરીને ગુરૂની પર્યુપાસના કરવાની હોય છે. આ વખતે ગુરૂ તેમને સમતાનું રહસ્ય સમજાવે છે. અને તેને અનુરૂપ બીજી ક્રિયાઓનું જ્ઞાન આપે છે. કદી ગુરૂનો સંયોગ ન હોય તો ગૃહસ્થો તેમની સ્થાપના કરીને. પણ તેમની પર્યુપાસના કરે છે. અને સ્વાધ્યાયાદિ નિરવદ્ય પ્રવૃત્તિમાં પોતાનો સમય પૂર્ણ કરે છે. તેમને આ આવશ્યકથી સામાયિકનો લાભ થાય છે.

સામાયિક ગ્રહણ કરવા માટે "કરેમિ ભંતે" નામના ખાસ સૂત્રનો ઉપયોગ થાય છે.

૨ ચતુર્વિંશતિસ્તવ

ચતુર્વિંશતિ એટલે ચોવીસ અને સ્તવ એટલે સ્તવન, ભજન કે કીર્તન, તાત્પર્ય કે જેના વડે ચોવીશ તીર્થંકરો-અર્હન્તો–જિનોનું સ્તવન, ભજન કે કીર્તન થાય તેને ચતુર્વિંશતિસ્તવ સમજવું.

ચોવિશ જિનોનું સ્તવન, ભજન કે કીર્તન કરવાથી દર્શનાચારની શુદ્ધિ થાય છે, અને પરંપરાએ મોક્ષ મળે છે, તેથી તેની ગણના આવશ્યકમાં થયેલી છે.

સ્તવન, ભજન કે કીર્તન અનેક રીતે કરી શકાય છે, પણ અહીં તે માટે એક ખાસ સૂત્રની રચના થયેલી છે, એટલે ચતુર્વિંશતિસ્તવના અધિકારે તેનો જ ઉપયોગ થાય છે, તેમાં જણાવ્યું છે કે "ચૌદ રાજલોકમાં રહેલી સર્વ વસ્તુઓનું સ્વરૂપ યથાર્થ રીતે પ્રકાશનારા, ધર્મરૂપી તીર્થને પ્રવર્તાવનારા, રાગદ્વેષના વિજેતા અને ત્રિલોક પૂજ્ય એવા ચોવીશે પણ કેવલી ભગવંતોનું હું કીર્તન કરૂં છું, અહીં પણ શબ્દથી સર્વ તીર્થંકરોનું સમાન ભાવે કીર્તન કરવાનો અભિપ્રાય છે, એટલે અમુક તીર્થંકર વધારે આરાધ્ય કે વધારે સ્તોતવ્ય અને અમુક તીર્થંકર ઓછા આરાધ્યક કે સ્તોતવ્ય એમ સમજવાનું નથી. આનો ફલિતાર્થ એ છે કે ભરતક્ષેત્રની જેમ અન્ય ક્ષેત્રોમાં પણ જે તીર્થંકરો થઈ ગયા છે, તેમને સરખા જ સ્તોતવ્ય ગણવા અને આ અધિકારે તેમનું પણ સ્તવન, ભજન કીર્તન કરવું.

આ સ્તવનની છઠ્ઠી ગાથામાં **कित्तिय, वंदिय, महिया** એ ત્રણે શબ્દોનો પ્રયોગ થયેલો છે, તેથી સ્પષ્ટ થાય છે કે આ

કીર્તન વચનથી કરવાનું છે, તેમ કાયા વડે એટલે વંદનથી અને મન વડે એટલે આંતરિક સદ્ભાવથી પણ કરવાનું છે.

આ સ્તવનમાં **पसीयन्तु** એટલે પ્રસન્ન થાઓ, **आरुग्ग-बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु**, એટલે કર્મક્ષય, જૈનધર્મની પ્રાપ્તિ અને ઉત્તમ પ્રકારની ભાવ સમાધિ કે સમાધિપૂર્વકનું મૃત્યુ આપો, અને **सिध्धि दिसंतु** સિદ્ધિ આપો, એ રીતે પ્રાર્થનાની ભાષાનો પ્રયોગ થયેલો છે. પણ તેનો વાસ્તવિક અર્થ એ છે કે આ વસ્તુઓની તેમના કીર્તન દ્વારા પ્રાપ્તિ થાય છે.

સર્વ તીર્થંકરો આત્મહિત, આત્મવિકાસ કે આત્મકલ્યાણ માટે સામાયિકનો માર્ગ ગ્રહણ કરે છે, તેમાં સિદ્ધિ મેળવે છે. અને તે માર્ગનું રહસ્ય આપણા સુધી પહોંચે તે માટે ધર્મસંઘની યોજના પણ કરે છે, તેથી તેમનું જેટલું સ્તવન, ભજન કે કીર્તન કરીએ તેટલું ઓછું જ છે.

૩ વંદન

વંદન, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ અને વિનયકર્મ એ ગુરુવંદનના જ પર્યાય શબ્દો છે, એટલે અહીં વંદન શબ્દથી ગુરુવંદન સમજવાનું છે.

ગુરુને વંદન કરવાનું કારણ એ છે કે આ લોક અને પરલોકમાં હિતકર એવા ધર્મનું જ્ઞાન તેમના વડે જ થાય છે, અને સંયમની સાધના પણ તેમની છત્રછાયાથી જ સફળ બને છે.

વંદન એ ધર્મનું મૂળ છે. કારણ કે તેમાંથી ધર્મચિન્તાદિ રૂપ અંકુરાઓ ફૂટે છે, ધર્મશ્રવણ અને ધર્માચારરૂપ શાખા, પ્રશાખાઓનો વિસ્તાર થાય છે, તથા સ્વર્ગ અને મોક્ષનાં સુખોની પ્રાપ્તરૂપ ફૂલ તથા ફળો પ્રકટે છે.

વંદન અને વિનય એક જ છે. તે અંગે જૈન મહર્ષિઓએ કહ્યું છે કેઃ—

'જે શિષ્ય ગર્વ, ક્રોધ, માયા અને પ્રમાદને કારણે ગુરૂ સાથે રહીને વિનય શીખતો નથી, તે વાંસના ફળની માફક પોતાના જ નાશનું કારણ થાય છે.

જે શિષ્ય ક્રોધી, મદમત્ત, અપ્રિયવકતા માયાવી અને શઠ હોઈ અવિનીત રહે છે, તે પ્રવાહમાં તણાતા કાષ્ટની પેઠે સંસાર પ્રવાહમાં તણાયા કરે છે.

"જે શિષ્યો આચાર્યો અને ઉપાધ્યાયોની સેવા કરે છે, તથા તેમનું કહ્યું કરે છે, તેઓની શિક્ષા પાણીથી સિંચાયેલાં વૃક્ષોની પેઠે વૃદ્ધિ પામે છે."

વંદન જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારે થાય છે. બે હાથ જોડીને મસ્તક નમાવવું, એ જઘન્ય વંદન છે; બે ઢીંચણ બે હાથ અને મસ્તક એ પાંચ અંગો ભેગાં કરી પ્રણિપાત કરવો એ મધ્યમ વંદન છે; અને દ્વાદશ એટલે બાર આવર્તથી વંદન કરવું એ ઉત્કૃષ્ટ વંદન છે. અહીં આ ઉત્કૃષ્ટ વંદનનો જ અધિકાર છે, તેથી વંદનને દ્વાદશાવર્ત વંદન પણ કહેવામાં આવે છે.

દ્વાદશાવર્ત વંદન કરવા માટે સુગુરુ વંદન નામનું એક ખાસ સૂત્ર રચાયેલું છે. તેનું અહીં અવતરણ આપવાથી વસ્તુ સ્થિતિ વધારે સ્પષ્ટ થશે.

શિષ્ય— હે ક્ષમાશ્રમણ ગુરૂદેવ! આપને હું નિર્વિકારી અને નિષ્પાપ કાયા વડે વંદન કરવાને ઇચ્છું છું.

ગુરૂ— (જો એવી જ ઇચ્છા હોય તો તેમ કરો.) ×

× આ શબ્દો ગુરૂ વડે બોલાય છે, એટલે સૂત્ર અંતર્ગત નથી. તેને કૌંસમાં દર્શાવ્યા છે.

શિષ્ય– મને આપના અવગ્રહ સમીપ એટલે આપની મર્યાદિત ભૂમિની નજીક આવવાની આજ્ઞા આપો.

ગુરુ– (આજ્ઞા આપું છું.)

શિષ્ય– સર્વ અશુભ વ્યાપારના ત્યાગપૂર્વક આપના ચરણને મારી કાયા વડે સ્પર્શ કરું છું. તેથી જે કાંઇ તકલીફ થાય તેની ક્ષમા આપશો. આપનો દિવસ + ઓછા ખેદથી સુખપૂર્વક વ્યતીત થયો છે ?

ગુરુ– (તેમ જ છે.)

શિષ્ય– આપને સંયમ-યાત્રા વર્તે છે ?

ગુરુ– (તને પણ સંયમ-યાત્રા વર્તે છે ?)

શિષ્ય– આપને ઇન્દ્રિયો અને કષાયો વશમાં વર્તે છે ?

ગુરુ– (એ જ પ્રકારે છે.)

શિષ્ય– હે ક્ષમાશ્રમણ ! દિવસ દરમિયાન થયેલા અપરાધને ખમાવું છું.

ગુરુ– (હું પણ તને ખમાવું છું.)

શિષ્ય– આવશ્યક ક્રિયા માટે હવે હું અવગ્રહની બહાર જાઉં છું. દિવસ દરમિયાન આપ ક્ષમાશ્રમણની તેત્રીસ પૈકી કોઇપણ આશાતના કરી હોય તેનાથી હું પાછો ફરું છું. અને વળી જે કંઇ અતિચાર મિથ્યા ભાવને લીધે થયેલી આશાતના વડે થયો હોય, મન–વચન કાયાની દુષ્ટ પ્રવૃત્તિથી થયેલી આશાતના વડે થયો હોય, ક્રોધ-માન-માયા-લોભની વૃત્તિ દ્વારા થયેલી આશાતના વડે થયો હોય, કે સર્વ કાલ સંબંધી સર્વ પ્રકારના મિથ્યા ઉપચારો (માયા-કપટ) દ્વારા, સર્વ પ્રકારના ધર્મના અતિક્રમણને લીધે થયેલી આશાતના વડે થયો હોય, તેનાથી હે ક્ષમાશ્રમણ હું પાછો

+ દિવસના અંત ભાગે વંદના થતી હોય તો દિવસ બોલાય છે, અને રાત્રિના અંત ભાગે થતી હોય તો રાત્રિ બોલાય છે.

કરુ છું, તેની નિંદા કરૂં છું, તેની આપના સમક્ષ કબૂલાત કરૂં છું, અને એ અશુભ યોગમાં વર્તેલા બહિરાત્મ ભાવનો ત્યાગ કરૂં છું.

આવું વંદન બે વાર થાય ત્યારે તે પૂર્ણ થયું કહેવાય છે. તેમાં કેટલાંક વિશિષ્ટ વિધિ ઉપરાંત દ્વાદશ આવર્તની ક્રિયા થાય છે. તે નીચે મુજબ અવગ્રહમાં આવવાની આજ્ઞા મળ્યા પછી સર્વ અશુભ વ્યાપારના ત્યાગ માટે **निस्सीहि** એવો શબ્દ બોલાય છે, અને આપના ચરણોને મારી કાયા વડે સ્પર્શ કરૂં છું, તેથી જે કંઇ તકલીફ થાય તેની ક્ષમા આપશો, એવો ભાવ દર્શાવવા માટે **अहोकायं कायसंकासं खमणिज्जो मे किलामो** એવા શબ્દો બોલાય છે. તે બોલતાં પહેલાં શિષ્ય ગોદોહિકાસને એટલે ઉભડક પગે ગુરૂની સામે બેસે છે, અને તેમને ચરણે હાથ અડાડી ×

अहोकायं काय–એ છ અક્ષરો સ્પષ્ટ સ્વરે જુદા જુદા બોલે છે, અને તે વખતે નીચે મુજબ ક્રિયા કરે છે. તેને આવર્ત કહેવાય છે;

૧ **अ**–રજોહરણને સ્પર્શ કરવો.

૨ **हो**–ત્યારપછી પોતાના લલાટને સ્પર્શ કરવો.

આનો અર્થ એ થાય છે કે ગુરૂ ચરણની સેવા મને માન્ય છે. તેને હું અતિ પવિત્ર ગણું છું.

૩ **का**–ફરી રજોહરણને સ્પર્શ કરવો.

૪ **यं**–ફરી લલાટને સ્પર્શ કરવો,

૫ **का**–ફરી રજોહરણને સ્પર્શ કરવો.

૬ **य**–ફરી લલાટને સ્પર્શ કરવો.

× ગુરૂ વિદ્યમાન ન હોય તો પોતાનું રજોહરણ આગળ મૂકી તેમાં ગુરૂ ચરણની સ્થાપના કરે છે. પછી તે પર પોતાની મુહપત્તી મૂકી ક્રિયા કરે છે.

આ રીતે કુલ છ આવર્ત થયા, એટલે એ વંદનમાં કુલ દ્વાદશ આવર્ત થાય અને તેના લીધે જ આ વંદનક્રિયાને દ્વાદશાવર્તવંદન કહેવાય છે.

શિષ્યે ગુરૂ પ્રત્યે કેટલો વિનય રાખવાનો છે, તે આ ક્રિયાથી બરાબર સમજાય છે, અને તેથી જ તેની ગણના આવશ્યકમાં કરવામાં આવી છે.

૪ પ્રતિક્રમણ

પ્રતિ એટલે પાછું અને ક્રમણ એટલે ચાલવાની કે જવાની ક્રિયા. તાત્પર્ય કે જેમાં પાછા ચાલવાની, પાછા જવાની પાછા ફરવાની ક્રિયા મુખ્ય છે, તે પ્રતિક્રમણ કહેવાય.

નિરંતર 'આગળ વધો'ની બૂમ સાંભળનારને આથી નવાઈ લાગશે કે જૈન મહર્ષિઓએ પાછા ફરવાનો આદેશ કેમ આપ્યો હશે? પણ આ જગતમાં 'આગળ વધો' અને 'પાછા ફરો' એ બંને સૂત્રો સમાન મહત્ત્વ ધરાવે છે, તેથી આશ્ચર્ય પામવાનું કારણ નથી. યુદ્ધમાં આગળ વધવાથી લાભ દેખાતો હોય તો સેનાનાયકો કે સેનાધિપતિઓ 'આગળ વધો'નો આદેશ આપે છે, અને પાછા ફરવાથી લાભ દેખાતો હોય તો 'પાછા ફરો'નો આદેશ આપે છે. તેમાં આગળ વધવાની જગાએ પાછા ફરવામાં આવે કે પાછા ફરવાની જગાએ આગળ વધવામાં આવે તો ભયંકર નુકશાન થાય એ દેખીતું છે.

ધાર્મિક ક્ષેત્રમાં પણ આવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે. જ્યાં આગળ વધવાથી લાભ છે, ત્યાં જૈન મહર્ષિઓએ આગળ વધવાનો આદેશ આપ્યો છે. અને જ્યાં પાછા ફરવાથી લાભ છે ત્યાં પાછા ફરવાનો આદેશ આપ્યો છે. તેમાં આગળ વધવાની જગાએ પાછાછા ફરવામાં આવે કે પાછા ફરવાની જગાએ આગળ વધવામાં આવે

તો અધોગતિનો આરો રહે નહિ. દાખલા તરીકે જ્ઞાન અને ધ્યાનમાં આગળ વધવાનું છે. ત્યાં પાછા ફરવામાં આવે તો આત્મા પર અજ્ઞાનનો ઘેરો પટ છવાઇ જાય, અને આર્તધ્યાન તથા રૌદ્ર ધ્યાનનું જોર જામી પડે. તેજ રીતે ક્રોધ, કપટ વગેરેમાંથી પાછા ફરવાનું છે, ત્યાં આગળ વધવામાં આવે તો આત્મા દુર્ગતિનો જ અધિકારી થાય અને તેને ભયંકર યાતનાઓ ભોગવવી પડે. એટલે જૈન મહર્ષિઓએ પાછા ફરવાનો જે આદેશ આપ્યો છે, તે બહુ સમજણપૂર્વક આપેલો છે, અને તેમાં જ આત્માનું કલ્યાણ છે.

જૈન મહર્ષિઓએ પ્રતિક્રમણના અર્થ પર વિશેષ પ્રકાશ નીચે પ્રમાણે પાડયો છે :

स्वस्थानाद् यत् परस्थानं, प्रमादस्य वशाद्गतः ।
तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ॥

"પ્રમાદને લીધે સ્વસ્થાન છોડીને પરસ્થાનમાં ગયેલા આત્માનું ફરી સ્વસ્થાનમાં આવવું તેને પ્રતિક્રમણ કહેવાય છે."

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ આત્માનું સ્વસ્થાન કે આત્માની સ્વભાવદશા છે. તથા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય એ આત્માનું પરસ્થાન કે વિભાવદશા છે. મુખ્યત્વે પ્રમાદને લીધે આત્મા સ્વથાનમાંથી પરસ્થાનમાં જાય છે. તેને જ્યારે આ પરિસ્થિતિનું ભાન થાય અને 'હું ભૂલ્યો' એવો વિચાર આવે, ત્યારે પાછો સ્વસ્થાનમાં આવે છે. આ રીતે પાછા સ્વસ્થાને આવવાની ક્રિયા તે જ પ્રતિક્રમણ સમજવાનું છે.

જૈન મહર્ષિઓએ પ્રતિક્રમણનો અર્થ પણ કરેલો છે જેમકે–

प्रति प्रति वर्तनं वा शुभेषु योगेषु मोक्षफलेषु ।
निशल्यस्य यतेर्यत् तद्वा ज्ञेयं प्रतिक्रमणम् ॥

'અથવા પાપ કર્મોની નિંદા, ગર્હા અને આલોચના કરીને નિઃશલ્ય થયેલા એવા યતિનું મોક્ષફલ આપનાર શુભ યોગોને વિષે પુનઃ પુનઃ પ્રવૃત્ત થવું તે જ પ્રતિક્રમણ જાણવું.

જેઓ જીવનનું પર્યાલોચન કરે છે અથવા આત્માનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે, તેમને જ પોતાની ભૂલો, સ્ખલનાઓ કે પાપ-*વૃત્તિનું ભાન થાય છે.* આવી રીતે પાપવૃત્તિનું ભાન થયા પછી તેને ખોટી માનવી, તેને માટે દીલગીર થવું એ નિંદા કહેવાય છે. તેનો ગુરુ આગળ નિખાલસ ભાવે એકરાર કરવો એ ગર્હા કહેવાય છે, અને તે માટે ગુરુ જે પ્રાયશ્ચિત આપે તે સદ્‌ભાવથી ગ્રહણ કરવું તે આલોચના કે આલોયણ કહેવાય છે. આ બધાં પ્રતિક્રમણનાં પગથિયાં છે.

અહીં એ જાણવું ઉપયોગી થઇ પડશે કે જે પાપ અનિંદિત અગર્હિત અને અનાલોચિત છે, તેને માટે જૈન મહર્ષિઓએ શલ્ય શબ્દનો પ્રયોગ કર્યો છે, એટલે નિંદા, ગર્હા અને આલોચના વડે મુમુક્ષુ નિઃશલ્ય થાય છે.

આ રીતે આત્મા નિઃશલ્ય થયા પછી તેને મોક્ષ ફલ આપનાર શુભ યોગો એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં વારંવાર જોડવો એ પણ પ્રતિક્રમણ જ છે.

આ બંને વ્યાખ્યાઓની ભાષા જુદી છે, પણ તેમાં તત્ત્વથી કોઇ ભેદ નથી. જે પ્રતિક્રમણ પ્રતિદિન દિવસના અંત ભાગે કરાય છે, તે દૈવસિક કે દેવસિય કહેવાય છે. જે પ્રતિક્રમણ પ્રતિદિન રાત્રિના અંતે કરાય છે, તે રાત્રિક કે રાઇય કહેવાય છે. જે પ્રતિક્રમણ પક્ષ એટલે પંદર દિવસના અંતે કરાય છે, તે પાક્ષિક કે પખ્ખિય કહેવાય છે. જે પ્રતિક્રમણ ચાર માસના અંતે કરાય છે. તે ચાતુર્માસિક કે ચાઉમ્માસિય કહેવાય છે. અને જે પ્રતિક્રમણ સંવત્સર એટલે વર્ષના અંતે કરાય છે. તે સાંવત્સરિક કે સંવચ્છરિય કહેવાય છે. તેમાં પાક્ષિક પ્રતિક્રમણ ચતુર્દશીના સાયંકાળે કરાય છે.

ચાતુર્માસિક પ્રતિક્રમણ કાર્તિક ચતુર્દશી, ફાલ્ગુન ચતુર્દશી અને અષાડ ચતુર્દશીને દિવસે કરાય છે. અને સાંવ્રત્સરિક પ્રતિ-

ક્રમણ ભાદ્રપદ શુકલ ચતુર્થીને દિવસે કરાય છે.

બધાં પ્રતિક્રમણોમાં સાંવત્સરિક પ્રતિક્રમણનો મહિમા મોટો ગણાય છે. કારણ કે તે દિવસે નાના મોટા સહુ એકત્ર થાય છે, અને આખા વર્ષ દરમિયાન જાણતાં અજાણતાં એક બીજાનો જે અપરાધ થયો હોય તેની ક્ષમા માગે છે, બીજા શબ્દોમાં કહીએ તો આ એક જાતનું ક્ષમાપનાપર્વ છે, એટલે તે દિવસે ક્ષમા આપવાની અને ક્ષમા માગવાની ક્રિયા ખૂબ વ્યાપક પ્રમાણમાં થાય છે. તે માટે નીચેની ગાથા ખાસ યાદ રાખવા જેવી છે.

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥

'હું સર્વ જીવોને તેમના અપરાધની ક્ષમા આપું છું. સર્વ જીવો મને પણ મારા અપરાધની ક્ષમા આપો. મારે સર્વ જીવો પ્રત્યે મૈત્રી છે. કોઈની સાથે વૈર નથી.'

પ્રતિક્રમણ મુમુક્ષુના જીવનમાં કેવી ઉચ્ચ ભાવનાઓ પ્રેરનારાં છે, તેનો ખ્યાલ આ ગાથા પરથી આવી શકશે.

૫ કાયોત્સર્ગ

કાયનો ઉત્સર્ગ તે કાયોત્સર્ગ, અહીં કાય શબ્દથી કાયા, દેહ કે શરીર પરનું મમત્વ અને 'ઉત્સર્ગ' શબ્દથી ત્યાગ સમજવાનો છે. તાત્પર્ય કે જે ક્રિયા વડે કાયા, દેહ કે શરીર પરના મમત્વનો ત્યાગ થાય તે કાયોત્સર્ગ કહેવાય છે.

કેટલાક અતિચારો એવા છે કે જેની માત્ર નિંદા, ગર્હા અને આલોચના વડે શુદ્ધિ ન થાય. તેને માટે આ વિશિષ્ટ ક્રિયાનો આશ્રય લેવાય છે. અને તેના દ્વારા એ સઘળા અતિચારોની શુદ્ધિ કરવામાં આવે છે, તેથી તેની ગણના આવશ્યકમાં થયેલી છે.

કાયોત્સર્ગના સ્વરૂપ પરત્વે યોગ સાધના પ્રકરણમાં વિસ્તારથી વિવેચન કરેલું છે, એટલે અહીં તેની પુનરુક્તિ કરતા નથી.

૬ પ્રત્યાખ્યાન

પ્રત્યાખ્યાન શબ્દ **प्रति+आ+ख्यान** એ ત્રણ પદોનો બનેલો છે, તેમાં **प्रति** ઉપસર્ગ પ્રતિકૂલ એટલે અવિરતિને પ્રતિકૂલ એવો અર્થ દર્શાવે છે; **आ** ઉપસર્ગ મર્યાદા કે વિરતિની અભિમુખતાનો અર્થ દર્શાવે છે. અને **ख्यान** પદ સમ્યક્ પ્રકારે કથન કરવાનો અર્થ દર્શાવે છે. એટલે અવિરતિને પ્રતિકૂલ અને વિરતિને અનુકૂળ એવું જે કથન કરવું. પ્રતિજ્ઞા લેવી તે પ્રત્યાખ્યાન કહેવાય છે.

જૈન શાસ્ત્રોમાં તેને માટે નિયમ, અભિગ્રહ, વિરમણ, વ્રત, વિરતિ આસ્રવદ્વાર નિરોધ, નિવૃત્તિ, ચારિત્રધર્મ, ગુણધારણા વગેરે શબ્દો વપરાયેલા છે. વ્યવહારમાં એ માટે બાધા શબ્દ પ્રચલિત છે.

કોઇપણ આત્મા પોતાના જીવનમાં લાગેલાં પાપોનું પ્રાયશ્ચિત કરે અથવા વ્રત નિયમોમાં લાગેલા અતિચારોનું આલોચન કરે પણ શુદ્ધ થયા પછી ત્યાગની તાલીમ ન લે તો ફરી પાપો, અતિચારો કે દોષો થવાનો સંભવ રહે છે. તેથી પ્રત્યાખ્યાનને જીવન શુદ્ધિ માટેની એક આવશ્યક ક્રિયા માનવામાં આવી છે.

પ્રત્યાખ્યાન મુખ્યત્વે બે પ્રકારનું છેઃ (૧) મૂલ ગુણ પ્રત્યાખ્યાન અને (૨) ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. આ બંને પ્રત્યાખ્યાનના સર્વ અને દેશથી બે બે વિભાગો પડે છે. એટલે તેના કુલ ચાર ભેદો પડે છે; (૧) સર્વમૂળગુણ પ્રત્યાખ્યાન, (૨) દેશમૂળગુણ પ્રત્યાખ્યાન, (૩) સર્વ ઉત્તર ગુણ પ્રત્યાખ્યાન અને (૪) દેશ ઉત્તર ગુણ પ્રત્યાખ્યાન. તે બધાનો અહીં ક્રમશઃ પરિચય આપીશું.

સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાન પાંચ પ્રકારનું છેઃ ૧, પ્રાણાતિપાત, વિરમણ વ્રત, ૨. મૃષાવાદવિરમણ વ્રત, ૩, અદત્તાદાન-વિરમણ વ્રત, ૪, મૈથુન-વિરમણ વ્રત, અને ૫, પરિગ્રહ વિરમણ વ્રત,

દેશમૂલ ગુણ પ્રત્યાખ્યાન પણ પાંચ પ્રકારનું છે.: ૧, સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણ વ્રત, ૨, સ્થૂલ મૃષાવાદ-વિરમણ વ્રત, ૩, સ્થૂલ અદત્તાદાન-વિરમણ વ્રત, ૪, સ્વદારાસંતોષ-પરદારાગમનવિરમણ વ્રત, ૫, પરિગ્રહ પરિમાણ વ્રત,

સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન દશ પ્રકારનું છે. ૧, અનાગત, ૨, અતિક્રાન્ત, ૩, કોટિસહિત, ૪, નિયંત્રિત, ૫, સાકાર, ૬, અનાકાર, ૭, પરિમાણ કૃત ૮, નિરવશેષ, ૯, સંકેત, અને ૧૦, અદ્ધા, તેમાં તપશ્ચર્યા માટે નક્કી થયેલાં પર્વો આવ્યા પહેલાં જ તપશ્ચર્યા પૂરી કરી લેવી કે જેથી પર્વ દિવસોમાં ગ્લાન, વૃદ્ધ વગેરેનું વૈયાવૃત્ત્ય થઇ શકે તે અનાગત પ્રત્યાખ્યાન કહેવાય છે; પર્વ દિવસોમાં વૈયાવૃત્ત્ય વગેરે કારણોએ જે તપશ્ચર્યા પૂરી થઈ શકી ન હોય તે પછી પૂરી કરવી તે અતિક્રાન્ત પ્રત્યાખ્યાન કહેવાય છે; ઉપવાસ વગેરે જે તપશ્ચર્યા પૂરી થઇ ન હોય તેની સમાપ્તિ પૂર્વે બીજી તપશ્ચર્યાનું પ્રત્યાખ્યાન કરવું તે કોટિસહિત પ્રત્યાખ્યાન કહેવાય છે; પૂર્વે જે પ્રત્યાખ્યાન કરવાનો સંકલ્પ કર્યો હોય તે રોગાદિ ગમે તે કારણો આવવા છતાં પૂર્ણ કરવો તે નિયંત્રિત પ્રત્યાખ્યાન કહેવાય છે; જે પ્રત્યાખ્યાનમાં જરૂરી અપવાદો-આગારો રાખ્યા હોય તે સાગાર કહેવાય છે; જે પ્રત્યાખ્યાનમાં કોઇ અપવાદ કે આગાર ન રાખ્યો હોય તે અનાગાર પ્રત્યાખ્યાન કહેવાય છે; જેમાં દત્તી, કવલ કે ઘરની સંખ્યાનું પરિમાણ રાખ્યું હોય તે પરિમાણ કૃત પ્રત્યાખ્યાન કહેવાય છે; જેમાં ચારે આહાર તથા અફીણ તંબાકુ વગેરે અનાહારનું પ્રત્યાખ્યાન કરવામાં આવે તેને નિરવશેષ પ્રત્યાખ્યાન કહેવાય છે; જેમાં અંગુઠો, મૂઠી વગેરેનો સંકેત રાખવામાં

આવે છે, તેને સંકેત પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. અને જેમાં સમયની મર્યાદા નક્કી કરવામાં આવી હોય તેને અદ્ધા પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. તેમાં સંકેત પ્રત્યાખ્યાનના આઠ પ્રકારો અને અધ્ધા પ્રત્યાખ્યાનના દશ પ્રકારો ખાસ સમજવા જેવા છે.

સાંકેતિક પ્રત્યાખ્યાનના આઠ પ્રકારોઃ ૧, અંગુષ્ટ સહિત એટલે અંગુઠો મૂઠીમાં રાખીને નવકાર ગણું ત્યાં સુધીનું, ૨, મુષ્ટિ સહિત જ્યાં સુધી મૂઠી વાળીને નવકાર ગણું ત્યાં સુધીનું. ૩, ગ્રંથિસહિત એટલે જ્યાં સુધી વસ્ત્ર કે રુમાલની ગાંઠ બાંધી રાખું ત્યાં સુધીનું. ૪, ગૃહસહિત ઘરે પહોંચું ત્યાં સુધીનું. ૫, સ્વેદસહિત પરસેવો ન સૂકાય ત્યાં સુધીનું. ૬, શ્વાસસહિત, શ્વાસ નીચો ન બેસે ત્યાં સુધીનું, ૭, સ્તિબુક સહિત–સ્તિબુક એટલે પાણીનાં બિંદુ તે અમુક પાત્ર પરથી ન સૂકાય ત્યાં સુધીનું. અને ૮, જ્યોતિ સહિત–દીવાની જ્યોત બળે ત્યાં સુધીનું.

અધ્ધા પ્રત્યાખ્યાનના દશ પ્રકારોઃ ૧, નમસ્કાર–સહિત નમુક્કારસી કે નોકારસી, સૂર્યોદયથી બે ઘડી સુધી આહાર, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનો ત્યાગ. ૨, પૌરુષી–સાર્ધ્ધ પૌરુષી–એક કે દોઢ પૌરુષી સુધી ચારે આહારનો ત્યાગ. (પૌરુષી એ લગભગ પ્રહર જેટલો જ સમય છે) ૩, પુરિમાર્ધ–અપાર્ધ દિવસના પહેલા અર્ધા ભાગ સુધીનું ચારે આહારનું પ્રત્યાખ્યાન તે પુરિમાર્ધ્ધ અને ત્રણ પૌરુષી સુધીનું. ચારે આહારનું પ્રત્યાખ્યાન તે અપાર્ધ. ૪, એકાશન–દ્વિઅશન એકાસણું અને બિયાસણું. ૫, એકલસ્થાન એગલઠાણું, હાથ અને મોં સિવાય બીજું અંગ હલાવ્યા વિના એકાશન કરવું તે. ૬, આયંબિલ, ૭, ઉપવાસ (ચઉત્થભત્ત), ચરિમ એટલે દિવસના અંત ભાગે લેવાતું. ૯, અભિગ્રહ–પોતાની ધારણા મુજબના સમય માટે લેવાતું. અને ૧૦, વિકૃતિ ત્યાગ. એટલે દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, (સાકર)

અને પકવાન એમાંથી યથાશક્તિ વિકૃતિનો ત્યાગ. અને ઓછામાં ઓછું એક દિવસનું અને વધારેમાં વધારે જીવન પર્યંતનું હોય છે. (મધ મદિરા, માખણ અને માંસ એ ચાર મહાવિકૃતિ હોવાથી સર્વથા-ત્યાજ્ય છે.) આ પ્રત્યાખ્યાનો **દશ પ્રત્યાખ્યાન** તરીકે વિશેષ પ્રસિદ્ધ છે.

દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન સાત પ્રકારનું છે: ૧, દિગ્વ્રત, ૨, ભોગોપભોગ પરિમાણ, ૩, અનર્થદંડ વિરમણ, ૪. સામાયિક, ૬, પૌષધોપવાસ, અને ૭, અતિથિ સંવિભાગ. આ શ્રાવકનાં ૬ થી ૧૨ સુધીનાં વ્રતો છે. અને તેનો પરિચય પ્રથમ ભાગના ધર્માચરણ પ્રકરણમાં આવી ગયેલો છે.

પ્રત્યાખ્યાન સવારે ઉઠતાં આત્મ સાક્ષીએ કરવામાં આવે છે. જિન મંદિરમાં પ્રભુ સમક્ષ કરવામાં આવે છે. અને ઉપાશ્રયમાં ગુરુ આગળ કરવામાં આવે છે.

૭ શુદ્ધિ પૂર્વક થયેલું પ્રત્યાખ્યાન વિશેષ ફલ આપે છે તે આ પ્રમાણે : ૧, સ્પર્શના એટલે ઉચિત કાલે વિધિપૂર્વક લેવું. ૨, પાલના એટલે પ્રત્યાખ્યાનનો હેતુ લક્ષમાં રાખીને વર્તવું. ૩, શોભના એટલે પ્રત્યાખ્યાન પારતાં પહેલાં અતિથિસંવિભાગ કરવો. ૪, તીરણા એટલે પ્રત્યાખ્યાન પૂરું થયા પછી થોડો સમય જવા દેવો. ૫, કીર્તના એટલે પ્રત્યાખ્યાન પૂરું થયે તેનું ઉત્સાહપૂર્વક સ્મરણ કરવું. અને ૬, આરાધના એટલે કર્મક્ષયનો હેતુ ધ્યાનમાં રાખી પ્રત્યાખ્યાન કરવું.

પ્રત્યાખ્યાનથી મનની મક્કમતા કેળવાય છે, ત્યાગની તાલીમ મળે છે. ચારિત્ર ગુણની ધારણા થાય છે, આસ્રવનો નિરોધ થાય છે. તૃષ્ણાનો છેદ થાય છે. અતુલ ઉપશમ ગુણ ઉત્પન્ન થાય છે. અને અનુક્રમે સર્વ સંવરની પ્રાપ્તિ થતાં અણાહારીપદ એટલે મુક્તિ પમાય છે.

પ્રકરણ બારમું

જ્ઞાન

જૈન ધર્મમાં જ્ઞાન અંગે ગહન વિચારણા થયેલી છે. અને તેની પ્રક્રિયા તથા ભેદાનુભેદો પર સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેથી પાઠકોએ તેનાથી પરિચિત થવાની આવશ્યકતા છે.

જ્ઞા ધાતુ જાણવાનો, ઓળખવાનો કે સમજવાનો અર્થ દર્શાવે છે, એટલે જેના વડે વસ્તુને જાણી શકાય, ઓળખી શકાય, કે સમજી શકાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. આ એક પ્રકારનો ચૈતન્ય વ્યાપાર છે. એટલે તે આત્મદ્રવ્યને વિષે જ સંભવે છે. પણ અનાત્મ દ્રવ્યોને વિષે સંભવતો નથી.

ધર્માસ્તિકાય અનંત જીવાત્માઓને તથા પૌદ્‌ગલિક વસ્તુઓને ગતિ કરવામાં સહાય ભૂત થાય છે. પણ પોતે કોને સહાય કરી–કરે છે કે કરશે તે જાણી શકતું નથી. અધર્માસ્તિકાય અનંત જીવાત્માઓને તથા પૌદ્‌ગલિક વસ્તુઓને સ્થિતિ કરવામાં સહાયભૂત થાય છે. પણ કોને સહાયભૂત થયું–થાય છે થશે તે જાણી શકાતું નથી. ત્યારે આકાશ કે જે અસંખ્ય–અનંત વસ્તુઓને અવકાશ આપે છે. તે કોને–કયાં અવકાશ આપ્યો તે જાણે છે ખરૂં ? એ જ સ્થિતિ કાલની છે. તે અસંખ્ય–અનંત વસ્તુઓના સંબંધમાં આવવા છતાં કોઇને જાણતો–પીછાનતો નથી. બાકી રહ્યું પુદ્‌ગલ. તે પણ આ ચાર દ્રવ્યો જેટલું જ જડ છે. લોખંડની કડછી અનેક વાનગીઓમાં ફરવા છતાં એકનો પણ સ્વાદ જાણી શકતી નથી, કે લાકડાનું ટેબલ તેના પર ગમે તેટલું લખાવા છતાં તેમાંની એક પણ

પંકિત, એકપણ શબ્દ, અરે! એક પણ અક્ષર જાણી શકતું નથી. તાત્પર્ય કે અનાત્મ દ્રવ્યોને વિષે ચૈતન્યનો વ્યાપાર નહિ હોવાથી ત્યાં જ્ઞાન સંભવતું નથી.

અહીં કોઇ એમ કહે છે કે 'શરીર પુદ્ગલનું બનેલું છે, છતાં તે કેમ જાણે છે? અથવા ઇન્દ્રિયો પુદ્ગલની બનેલી છે, છતાં તેમને વસ્તુઓનો બોધ કેમ થાય છે? એનો ઉત્તર એ છે કે શરીર સ્વયં કંઇપણ જાણી શકતું નથી. કે ઇન્દ્રિઓને સ્વંય કોઇ પણ વસ્તુનો બોધ થતો નથી. એ બંને તો આત્માને જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધનમાત્ર છે. જો શરીર સ્વયં કંઇપણ જાણી શકતું હોય, કે ઇન્દ્રિઓને સ્વયં કોઇપણ વસ્તુઓનો બોધ થતો હોય તો એક મડદાને પણ જ્ઞાન થવું જોઇએ, કારણ કે તેમાં શરીર અને ઇન્દ્રિયો વિદ્યમાન છે. પરંતુ તે પણ જાણી શકતું નથી. કારણ કે તે ચૈતન્ય રહિત છે. એટલે ત્યાં કોઇપણ પ્રકારનો ચૈતન્ય વ્યાપાર સંભવતો નથી.'

ચૈતન્ય વ્યાપારને જૈન મહર્ષિઓએ 'ઉપયોગ' કહ્યો છે. અને "**जीवो उवओगलक्खणो**" એવું સૂત્ર ઉચ્ચાર્યું છે, એટલે જીવ કે આત્મા હર હાલતમાં ઉપયોગવાળો હોય છે. આ ઉપયોગ બધા આત્માઓને એક સરખો હોતો નથી. પણ કર્મના ક્ષયોપશમ પ્રમાણે તરતમ ભાવે હોય છે. એટલે જેના કર્મનો ક્ષયોપશમ થોડો હોય તેને ઉપયોગ પણ થોડો હોય, અને જેના કર્મનો ક્ષયોપશમ વધારે હોય તેને ઉપયોગ પણ વધારે હોય. એ રીતે જેના કર્મનો સંપૂર્ણ ક્ષય થયો હોય તેનો ઉપયોગ સહુથી વધારે એટલે ઉત્કૃષ્ટપણે હોય.

અહીં કોઇ એમ કહે છે કે 'જો ઉપયોગ એ જીવનું લક્ષણ હોય તો નિગોદના જીવોમાં એ શી રીતે સંભવે છે? ત્યાં તો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા શરીરમાં અનંત આત્માઓનું

સાથે જ અવસ્થાન હોય છે' એનો ઉત્તર એ છે કે 'નિગોદના જીવો અતિ સૂક્ષ્મ હોવા છતાં તેમને પણ અક્ષરના અનંતમાભાગ જેટલો ઉપયોગ હોય છે. સિવાય આત્માના મધ્યમાં આવેલા આઠ રુચક પ્રદેશો પર કર્મનું આચ્છાદન હોતું નથી. એતો સર્વથા શુદ્ધ જ રહે છે. એટલે આ પ્રકારનો ઉપયોગ સંભવે છે.'

ઉપયોગ બે પ્રકારનો હોય છે એક અનાકાર અને બીજો સાકાર. તેમાં વસ્તુનો સામાન્ય બોધ કરાવે તે અનાકાર, અને વિશેષ બોધ કરાવે તે સાકાર, એમ સમજવાનું છે. જૈન મહર્ષિઓએ અનાકાર ઉપયોગને દર્શનની અને સાકાર ઉપયોગને જ્ઞાનની સંજ્ઞા આપી છે, એટલે જ્ઞાન એ આત્માનો સાકાર ઉપયોગ છે.

અહીં ઉપયોગ સંબંધમાં બીજી પણ કેટલીક હકીકતો જાણી લઇએ. આત્માના આઠ રુચક પ્રદેશો સિવાય બાકીના પ્રદેશો સ્પંદનમય હોય છે. એટલે આત્માનો ઉપયોગ એક વસ્તુ પર વધારે વખત ટકી શકતો નથી. છદ્મસ્થોનો એક વસ્તુ પરનો ઉપયોગ વધારેમાં વધારે એક અંતર્મૂહૂર્ત એટલે બે ઘડી જેટલો હોય છે. તેમાં દર્શનોપયોગ કરતાં જ્ઞાનોપયોગનો સમય સંખ્યાતગુણો વધારે હોય છે. સર્વ જીવો એક સમયે એક જ ઉપયોગવાળા હોય છે. પણ બે ઉપયોગવાળા હોતા નથી. કેવલી ભગવંતો અંગે પણ આ જ સ્થિતિ સમજવાની છે. છદ્મસ્થ જીવોને પહેલો દર્શનોપયોગ હોય છે. અને પછી જ્ઞાનોપયોગ હોય છે. અને કેવલી ભગવંતોને પહેલો જ્ઞાનોપયોગ અને પછી દર્શનોપયોગ હોય છે.

દર્શનોપયોગ ચાર પ્રકારનો મનાયેલો છે ૧, અચક્ષુ દર્શનોપયોગ, ૨, ચક્ષુદર્શનોપયોગ, ૩, અવધિદર્શનોપયોગ અને ૪, કેવલ દર્શનોપયોગ.

ચક્ષુ સિવાયની બીજી ચાર ઇન્દ્રિઓ તથા મનના નિમિત્તથી જે અનાકાર ઉપયોગ થાય તે અચક્ષુદર્શનોપયોગ, ચક્ષુનિમિત્તથી જે

અનાકાર ઉપયોગ થાય તે ચક્ષુદર્શનોપયોગ. અવધિજ્ઞાન થતાં પહેલાં આત્માને જે અનાકારોપયોગ થાય તે અવધિદર્શનોપયોગ, અને કેવળજ્ઞાન થયા પછી આત્માને જે સામાન્ય ઉપયોગ થાય તે કેવલ દર્શનોપયોગ.

જ્ઞાનોપયોગ આઠ પ્રકારનો મનાયેલો છેઃ ૧, મતિજ્ઞાનોપયોગ, ૨, મતિ–અજ્ઞાનોપયોગ, ૩, શ્રુતજ્ઞાનોપયોગ, ૪, શ્રુત–અજ્ઞાનોપયોગ, ૫, અવધિજ્ઞાનોપયોગ, ૬, વિભંગજ્ઞાનોપયોગ, ૭, મનઃપર્યવજ્ઞાનોપયોગ, અને ૮, કેવલજ્ઞાનોપયોગ.

અહીં કોઈ એમ કહે કે 'જ્ઞાન તો પાંચ પ્રકારનું જ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવલ. તો ઉપયોગ આઠ પ્રકારનો શી રીતે સંભવે? તેનો ઉત્તર એ છે કે 'આ ભેદો સમ્યક્ત્વ તથા મિથ્યાત્વને આધારે કહેલા છે. એટલે સમ્યકત્વધારીનું મતિજ્ઞાન તે મતિજ્ઞાનોપયોગ. શ્રુતજ્ઞાન તે શ્રુતજ્ઞાનોપયોગ, અવધિજ્ઞાન તે અવધિજ્ઞાનોપયોગ, મનઃપર્યવજ્ઞાન તે મનઃપર્યવજ્ઞાનોપયોગ, અને કેવલજ્ઞાન તે કેવલજ્ઞાનોપયોગ એમ સમજવાનું છે. તથા મિથ્યાત્વીનું મતિજ્ઞાન તે મતિ–અજ્ઞાનોપયોગ, શ્રુતજ્ઞાન તે શ્રુત–અજ્ઞાનોપયોગ, અને અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાનોપયોગ એ લક્ષમાં રાખવાનું છે.'

'અહીં મનઃપર્યવ–અજ્ઞાનોપયોગ અને કેવલજ્ઞાન–અજ્ઞાનોપયોગ કેમ નહિ? તેનો ઉત્તર એ છે કે 'મનઃપર્યવ અને કેવલજ્ઞાનનો ઉપયોગ સમ્યક્ત્વધારીને જ હોય છે. પણ મિથ્યાત્વીને હોતો નથી. તેથી મનઃપર્યવ–અજ્ઞાનોપયોગ અને કેવલજ્ઞાનઅજ્ઞાનોપયોગ સંભવતો નથી.'

પાંચ જ્ઞાનના સ્વરૂપ તથા ભેદાનુભેદોથી પરિચિત થઈએ તે પહેલાં એ જાણવું જરૂરનું છે કે આત્માને દર્શનોપયોગ તથા જ્ઞાનોપયોગ નિમિત્તનો સદ્‌ભાવ હોય ત્યારે જ થાય છે. પણ તે વિના થતો નથી. અહીં કાર્યસિદ્ધિ થવામાં જે કારણભૂત હોય તેને નિમિત્ત સમજવાનું છે. તેના જૈન મહર્ષિઓએ બે પ્રકારો માનેલા

છે. એક બાહ્ય કે આપેક્ષિક અને બીજું અભ્યંતર કે ઉપાદાન. અને નિમિત્તોના સદ્‌ભાવને જ નિમિત્તનો સદ્‌ભાવ સમજવાનો છે.

મતિજ્ઞાનનો ઉપયોગ થવામાં યોગ્ય દેશમાં રહેલી વસ્તુનો ઇન્દ્રિય સાથે સંયોગ વગેરે જોઇએ, તે બાહ્ય નિમિત્ત અને મતિ-જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જોઇએ તે અભ્યંતર નિમિત્ત છે. શ્રુતજ્ઞાનનો ઉપયોગ થવામાં શબ્દ શ્રવણ, પુસ્તક, ઉપદેશક વગેરે જોઇએ, તે બાહ્ય નિમિત્ત છે. અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશ જોઇએ તે અભ્યંતર નિમિત્ત છે, અવધિજ્ઞાનનો ઉપયોગ થવામાં રૂપી દ્રવ્યો જોઇએ, તે બાહ્ય નિમિત્ત છે. અને અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જોઇએ, તે અભ્યંતર નિમિત્ત છે. મનઃપર્યવજ્ઞાનનો ઉપયોગ થવામા મનરૂપે પરિણમેલી પૌદ્‌ગલિક વર્ગણાઓ જોઇએ, તે બાહ્ય નિમિત્ત છે. અને મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયો-પશમ જોઇએ, તે અભ્યંતર નિમિત્ત છે. તે જ રીતે કેવળજ્ઞાનનો ઉપયોગ થવામાં પદાર્થ માત્ર બાહ્ય નિમિત્ત છે, એટલે કે ગમે ત્યારે તેની સત્તા (અસ્તિત્વ) જોઇએ, અને જ્ઞાનનું આવરણ કરનાર સર્વ કર્મોનો અભાવ તે અભ્યંતર નિમિત્ત છે.

૧ મતિજ્ઞાન

પાંચ ઇંદ્રિયો તથા છઠ્ઠા મન વડે વસ્તુનો જે અર્થાભિમુખ એટલે નિશ્ચિત કે મર્યાદિત બોધ થાય તેને મતિજ્ઞાન કહેવામાં આવે છે. આ જ્ઞાન ચાર પગથિયે થાય છે. તેમાં પહેલા પગથિ-યાને અવગ્રહ, બીજાને ઇહા, ત્રીજાને અપાય અને ચોથાને ધારણા કહેવામાં આવે છે. અર્થને જાણવા યોગ્ય પદાર્થને ગ્રહણ કરવો તે અવગ્રહ. પ્રથમ વ્યંજન એટલે ઇંદ્રિય અને વસ્તુનો સંબંધ થાય છે. અને પછી 'કંઇક છે' એવો અવ્યકત અર્થ ગ્રહણ કરાય છે, એટલે અવગ્રહના વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ એવા બે

વિભાગો માનવામાં આવ્યા છે. તે સંબંધી વિચારણા કરવી કે આ શું હશે? આ હશે? તે હશે?' તેને ઈહા કહેવામાં આવે છે. તેનો નિશ્ચય કરવો કે 'આ અમુક છે,' તેને અપાય કહેવામાં આવે છે, અને અનુભવેલી વસ્તુ આ હતી. એમ યાદ રાખવું તેને ધારણા કહેવામાં આવે છે.

આ રીતે પાંચ ઇન્દ્રિયો તથા મનના વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા. અપાય અને ધારણા થાય તો ૬×૫=૩૦ ભેદો થાય, પણ ચક્ષુ તથા મનનો વ્યંજનાવગ્રહ થતો નથી, કારણ કે તે બંને અપ્રાપ્યકારી છે, એટલે કે ગ્રહણ કરવા યોગ્ય વસ્તુને નિકટનો સંનિકર્ષ થયા વિના જ ગ્રહણ કરે છે. તેથી મતિજ્ઞાનના ૨૮ ભેદો મનાય છે.

૨ શ્રુતજ્ઞાન

શબ્દના નિમિત્તથી ઈન્દ્રિયો તથા મન દ્વારા જે મર્યાદિત બોધ થાય તેને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. તેના મુખ્ય ભેદો બે છે. અક્ષર શ્રુત અને અનક્ષર શ્રુત. તેમાં અક્ષર એટલે લિપિથી જે જ્ઞાન થાય તે અક્ષરશ્રુત કહેવાય છે, અને ઉચ્છ્વાસ નિઃશ્વાસ, થૂંકવું, છીંક, સુંઘવું, ચપટી વગાડવી વગેરે અનક્ષર અવાજથી જે જ્ઞાન થાય તે અનક્ષરશ્રુત કહેવાય છે.

આ જ્ઞાનના સમ્યક્શ્રુત અને મિથ્યાશ્રુત એવા બીજા બે ભેદો પણ પડી શકે છે. તેમાં સમ્યક્ત્વધારીનું જે શ્રુત તે સમ્યક્શ્રુત અને મિથ્યાત્વીનું જે શ્રુત તે મિથ્યાશ્રુત એમ સમજવાનું છે. જૈન મહર્ષિઓ આ સમ્યક્શ્રુતનો જ બહુધા શ્રુત તરીકે વ્યવહાર કરે છે.

આ ચાર સિવાય બીજી રીતે પણ તેના દશ ભેદો કરવામાં આવે છે. તે આ પ્રમાણે: સંજ્ઞિશ્રુત–અસંજ્ઞિ શ્રુત, સાદિશ્રુત, અનાદિશ્રુત, સપર્યવસિતશ્રુત, અપર્યવસિતશ્રુત, ગમિકશ્રુત, અગમિકશ્રુત, અને અંગપ્રવિષ્ટશ્રુત, અનંગપ્રવિષ્ટશ્રુત,

સંજ્ઞિ પંચેન્દ્રિય છદ્મસ્થ આત્માઓનું જે શ્રુત તે સંજ્ઞિશ્રુત તે સિવાય એકેન્દ્રિયથી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય સુધીના જીવોનું જે શ્રુત તે અસંજ્ઞિશ્રુત.

એક વ્યકિતની અપેક્ષાએ શ્રુતજ્ઞાન આદિ અને અંતવાળું હોય છે, એટલે તે સાદિ અને સપર્યવસિત કહેવાય છે. અને અનેક વ્યકિતઓની અપેક્ષાએ આદિ અને અંતરહિત હોય છે, એટલે અનાદિ અને અપર્યવસિત કહેવાય છે. તેનો વિચાર જૈન મહર્ષિઓએ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી વિસ્તારપૂર્વક કરેલો છે.

જેમાં સરખા પાઠ એટલે ગમા આવે તે ગમિકશ્રુત કહેવાય, અને જેમાં સરખા પાઠ એટલે ગમા ન આવે તે અગમિક શ્રુત કહેવાય.

જે શ્રુત શ્રી ગૌતમ સ્વામી આદિ ગણધરોએ રચેલું દ્વાદશાંગીમાં આવતું હોય તે અંગપ્રવિષ્ટ કહેવાય અને શ્રી ભદ્રબાહુ સ્વામી વગેરે ચતુદર્શ પૂર્વધરોએ રચેલું હોય તે અનંગ પ્રવિષ્ટ કહેવાય.

આ રીતે શ્રુતજ્ઞાનના કુલ ૧૪ ભેદો મનાય છે.

૩ અવધિજ્ઞાન

રૂપી દ્રવ્યોના નિમિતથી આત્માને જે મર્યાદિત પ્રત્યક્ષજ્ઞાન થાય તેને અવધિજ્ઞાન કહેવાય છે. તેના મુખ્ય ભેદો ૬ છે: ૧, અનુગામી એટલે લોચનની જેમ અવધિજ્ઞાની પુરૂષની સાથે જનારૂં. ૨, અનનુગામી એટલે સ્થિર દીપકની જેમ અવધિજ્ઞાની પુરૂષની સાથે નહિ જનારૂં. ૩, વર્ધમાન એટલે અનુક્રમે વૃદ્ધિ પામનારૂં. ૪, હીયમાન એટલે યોગ્ય સામગ્રીના અભાવે ઘટતું જનારૂં. ૫, પ્રતિપાતી એટલે થયા પછી પડી જનારૂં. અને ૬, અપ્રતિપાતી એટલે થયા પછી નહિ પડનારૂં. અર્થાત્ કેવલજ્ઞાન પર્યંત પહોંચાડનારૂં. અવધિજ્ઞાન દેવો અથવા નારકીના જીવોને સહજ હોય છે અને મનુષ્યો તથા તિર્યંચોને લબ્ધિથી ઉત્પન્ન થાય છે.

૪ મનઃપર્યવજ્ઞાન

મનના પર્યાયોનું આત્માને જે મર્યાદિત પ્રત્યક્ષજ્ઞાન થાય તે મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. તેના મુખ્ય બે પ્રકારો છેઃ ઋજુમતિ અને વિપુલમતિ. તેમાં મનોગત ભાવોને સામાન્ય રીતે જાણવા તે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન છે, અને વિશેષ રીતે જાણવા તે વિપુલ-મતિ મનઃપર્યવજ્ઞાન છે.

૫ કેવલજ્ઞાન

લોકાલોકના ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાલીન સર્વ પર્યાયોનું જ્ઞાન થવું તે કેવલજ્ઞાન કહેવાય છે. તેના કોઈ ભેદ–પ્રભેદો નથી.

જો જ્ઞાન એ આત્માનો સ્વભાવ હોય અને કર્મના આવરણ પ્રમાણે જ તેમાં તરતમતા દેખાતી હોય તો કર્મનો સંપૂર્ણ ક્ષય થયે પૂર્ણ જ્ઞાન અર્થાત્ કેવલજ્ઞાન પ્રકટવું જ જોઈએ. એમાં શંકાને કોઈ સ્થાન નથી. અથવા જ્ઞાન એ આત્માનો સ્વભાવ નથી. અને તેના પર કર્મનાં આવરણોની અસર થતી નથી. એમ માનવું જોઈએ, પણ એ બંને માન્યતા પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ જાય છે. એટલે જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે, અને તેમાં કર્મના આવરણ પ્રમાણે તરતમતા દેખાય છે, એમ માનવું જ સમુચિત છે. આ સ્થિતિમાં કેવલજ્ઞાન કે સર્વજ્ઞતાનો અપલાપ કરવો એ કોઈ બુદ્ધિ-માનને શોભતું નથી.

આ રીતે મતિજ્ઞાનના ૨૮, શ્રુતજ્ઞાનના ૧૪, અવધિજ્ઞાનના ૬, મનઃપર્યવજ્ઞાનના ૨, અને કેવલજ્ઞાનનો ૧, ભેદ મળી જ્ઞાનના કુલ ૫૧ ભેદો મનાય છે.

જ્ઞાનના આ ભેદોપભેદોનો વિશેષ બોધ ઇચ્છનારે શ્રી નંદીસૂત્ર તથા શ્રી વિશેષાવશ્યક ભાષ્ય અને તેની ટીકાઓ અવશ્ય જોવી.

પ્રકરણ તેરમું

શરીર, ઇન્દ્રિયો અને મન

શ રી ર

જૈન મહર્ષિઓએ શરીરનો પરીચય આપતાં જણાવ્યું છે કે જેના દ્વારા હરવા–ફરવાની તથા ખાવા–પીવાની ક્રિયાઓ થઈ શકે છે, જેમાં પ્રતિક્ષણ જીર્ણ–શીર્ણ થવાનો સ્વભાવ છે, જે શરીર-નામ કર્મના ઉદયથી બને છે, અને જે સંસારી જીવો વડે અવશ્ય ધારણ કરાય છે. તે શરીર સમજવું. કાયા, કલેવર, તનુ, દેહ, ચય, ઉપચય, સંઘાત વગેરે તેના જ પર્યાય શબ્દો છે. અહીં તેમણે એ સ્પષ્ટતા કરી છે કે સિદ્ધના જીવો શુદ્ધ આત્મ સ્વરૂપે જ બિરાજે છે, એટલે તેઓ કોઈપણ જાતનું શરીર ધારણ કરતા નથી, અર્થાત્ તેઓ અશરીરી છે.

આ બધાં શરીરોનાં રૂપ, રંગ, પ્રમાણ વગેરે પરથી પ્રકારો પાડીએ, કે જે પ્રમાણે આજના પ્રાણી શાસ્ત્રીઓ કરે છે, તો અસંખ્ય પ્રકારો પડી શકે, પણ કાર્ય–કારણની સમાનતાને લક્ષમાં રાખી જૈન મહર્ષિઓએ તેના પાંચ પ્રકારો પાડયા છે: ૧, ઔદારિક, ૨, વૈક્રિય, ૩, આહારક, ૪, તૈજસ અને ૫, કાર્મણ. શ્રી પન્નવણા સૂત્રની નિમ્ન પંકિતમાં તેનાં મૂળ નામો આ પ્રમાણે જોઈ શકાય છે: '**पंच सरीरा पज्जत्ता तं जहा–ओरालिए, वेउव्विए, आहारए, तेयए, कम्मए,।**

ओरालिय શબ્દ ઉરલ, ઉરાલ કે ઓરાલ પરથી બનેલો છે. તેમાં ઉરલનો અર્થ વિરલ છે, એટલે આ શરીર અન્ય શરીરોની અપેક્ષાએ સ્વલ્પ પ્રદેશવાળું હોવાથી ઘન નહિ પણ વિરલ પ્રદેશી છે, એમ સમજવાનું છે. ઉરલનો અર્થ ઉદાર થાય છે, એટલે તે ઉદાર–ઉત્કૃષ્ટ પુદ્ગલોનું બનેલું છે, અથવા અન્ય શરીરોની અપેક્ષાએ ઉચ્ચ સ્વરૂપવાળું છે, એમ સમજવાનું છે; અને ઓરાલનો અર્થ હાડ–માંસ થાય છે. એટલે આ શરીરમાં હાડ–માંસ વગેરે સંભવે છે, એમ સમજવાનું છે. માખીનું, મત્સ્યનું, મર્કટનું કે મનુષ્યનું દશ્ય શરીર આ પ્રકારનું છે.

જે શરીર વિક્રિયા પામે તે વૈક્રિય કહેવાય. નાનામાંથી મોટું થવું, મોટામાંથી નાનું થવું, પાતળામાંથી જાડું થવું, જાડામાંથી પાતળું થવું, અથવા એક રૂપમાંથી અનેક રૂપ ધારણ કરવાં અને અનેક રૂપમાંથી એક રૂપ ધારણ કરવું તેને શાસ્ત્રીય પરિભાષામાં વિક્રિયા–વિવિધ ક્રિયા કહેવામાં આવે છે. દેવો નારકોને આવું શરીર ઉત્પાત એટલે જન્મથી જ હોય છે. અને મનુષ્યને તથા તિર્યંચોનો વિશિષ્ટ લબ્ધિના યોગે પ્રાપ્ત થઇ શકે છે.

જે શરીર વિશુદ્ધ પુદ્ગલોનું બનેલું અને અવ્યાઘાતી હોય તે આહારક કહેવાય. આ શરીરની સંભાવના માત્ર મનુષ્યમાં જ છે, અને તેમાં પણ ચતુર્દશ પૂર્વધરોમાં જ છે. જ્યારે તેમના મનમાં તત્ત્વવિષયક કોઈ સૂક્ષ્મ સંદેહ ઉત્પન્ન થાય, અથવા તીર્થંકરની ઋદ્ધિ જોવાની અભિલાષા જાગે ત્યારે જુદા આહારક પુદ્ગલો લઇ એક હાથ જેટલું આ પ્રકારનું શરીર બનાવે છે, જેમાં તેમના આત્મપ્રદેશો વ્યાપેલા હોય છે, અને જેને સંદેહનો ઉત્તર લેવા તીર્થંકર કે કેવલી ભગવંત આગળ મોકલે છે. આ ક્રિયા આંખના પલકારામાં બની જાય છે, એટલે પ્રશ્ન પૂછનારને એમ નથી લાગતું કે મને પ્રશ્નનો ઉત્તર મળતાં વિલંબ થયો છે.

જે શરીર તેજસથી બનેલું હોય કે તેજોમય હોય તે તૈજસ કહેવાય. અહીં તેજસ શબ્દથી ઉષ્માવાળા પુદ્ગલ સમજવાના છે. કે જે ખાધેલા ખોરાકનું પાચન કરે છે, અને તેજોલેશ્યા મૂકવામાં નિમિત્ત ભૂત થાય છે.

જે કર્મ સમૂહ આત્મપ્રદેશોમાં એકતા પામેલા છે, તે કાર્મણ શરીર કહેવાય

છેલ્લાં બે શરીરો એટલે તૈજસ અને કાર્મણ દરેક સંસારી આત્માને અવશ્ય હોય છે, અને જ્યાં સુધી કર્મનો સંપૂર્ણ ક્ષય ન થાય ત્યાં સુધી હરહાલતમાં તેની સાથે જ રહે છે. આત્મા જ્યારે એક શરીર છોડી બીજું શરીર ધારણ કરવા માટે ગતિ કરે છે, ત્યારે પણ આ બે શરીરો તેની સાથે જ હોય છે.

આ પાંચ શરીરોમાંથી ઔદારિક, વૈક્રિય, અને આહારક સેન્દ્રિય અને સાવયવ છે, એટલે તે ઇન્દ્રિયોવાળું અને અવયવો-વાળું હોય છે. અને તૈજસ તથા કાર્મણ નિરિન્દ્રિય અને નિરવયવ છે, એટલે તેમાં ઇન્દ્રિયો પણ હોતી નથી, અને અવયવો પણ હોતા નથી.

આ પાંચ શરીરોની રચના એક જ પ્રકારના પુદ્ગલોથી થતી નથી, પણ તે તે પ્રકારની પુદ્ગલવર્ગણાઓથી થાય છે. એટલે કે ઔદારિક શરીરને યોગ્ય પુદ્ગલવર્ગણાઓમાંથી ઔદારિક શરીર બને છે, વૈક્રિય શરીરને યોગ્ય પુદ્ગલ વર્ગણાઓમાંથી વૈક્રિય શરીર બને છે, વગેરે.

આ પાંચ શરીરોમાં સહુથી સ્થૂલ ઔદારિક છે, અને સહુથી સૂક્ષ્મ કાર્મણ છે. તરતમ ભાવે વિચાર કરીએ તો ઔદારિક કરતાં વૈક્રિય સૂક્ષ્મ છે. વૈક્રિય કરતાં આહારક સૂક્ષ્મ છે, આહારક કરતાં તૈજસ સૂક્ષ્મ છે, અને તૈજસ કરતાં કાર્મણ સૂક્ષ્મ છે તે જ રીતે કાર્મણ કરતાં તૈજસ સ્થૂલ છે. તૈજસ કરતાં આહારક સ્થૂલ છે,

આહારક કરતાં વૈક્રિય સ્થૂલ છે, અને વૈક્રિય કરતાં ઔદારિક સ્થૂલ છે.

ઔદારિક શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે. અને ઉત્કૃષ્ટથી એક હજાર યોજન કરતાં પણ કંઈક અધિક હોય છે. પ્રત્યેક વનસ્પતિકાયમાં આવું શરીર સંભવે છે.

વૈક્રિય શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું અને ઉત્કૃષ્ટથી એક લાખ યોજન અને ચાર આંગળવાળું હોય છે. શ્રી વિષ્ણુકુમારમુનિએ નમુંચિનામના પ્રધાનની સાન ઠેકાણે લાવવા વૈક્રિય શરીર કર્યું હતું. તેની ઊંચાઈ આટલી હતી.

આહારક શરીર જઘન્યથી એક હાથમાં કંઈક ઓછું અને ઉત્કૃષ્ટથી એક હાથ પુરું હોય છે.

તૈજસ શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું અને ઉત્કૃષ્ટથી લોકાકાશ જેટલું હોય છે. કાર્મણ શરીરની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના પણ આટલી જ હોય છે, આ બંને શરીરની ઉત્કૃષ્ટ અવગાહના આટલી મોટી હોવાનું કારણ એ છે કે કેવલી ભગવંતો કાલાન્તરે ક્ષય કરવા યોગ્ય કર્મોનો શીઘ્ર ક્ષય કરવા માટે પોતાના આત્મપ્રદેશો શરીર બહાર કાઢે છે, એટલે કે તેનો સમુદ્ઘાત કરે છે, ત્યારે તૈજસ અને કાર્મણ શરીરોનું પ્રમાણ આટલું મોટું બને છે.

ઔદારિક શરીરની જઘન્ય સ્થિતિ અંતર્મૂહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે. મૂળ વૈક્રિય શરીરની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની હોય છે, તથા ઉત્તર વૈક્રિય શરીરની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધ માસની હોય છે. આહારક શરીરની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે તૈજસ અને કાર્મણ શરીરો જીવની સાથે પ્રવાહ રૂપથી અનાદિ સંબંધવાળા

છે. ભવ્ય જીવોને મુક્તિ થતાં આ બે શરીરોનો અભાવ થાય છે, એટલે તેમની દૃષ્ટિએ સાન્ત છે. અને અભવ્ય જીવોને મોક્ષ થતો નથી. એટલે તેમની દૃષ્ટિએ તે અનંત છે.

એક આત્મા ઓછામાં ઓછા બે, અને વધારેમાં વધારે ચાર શરીરો ધારણ કરી શકે છે, તેમાં બે હોય ત્યારે તૈજસ અને કાર્મણ હોય છે. ત્રણ હોય ત્યારે તૈજસ કાર્મણ અને ઔદારિક અથવા તૈજસ કાર્મણ અને વૈક્રિય હોય છે. અને ચાર હોય ત્યારે તૈજસ કાર્મણ, ઔદારિક અને વૈક્રિય કે તૈજસ, કાર્મણ, ઔદારિક અને આહારક હોય છે.

આ પાંચ શરીરો પૈકી પ્રથમનાં ચાર શરીરો વડે ઉપભોગ એટલે સુખ દુઃખનો અનુભવ, ધર્મ અધર્મની પ્રાપ્તિ, કર્મનો બંધ તથા તેની નિર્જરા વગેરે થાય છે. અને છેલ્લા શરીર વડે તેવો ઉપભોગ થતો નથી, એટલે તે નિરુપભોગ કહેવાય છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે અન્ય શરીરોની સહાય વિના કાર્મણ શરીર ઉપરના પ્રયોજનોને સિદ્ધ કરી શકતું નથી.

ઇન્દ્રિયો

આવરણનો અભાવ થતાં આત્મા સર્વ વસ્તુઓ જાણી શકે છે એટલે તેને સર્વ ઉપલબ્ધિનું પરમ ઐશ્વર્ય છે. વળી જુદી જુદી સ્થિતિમાંથી પસાર થતાં તેને વિવિધ ભાવોનો અનુભવ થાય છે, એટલે તેને પણ ઉપભોગનું પણ પરમ ઐશ્વર્ય છે. આમ ઉપલબ્ધિ અને ઉપભોગના પરમ ઐશ્વર્યને લીધે આત્માને ઇન્દ્ર કહેવાય છે. તેનું જે લિંગ કે ચિન્હ તે ઇન્દ્રિય. તેના સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય એવા પાંચ પ્રકારો પ્રસિદ્ધ છે. તેમાં છઠ્ઠા પ્રકારનો હજી સુધી ઉમેરો થયો નથી. એટલે તેનું વર્ગીકરણ કેટલું પૂર્ણ છે, તે સહેજે સમજી શકાય છે.

અહીં એ સ્પષ્ટતા કરવી ઉચિત લેખાશે કે આ પાંચે પ્રકારો જેના વડે જીવન વ્યવહારને ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થાય તેવી જ્ઞાનેન્દ્રિયોના છે.

અહીં ઇન્દ્રિયોનો જે ક્રમ દર્શાવવામાં આવ્યો છે તે વૃદ્ધિનો ક્રમ સૂચવે છે. એટલે જેને એક ઇન્દ્રિય હોય તેને માત્ર સ્પર્શનેન્દ્રિય જ હોય, જેને બે ઇન્દ્રિયો હોય તેને સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય એ બે ઇન્દ્રિયો હોય, જેને ત્રણ ઇન્દ્રિયો હોય તેને ઉપરની બે ઇન્દ્રિયો ઉપરાંત ઘ્રાણેન્દ્રિય પણ હોય, જેને ચાર ઇન્દ્રિયો હોય તેને ઉપરની ત્રણ ઇન્દ્રિયો ઉપરાંત ચક્ષુરિન્દ્રિય પણ હોય અને જેને પાંચ ઇન્દ્રિયો હોય તેને ઉપરની ચાર ઇન્દ્રિયો ઉપરાંત શ્રોતેન્દ્રિય પણ હોય.

સ્પર્શનેન્દ્રિય કે જેને સામાન્ય રીતે ચામડી કહેવામાં આવે છે. તેના વડે મૂર્ત પદાર્થોના શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, મૃદુ, કર્કશ, ગુરુ અને લઘુ એ આઠ પ્રકારના સ્પર્શો જાણી શકાય છે. રસનેન્દ્રિય કે જેને સામાન્ય રીતે જીભ કહેવામાં આવે છે, તેના વડે મૂર્ત પદાર્થોનાં કડવા, તીખા, મીઠા, ખાટા અને તુરા એ પાંચ પ્રકારના રસો જાણી શકાય છે. ઘ્રાણેન્દ્રિય કે જેને સામાન્ય રીતે નાક કહેવામાં આવે છે. તેના વડે મૂર્ત પદાર્થની સુગંધ કે દુર્ગંધ જાણી શકાય છે. ચક્ષુરિન્દ્રિય કે જેને સામાન્ય રીતે આંખ કહેવાય છે. તેના વડે મૂર્ત પદાર્થોના કાળા, લીલા, પીળા, રાતા અને ધોળા એ પાંચે પ્રકારના વર્ણો–રંગો જાણી શકાય છે. અને શ્રોતેન્દ્રિય કે જેને સામાન્ય રીતે કાન કહેવાય છે, તેના વડે સચિત્ત અચિત્ત અને મિશ્ર એ ત્રણે પ્રકારના શબ્દો જાણી શકાય છે. ઘોડાનો હણહણાટ જીવના પ્રયત્નથી થયેલો છે, એટલે સચિત્ત છે, ઘડિયાળનો ટીક ટીક અવાજ નિર્જીવ પદાર્થથી થયેલો છે, એટલે અચિત્ત છે. અને મોરલીનો અવાજ જીવ તથા નિર્જીવ એમ બંનેના

યથાર્થ પ્રતિપાદન થયેલું છે, એટલે તેમને 'સિદ્ધાન્ત' તરીકે ઓળખવામાં આવે છે, અને તેમાં આપ્ત વચનોનો સંગ્રહ છે. તથા તેના વડે વસ્તુતત્ત્વનો સ્ફુટ બોધ થાય છે, એટલે તેમને આગમ× પણ કહેવામાં આવે છે.

આગમો એક કાળે ૮૪ હતા એવો પ્રવાદ છે, પણ હાલ તેની સંખ્યા ૪૫ની મનાય છે. અને તેને પાંચ ભાગમાં વિભક્ત કરવામાં આવે છે. તે આ પ્રમાણેઃ

૧૧ અંગ (સૂત્રો)
૧૨ ઉપાંગ (સૂત્રો)
૧૦ પયન્ના (પ્રકીર્ણક સૂત્રો)
૬ છેદ સૂત્ર
૨ સૂત્ર (નંદી અને અનુયોગ.)
૪ મૂળસૂત્ર
———
૪૫

આ પીસ્તાલીશ આગમો પૈકી ૧૧ અંગસૂત્રો એ ગણધરની રચના છે. અને બાકીનાં બધાં સૂત્રો સ્થવિર મહર્ષિઓની કૃતિ છે. અહીં એવો પ્રશ્ન સંભવે છે કે ગણધરોએ તો દ્વાદશાંગી એટલે બાર શાસ્ત્રો રચ્યાં હતાં, અને અહીં અગિયારનો ઉલ્લેખ કેમ કરવામાં આવે છે? એનો અર્થ એ છે કે 'ગણધરો'એ રચેલાં બાર શાસ્ત્રો પૈકી બારમું અંગ દૃષ્ટિવાદ વિચ્છેદ ગયેલું છે. અર્થાત્ તેનો નાશ થયેલો છે, એટલે હાલ ૧૧ અંગોનો જ ઉલ્લેખ કરવામાં આવે છે.

× **आ-समन्ताद् गम्यते वस्तुतत्वमनेनेत्यागमः आ** એટલે સમસ્તપણે કે સ્ફુટતાથી અને **गम्यते** એટલે જણાય છે વસ્તુતત્વ જેનાથી તે આગમ.

આ આગમો અર્ધ માગધી ભાષામાં રચાયેલાં છે. કે જે તે વખતની લોકભાષા હતી, અને અઢાર દેશોની ભાષાના મિશ્રણરૂપ હોઇ સર્વના સમજવામાં ઘણી સરળ પડતી હતી. આ આગમોનો અર્થ પ્રકાશવા માટે પ્રાકૃત ભાષામાં ભાષ્ય, નિર્યુકત તથા ચૂર્ણિઓ રચાયેલી છે, અને સંસ્કૃત ભાષામાં વિસ્તૃત ટીકાઓનું નિર્માણ થયેલું છે, આ રીતે મૂળ, ભાષ્ય, નિર્યુકિત, ચૂર્ણિ અને ટીકારૂપ શાસ્ત્રનાં જે પાંચ અંગો નિર્માણ થયાં તેને પંચાંગી કહેવામાં આવે છે. અને તેના આધારે જ જૈન ધર્મનો હાલનો વ્યવહાર ચાલી રહ્યો છે.

આ આગમ સાહિત્ય ઘણું વિસ્તૃત છે, અને તેનો સારી રીતે પરિચય આપવા માટે તો એક વિશાળકાય સ્વતંત્ર ગ્રંથની રચના કરવી પડે, એટલે અહીં તો તેના નામો અને તેમાં આવતા વિષયોનો જ નિર્દેશ કરીશું.

૧૧ અંગસૂત્રો

(૧) **આચારાંગ**–એમાં સાધુઓના આચાર, ગોચરીવિધિ, વિનય સંયમ તથા પાંચ આચાર વગેરેનું વર્ણન છે.

(૨) **સૂત્રકૃતાંગ**–એમાં ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, અને વિનયવાદીઓના મળીને પાખંડીના ૫૬૩ ભેદો વિસ્તારથી વર્ણવ્યા છે અને શુદ્ધતત્ત્વનું નિરૂપણ કરેલું છે.

(૩) **સ્થાનાંગ**–એમાં એકથી દશ સંખ્યા સુધીના અનેક ભાવોનું સુંદર સ્વરૂપ દર્શાવેલું છે.

(૪) **સમવાયાંગ**–એમાં એકથી સો પર્યન્તની સંખ્યાવાળા પદાર્થોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

(૫) **વિવાહ પ્રજ્ઞપ્તિ**–આ સૂત્રને ભગવતી સૂત્ર પણ કહેવામાં આવે છે. તે અગિયાર અંગમાં સહુથી મોટું છે અને તેમાં વિવિધ વિષયોનું સૂક્ષ્મ ચર્ચા રૂપે ૩૬૦૦૦ પ્રશ્નોની યોજના થયેલી છે. ઇતિહાસની દૃષ્ટિએ અવલોકન કરનારને પણ તેમાંથી ઘણું ઘણું નવું જાણવાનું મળે તેમ છે.

(૬) **જ્ઞાતાધર્મ કથાંગ**–એમાં ઉદાહરણો તથા કથાઓ દ્વારા ધર્મનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૭) **ઉપાસક દશાંગ**–એમાં ભગવાન મહાવીરના દશ ઉપાસકોનાં જીવન ચરિત્ર સંગ્રહાયેલાં છે.

(૮) **અંતકૃત દશાંગ**–એમાં અંતકૃત— કેવલી થઇને મોક્ષે જનારા યદુવંશી યાદવો વગેરેનું વર્ણન છે.

(૯) **અનુત્તરોપપાતિક દશાંગ**–એમાં દીક્ષા લઇ, તપ કરી અનુત્તર દેવગતિ પ્રાપ્ત કરનાર જાલિ, માયાલિ, ઉવયાલિ વગેરે મુનિઓની જીવન કથાઓ છે.

(૧૦) **પ્રશ્ન વ્યાકરણાંગ**–એમાં આશ્રવ-સંવરનું વર્ણન છે.

(૧૧) **વિપાક સૂત્રાંગ**–એમાં કર્મવિપાકના પરિણામે ભોગવવાં પડતાં સુખ દુઃખનું વર્ણન છે.

બારમું અંગ દૃષ્ટિવાદ હાલ વિચ્છેદ પામ્યું છે પણ તેનું જે વર્ણન પ્રાપ્ત થાય છે, તેના પરથી કહી શકાય કે તેના પાંચ ભાગો નીચે પ્રમાણે હતા. (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વગત, (૪) અનુયોગ અને (૫) ચૂલિકા. તેમાં પરિકર્મના ૭ પ્રકારો બતાવ્યા હતા, સૂત્રના ૨૨ પ્રકારો બતાવ્યા હતા. પૂર્વના ૧૪ પ્રકારો બતાવ્યા હતા, અનુયોગના ૨ પ્રકારો બતાવ્યા હતા અને ચૂલિકા પ્રથમના ચાર પૂર્વો પર હતી. તેમાં પૂર્વ સાહિત્ય ઘણું વિશાળ હતું અને તેમાં અનેક વિદ્યાઓ તથા ગૂઢ બાબતોનું વર્ણન કહેલું હતું. તેના નામો તથા વિષયો નીચે મુજબ સમજવાઃ

(૧) **ઉત્પાદ પૂર્વ**–એમાં દ્રવ્યના ઉત્પાદ, (ઉત્પત્તિ), ધ્રૌવ્ય (સ્થિરતા) અને નાશ (સંહાર) સંબંધી સૂક્ષ્મ વિવેચના હતી.

(૨) **આગ્રાયનીય પૂર્વ**–એમાં મૂલ તત્ત્વોનું વર્ણન હતું.

(૩) **વીર્યપ્રવાદ પૂર્વ**–એમાં મહાપુરુષોની શકિતઓનું વર્ણન હતું.

(૪) **અસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વ**–પ્રમાણ, નય વગેરેની સૂક્ષ્મ ચર્ચાઓ હતી.

(૫) **જ્ઞાન પ્રવાદ પૂર્વ**–એમાં સત્ય અને મિથ્યા જ્ઞાનની અતિ સૂક્ષ્મ ચર્ચા–વિચારણાઓ હતી.

(૬) **સત્ય પ્રવાદ પૂર્વ**–એમાં સત્ય અને અસત્ય વચનનો નિર્ણય કરવાની રીતિ–પદ્ધતિનું વિવેચન હતું.

(૭) **આત્મ પ્રવાદ પૂર્વ**–એમાં આત્માના સ્વભાવનું વર્ણન હતું.

(૮) **કર્મ પ્રવાદ પૂર્વ**–એમાં કર્મનું સ્વરૂપ તથા તેને લગતી અનેકવિધ ચર્ચાઓનો સંગ્રહ હતો.

(૯) **પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ**–એમાં પ્રત્યાખ્યાન તથા કર્મક્ષય અંગે વિસ્તૃત વિવેચન હતું.

(૧૦) **વિદ્યા પ્રવાદપૂર્વ**–એમાં ભિન્ન ભિન્ન વિદ્યાઓનું સ્વરૂપ તથા તેની પ્રાપ્તિનો ઉપાય જણાવેલો હતો.

(૧૧) **કલ્યાણ પ્રવાદ પૂર્વ** એમાં ૬૩ શલાકા પુરુષનાં જીવનો વર્ણવેલાં હતાં.

(૧૨) **પ્રાણવાદ પૂર્વ**–એમાં ઔષધો તથા રસાયણો સંબંધી સૂક્ષ્મજ્ઞાન ભરેલું હતું.

(૧૩) **ક્રિયા વિશાલ પૂર્વ**–એમાં સંગીત વાદ્યકળા તથા ધર્મક્રિયાઓનું વર્ણન હતું.

(૧૪) **લોક બિંદુસાર પૂર્વ**–એમાં લોક સંબંધી તથા ગણિત સંબંધી ગૂઢ રહસ્ય ભરેલું હતું.

આ ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવનારા છેલ્લા જૈન મહર્ષિ શ્રી. સ્થુલિભદ્રજી હતા.

૧૨ ઉપાંગસૂત્રો

(૧) **ઔપપાતિકસૂત્ર**–એમાં ભગવાન મહાવીરના દર્શનાર્થે મગધરાજ કોણિક ગયેલા તેનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. તથા દેવલોકની પ્રાપ્તિ સંબંધી વિવેચન કરેલું છે.

(૨) **રાજપ્રશ્નીય સૂત્ર**–શ્રી. પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય કેશી ગણધરે પ્રદેશી રાજાને જૈન ધર્મ બતાવ્યો હતો. તે મૃત્યુ બાદ સૂર્યાભ નામનો દેવ થયો હતો. તેણે ઘણા સત્કાર પૂર્વક શ્રી. મહાવીર પ્રભુને વંદના કરી હતી. તેનું વર્ણન આ સૂત્રમાં પ્રાપ્ત થાય છે. તેમાં નાટય, સંગીત વગેરે અંગે ઘણી જાણવા જેવી માહિતી આપેલી છે,

(૩) **જીવાભિગમ સૂત્ર**–એમાં સમસ્ત જીવસૃષ્ટિનો સૂક્ષ્મ પરિચય આપવામાં આવ્યો છે.

(૪) **પ્રજ્ઞાપના સૂત્ર**–એમાં જીવોને લગતી અનેકવિધ માહિતીઓનો સંગ્રહ છે.

(૫) **સુર્યપ્રજ્ઞપ્તિ**–એમાં સૂર્ય તથા ગ્રહોની ગતિ વગેરે સંબંધી વર્ણન છે.

(૬) **ચન્દ્રપ્રજ્ઞપ્તિ**–એમાં ચન્દ્ર તથા નક્ષત્ર મંડળ વગેરે સંબંધી વર્ણન છે. ખગોળની દૃષ્ટિએ આ બંને ગ્રંથો ખૂબ ઉપયોગી છે.

(૭) **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ**–એમાં જંબૂદ્વીપ તથા પ્રાચીન રાજાઓ વગેરેનું વર્ણન છે.

(૮) **નિરયાવલી સૂત્ર**–એમાં કેટલીક ઐતિહાસિક હકીકતોનો સંગ્રહ છે. મગધરાજ કોણિક અને વૈશાલિપતિ ચેટકરાજ વચ્ચે જે ભીષણ સંગ્રામ ખેલાયો, તેનું વર્ણન આ સૂત્રમાં પ્રાપ્ત થાય છે.

(૯) **કલ્પાવતંસિક સૂત્ર**–એમાં કેટલાક રાજકુમારો દીક્ષા લઇ સ્વર્ગમાં ગયા તેની હકીકતો સંગ્રહાયેલી છે.

(૧૦) **પુષ્પિકા સૂત્ર**–એમાં દેવતાઓએ શ્રી મહાવીર ભગવાનની પૂજા કરી વગેરે બાબતોનું વર્ણન છે.

(૧૧) **પુષ્પચૂલિકા સૂત્ર**–એમાં પણ લગભગ ઉપરના જેવી જ હકીયતો સંગ્રહાયેલી છે.

(૧૨) **વૃષ્ણિદશા**–શ્રી અરિષ્ટનેમિ ભગવાને વૃષ્ણિ વંશના દશ રાજાઓને જૈન ધર્મી બનાવ્યા એનું વર્ણન છે.

૧૦ પયન્ના

(૧) **ચતુઃશરણ**–એમાં અરિહંત, સિદ્ધ, સાધુ કેવલી એ ચારનાં શરણનો વિધિ બતાવેલો છે.

(૨) **આતુર પ્રત્યાખ્યાન**–એમાં જ્ઞાની ભગવંતોની અંતિમ અવસ્થાનું વર્ણન કરેલું છે.

(૩) **ભક્ત પરિજ્ઞા**–એમાં ઉપર્યુક્ત વર્ણનની વિધિ બતાવેલી છે.

(૪) **સંસ્તારક**–એમાં નિર્વાણ સમયે અંગીકાર કરાતા સંસ્તારક (સંથારા)નું વર્ણન છે

(૫) **તંદુલ વૈતાલિક**–એમાં શરીરને લગતી કેટલીક વિદ્યાઓનું વર્ણન છે.

(૬) **ચન્દ્રાવિજય**–એમાં ગુરુ શિષ્યના ધર્મોનું વર્ણન છે.

(૭) **દેવેન્દ્રસ્તવ**–એમાં સ્વર્ગના ઇન્દ્રોની ગણના બતાવેલી છે.

(૮) **ગણિવિદ્યા**–એમાં જ્યોતિષ સંબંધી ઘણું વિવેચન કરેલું છે.

(૯) **મહાપ્રત્યાખ્યાન**–એમાં પ્રાયશ્ચિતના ભિન્ન ભિન્ન સ્વરૂપોનું વર્ણન છે.

(૧૦) **વીરસ્તવ**–એમાં ભગવાન મહાવીર સંબંધી કેટલીક હકીકતોનું વર્ણન છે.

૬ છેદ સૂત્રો

(૧) **નિશીથ**–એમાં સાધુઓના ધર્મ, દોષ, તથા પ્રાયશ્ચિત સંબંધી વિસ્તૃત વર્ણન છે.

(૨) **મહાનિશીથ**–એમાં જુદી જુદી જાતના પાપો અને તેના પ્રાયશ્ચિત સંબંધી ખાસ વિધાનો છે.

(૩) **વ્યવહાર**–એમાં શાસનની વિધિ બતાવેલી છે.

(૪) **આચારદશા**–એમાં આચારની વિધિ બતાવેલી છે. પ્રસિદ્ધ કલ્પસૂત્ર એનો જ એક ભાગ છે.

(૫) **બૃહત્ કલ્પસૂત્ર**–એમાં સાધુ સાધ્વીઓએ કરવા યોગ્ય અનેકવિધ અનુષ્ઠાનોનો સંગ્રહ છે.

(૬) **પંચ કલ્પ**–એમાં પણ સાધુઓના આચારને લગતું કેટલુંક વિવેચન છે.

૨ સૂત્રો

(૧) **નંદીસૂત્ર**–એમાં પાંચ પ્રકારના જ્ઞાનનું વિસ્તૃત વર્ણન છે.

(૨) **અનુયોગદ્વારસૂત્ર**–એમાં સૂત્રોનો અનુયોગ એટલે વ્યાખ્યા કરવાની રીતિ વગેરે સંબંધમાં ઉપયોગી માહિતી આપેલી છે.

૪ મૂળ સૂત્રો

[૧] **ઉત્તરાધ્યયન સૂત્ર**-એમાં કથા, દષ્ટાંતો અને વિવેચન દ્વારા જૈન ધર્મના સિદ્ધાન્તો દર્શાવવામાં આવ્યા છે. બૌદ્ધ ગ્રંથોમાં જે સ્થાન ધમ્મપદનું છે, તે જ સ્થાન જૈન શાસ્ત્રોમાં આ સૂત્રનું છે. તેના પર ઘણી વિસ્તૃત ટીકાઓ રચાયેલી છે.

(૨) **આવશ્યક સૂત્ર**-એમાં સામાયિક, ચતુર્વિંશતિસ્તવ વંદન, પ્રતિક્રમણ કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ આવશ્યકોને લગતા સૂત્રોનો સંગ્રહ છે. એનું ટીકા સાહિત્ય ઘણું વિશાળ છે અને અનેક જાતની માહિતીથી ભરપુર છે.

(૩) **દશવૈકાલિક સૂત્ર**-એમાં સાધુ જીવનની ચર્ચાનું વર્ણન છે. પ્રારંભમાં દરેક સાધુએ તેને કંથસ્થ કરવાનું હોય છે.

(૪) ઓઘનિર્યુક્તિ એમાં સાધુઓના આચાર, વિચાર, વિધિ વગેરેનું વર્ણન છે. અહીં ભદ્રનિર્યુક્તિની ગણના પણ થાય છે.

જૈનાગમોની ત્રણ વાચનાઓ થયેલી છે. તે આ પ્રમાણેઃ

શ્રી. મહાવીર નિર્વાણ પછી તેમની છઠ્ઠી પાટે ચતુર્દશ પૂર્વધર શ્રી. ભદ્રબાહુસ્વામી આવ્યા. તેમના સમયમાં જૈનશ્રમણોની મુખ્ય વિહાર ભૂમિ સમા મધ્યપ્રદેશમાં એટલે બિહારમાં બારવર્ષી ભયંકર દુષ્કાળ પડયો. તેથી શ્રમણો દૂર દૂર ચાલ્યા ગયા. તેમાં કેટલાકે પર્વતોની ગુફાઓનો આશ્રય લીધો. કેટલાક નદીઓના તટપર ચાલ્યા ગયા. તો કેટલાકે અનશન પૂર્વક દેહનો ત્યાગ કર્યો, આ દુષ્કાળ પુરો થયા પછી શ્રમણો પાછા ફરવા લાગ્યા. ત્યારે જણાયું કે દુષ્કાળના સમયમાં સાધુનો સ્વાધ્યાય બરાબર નહિ થઈ શકવાથી કેટલાક સૂત્રો તદ્દન ભૂલાઇ ગયાં હતાં. તે પરથી પાટલીપુત્રમાં (હાલના પાટણ શહેરમાં) શ્રમણ સંઘને એકત્ર કરવામાં આવ્યો, અને બચેલું શ્રુત ભેગું કરવામાં આવ્યું તો અગિયાર અંગો બરાબર મળી આવ્યાં, પણ બારમું દષ્ટિવાદ

મળ્યું નહિ. શ્રી. ભદ્રબાહુસ્વામી દૃષ્ટિવાદના જાણકાર હતા, પણ તેઓ એ સમયે નેપાળના માર્ગમાં રહીને મહાપ્રાણ નામનું ધ્યાન ધરી રહ્યા હતા, કે જે બાર વર્ષે સિદ્ધ થયું હતું. તેથી કેટલાક સાધુઓને તેમની પાસે મોકલવામાં આવ્યા, જેમાંથી શ્રી સ્થુલિભદ્ર દશપૂર્વ સુધીનું જ્ઞાન પામી શકયા. ત્યારબાદ શ્રી ભદ્રબાહુસ્વામી પાછા ફર્યા, પણ એ વખતે શ્રી, સ્થૂલિભદ્રે વિદ્યાનો ચમત્કાર બતાવવા સિંહનું રૂપ ધારણ કર્યું, તેથી તેમને બાકીના પૂર્વનું જ્ઞાન આપ્યું નહિ. તે માટે શ્રી સ્થૂલિભદ્રે ક્ષમા માગતાં અને શ્રી સંઘે અતિ આગ્રહ કરતાં બાકીના ચાર પૂર્વોનું સૂત્રજ્ઞાન આપ્યું, પણ અર્થ જ્ઞાન આપ્યું નહિ, ત્યારબાદ પૂર્વો ક્રમશઃ લુપ્ત થઈ ગયાં.

વિક્રમના બીજા સૈકામાં ફરી બાર વર્ષી દુકાળ પડયો, તેના લીધે શ્રુત અવ્યવસ્થિત થઇ ગયું. પરંતુ વિ. સં. ૧૫૩ માં શ્રી. આર્યસ્કંદિલાચાર્યે મથુરામાં શ્રમણ સંઘને એકત્ર કર્યો, અને તેમાં સૂત્રની પુનઃ વ્યવસ્થા કરી. બરાબર આજ અરસામાં સ્થવિર નાગાર્જુને સૌરાષ્ટ્રમાં વલ્લભીપુરમાં સૂત્ર વ્યવસ્થાનું કાર્ય હાથ ધર્યું, અને તેની પુનઃઘટના કરી.

આ રીતે સૂત્રોની જે પુનઃ વ્યવસ્થા થઇ તેને વાચના કહેવામાં આવે છે, એટલે જૈન સૂત્રોની ત્રણ વાચના થયેલી છે. પ્રથમ પાટલીપુત્રી, બીજી માથુરી અને ત્રીજી વાલભી.

અત્યાર સુધી આગમ કે સૂત્રો કંઠસ્થ રાખવામાં આવતાં હતાં, પણ હવે પહેલાંનાં સંઘયણો રહ્યાં ન હતાં, અને સ્મૃતિ ઓછી થતી જતી હતી, તેથી વીર નિર્વાણ પછી ૯૮૦ મા વર્ષે વલ્લભીપુરમાં શ્રી દેવર્ધિગણિક્ષમાશ્રમણે શ્રમણસંઘને એકત્ર કર્યો, અને સૂત્રોને ગ્રંથારુઢ કરવાનો નિર્ણય કર્યો. એ નિર્ણય અનુસાર શ્રી. દેવર્ધિગણિક્ષમાશ્રમણે સૂત્રોને ફરી વ્યવસ્થિત કર્યાં, અને તેને ગ્રંથારુઢ કરાવ્યા. આ વખતે પાટલીપુત્રી વાચના રહી ન હતી

અને માથુરી તથા વાલભી વાચનામાં થોડો થોડો ફેર જણાતો હતો, તેથી સૂત્રો માથુરી વાચના પ્રમાણે રાખ્યાં, અને તેમાં પાઠભેદોનો સમાવેશ કર્યો. આ રીતે ઉપર્યુકત આગમો શ્રી. દેવર્ધિગણિક્ષમા શ્રમણ સંપાદિત કરેલાં છે.

જૈનાચાર્યોએ શિષ્યોની જ્ઞાનવૃદ્ધિ અર્થે તથા લોકોને ધર્મ પમાડવાની બુદ્ધિએ જે સાહિત્ય સર્જન કર્યું છે, તે ઘણું જ વિશાળ છે. અને જીવનની ભિન્ન ભિન્ન બાજીઓને સ્પર્શે છે, તેનો પણ અહીં કિંચિત્ પરિચય કરાવીશું.

યોગનો વિષય જોઇએ તો તેમાં શ્રી. જિનભદ્રગણિક્ષમાશ્રમણે *ધ્યાન શતકની* રચના કરેલી છે. શ્રી. હરિભદ્ર સૂરિએ યોગ વિંશિકાની રચના કરેલી છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી. હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્ર રચેલું છે. અને તેના પર વિસ્તૃત સ્વોપજ્ઞવૃતિ કરેલી છે, શ્રી શુભચન્દ્રાચાર્યે જ્ઞાનાર્ણવ રચેલો છે. અને શ્રીમદ્‌યશોવિજયજી ઉપાધ્યાએ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાની રચના કરેલી છે. આ ઉપરાંત યોગસાર, ધ્યાનદિપીકા વગેરે અન્ય ગ્રંથો પણ રચાયેલા છે.

અધ્યાત્મનો વિષય જોઇએ તો શ્રી. ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિ પ્રકરણ રચેલું છે. શ્રી હરિભદ્રસૂરિએ વિંશતિ વિંશિકા ધર્મબિન્દુ, પંચાસક, ષોડશક વગેરે ગ્રંથો રચેલા છે. શ્રી. મુનિચન્દ્ર સૂરિએ અધ્યાત્મકલ્પદ્રુમ નામનો ગ્રંથ રચેલો છે, શ્રી. હર્ષવર્ધને અધ્યાત્મબિન્દુની રચના કરેલી છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાએ અધ્યાત્મોપનિષદ્, અધ્યાત્મસાર, અધ્યાત્મપરીક્ષા, જ્ઞાનસાર વગેરે ગ્રંથો રચેલા છે. શ્રી. વિનયવિજયજી ઉપાધ્યાએ શાંતસુધારસ નામનો ગ્રંથ રચેલો છે. તે સિવાય અધ્યાત્મગીતા, આત્માવબોધ ચિત્ત સમાધિ પ્રકરણ, પરમાત્મ પ્રકાશ, સમાધિશતક, વગેરે અન્ય ગ્રંથો પણ રચેલા છે.

દર્શનનો વિષય જોઇએ તો તેમાં શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિરચિત

સન્મતિતર્ક અને ન્યાયાવતાર, શ્રી. હરિભદ્રસૂતકૃત અનેકાન્ત-જયપતાકા, ષડ્દર્શન સમુચ્ચય, અને શાસ્ત્રવાર્તા સમુચ્ચય શ્રી. મલ્લવાદીકૃત દ્વાદશાર નયચક્ર, કલિકાલસર્વજ્ઞ શ્રી. હેમચંદ્રાચાર્ય કૃત પ્રમાણ મીમાંસા અને અન્ય યોગ વ્યવચ્છેદિકા, શ્રી. વાદિદેવ સૂરિકૃત, પ્રમાણનયતત્ત્વલોકાલંકાર, તેના પરની સ્યાદ્વાદ રત્નાકર ટીકા, શ્રી. મલ્લિષેણ કૃત સ્યાદ્વાદમંજરી, શ્રી. રત્નપ્રભસૂરિકૃત રત્નાવતારિકા, શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયકૃત નયોપદેશ, નય-રહસ્ય, નયપ્રદીપ, ન્યાય ખંડનખાદ્ય, ન્યાયાલોક, સ્યાદ્વાદ કલ્પ લતા, અષ્ટસહસ્ત્રી. વગેરે સુંદર કૃતિઓ નજરે પડે છે. તેના પર રચાયેલું ટીકા સાહિત્ય પણ ઘણું વિશાળ છે.

તત્ત્વનો વિષય જોઇએ તો તેમાં શ્રી. ઉમાસ્વાતિ વિરચિત તત્ત્વાર્થાધિગમ સૂત્ર, શ્રી. જિનભદ્રગણિક્ષમાશ્રમણ વિરચિત વિશેષાવશ્યક ભાષ્ય તથા જીવવિચાર, નવતત્ત્વ અને પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ વગેરે કર્મવિષયક બહોળું સાહિત્ય આપણી દૃષ્ટિને આંજી નાખે છે.

ઉપદેશના વિષયમાં પણ અનેક કૃતિઓ આપણું ધ્યાન ખેંચે તેવી છે. જેમકે શ્રી. ધર્મદાસ ગણિ વિરચિત ઉપદેશમાલા. શ્રી. હરિભદ્રસૂરિ વિરચિત ઉપદેશપદ, શ્રી. મુનિચંદ્રસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકર, શ્રી. વિજયલક્ષ્મીસૂરિવિરચિત ઉપદેશ પ્રાસાદ વગેરે.

કાવ્ય, કોષ, વ્યાકરણ, છંદઃશાસ્ત્ર અને અલંકાર શાસ્ત્રના વિષયમાં પણ જૈનાચાર્યોએ પોતાની અપૂર્વ પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. કાવ્યમાં ત્રિષષ્ટિશલાકાપુરૂષ ચરિત્ર, દ્વાશ્રયમહા-કાવ્ય, ધર્માભ્યુદય કાવ્ય, નરનારાયણનંદ કાવ્ય, નલાયન મહાકાવ્ય, જૈનમેઘદૂત, નેમિદૂત, પરમાનંદ કાવ્ય, બાલભારત, રાઘવ પાંડવીય, શ્રી. શાંતિનાથ મહાકાવ્ય, હીરસૌભાગ્ય કાવ્ય વગેરે જાણીતી

કૃતિઓ છે. કોશમાં અભિધાન ચિંતામણિ, અનેકાર્થનામમાલા, દેશી-નામમાલા, શેષનામમાલા, નિઘંટુશેષ, શિલોંછનામમાલા, ધનંજય-નામમાલા, દેશીનામમાલા વગેરે વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

વ્યાકરણમાં જૈનેન્દ્ર વ્યાકરણ, ભોજવ્યાકરણ, મુષ્ટિવ્યાકરણ બુદ્ધિસાગર વ્યાકરણ, શબ્દાર્ણવ, સિદ્ધ સારસ્વત તથા સિદ્ધ હેમચન્દ્રાનુશાસનની ખાસ પ્રસિદ્ધિ છે. તેમાં છેલ્લું વ્યાકરણ તો સમસ્ત જગતના ભાષાશાસ્ત્રીઓની પ્રશંસા પામ્યું છે. તેના પર ૮૪૦૦૦ શ્લોકના બૃહન્ન્યાસ અને ૫૩૦૦૦ શ્લોકનો લઘુન્યાસ રચાયેલો છે, તથા બીજી નાની મોટી સંખ્યાબંધ વૃત્તિઓ થયેલી છે. છંદ શાસ્ત્રમાં શ્રી. હેમચન્દ્રાચાર્યનું છંદોનુશાસન, શ્રી. રત્ન-શેખરનો છંદકોશ, શ્રી. અમરચંદની છંદોરત્નાવલી, શ્રી. જયશેખરનો છંદઃશેખર ઘણી મહત્વની કૃતિઓ છે. અને અલંકાર શાસ્ત્રમાં શ્રી. હેમચંદ્રાચાર્યનું કાવ્યાનુશાસન, વાગ્ભટનો અલંકાર તિલક, શ્રી. નરેન્દ્રપ્રભનો અલંકાર મહોદધિ, શ્રી. માણિક્યશેખરનો અલંકાર શેખર અને શ્રી. વિનયચંદની કવિશિક્ષા વગેરે પ્રમાણભૂત લેખાય છે,

જ્યોતિષ, ખગોળ, સંગીત, શિલ્પ અને વૈદક પર પણ જૈનાચાર્યોના જ્ઞાનનો પ્રકાશ પડયો છે. ભદ્રબાહુ, સંહિતા, જ્યોતિષ, કરંડક, આરંભસિદ્ધિ, નારચન્દ્ર વગેરે જ્યોતિષના બહુ મુલ્ય ગ્રંથો છે. પ્રાચીન ખગોળ-ભૂગોળમાં ક્ષેત્રસમાસ અને નવીન ખગો-ળમાં યંત્રરાજ સારી પ્રતિષ્ઠા ધરાવે છે, સંગીતસાર સંગીત વિષયની સુંદર કૃતિઓ છે, વાસ્તુસાર શિલ્પના વિષયની સુંદર કૃતિ છે અને.....................વગેરે વૈદકની સુંદર કૃતિઓ છે.

અંગવિદ્યા અને નિમિત્ત શાસ્ત્ર પર પણ જૈનાચાર્યોએ સ્વતંત્ર ગ્રંથો રચ્યા છે.

ભાષાની દૃષ્ટિએ જોઇએ તો જૈનાચાર્યો પ્રાકૃતના પિતા છે, ગૂજરાતી, કાનડી અપભ્રંશમાં અગ્રણી છે અને તામીલ ભાષાની

પ્રથમ કૃતિઓ રચવાનું માન મેળવી જાય છે. એટલું જ નહિ પણ તેમણે મરાઠી અને હિંદીને પણ પોતાની કૃતિઓથી ખૂબ સમૃદ્ધ કરી છે અને લોક સાહિત્યમાં પણ અનેરો ફાળો આપ્યો છે. એકલી ગૂજરાતી ભાષામાં જ તેમણે ૧૫૦૦ ઉપરાંત રાસોની રચના કરી છે કે જે ગૂજરાતી લોકસાહિત્યનું ઉદ્‌ગમસ્થાન મનાય છે.

આ ગ્રંથોને સાચવવા માટે સ્થળે સ્થળે ભંડારો ઊભા કરવામાં આવ્યા છે અને તેમાં વિશિષ્ટ પદ્ધતિનો આશ્રય લેવામાં આવ્યો છે. જો આ ભંડારોને બાદ કરીએ તો ભારતની જ્ઞાનલક્ષ્મી વરવી બની જાય અને તેના ગૌરવનો મોટો ભાગ હણાઈ જાય એમ કહેવામાં જરાપણ અત્યુક્તિ નથી.

આટલા વિષય વિવેચન સાથે જૈન ધર્મ પરિચયનો આ બીજો ભાગ સમાપ્તિ પામે છે.

સમાપ્ત

શુદ્ધિ પત્રક

પાનું	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨	૬	ઇશ્વર	ઇથર
૨	૧૦	,,	,,
૩	૨૫	जीवेदृजं	जीवेदूणं
૨૧	૧૯	याग	योग
૨૨	૨૨	कोंशलम्	कौशलम्
૨૨	૨૩	योग्त्मुच्यते	योगत्वमुच्यते
૩૨	૨૩	शब्दजलाशयादिभीः	शब्दजलाशयादिभिः
૩૯	૧૬	સીધી	સીધો
૪૦	૨૪	પરષ્ટ	સ્પષ્ટ
૪૫	૧૪	પારણા	મારણા
૪૭	૧૪	દુચર્તિ	દુર્ગતિ
૭૨	૬	सव्वेसिं	सव्वेसिं
૯૦	૧૨	વૃત્તિતંક્ષેપને	વૃત્તિસંક્ષેપને
૯૨	૯	ઉભદ્દવે	ઉદ્ભવે
૯૮	૧૨	આમાર	આચાર
૧૦૮	૧૯	अट्ठव	अट्ठेव
૧૧૫	૧૬	બુધ્ધ	બુધ્ધિ
૧૧૮	૬	વસ્તુમાલ	વસ્તુપાલ
૧૨૨	૪	મનુષ્યનુ	મનુષ્યનું
૧૨૨	૯	ત્યા	ત્યાં
૧૨૫	૧૪	થ ને	થઇને
૧૪૬	૧૦	[illegible]	कायसंफासं
૧૫૧	૮	અવિરનિને	અવિરતિને
૧૬૨	૧૨	પ્રકટવું	પ્રગટવું
૧૮૪	૧૧	કં સ્થ	કંઠસ્થ

ap

મુદ્રક : હસ્મિકાન્ત મોતીલાલ શેઠ,
અમરીષ પ્રિન્ટરી, રતનપોળ, શેઠનીપોળ, અમદાવાદ.